
# આત્મસ્વરૂપની અનુભૂતિ

સરયુ રજની મહેતા

# આત્મસ્વરૂપની અનુભૂતિ



શ્રી મહાવીર વર્ધમાન સ્વામી

# આત્મસ્વરૂપની અનુભૂતિ

સરયુ રજની મહેતા

પ્રકાશક
શ્રેયસ પ્રચારક સભા વતી, શ્રી જે. બી. મોદી (પ્રમુખ)
શ્રી જે. બી. કેમીકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લી.
નીલમ સેન્ટર, બી વીંગ, ૪થો માળ, હિન્દ સાયકલ રોડ, વરલી, મુંબઈ ૪૦૦ ૦૩૦.

પ્રકાશક : શ્રેયસ પ્રચારક સભા વતી
શ્રી જે. બી. મોદી (પ્રમુખ)
શ્રી જે. બી. કેમીકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લી.
નીલમ સેન્ટર, બી વીંગ, ૪થો માળે, હિન્દ સાયકલ રોડ, વરલી, મુંબઈ 400 030.
અને
વકીલ્સ, ફેફર એન્ડ સાયમન્સ પ્રા. લી. વતી
શ્રી અરુણ કે. મહેતા
ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025.

મુદ્રક : વકીલ એન્ડ સન્સ પ્રા. લી. વતી
શ્રી અરુણ કે. મહેતા
ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025.

ISBN No. : 978-81-8462-148-8

પ્રથમ આવૃત્તિ : ઈ. સ. ૨૦૧૭ પ્રત : ૫૦૦

કિંમત : રૂા. ૨૦/-

**પ્રાપ્તિસ્થાન :**

શ્રેયસ પ્રચારક સભા
પ્રેમપુરી આશ્રમ,
બાબુલનાથ, મુંબઈ 400 007
દર ગુરૂવારે ૧-૦૦ થી ૨-૪૫ બપોરે

વિરેન્દ્રભાઈ દોશી
પેડર રોડ,
મુંબઈ 400 026.
ફોન : 91-9702396000
E-mail ID :

Hareshbhai C. Sheth
19 Tulsa Court, Monmouth Junction,
New Jersey 08852. USA
Phone: (732) 422-8385
USA Cell: (609) 510-8760
E-mail ID : shethharesh@hotmail.com

શ્રી યોગેશ જૈન
પ્રયાગ - એ, ૮મે માળે, ચર્ચની સામે,
શ્રોફ રોડ, રાજકોટ 360 001
ફોન : 91-281-2451938 મોબાઈલ : 9825210210
E-mail ID : yogesh@royaltiles.com

શ્રી દિલિપભાઈ જે. સંઘવી
૫૦-બી સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા રોડ,
અમદાવાદ - 380 013
ફોન : 91-079-27552957; 079-27552256
Mobile: 098250-24553

Shri Jayesh J. Doshi
3-4, Mihir Park Society, Old Padra Road,
Vadodara 390 020
Ph: 91-265-2340850, Mobile: 094265-12865
E-mail ID : jayron.baroda@gmail.com

Ami Anurag Thakor
6885 Baird Dr.
Plano, TX 75024. USA
(H): 972-491-7551, (C): 469-644-8965
E-mail ID : amithakor@gmail.com

Website : http://shrikevliprabhunosaath.org, http://om-agna.com
E-mail : info@shrikevliprabhunosaath.org, shrikevliprabhunosaath@gmail.com

# અનુક્રમણિકા


| | પાન ક્રમાંક |
|---|---|
| **પ્રસ્તાવના** | ix |
| **પ્રકરણ ૧ :** જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું | ૧ |
| આત્માને જાણવાથી લોકાલોકની જાણકારી | ૧ |
| કેવળીગમ્ય પ્રદેશોમાં ગુપ્ત રહેલું જ્ઞાન | ૩ |
| પ્રભુ પાસેથી જ્ઞાન મેળવવા માટેની પ્રાર્થના | ૩ |
| ચેતન આત્મા પુદ્ગલ પરમાણુઓ ગ્રહે છે | ૫ |
| આત્મા તથા લોકનું સમાનપણું | ૬ |
| એક જીવ એક જ સમયે જુદા જુદા પ્રદેશો પર જુદા જુદા ભાવ કરે છે | ૮ |
| જીવને ભક્તિની પૂર્ણતા સુધી દોરવાની આત્માની લાક્ષણિકતા | ૧૩ |
| આત્મા જેવું રૂપ લોકમાં પણ છે | ૧૪ |
| આત્માના શુદ્ધ પ્રદેશો અન્ય અશુદ્ધ પ્રદેશોને શુદ્ધ કરી શકે છે | ૧૬ |
| આત્માની અવગાહના આપવાની શક્તિ | ૧૮ |
| લોકની કરોડરજ્જુ | ૨૫ |
| લોકની પૂર્ણ કલ્યાણની કેડ | ૨૬ |
| લોકની છદ્મસ્થ કલ્યાણની કેડ | ૩૦ |
| કર્મ પુદ્ગલની ગોઠવણી | ૩૮ |
| કર્મનું સામ્રાજ્ય | ૩૯ |
| શ્રી અરિહંત પ્રભુનું કલ્યાણચક્ર | ૪૨ |
| શ્રી અરિહંત પ્રભુના આત્મામાં થતી ગુપ્ત પ્રક્રિયા | ૪૮ |
| ગણધર પ્રભુના આત્મામાં થતી ગુપ્ત પ્રક્રિયા | ૫૦ |

પાન ક્રમાંક

**પ્રકરણ ૨ઃ નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ** ૫૭

નિર્ધૂમ અગ્નિ એટલે શું? ........ ૫૯

ચૌદમા ગુણસ્થાનનો નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ ........ ૫૯

નિર્ધૂમ અગ્નિનું સ્વરૂપ........ ૬૧

નિર્ધૂમ અગ્નિનાં ત્રણ પ્રકાર ........ ૬૨

નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ સ્વરૂપ ........ ૬૫

નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ કરતા આત્માઓનું કોષ્ટક ........ ૬૮

નિર્ધૂમ અગ્નિરૂપ સાધુસાધ્વીનો પરમેષ્ટિ પુરુષાર્થ ........ ૬૯

નિર્ધૂમ અગ્નિરૂપ ઉપાધ્યાયજીનો પરમેષ્ટિ પુરુષાર્થ ........ ૭૨

નિર્ધૂમ અગ્નિરૂપ આચાર્યજીનો પરમેષ્ટિ પુરુષાર્થ ........ ૭૪

નિર્ધૂમ અગ્નિરૂપ ગણધરજીનો પરમેષ્ટિ પુરુષાર્થ ........ ૮૦

નિર્ધૂમ અગ્નિરૂપ છદ્મસ્થ અરિહંતનો પરમેષ્ટિ પુરુષાર્થ ........ ૮૪

નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મ સ્વરૂપ ........ ૯૧


નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મ સ્વરૂપ શ્રી અરિહંતનો પુરુષાર્થ ........ ૯૨

નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મ સ્વરૂપ શ્રી ગણધરજીનો પુરુષાર્થ ........ ૧૦૦

નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મ સ્વરૂપ શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાયજી તથા
શ્રી સાધુસાધ્વીજીનો પુરુષાર્થ ........ ૧૦૫

નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધ સ્વરૂપ........ ૧૧૪

# શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ



## અર્પણ

જે પ્રભુએ સહુ જીવો માટે કલ્યાણભાવ વેદી, કલ્યાણના માર્ગે ચાલવાનું ઉદ્‌બોધન કર્યું છે, તે પ્રભુને અને તેને અનુસરી જે જે જીવોએ એ માર્ગ સ્વીકાર્યો છે તે સહુને આ ગ્રંથ અર્પણ કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# પ્રસ્તાવના

ઈ.સ. ૨૦૧૫ તથા ૨૦૧૬ ના પર્યુષણના વિષયોની છણાવટ કરતા આ બંને લેખ આત્માની અનુભૂતિને પ્રગટાવવામાં તથા તેનો વિકાસ કરવામાં ઉપયોગી થશે એમ માનું છું. આમાં આત્મસ્વરૂપને પૂર્ણતાએ જાણવું હોય તો, લોકની જાણકારી જરૂરી છે, અને લોકની જાણકારી મેળવવી હોય તો આત્મસ્વરૂપ પર કેંદ્રિત થવું એટલું જ જરૂરી છે એ સમજણ શ્રી પ્રભુ તરફથી આપણને મળી છે. તેનો સદુપયોગ કરી, આત્માને વિશુદ્ધ કરવાના માર્ગમાં ત્વરાથી પ્રવેશ કરી, આગળ વધવું એ સહુ ઉપયોગી કાર્ય જણાય છે.

આ કાર્ય કરતાં જે ઉત્તમોત્તમ પ્રવૃત્તિ આત્મા છઠ્ઠા-સાતમા ગુણસ્થાને, શ્રેણિમાં, પરમાત્મા રૂપે, તથા ચૌદમા ગુણસ્થાનથી કરે છે, અર્થાત્ પોતાના આત્મામાં સ્થિર થઈ એવો પુરુષાર્થ કરે છે કે જેથી તેનાં પૂર્વસંચિત કર્મો નવાં કર્મોનો આશ્રવ કરાવ્યા વિના જ નિર્જરી જાય છે, એટલે તે આત્મામાં નિર્ધૂમ અગ્નિનો (ધુમાડા વગરના અગ્નિનો) પુરુષાર્થ જાગે છે, નવાં કર્મો તે આત્માના પ્રદેશો પર પ્રવેશી શકતાં નથી. ઘણી અલ્પ સંખ્યાના આત્માઓ આ કાર્ય કરે છે, પણ જેઓ કરે છે તેઓ પોતાનું તથા અન્યનું કલ્યાણ ઉત્તમ રીતે કરી-કરાવી શકે છે. આ જાણકારી “નિર્ધૂમ અગ્નિના પુરુષાર્થ”ના પ્રકરણમાં શ્રી પ્રભુ આપણને આપે છે. અને આપણને એ માર્ગે આગળ વધવા ખૂબ જ પ્રોત્સાહન આપે છે. આ બંને પ્રકરણ કદાચ સમજવામાં કઠિન લાગે તો નવાઈ નથી, પણ સઘળુ પુરુષાર્થસાધ્ય હોવાથી જે ઈચ્છે અને કરે તે પામે, એ ઉક્તિ સાર્થક થાય એમ છે.

આ બંને પ્રકરણના તત્ત્વની જાણકારી શ્રી પ્રભુ તરફથી આવી છે, તો કોઈ એ માટે શંકા ન કરે એ વિનંતી છે. પાત્રતા વધારી એ કાર્ય કરવા સહુ ભાગ્યશાળી થાય એ ભાવથી આ ગ્રંથ વાચકોના કરકમળમાં મૂકવા ભાવના ભાવી છે.

આ પ્રકરણોનું તથ્ય મેળવવામાં, લખાણ કરવામાં જે જે ભવ્ય આત્માઓનો સાથ મળ્યો છે તેમનો ઉપકાર માનું છું, અને તેમને આ ક્રિયા વહેવામાં વહેલી તકે સાધ્ય થાય એવી શ્રી પ્રભુને પ્રાર્થના કરું છું.

આ ગ્રંથને સારી રીતે છપાવી, બાંધકામ સુંદર બનાવી સહુને રોચક થાય એ રીતે તૈયાર કરવામાં વકીલ એન્ડ સન્સના ઉચ્ચ અધિકારી તથા મારા સ્નેહી શ્રી અરુણભાઈ તથા સુધાબહેનનો આભાર માનું છું. સાથે સાથે તેની છપાઈ આદિમાં સક્રિય ભાગ લેનાર દેવાંશી બહેનનો પણ આભાર માનું છું. સીધી તથા આડકતરી રીતે મદદ કરનાર સર્વ આત્માઓનો સાથ સ્વીકારી, તેઓ સહુને પ્રભુ તરફથી ઉત્તમ મદદ મળે એ માટે પ્રાર્થું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મુંબઈ, તા. ૯ એપ્રિલ ૨૦૧૭ **સરયુ રજની મહેતા**
મહાવીર જયંતિ

## પ્રકરણ ૧

ૐ

# જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું

જીવ અસ્તિકાય, પુદ્ગલ અસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અસ્તિકાય એ પાંચ અસ્તિકાય તથા કાળ એ છ દ્રવ્યથી લોકાલોકનું સર્જન થયું છે. આ છએ દ્રવ્યો લોકમાં રહેલાં છે અને અલોકમાં માત્ર આકાશ દ્રવ્ય જ છે. આ છએ દ્રવ્યમાં જીવરૂપ આત્મા એ એક જ દ્રવ્ય એવું છે કે જે ચેતનત્વ ધરાવે છે. આ દ્રવ્યમાં ચેતન સ્વયં સ્ફૂરે છે, તે જીવમાં ચેતનમય ભાવ તથા ચેતનત્વનું અસ્તિત્વ નિરૂપે છે, ચેતનમાં ભાવ કરવાની સ્વયં સહજ શક્તિ છે. એ શક્તિથી ઉત્પન્ન થતા ભાવનાં માધ્યમથી ચેતન પોતાની શક્તિ અનુસાર તથા પોતાના ભાવો અનુસાર પાંચ સમવાયની ગોઠવણીમાં પર્યાયનું નિરૂપણ કરી, એ જીવાત્મામાં પર્યાયરૂપ ફેરફાર લાવી, અન્ય પાંચ દ્રવ્યની ગોઠવણીમાં ફેરફાર લાવે છે, અને એ દ્વારા લોકમાં તથા અલોકમાં પણ ફેરફાર સર્જે છે. અલોકનાં આકાશાસ્તિકાયમાં જીવ ભાવ પર્યાયાદિ પાંચ સમવાયનાં માધ્યમ દ્વારા ફેરફાર લાવી શકે છે. આ નિયમના પ્રમાણના આધારે જીવ જગતકર્તા (લોકનું સંચાલન કરનાર) બને છે. આથી જો જીવ પોતાનાં મૂળ સ્વરૂપને જાણે, સમજે તથા અનુભવે તો એ રૂપી તથા અરૂપી નિર્માણની સર્વ પર્યાયો તથા પરિસ્થિતિને સમજી તથા જાણી શકે, કેમકે સર્વ પર્યાયો તથા પરિસ્થિતિની જનની આત્મારૂપ જીવાત્માના ભાવપર્યાય છે.

લોક તથા અલોકની સર્વ પરિસ્થિતિને જાણવાનો તથા જોવાનો હેતુ, શુદ્ધાત્મા તથા સત્ આત્મા માટે એ જ છે કે મળેલાં જ્ઞાન તથા દર્શન દ્વારા તેઓ “સર્વ જીવ કરું શાસનરસિ”ના ભાવ ઉત્તમતાએ, ઉત્કૃષ્ટતાએ તથા યોગ્ય સ્વરૂપે નિરૂપી

શકે. જો એ નિરૂપણ શુદ્ધાત્મા દ્વારા ઉત્તમતાએ થતું જાય તો, ધર્મનું સનાતનપણું તેમજ મંગલપણું અપૂર્વ અપેક્ષાથી, અગુરુલઘુ ગુણની સુંદરતાથી વિભૂષિત થાય છે; અને તે લોકમાં શાશ્વતપણું ધારણ કરી શકે છે.

બીજી અપેક્ષાથી વિચારીએ તો આપણને સમજાય છે કે, આત્મામાં અસંખ્યાત પ્રદેશો આવેલા છે. જેટલા પ્રદેશો આત્મામાં છે તેટલા જ પ્રદેશો લોકમાં પણ છે; નથી એક પ્રદેશ વધારે કે નથી એક પ્રદેશ ઓછો. આત્માના પ્રદેશોમાં ભાવાદિના કારણે પ્રક્રિયારૂપ જેવા જેવા રસાયણિક પ્રત્યાઘાતો (chemical reactions) થાય છે તેવા તેવા રસાયણિક પ્રત્યાઘાતો (chemical reactions) લોકનાં પ્રદેશોમાં પણ થાય છે. માટે, જો આત્મા પોતાનાં જ રૂપને પૂર્ણતાએ જાણી શકે તો, તે આત્મા લોકના પ્રદેશોમાં રહેલા છએ દ્રવ્યનાં સંચાલનને પણ જાણી શકે તથા જોઈ પણ શકે. આ જ્ઞાન, દર્શન તથા ભાવ સમવાયના આધારથી તે એમાં સત્ ફેરફાર પણ લાવી શકે છે. આ પરથી શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ આપણને એ સિદ્ધાંતની સમજ આપે છે કે આત્માને પૂર્ણતાએ જાણવાથી જીવ લોકાલોકની સર્વાંગી જાણકારી મેળવી શકે છે.

"અહો પ્રભુજી! આ સિદ્ધાંતની પિછાણ કરાવીને તમે અમારા પર ઘણો ઘણો ઉપકાર કર્યો છે. આથી, અમારા હ્રદયમાંથી સહજાસહજ એવી લાગણીઓ સરી પડે છે કે, જેને અમે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અસીમ તથા અપૂર્વ કૃપાથી અને આજ્ઞાથી શબ્દદેહ આપવા પ્રયત્ની તથા પુરુષાર્થી થયા છીએ."

"અહો! ત્રિલોકના નાથ! તમારા આ અમૂલ્ય બોધદાનથી અમને એક બાજુથી અતિ આનંદની લાગણી વેદાય છે; અને બીજી બાજુથી અમને અતિ મુંઝવણની લાગણી પણ વેદાય છે. અમારામાં અતિ આનંદની લાગણી ઉભરાવાનું કારણ એ છે કે આ લોક તથા અલોકની સર્વ પર્યાયો, સ્થિતિ તથા તેના પેટાવિભાગો વિશિષ્ટ રીતે અમારા અંતરાત્મામાં જ

સમાયેલાં છે, જેથી તેનાં સર્વ રૂપી તેમજ અરૂપી દ્રવ્ય તથા પદાર્થોનું સર્વાંગી જ્ઞાન તથા દર્શન પ્રાપ્ત કરવા માટે અમારે અમારાં અંતરમાં જ સ્થિર થઈ એકાગ્ર થવાનું છે, અમારે બીજે ક્યાંય પણ ભટકવા જવાની જરૂર નથી. અમને વર્તતી અતિ મુંઝવણનું કારણ એ છે કે અમારાં જ અંતરમાં રહેલાં આ અતિ દિવ્ય જ્ઞાનને અમારી મંદબુદ્ધિ, સંજ્ઞા તથા સમજણના પટ પર લાવવાનું કપરું કાર્ય કોણ, કેવી રીતે અને ક્યારે કરશે? અનંતાનંત કાળથી આ જ્ઞાન અમારા આત્મામાં રહેલું હોવા છતાં એની સમજણ એની ચેતનાથી બહુ જ દૂર હતી. વહાલા પ્રભુજી! બાળક જ્યારે નિઃસહાય બની મુંઝાય છે ત્યારે તે બાળક અતિ આશાભર્યાં નયનો સાથે તથા કાર્યસિદ્ધિની આશા સાથે પોતાના પિતા પાસે જાય છે, અને પોતાને અનુભવાતી કપરાં કાર્યની સિદ્ધિ કરવા માટે પિતા તરફથી આશાનું સહાયક કિરણ મેળવવા માટે મીટ માંડે છે; એ સહાયક કિરણ પામી તે સંતોષ તથા શાતા અનુભવે છે. એવી જ રીતે હે પ્રભુ! અમે જાણીએ છીએ કે અમે મૂઢ, મંદબુદ્ધિ, કષાયી, પ્રમાદી, સ્વચ્છંદી તથા મિથ્યાભિમાની છીએ; તેમ છતાં પણ તમે અમારો હાથ ઝાલ્યો છે તેથી અમારી પાસે વિશ્વાસરૂપ એક એવી જાદુઈ તાલીસ છે કે જે અમારા નિઃસહાય આત્મામાં દિવ્યજ્ઞાન તથા દર્શનની પ્રાપ્તિ નિશ્ચિત્તરૂપે કરાવશે એવી દૃઢતા અમારામાં વર્તે છે. અહો દુઃખિયાનાં બેલિ પ્રભુ! અમે સર્વથા તમારાં ચરણમાં જ રહેવા માગીએ છીએ; કારણ કે એમાં જ અમને શાંતિ, શક્તિ, વિશ્વાસ, ધૈર્ય, તથા સ્થિરતાનું વેદન સદૈવ મળવાનું જ છે. આપનો આ ઉપકાર સદા સર્વદા જયવંત વર્તો!"

"હે પ્રભુજી! તમારા પ્રત્યે આ ભાવ સેવતા સેવતા અમને અમારી અલ્પતા તથા લઘુતાનો લક્ષ આવે છે. અમે તમારી સામે તથા તમારાં જ્ઞાન તેમજ દર્શન સામે કેટલા દીનહીન તથા વામણા છીએ તેની

સ્પષ્ટતા અમને થતી જાય છે. તમારાં અદ્‌ભુત જ્ઞાનની વિશાળતા, ગંભીરતા તથા ઊંડાણની થોડી જ ઝાંખી આવે છે ત્યાં અમને નવાઈ લાગે છે કે તમારાં આટલાં વિશાળ જ્ઞાનને તથા સમજણને અમારી અલ્પ મતિમાં તમે કેવી રીતે સિંચન કરશો? વિશ્વાધાર પ્રભુજી! અમારી પાસે દિવ્યજ્ઞાન નથી, દર્શન નથી, ઉત્તમ ચારિત્ર નથી, બળવાન તપ નથી, અનંત વીર્ય નથી, સંજ્ઞાની ઉત્કૃષ્ટતા નથી કે નથી એવો કોઈ ઉત્તમ પદાર્થ કે જેના આધારે અમે આ વિષયની તથા જ્ઞાનની વિશાળતા તથા ગંભીરતાને યથાર્થતાએ સમજી તથા પામી શકીએ. અહો વિશ્વનાથ! તમારા અને અમારા વચ્ચે રહેલાં આ વિશાળ અંતરને ઘટાડવા, અમારા ધ્યેયને પાર પાડવા અમારી અલ્પ મતિમાં એક જ ઉપાય સૂઝે છે. તે એ લાગે છે કે તમારા પ્રતિ તથા તમારા સર્વ યોગ્ય અધ્યવસાય પ્રતિ અમે બિનશરતી અપૂર્વ ભક્તિનું સેવન કરતા રહીએ. આમ કરવાથી, અમને ખાતરી છે કે તમે આ જ વિશાળ જ્ઞાનને (જેને મહાયોગીઓ માત્ર અનુભવથી જ ઓળખી શકે છે), સાદી, સરળ ભાષામાં યોગ્યરૂપે અમારી સમક્ષ એવી રીતે વહેવડાવશો (સરાવશો) કે જેથી અમને આ જ્ઞાનની વિશાળતા તથા ગહનતાનો ભાર ન અનુભવાતાં, માત્ર તમારાં સામર્થ્યનાં તથા તમારાં આજ્ઞાધીનપણાનાં જાદુ પ્રત્યે જયજયકારરૂપ અમારી લાગણી પ્રવર્તે, અને એ લાગણીમાં જ એ જ્ઞાન તથા ચારિત્રનો અનુભવ સ્થપાઈ જાય. અહો વિશ્વવંદ્ય દેવ! આ વિશે વિચાર કરતાં અમને લજ્જા આવે છે કે અમારી મંદતાને કારણે તમારા ભાગ્યમાં અમારામાં બીજનું રોપણ કરવાને બદલે તૈયાર મુક્તાફળનું દાન કરવાનું લખાઈ ગયું છે. વળી, એ પણ અમને લક્ષ આવે છે કે તમારી અનન્ય કરુણાથી તમે એ મુક્તાફળમાં ધર્મનાં બીજનું રોપણ કર્યું છે, અને અમારા માટે સ્વપર કલ્યાણનાં માર્ગમાં ચાલવાની આજ્ઞા આપી અમને કૃતાર્થ કર્યા છે. આમ કરીને અમારા થકી ધર્મનાં સનાતનપણા તથા

મંગલપણાને સર્જાવવાનું મહા મહા પરમાર્થ પુણ્ય અમારા ભાગ્યમાં તમે વહેવડાવો (સરાવો) છો. અહો! અહો! અહો! અહોરૂપ આશ્ચર્યકારક આંતરમૌન સિવાય અમારી સ્તબ્ધતાને યોગ્ય ન્યાય દેવા અન્ય કોઈ આચરણ અમને સમજાતું નથી. માટે હે સર્વાધાર પ્રભુ! અમે તમારા ચરણોમાં નિત્ય રહેવાનો અભિગમ રાખી, તમારી જ આજ્ઞામાં રહી, અમારે તમારી આજ્ઞાનુસાર જ સર્વ કાર્યો કરવાં છે, એમ ભાવીએ છીએ. તમારી આજ્ઞામાં જ રહેવું એ અમારો સમય સમયનો ધર્મ છે, એવી સ્પષ્ટ લાગણી તથા ભાવ અમારાં અંતરના પ્રદેશે પ્રદેશમાં ઊંડાણ સાથે વેદાય છે.”

આત્માની અપૂર્વતા તથા ઉત્તમતા જાણવા તથા સમજવા માટે આપણે તેની લાક્ષણિકતા જાણવી જોઈએ. આ લાક્ષણિકતાઓનો અમુક પ્રકારે તથા અમુક અંશે આપણે “આત્માનો અપૂર્વ સ્વભાવ” એ પ્રકરણમાં (શ્રી કેવળી પ્રભુનો સાથ ભાગ ૨) વિચાર કર્યો હતો. આ પ્રકરણને ધ્યાનમાં રાખી, આપણે હવે આત્માની અન્ય અતિગુપ્ત છતાં અગત્યની લાક્ષણિકતાઓને શ્રી પ્રભુની તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અવર્ણનીય કૃપાથી તથા શ્રેષ્ઠ આજ્ઞાથી ઓળખીએ તથા સમજીએ.

## ૧. ચેતન જીવાત્મા જડ એવા પુદ્‌ગલ પરમાણુઓને ગ્રહણ કરી શકે છે.

આત્મા એ જીવાત્મારૂપ ધરનાર ચેતન દ્રવ્ય છે. આત્માના વિભાવને કારણે અજીવ તથા જડ પુદ્‌ગલ દ્રવ્ય તેના પ્રદેશો પર આકર્ષાય છે; અને અન્ય અસ્તિકાયોના આધારે એ જ આત્મા પર રૂપી પદાર્થ તરીકે ચીટકે છે. આમ થવાથી અરૂપી રૂપવાળો આત્મા રૂપી પુદ્‌ગલ પદાર્થનાં ગ્રહણને કારણે જીવરૂપ બની, પોતે પોતાનો અરૂપી સ્વભાવ વિસરી જઈ, પોતાને રૂપીસ્વરૂપી માની, અજીવરૂપ પુદ્‌ગલની લાક્ષણિકતાને પોતાની માની, એ અજીવ પદાર્થને જીવંતરૂપ આપી, પોતાના માટે અનંતાનંત દુઃખ તથા સંસારમાં પરિભ્રમણ કરવાનું ભાગ્ય

તે સર્જાવે છે. આ હકીકતને શ્રી રાજપ્રભુએ અતિ સુંદર રીતે એમનાં 'જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ' એ પદમાં ગૂંથી લીધી છે. જુઓ -

"ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત"

આત્માની આ લાક્ષણિકતા અતિ અપૂર્વ છે; કેમકે કોઈ પણ અજીવ પદાર્થ ગમે તેટલું ધારે તો પણ જીવ પદાર્થને પોતામાં ગ્રહણ કરી શકતો નથી. બલ્કે, એ જીવ પદાર્થ પુદ્ગલને ગતિ આપી, અન્ય પદાર્થો જેવા કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય તથા કાળને અપેક્ષાએ રૂપીપણું આપી, એમનાં અસ્તિત્વને સર્જાવી શકે છે. અહીં, શ્રીપ્રભુ, એમની ૐરૂપ અપૂર્વ પૂર્ણ પંચપરમેષ્ટિની વાણી દ્વારા આપણને સમજાવે છે કે,

> "અહો! આ કેવી વિચિત્રતા છે કે, આત્મા અન્ય દ્રવ્યને જીવંતરૂપ આપવાનો લાભ આપે છે, પરંતુ આ પુરુષાર્થમાં એ જ આત્મા વિભાવ દશામાં જઈ, પોતાનાં અરૂપી ચેતનસ્વરૂપને ભૂલી, પોતાને જડસ્વરૂપ તથા ક્ષણિક માનવા લાગે છે. તેથી હે ભવ્ય જીવો! તમે કાંઈક સમજો! કાંઈક વિચારો! તમે તમારા જ અરૂપી શાશ્વત સ્વભાવને અજીવની અસર નીચે શા માટે રૂપી, ક્ષણિક સ્વભાવવાળો બનાવો છો? જાગો! હે ભવ્ય જીવો જાગીને નિકટભવી બનો! તમારા મૂળ સ્વભાવને ઓળખો, અને તમારા પર તમારા જ વિભાવને કારણે ચિટકીને રહેલાં અજીવ દ્રવ્ય પ્રતિનાં 'મારાપણાંનો' ત્યાગ કરો. તેમાં જ તમારું સુખ છે. તેનાથી જ તમને તમારી સાચી સ્વભાવદશાનું ભાન પ્રાપ્ત થશે."

આ જ સ્થિતિ સમસ્ત લોકમાં પણ જોવા મળે છે, એટલે કે આ જ નિયમ આખા લોકને પણ લાગું પડે છે. શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુની પરમ કૃપાથી અને આજ્ઞાથી આ અટપટા નિયમ માટે આપણને સરળ ભાષામાં સચોટ સમજણ મળે છે. આપણા આત્મામાં જેમ અસંખ્ય પ્રદેશો છે, તેમ જ આ લોકમાં પણ અસંખ્ય પ્રદેશો રહેલા છે; એ જ રીતે જેટલા અસંખ્ય પ્રદેશો લોકમાં છે, એટલા

જ અસંખ્ય પ્રદેશો આત્મામાં છે, એકબીજાથી વધારે કે ઓછી સંખ્યાના પ્રદેશો નથી. (અસંખ્યના અસંખ્ય વિભાગ છે, પરંતુ લોક અને આત્માના અસંખ્યની સંખ્યામાં તરતમપણું નથી, તેઓ બંનેમાં સંખ્યા સમ જ છે.) લોકના આ અસંખ્ય પ્રદેશોમાં અનંતાનંત આત્માઓ તથા જીવો પોતાના સ્વભાવ તથા વિભાવનાં કારણે યોગ્ય સ્થાન ગ્રહણ કરે છે. એવી જ રીતે, એ જીવોના ભાવને કારણે અન્ય પાંચ દ્રવ્યો પણ યોગ્યરૂપે એ લોકના અસંખ્યાત પ્રદેશોમાં સ્થાન મેળવે છે. લોક મૂળ સ્વરૂપે અજીવ છે, પરંતુ એના પ્રત્યેક પ્રદેશ પર અનંત જીવાત્માઓ રહેલા છે. એ ન્યાયે તથા અપેક્ષાથી વિચારતાં સમજાય છે કે લોકના પ્રત્યેક પ્રદેશ તેના પર વસેલા જીવાત્માને કારણે જીવંત બને છે, અને તેમાં જીવાત્માનાં કારણે અન્ય અસ્તિકાયના આહાર, વિહાર તથા નિહાર થાય છે, જ્યારે એમાંના જે જે આત્માઓને શિવરૂપ ધારણ કરવાની વેળા આવે છે ત્યારે, તે તે આત્માઓ તેરમા ગુણસ્થાને કેવળી સમુદ્‌ઘાતની ક્રિયા કરી, પોતાના સર્વ પ્રદેશોને ફેલાવી લોકના સમસ્ત પ્રદેશો સાથે એકતા સાધે છે. એ વિરલ ક્ષણે તે ભવ્યાત્મા એક સમય માટે યોગ સાથે જોડાતા નથી, અને સિદ્ધસદૃશ દશાનું વેદન કરે છે. એ વખતે તે આત્માના આઠે રુચક પ્રદેશો સિદ્ધભૂમિમાં જઈ સર્વ સિદ્ધાત્માઓનો સ્પર્શ પામે છે; ત્યારે એ સિદ્ધાત્માની અડોલ, અકંપ તથા અક્ષય સ્થિતિવાળા નિરંતર પૂર્ણ સ્વભાવનો અનુભવ તેમજ સિદ્ધાત્માએ પૂર્વે વેદેલાં ધર્મનાં સનાતનપણાના તથા મંગલપણાના ભાવ અને અપૂર્વ આજ્ઞાવેદકતા, કેવળી સમુદ્‌ઘાત કરતા આત્મા દ્વારા આખા લોકમાં પ્રસરે છે એ સમયે સિદ્ધભૂમિમાં રહેલા લોકના પ્રદેશો, કેવળી સમુદ્‌ઘાત કરતા આત્માની અસર નીચે સિદ્ધદશાનાં આજ્ઞાધીનપણાના અનુભવના રણકારને એમના પર રહેલા આત્માના આઠે રુચક પ્રદેશમાં સમાવી, અપૂર્વ રીતે તથા અતિ ગુપ્તપણે આખા લોકમાં ધર્મનું સનાતનપણું તથા મંગલપણું સ્થાપવામાં નિમિત્ત બને છે. કેવળી સમુદ્‌ઘાત કરતા આત્માના પૂર્વ પુરુષાર્થ તથા તેમના નક્કી થતા સિદ્ધભૂમિનાં સ્થાન અનુસાર આ ક્રિયાના અનુભવમાં તરતમતા હોય છે.

જે રીતે આત્મા પોતાની વિભાવદશામાં રૂપી અજીવની અસર નીચે પોતાના અરૂપી સ્વભાવને ત્યાગે છે, એ જ રીતે રૂપી લોક સમસ્તરૂપે કેવળી સમુદ્‌ઘાત વખતના આઠ સમય માટે પોતાનાં રૂપીપણાનો ત્યાગ કરી, અરૂપી સિદ્ધદશાના અનુભવને એના સર્વ પ્રદેશો પર, અતિ ગુપ્તપણે પહોંચાડી, અપૂર્વ રીતે લોકના સર્વ પ્રદેશો પર રહેલા આત્માના પ્રદેશોને પોતાના અરૂપી સ્વભાવની પહેચાન કરવા માટે નિમિત્તરૂપ થાય છે. આ પરથી સ્પષ્ટપણે સમજાશે કે જે લોક આત્માને વિભાવમાં જવાનું તથા રૂપી દ્રવ્યનો આશ્રવ કરવાનું કારણ બને છે, એ જ લોક આત્મા માટે અપૂર્વ અરૂપી આજ્ઞા મેળવવાનું નિમિત્ત પણ બને છે. જો અજીવ આ રીતે શુદ્ધ આત્માની અસર નીચે કાર્ય કરી શકે તો જીવ એ જ શુદ્ધાત્માની અસર નીચે, જો ધારે તો, પોતાની શુદ્ધિ કેટલી વધારી શકે એ આપણે સહુએ વિચારવા યોગ્ય કથન છે.

## ૨. એક જીવ એક જ સમયે જુદા જુદા પ્રદેશો પર જુદા જુદા ભાવ કરી શકે છે.

ચેતનરૂપ આત્માની એક બીજી લાક્ષણિકતા એ છે કે એક જ જીવમાં એકી સાથે જુદી જુદી ક્રિયાઓ અર્થાત્ જુદા જુદા ભાવો ચાલે છે. આ પ્રક્રિયાને યોગ્ય રીતે સમજાવવા માટે શ્રી પ્રભુએ આત્માને અસંખ્ય પ્રદેશોમાં વિભાજિત કર્યો છે. મૂળમાં આત્મા એક જ છે, અને તેનું ચેતનસ્વરૂપ પણ એક જ છે. પરંતુ એ ચેતનની એવી વિશિષ્ટ લાક્ષણિકતા છે કે તેમાં એકીસાથે ઘણી ક્રિયાઓ થાય છે, થઈ શકે છે. એનો અર્થ એ થાય કે જીવના જુદા જુદા પ્રદેશો જુદા જુદા પ્રકારના ભાવો એક જ સમયે કરતા રહે છે, કરી શકે છે. આ વિશિષ્ટ લાક્ષણિકતા એક પણ અજીવ પદાર્થમાં પ્રવર્તતી નથી. સર્વ અજીવ પદાર્થો પોતપોતાની સ્થિતિ અનુસાર એકરૂપપણે (uniform રીતે) વર્તે છે. બીજી રીતે કહીએ તો કહેવાય કે એક પ્રકારનાં પુદ્‌ગલ પરમાણુઓ વર્તમાનમાં જે રીતે વર્તે છે તે જ રીતે ભૂતકાળમાં વર્તતા હતા અને ભવિષ્યમાં પણ તે જ રીતે વર્તવાના છે.

તે વર્તનામાં ફેરફારને અવકાશ નથી. આમ, એક પ્રકારનાં પુદ્ગલનાં પરમાણુઓમાં જે પ્રકારની લાક્ષણિકતા હોય છે તે અન્ય પ્રકારનાં પુદ્ગલનાં પરમાણુઓથી જુદી હોય છે. તે જ પુદ્ગલનાં પરમાણુઓમાં અન્ય કોઈ પણ પુદ્ગલ કે પદાર્થની લાક્ષણિકતા આવતી નથી. આ જ પ્રમાણે અન્ય અજીવ દ્રવ્યમાં પણ પોતપોતાની લાક્ષણિકતા સ્વતંત્ર રીતે રહેલી છે. જીવની આ અપૂર્વ લાક્ષણિકતા તેને શિવ બનવા માટે અતિ અતિ અગત્યની બને છે.

ચેતનની આ વિશિષ્ટ લાક્ષણિકતાના કારણે એક જ આત્મામાં પૂર્ણ શુદ્ધ તથા સિદ્ધસ્વરૂપ રુચક પ્રદેશો, પૂર્ણ ઘાતિકર્મરહિત એવા કેવળીગમ્ય પ્રદેશો તથા પૂર્ણ અજ્ઞાની અને મિથ્યાત્વી એવા અશુદ્ધ પ્રદેશો સમકાળે - એક જ સમયે સહ અસ્તિત્વ (coexistence) ધરાવે છે. આ સ્થિતિને સમજાવવા માટે શ્રી પ્રભુ આપણને કહે છે કે, અજીવમાં પણ આવી સ્થિતિ નિર્માણ થાય છે. તેમાં સિદ્ધનાં પરમાણુઓ, કેવળીનાં પરમાણુઓ તથા મિથ્યાત્વીનાં પરમાણુઓ પરમાણુઓરૂપે ભિન્નતા સાથે સમકાળે પ્રવર્તે છે, કોઈ કાળે એ પુદ્ગલ પરમાણુઓ પોતાની મેળે એકરૂપ થતાં નથી, પરંતુ ચેતનની પ્રેરણાથી તેમ થઈ શકે છે. ચેતનની એક જ ક્રિયામાં એવો ફેરફાર થાય છે કે એક જ જીવમાં, એક જ ચેતનગુણમાં વિભિન્ન શુદ્ધિ તથા સિદ્ધિવાળી સ્થિતિઓ એકસાથે સર્જાય છે.

> "અહો! આત્મા! તારી આ અપૂર્વ લાક્ષણિકતાને ધન્ય છે! તારી આ લાક્ષણિકતા અમને જીવમાંથી શિવ બનાવે છે, તથા તે ચેતનને અનંતકાળથી અજીવ પદાર્થની સમીપ રહેતું હોવા છતાં, અજીવરૂપ ધારણ કરવા દેતી નથી. વળી, તે એક જ જીવમાં અલગ અલગ પર્યાયો તથા સિદ્ધિવાળી સ્થિતિને યોગ્ય સ્થાન આપી શકે છે."

આ જીવ, જે લોકમાં નિત્યપણે રહે છે, તે ત્યાં એ જ પ્રકારની લાક્ષણિકતાને સ્થાપી શકે છે. આ વચનનો ગૂઢાર્થ શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પરમ કૃપાથી તથા આજ્ઞાથી વિચારીએ.

આત્મામાં જેમ સિદ્ધ સમાન રુચક પ્રદેશો, અરિહંત ભગવાન સમાન કેવળીગમ્ય પ્રદેશો અને છદ્મસ્થ સમાન અશુદ્ધ પ્રદેશો રહેલા છે (જીવમાં અશુદ્ધ પ્રદેશો ગણધર પ્રભુની સ્થિતિથી લઈ ઉતરતા ક્રમમાં અજ્ઞાની સુધીની સ્થિતિનાં હોઇ સહ અસ્તિત્વ ધરાવી શકે છે), તેમ જ આ લોકમાં શ્રી સિદ્ધ ભગવાન સિદ્ધભૂમિમાં બિરાજે છે, અરિહંત ભગવાન પંચમહાવિદેહ ક્ષેત્રમાં નિરંતર અને ભરત તથા ઐરાવત ક્ષેત્રમાં અમુક કાળ માટે બિરાજે છે, અને જુદી જુદી કક્ષાએ રહેલા છદ્મસ્થ જીવો તો આખા લોકમાં એક સાથે રહે છે. જેમ ચેતનમય આત્મામાં ભિન્ન-ભિન્ન પ્રદેશો એકબીજાની સ્વતંત્રતાને આવરી લેતા નથી, પરંતુ એક જ દ્રવ્યમાં, એ જ ક્ષેત્રમાં, એક જ કાળે, તથા એ જ ભવમાં સહ અસ્તિત્વ ધરાવે છે; એ જ પ્રમાણે લોકપર્યાયની અપેક્ષાએ એક જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને લોકભવની અપેક્ષાએ સર્વ આત્માઓ ભિન્ન-ભિન્ન ભાવ સાથે સહ અસ્તિત્વ ધરાવે છે, આ જીવો એકબીજાની સ્વતંત્રતાને આવરી લેતા નથી.

આનાથી સાવ વિરુદ્ધ એવા અજીવરૂપ પુદ્‌ગલો પોતાના ભાવરસ જે ચેતનભાવથી પ્રેરિત છે, તેની અસર નીચે પોતાની સ્વતંત્રતા ન જાળવતાં, એકાંતે પરતંત્ર જ રહે છે. આવી જ રીતે અન્ય અજીવ અસ્તિકાય પોતાની સ્વતંત્રતાને ત્યાગી, ચેતનનાં વર્ચસ્વ નીચે એકાંતે પરતંત્ર જ રહે છે. આ સ્થિતિને અપેક્ષાથી વિચારતાં લક્ષ આવે છે કે એ અજીવને કદાચિત્ કોઈ બીજી ઇચ્છા હોય, તો પણ તેને ચેતનના ભાવરસ નીચે દબાઈને પરતંત્રતાની બેડી સદાકાળ માટે પહેરવી પડે છે. અજીવનો આ દોષ ચેતન પર પરતંત્રતાની ખાસિયત ઉપજાવવામાં ઘણો કાર્યકારી થાય છે. અજ્ઞાનદશામાં વિભાવ વશાત્ જ્યારે જીવ, અજીવ એવાં પુદ્‌ગલોને પોતા પ્રતિ ખેંચે છે ત્યારે, એ જ પુદ્‌ગલો જીવને પોતાના સ્વાભાવિક, અરૂપી સ્વભાવને ભૂલાવી, અજીવની પરતંત્રતાવાળી લાક્ષણિકતાને પોતારૂપ મનાવી, અજ્ઞાન તથા મિથ્યાત્વના મહાસાગરમાં ડૂબાડે છે, એટલું જ નહિ પણ મહાદુઃખ તથા ભય ઉપજાવનારા ક્ષણિક પર્યાયોને ગ્રહાવી પોતાને એજ રૂપ માનતો ફરાવે છે. આત્માના આવા વિભાવનો લાભ લઈ અજીવરૂપ પુદ્‌ગલ

પોતાની પરતંત્રતાની લાક્ષણિકતાથી જીવને પોતા તરફ પરતંત્ર બનાવે છે. આ હકીકતને સમજાવવા શ્રી પ્રભુ આપણને વ્યવહારનું એક ઉદાહરણ આપે છે.

વ્યવહારમાં એક ગણિકા પોતાની આજીવિકા માટે, પોતા પાસે આવતા પુરુષોના વિકાર પ્રત્યે પૂર્ણતાએ પરતંત્ર રહે છે. જો તેની પાસે આવતા પુરુષોમાં વિકાર કે વિભાવ હોય નહિ, તો એ ગણિકાની આવક તથા આજીવિકા જોખમાઈ જાય છે. વળી, ગણિકાએ આવતા પુરુષોમાં આવા વિભાવ જગાડવા માટે, વિકાર ઉત્પન્ન કરાવવા માટે જે જાતના હાવભાવ તથા વર્તન કરવાં પડે છે, તેમાં તે પરતંત્ર હોય છે. તેણે પોતાની નીજી ઇચ્છા દબાવી, પુરુષને વિકારી બનાવવા અમુક વર્તન પરતંત્રતાએ કરવું પડે છે. વિકારી પુરુષ મૂળમાં સ્વતંત્ર છે, પરંતુ તે વિકારના મોહમાં પડી, ગણિકાના હાવભાવમાં લપટાઈ પોતાની સ્વતંત્રતાને ગણિકાની પરતંત્રતામાં સમર્પી દે છે, વોસરાવી દે છે. એક વખત એ ગણિકાને આવા વિકારયુક્ત પુરુષોની નબળાઈઓની (weaknessesની) જાણકારી આવે છે ત્યારે, તે પોતાના પરતંત્રતાના માધ્યમથી એ પુરુષને પોતાની સ્વતંત્ર ઇચ્છાનુસાર નચાવે છે. આમ ગણિકા પોતાની પરતંત્રતાની લાક્ષણિકતાના માધ્યમથી સ્વતંત્ર પુરુષને પોતા તરફ ખેંચી પરતંત્ર બનાવે છે. પરંતુ જો તે પુરુષ વિકારી ન થાય તો ગણિકાના મોહપાશમાં ફસાતો નથી, અને પોતાની સ્વતંત્રતા ગુમાવતો નથી. જો તે પુરુષ કદાચિત ફસાઈ ગયો હોય, તો પણ કોઈ સત્ સાથીદારના સાથથી એમાંથી બહાર નીકળી જાય છે.

આ ઉદાહરણ દ્વારા શ્રીપ્રભુ આપણને સમજાવે છે કે ગણિકા એ અજીવરૂપ પુદ્ગલ છે; અને વિકારરહિત પુરુષ તે જીવાત્મા છે. જ્યારે તે વિકારી બને છે ત્યારે પુદ્ગલના પાશમાં પૂરાઈ કર્માશ્રવ કર્યા કરે છે અને મોહપાશનાં દુઃખ વેઠયા કરે છે. આવી વિકારયુક્ત સ્થિતિમાં તે જોગાનુજોગ સત્નો સ્પર્શ પામી સત્ તરફ વળે છે ત્યારે તે ગણિકાના ગમે તેવા આકર્ષક હાવભાવમાં અર્થાત્ પુદ્ગલથી આકર્ષક જણાતી શાતાવેદનીયની સુખબુદ્ધિમાં ફસાતો નથી, અને પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરી ફરીથી ગણિકાને અર્થાત્ પુદ્ગલને પરતંત્ર

બનાવે છે. તેથી જીવ જો ધારે તો તે સત્‌ના ભોમિયા એવા સદ્‌ગુરુ તથા સત્પુરુષનો આશ્રય ગ્રહણ કરી, અજીવ તેમજ રૂપી પુદ્‌ગલથી સ્વતંત્ર બની શકે છે. આવો અદ્‌ભુત છે સનાતન ધર્મનો મંગલમય માર્ગ!

"અહો! પ્રભુજી! તમારી વાણી તથા અમને સમજાવવાની શૈલી કેટલાં સરળ અને સુગમ છે! તમે નિશ્ચયનયના અઘરા સિદ્ધાંતો અમ જેવા મંદબુદ્ધિ જીવોને સરળ, સાદી, સીધી ભાષા દ્વારા પૂર્ણરૂપે સમજાવી શકો છો. પ્રભુજી! અમારે આ ગણિકારૂપ પુદ્‌ગલનો ત્યાગ કરી, સદાકાળ માટે તમારાં નિષ્પાપી ચરણોમાં આજ્ઞાધીનપણે સ્વતંત્રતાવાળી પરતંત્રતામાં રહેવું છે. પ્રેમાળ પ્રભુ! તમે પરમ દયાળુ છો! તો અમારી આ મનોકામના, જે અત્યારે અમારા માટે ગજા બહારની વાત લાગે છે, તેને તમે સહજતાથી તમારી કલ્યાણકારી આજ્ઞા દ્વારા પૂર્ણ કરશો એવા વિશ્વાસથી તથા શ્રદ્ધાથી અમે તમને સાષ્ટાંગ વંદન કરીએ છીએ. અમારા પ્રેમભર્યા વંદન સ્વીકારી અમને ધન્ય કરજો."

"અહો! પરમપૂર્ણ પ્રભુ! તમારી અપૂર્વતા અપરંપાર છે. તમે તમારી ઉત્તમ કરુણાના આધારે આત્માના અપૂર્વ સ્વભાવની લોક સાથે સમાનતા દર્શાવી, તેથી એના સિદ્ધાંતો તથા નિયમોને અમે ઘણી સુગમતાથી સમજી શકીએ છીએ. એ દ્વારા અમારા આત્મામાં સ્પષ્ટપણે તથા હકારાત્મક કેડીની ઉત્તમ શૈલીથી અમને આભાસ થાય છે કે આત્મા એ જ આ જગતનો કર્તા છે; આત્મા જ લોક માટે બ્રહ્મા, વિષ્ણુ તેમજ મહેશ છે. આત્માના ચેતન સ્વભાવના કારણે જ લોકમાં અજીવ દ્રવ્યની વ્યવસ્થિત ગોઠવણી થાય છે, જેને કાળની અપરંપાર વિશાળતા છેદીભેદી શકતી નથી. એવો કોઈ કાળ કે કાળની પર્યાયમાં એવી સંભાવના આવશે નહિ કે જ્યારે ચેતનસભર આત્મા આ લોકના સંચાલનમાં ભાગ લેતો ન હોય, લોકને પોતાના ભાવોના આધારે યોગ્ય રૂપ આપતો ન હોય, અથવા પોતાની નિત્યપણાની લાક્ષણિકતા લોકના સ્વરૂપમાં ઉમેરતો

ન હોય. આ પરથી અમને સ્પષ્ટ બોધ મળે છે કે, 'હે આત્મા! તું તારાં અપૂર્વ, અનન્ય, અભિન્ન તથા નિત્ય સ્વરૂપને ત્વરાથી જાણ, સમજ તથા તેમાં સ્થિર થા કે જેથી તને સર્વ દ્રવ્યની, સર્વ ક્ષેત્રની, સર્વ કાળની તથા સર્વ ભાવની સર્વાંગી પર્યાયો પૂર્ણપણે જાણવા મળે. એ જાણવાથી તને આત્માની સર્વાંગી ઉપરી કક્ષાની પિછાણ થશે અને તને એ આત્મા માટે પૂર્ણ પ્રેમ, શ્રદ્ધા, અર્પણતા તથા આજ્ઞાનાં અપૂર્વ પાનનું વેદન અનુભવાશે. માટે હે આત્મા! તું તારાં જ અંતરમાં લીન થા! લીન થા! લીન થા!"'

શ્રી પ્રભુ આપણને સમજાવે છે કે આત્માના અપૂર્વ સ્વભાવમાં એક એવી અતિગુપ્ત લાક્ષણિકતા છે કે જે એને એનાં અંતરની ભક્તિ, પરાભક્તિ, પરમભક્તિ તથા પરમેષ્ટિ ભક્તિ તરફ સહજતાએ, તેમ છતાં પૂર્ણતાએ દોરે છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પૂર્ણતા, પૂર્ણ આજ્ઞાભક્તિ આ અતિ અતિ ગુપ્ત સિદ્ધાંતોને આપણી સમક્ષ સરળ, સુગમ તથા સહજ ભાષામાં રજૂ કરે છે.

શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પૂર્ણ આજ્ઞાભક્તિની અનન્ય કૃપાના આધારે, અપૂર્વ વાણીના ધારક શ્રી પ્રભુ તરફથી આપણને એક વિશિષ્ટ બોધની ભેટ મળે છે. શ્રી પ્રભુ આપણને બોધે છે કે,

"હે જીવરૂપી ચેતનમય પદાર્થના ધારક એવા આત્માઓ! તમે બૂઝો! સમ્યક્ પ્રકારે બૂઝો! તમે વિચારો કે તમારા અંતરમાં કેવી ઉત્તમ અપૂર્વતા રહેલી છે! તમે તમારાં રૂપને જાણો! તમારાં રૂપને ભજો! અને તમારાં શુદ્ધ રૂપને અવધારો! તમારી યોગ્ય તલ્લીનતાથી તમે તમારા આત્માને જાગૃત શૂન્યતા, જાગૃત શુક્લતા તથા જાગૃત પૂર્ણતા તરફ સરાવી શકશો. અહો આત્મા! તમને તમારા ભોક્તાપણાના ગુણથી કલ્યાણસભર પુદ્‌ગલ તથા અકલ્યાણભરિત પુદ્‌ગલનો તફાવત પારખવાની શક્તિ આવી છે, જે થકી તમે તમારાં કર્તાપણાનાં રૂપને

શાશ્વત સમાધિમાં સદાકાળ માટે કર્તાપણાના ગુણથી ભોગવી શકશો. આ દ્વારા તમે તમારાં અસ્તિત્વ, નિત્યત્વ તથા મોક્ષલક્ષ્મીના ધારક, પાલક અને સંચાલક બની શકશો. આ જ માર્ગ તમને મોક્ષલક્ષ્મી મેળવવાના ઉપાયની શાશ્વત સિદ્ધિ આપશે. અહો! ભવ્ય જીવો! તમારી પાત્રતા વધતાં, શ્રી તીર્થંકર પ્રભુ એમની કરુણા, કૃપા, આજ્ઞા તથા સહજાનંદી સમાધિના પુરુષાર્થના આધારે તમને કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરાવે છે. એ કેવળીગમ્ય પ્રદેશો દરેક ભવ્ય આત્માને શ્રી અરિહંત પ્રભુની આજ્ઞાથી કલ્યાણમય મહાસમાધિનું વેદન કરાવે છે. આવી ઉપસ્થિતિ આત્મદ્રવ્યની એવી અપૂર્વતા દર્શાવે છે કે જેમાં પોતાની અશુદ્ધિના ભિન્ન-ભિન્ન રંગો શ્રી અરિહંત પ્રભુની પૂર્ણતા તથા શ્રી સિદ્ધ પ્રભુની સિદ્ધિને સમકાલીનપણે રહેવા માટે બાધાકારક થઈ શકતા નથી. અજીવ દ્રવ્યમાં સમાન અશુભ વિભાવરસ કે શુભ વિભાવરસરૂપ પદાર્થો સમકાળે સંભવે છે. શ્રી અરિહંત પ્રભુની શુદ્ધિ તથા સિદ્ધિ ક્રમે કરીને જીવના અશુદ્ધ પ્રદેશોને શુદ્ધ કરતા જાય છે. અરિહંતપ્રભુ સ્વરૂપ, જીવનાં કેવળીગમ્ય પ્રદેશો અપૂર્વ રીતે અગુરુલઘુ કલ્યાણભાવ તથા આજ્ઞારસ મારફત અશુદ્ધ પ્રદેશોને શક્તિ અને ઉત્તમ ભાવના પ્રદાન કરે છે. આવું કલ્યાણકાર્ય તેઓ પૂર્ણ ધીરજગુણથી સેવે છે.”

આપણે આત્માની બીજી અપૂર્વ લાક્ષણિકતા એ જાણી છે કે તેનામાં એક સાથે જુદી જુદી ક્રિયાઓ પ્રવર્તી શકે છે. આ પ્રક્રિયાને સમજાવવા માટે શ્રી પ્રભુએ આત્માને અસંખ્ય પ્રદેશોમાં વિભાજિત કર્યો છે. આવી જ રીતે લોકમાં પણ એક સાથે ભિન્ન-ભિન્ન ક્રિયાઓ થાય છે, તેને સમજાવવા માટે તેમણે લોકમાં ભિન્ન-ભિન્ન ક્ષેત્રો બતાવ્યાં છે. લોકના સૌથી નીચેના ભાગમાં નિત્ય નિગોદ આવેલ છે, તેનાથી ઉપરના ભાગમાં ઇતર નિગોદ, નરક, મધ્યલોક, ઉર્ધ્વલોક અને સૌથી ઉપરના ભાગમાં સિદ્ધભૂમિ આવેલી છે. આ બધાં જ ક્ષેત્રો એકસાથે લોકમાં જ રહેલાં છે. આ પરથી સમજવાનું એ છે કે એક જ લોકમાં અતિ અતિ

દુઃખમય સ્થાનો (જેવાંકે નિત્યનિગોદ, ઇતર નિગોદ, નરક ઇત્યાદિ), અતિ અતિ શાતામય સ્થાનો (જેવાંકે બાર દેવલોક, નવ ગ્રૈવેયક, અનુત્તર વિમાનાદિ) તથા દુઃખસુખની મિશ્ર સ્થિતિવાળાં સ્થાનો (જેવાંકે તિર્યંચગતિ, મનુષ્યગતિ આદિ જ્યાં છે તેવાં મધ્યલોકનાં સ્થાનો) પણ સમકાળે પ્રવર્તે છે. આ બધાં એક જ કાળે કે સમયે પોતપોતાનાં દુઃખમય, સુખમય કે મિશ્રરૂપ પ્રવર્તન કરતાં રહે છે.

આત્મામાં જેમ પૂર્ણ શુદ્ધ એવા રુચક પ્રદેશો છે તેમ લોકમાં પણ સિદ્ધભૂમિ આવેલી છે, કે જેમાં આઠે કર્મથી રહિત એવા સિદ્ધાત્માઓ બિરાજી રહ્યા છે. આત્મામાં જેમ આઠ કેવળીગમ્ય પ્રદેશો રહેલા છે જેનાં ચાર ઘાતિ કર્મો નિવૃત્ત થયા છે અને બાકીનાં ચાર અઘાતી કર્મોની નિવૃત્તિ માટે તેઓ અપૂર્વતાએ આત્મામાં તીર્થ પ્રવર્તાવે છે, અને તેનાથી આત્માના અન્ય પ્રદેશોમાં ધર્મનું સનાતનપણું તથા ધર્મનું મંગલપણું સ્થપાતું જાય છે. આવા કેવળીગમ્ય પ્રદેશોનું સ્થાપન સર્વ આત્માઓના સમૂહની અપેક્ષાએ નિત્ય છે; અર્થાત્ અમુક અમુક આત્માઓમાં આ કેવળીગમ્ય પ્રદેશો હોય જ છે. આ જ પ્રકારે આ લોકમાં શ્રી તીર્થંકર પ્રભુ કે જેમના ચાર ઘાતિ કર્મો નિવૃત્ત થયા છે અને બાકીના ચાર અઘાતિ કર્મોની નિવૃત્તિ અર્થે એમણે તીર્થ પ્રવર્તાવવાનું હોય છે, જેના દ્વારા આ લોકમાં ધર્મનાં સનાતનપણાનું તથા મંગલપણાનું સિંચન નિત્યપણે થયા જ કરે છે.

> "અહો પ્રભુજી! આત્માનું આ રૂપ કેવું અલૌકિક છે! જે રૂપ સમસ્ત લોકમાં છે એ જ રૂપ પ્રત્યેક આત્મામાં પ્રવર્તે છે. આ જ કારણથી આત્મા આ લોકનો નાથ થવા સર્જાયેલો છે. જે લોકમાં અજીવ પદાર્થો પણ પોતાના ધર્મનો નિર્વાહ કરે છે અને તે લોકનો નાથ આત્મા થાય છે તે હકીકત સ્પષ્ટતા કરે છે કે આત્મા લોકમાં રહેલા અજીવ પદાર્થોનો પણ નાથ બની શકે છે."

> "માટે હે આત્મા! તું વિચાર કર! તું તારા ચેતન સ્વભાવને પ્રગટ કરવાના પુરુષાર્થમાં ઉદ્યમી થઈ નિમગ્ન થા! આ ચેતનમય આત્મસ્વરૂપમાં તને

સર્વ રૂપી તેમજ અરૂપી પદાર્થની સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તથા ભવની સર્વ પર્યાયો તથા તેના પેટાવિભાગોનો આભાસ મળી રહેશે.”

## ૩. આત્માના શુદ્ધ પ્રદેશો અન્ય અશુદ્ધ પ્રદેશોને શુદ્ધ કરી શકે છે.

આત્માની ત્રીજી અપૂર્વ લાક્ષણિકતા, કે જે આપણને લોકમાં પણ જોવા મળે છે, તે એ છે કે આત્મામાં રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ થયા પછી તેમના સાથથી જીવ ક્રમિક રીતે એના અશુદ્ધ પ્રદેશોને શુભ કરી શુદ્ધ કરતો જાય છે. તેનો વિશેષતાએ પુરુષાર્થ કરી એ શુભમાંથી શુદ્ધ થતા પ્રદેશોને સિદ્ધરૂપ કરતો જાય છે. આ પ્રક્રિયા આપણને સ્પષ્ટતા આપે છે કે આત્મામાં એવી અપૂર્વતા છે કે જેને લીધે રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશોમાં રહેલી શુદ્ધિ તથા સિદ્ધિનો આધાર લઈ તે અન્ય અશુદ્ધ પ્રદેશોની અશુદ્ધિને શુદ્ધિમાં પરિણમાવવાનું કાર્ય પોતે જ કરે છે. આવી વિશિષ્ટ લાક્ષણિકતા કોઈ અન્ય અજીવ પદાર્થમાં જોવા મળતી નથી. કોઈ પણ અજીવ પદાર્થમાં વિભિન્ન શુદ્ધિવાળી સ્થિતિ મુખ્યત્વે સમકાળે પ્રવર્તતી નથી. અને કદાચિત્ એવી સ્થિતિ હોય તો એ સ્વતંત્ર રીતે અશુદ્ધિને શુદ્ધિનાં માધ્યમ કે સાથથી કાઢી શકતા નથી. જે પર્યાયો અજીવમાં જોવા મળે છે તેનું મુખ્ય કારણ જીવના ભાવ સમવાય છે. જીવના ભાવની અસર અજીવ પર પડતી હોવાથી અજીવમાં તે અનુસાર ફેરફાર થતા આવે છે. આમ પોતાને સ્વયં શુદ્ધિ તરફ વાળવાની અપૂર્વતા માત્ર ચેતનમાં અર્થાત્ જીવમાં જ જોવા મળે છે. અજીવમાં અપવાદરૂપે એક માત્ર પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ છે કે જેમાં પાંચે પરમેષ્ટિનાં પાંચે જુદા જુદા રસ એક જ સ્કંધમાં રહી શકે છે. આ સ્થિતિનું સર્જન પણ પંચપરમેષ્ટિરૂપ ચેતનાત્મા જ કરે છે, કારણ કે એ સર્વ આત્માઓને સમૂહરૂપે બાંધનાર અને એમના સમૂહગત ભાવને એકરૂપે કરનાર, એ જ પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓમાં પ્રતિબિંબિત થનારો એમના ધર્મનાં સનાતનપણાનો તથા મંગલપણાનો સમૂહગત

ચેતનભાવ છે. અહો! આત્માની આ કેવી વિશિષ્ટ શક્તિ છે કે પોતે સમૂહરૂપે ધર્મનાં સનાતનપણાને તથા મંગલપણાને બહુરૂપ આપી, આત્મારૂપે એકપણે વેદી શકે છે! અને એ બહુવિધ વિભિન્ન વેદનને અજીવ એવાં પુદ્‌ગલમાં પ્રતિબિંબિત કરી, જડ પુદ્‌ગલમાં ચેતનભરિત કલ્યાણનું અપૂર્વ સર્જન કરી ઉત્તમોત્તમ સ્વપર કલ્યાણના મહામૂલ્યવાન માર્ગને લોકમાં પ્રસરાવી શકે છે.

આવી જ રચના આપણને લોકની આંતરસ્થિતિમાં પણ જોવા મળે છે. શ્રી અરિહંતપ્રભુ પ્રણીત સનાતન મંગલમય જિનમાર્ગ આ લોકની સિદ્ધભૂમિમાં શાશ્વતપણે પ્રવર્તે છે. શ્રી અરિહંત ભગવાન પોતાનાં કેવળજ્ઞાન તથા કેવળદર્શનના આધારથી એ સિદ્ધભૂમિનાં સતત વેદનથી તથા પૂર્વે વેદેલા "સર્વ જીવ કરું શાસનરસિ"ના ભાવની નિર્જરાના યોગ્ય નિમિત્તથી, અણમોલ ધર્મનો સનાતન તથા મંગલમય માર્ગનો બોધ ૐના પરિપૂર્ણ નાદથી, જગત સમક્ષ રૂપી તેમજ અરૂપી સ્વરૂપે ખુલ્લો કરે છે. એ પરિપૂર્ણ નાદને શ્રી ગણધરજી સૂક્ષ્મતા સહિત ઝીલે છે, અને તેને પોતાના ગણ (સમૂહ) સમક્ષ શ્રી અરિહંત પ્રભુની આજ્ઞાથી શબ્દ દ્વારા તથા ૐના ગુંજનના માધ્યમ દ્વારા વિસ્તારે છે. એ વાણીને શ્રી આચાર્યજી આચારનો સ્પષ્ટ આકાર આપી, તેને મીઠી ભાષા તેમજ વર્તનથી સુશોભિત કરી, પ્રભુની વાણીની ભવ્યતા તથા સફળતાને લોકો સમક્ષ રજૂ કરે છે. આચાર્યજીના આચારની અટપટી પર્યાયોને જાણી, સમજી, અમુક અંશે અનુભવી, વધારે સરળ ભાષામાં શ્રી ઉપાધ્યાયજી પોતાના કર્તાપણાના વિશેષ ભાવ તથા યોગ્ય પુરુષાર્થથી લોકો સમક્ષ રજુ કરે છે. શ્રી સાધુસાધ્વીજી પોતાનાં વર્તનરૂપ પુરસ્કારથી એ વાણીને હકારાત્મક વલણ આપી, 'ધર્મ એ સર્વોત્તમ મંગલ છે' એ બોધને લોકોમાં વિશેષરૂપે સ્વકલ્યાણનાં માધ્યમથી વિસ્તારે છે.

શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ દ્વારા સર્જાતી કલ્યાણની આ પરંપરાનો પડઘો આપણને લોકમાં સ્થૂળ રૂપે જોવા મળે છે. આ ચાલતી પરંપરાને કારણે પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન, પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન, મિથ્યાત્વનું નિત્યસ્થાન તથા જુદા જુદા ભાવોને ભોગવવા યોગ્ય અન્ય સ્થાનો પણ આ લોકમાં સર્વકાળ માટે ઉપસ્થિત

રહે છે. આમાનાં પહેલાં ત્રણ, લોકનાં સ્થાનોમાં આત્માની ઉપર જણાવેલી વિશેષતાનું પ્રતિબિંબ આપણને સત્વર જોવા મળે છે. આ ત્રણે સ્થાનો વિશેની વિશિષ્ટ તથા ઊંડી જાણકારી આપણે આ પહેલાંનાં પ્રકરણમાં મેળવી ચૂક્યા છીએ.

## ૪. આત્માની અવગાહના આપવાની અણમોલ શક્તિ

હવે આપણે આત્માની ચોથી વિશેષતાની વિચારણા પ્રતિ વળીએ. આપણે આગળ જોયું તે પ્રમાણે આત્મામાં જુદી જુદી ભૂમિકાવાળા આત્મપ્રદેશો એક સાથે એક જ આત્મામાં રહે છે. એ જ પ્રમાણે વિભિન્નભાવવાળા વિવિધ સ્થાનો લોકમાં એકી સાથે રહે છે. આ પરથી આ બંને વચ્ચેની ચોથી સમાનતા શ્રીપ્રભુ આપણને જણાવે છે. કર્મ સહિતનો આત્મા એ જીવદ્રવ્ય છે. શ્રીપ્રભુએ અન્ય અસ્તિકાય વિવેચતી વખતે આપણને સમજાવ્યું હતું કે, આકાશાસ્તિકાય અન્ય સર્વ દ્રવ્યને અવગાહના આપે છે.

અવગાહના આપવાની લાક્ષણિકતામાં એક અતિ ગૂઢ સિદ્ધાંત સમાયેલો છે, જેને આપણે સહુ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પરમેષ્ટિ કૃપા તથા પરમેષ્ટિ આજ્ઞાથી સમજવા પુરુષાર્થી થઈએ. જ્યારે કોઈ પદાર્થ કોઈ અન્ય પદાર્થને અવગાહના આપે છે ત્યારે તે અવગાહનાની લાક્ષણિકતાને આપણે ભાવમાં પ્રતિબિંબિત કરીએ તો લક્ષમાં આવે છે કે અવગાહના આપતી વખતે તે પદાર્થમાં અપેક્ષાએ નિમાર્નીપણું આવવું જરૂરી છે. તે માટે પ્રભુ આપણને વ્યવહારના ઉદાહરણથી સ્પષ્ટતા કરાવે છે.

શ્રી પ્રભુ આપણને સમજાવે છે કે કોઈકના ઘરે કોઈ ગમતા મહેમાન અચાનક જ આવે તો તે વ્યક્તિ પ્રેમભાવથી એ મહેમાનને આવકારે છે. અને પોતાનાં ઘરમાં તેને આવકાર આપતી વખતે પોતાના માનભાવને દબાવે છે; એટલું જ નહિ પણ, સેવાની ભાવના સાથે એ મહેમાનને પોતાનાં ઘરમાં અવગાહના આપે છે. આ જ પ્રમાણે આકાશાસ્તિકાય અન્ય દ્રવ્યને પોતામાં અવગાહના આપી

અપેક્ષાએ નિર્માનીપણું સેવે છે. આ જ ગુણને જીવાત્મા પોતાનાં વર્તનમાં સમાવી સહજતાએ પુદ્ગલ, ધર્મ, અધર્મ તથા આકાશ અસ્તિકાયને પોતાના પ્રદેશો પર અવગાહના આપી અપેક્ષાએ નિર્માનીપણાનો ગુણ સેવે છે. આ સહજાસહજ રીતે પ્રગટ થતા ગુણને કારણે દરેક આત્મા પર દર સમયે પુદ્ગલ, ધર્મ, અધર્મ તથા આકાશ (સિદ્ધાત્મા આમાં જુદી રીતને અનુસરે છે, તે આપણે આગળ ઉપર જોઈશું)ને અવગાહના આપી, એ ક્રિયા દ્વારા પોતાનું નિત્યત્વ સિદ્ધ કરે છે. આ જ સિદ્ધાંતને આપણે ખૂબ જ ઊંડાણથી વિચારવો જરૂરી છે, કેમકે આ સિદ્ધાંત થોડો અટપટો છે. પરમ કૃપાળુ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અસીમ કૃપાથી અને આજ્ઞાથી આનો વિસ્તાર સમજવા પુરુષાર્થ કરીએ.

જીવ પોતામાં અન્ય અસ્તિકાયને પ્રત્યેક સમયે અર્થાત્ કાળના પ્રત્યેક ભાગમાં અવગાહના આપે છે; તેથી જીવે આ ક્રિયા કોઈ ખલના કે અપવાદ વગર પ્રત્યેક સમયે કરતા રહેવી પડે છે. જો આ ક્રિયા જીવે દરેક સમયે કરવી ઘટે, તો આત્માનું અસ્તિત્વ દરેક સમયે હોવું જોઈએ; અને તેની સાથે તેનું કર્તૃત્વ તથા ભોક્તૃત્વ પ્રતિ સમય હોવું અનિવાર્ય બને છે. આમ આત્મા સહજપણે નિત્યપણું ધારણ કરે છે. આત્માનાં આ નિત્યત્વને કારણે તથા તેમાં નિત્યપણે કર્તાપણું તથા ભોક્તાપણું સમાવાને કારણે અન્ય અસ્તિકાય પણ સમૂહરૂપે નિત્યપણું પામે છે. આમ જીવની આ લાક્ષણિકતા તે પોતાનાં તથા અન્ય અસ્તિકાયનાં નિત્યપણાનું કારણ તથા કાર્ય બને છે. (cause and effect)

આ જ પ્રક્રિયાને વિશેષતાએ વિચારતાં લક્ષ આવે છે કે લોકમાં પણ સર્વ દ્રવ્યને રહેવાની અવગાહના કાળના પ્રત્યેક સૂક્ષ્મ વિભાગ 'સમય'માં મળે છે. આ ન્યાયથી જ્યાં જીવને નિત્યરૂપની પરિભાષા સાંપડે છે ત્યાં અન્ય દ્રવ્ય પણ નિત્યપણું અનુભવે છે, પરિણામે એ દ્રવ્યોને અવગાહના આપનાર લોકને પણ નિત્યપણું મળે છે, તે આપણને સહેજે સમજાય તેવી સુંદર હકીકત છે.

બીજી, જુદી જ અપેક્ષાથી વિચારતાં સમજાય છે કે લોકના એક છેડે (છેક નીચેના ભાગમાં) નિત્યનિગોદ આવેલું છે, જ્યાં સર્વ જીવો મિથ્યાત્વ આદિ

ઉત્કૃષ્ટ વિભાવનાં કારણે એકબીજા સાથે ઘનરૂપે જોડાઈને રહે છે; અને લોકના બીજા છેડે (છેક ઉપરના ભાગમાં) સિદ્ધભૂમિ આવેલી છે, ત્યાં સર્વ પૂર્ણ શુદ્ધ આત્માઓ સહજ સમાધિસ્થિતિ તથા ઉત્કૃષ્ટ આજ્ઞાપાલનરૂપ સહજાનંદવાળી પરમ સ્થિતિનાં કારણે એકબીજા સાથે ઘનસ્વરૂપે જોડાઈને રહેલા છે. લોક બંને વિરોધી સ્થિતિને સમાનપણે અવગાહના આપે છે.

આ પરથી શ્રીપ્રભુ આપણને લોકમાંથી નિમાર્ણ થતી વીતરાગતા તથા પ્રેમના અદ્‌ભુત સંદેશાની પિછાણ કરાવે છે. લોક નિત્યનિગોદના જીવોને ઓછી અવગાહના આપે અને સિદ્ધભૂમિના આત્માઓને માપથી વિશેષ અવગાહના આપે એવું બનતું નથી. આ સમજણ આપી શ્રીપ્રભુ આપણને મૂળમાં સંદેશો આપે છે કે,

"હે જીવાત્માઓ! આપણે જોયું તે પ્રમાણે આત્મા લોકની જેમ નિર્માની બની છએ દ્રવ્યને અવગાહના આપે છે. જો જડ એવો લોક નિત્યનિગોદ તેમજ સિદ્ધભૂમિ પ્રત્યે પૂર્ણ વીતરાગી રહી શકે તો ચેતનમય આત્મા જો ધારે તો એમાં રહેલાં શુભાશુભ દ્રવ્ય પ્રતિ વીતરાગી બની, પોતાની સ્વભાવ સમાધિ માટે નિત્યરૂપે સ્થિર બની શકે એમાં શંકાને સ્થાન નથી. જીવ જો દ્રવ્યના પ્રત્યાઘાતને, માત્ર પોતામાં અવગાહના મેળવનાર દ્રવ્યના સ્વાધીન પ્રત્યાઘાત છે એમ સમજે તો તેને સ્પષ્ટ અનુભવાય કે 'હું દ્રવ્યનો કર્તા કે ભોક્તા નથી પણ માત્ર એક દ્રષ્ટા જ છું.' આ ભાવના આધારે સર્વ સિદ્ધાત્માઓ સિદ્ધભૂમિમાં અજીવ દ્રવ્યની પર્યાયો તથા સિદ્ધ થતા આત્માઓના હલનચલનથી અલિપ્ત બની પોતાની સ્વાભાવિક સ્થિતિમાંથી બહાર નીકળતા નથી. આ જ પરિસ્થિતિ જીવાત્મામાં રહેલા રુચકપ્રદેશો વેદે છે. તેઓ આત્માની વિભાવરૂપ સ્થિતિ તથા સ્વભાવરૂપ પુરુષાર્થ પ્રતિ પૂર્ણ વીતરાગી બની, બંને સ્થિતિમાં આત્મા પ્રતિ સમાન પ્રેમભાવ સેવી (વ્યક્ત કરી) અપૂર્વ સમાધિનું અતિ અતિ બળવાન વેદન કરે છે. હે જીવો! અહો ભવ્યાત્માઓ! તમારામાં રહેલા રુચક

પ્રદેશોને ઓળખો, એમના સ્વયંસિદ્ધ પુરુષાર્થને ઓળખો અને એ રૂપ ત્વરાથી બનો.”

આત્મા તથા લોક વચ્ચે રહેલી ચાર સમાનતાઓને આપણે જોઈ. હવે, એ સમાનતાની કક્ષાને વિશેષ આત્મસાત્ કરવા આપણે એમાં થતી સમાન ક્રિયાઓનો શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પરમ કૃપાથી તથા આજ્ઞાથી વિચાર કરીએ કે જેથી ‘જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું’ એ શ્રી રાજપ્રભુનાં અપૂર્વ વચનની યથાર્થતા આપણને સમજાય, એટલું જ નહિ, પણ તેમાં રહેલાં અતિ અતિ ગૂઢ રહસ્યો તથા તેમાં ગુપ્તપણે રહેલા પુરુષાર્થનો સંદેશો તેમજ શ્રી રાજપ્રભુના કલ્યાણમય આશયને આપણે યોગ્યરૂપે સમજી શકીએ. આ ભાવના સાથે શ્રી રાજપ્રભુને તથા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને અમે ભક્તિ, વિનય તથા આજ્ઞા સહિત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ. આ સિદ્ધિ મેળવવા માટે આપણને શ્રીપ્રભુ બોધે છે કે,

“હે આયુષ્મનો! બૂઝો! તમે સમ્યક્પ્રકારે બૂઝો! આ સંસાર એકાંતે દુઃખમય છે. તથા તે એકાંતે દુઃખની જનની છે. આત્માની સહજ સ્વભાવદશા એકાંતે સુખરૂપ છે, અને એકાંતે સુખની જનની છે. આત્માનાં સુખ તથા શાંતિનો વાસ્તવિક અનુભવ અદ્ભુત છે, તેની સામે સંસારની શાતા તમને મહા મહા હળાહળ વિષ કરતાં પણ વધારે આકુળતા આપનારી તથા તજનીય લાગશે; કારણ કે એ શાતાના અનુભવનાં દરેક કણમાં કૃત્રિમપણું જ છે. વળી, તેનો અનુભવ કરવા માટે જીવે ક્ષણિક દેહનો ઉપયોગ કરવો પડે તેમ છે. જે દેહ કોઈપણ કાળે આત્મા સાથે એકરૂપ બની શક્યો નથી, તે દેહના માધ્યમથી ઉપજતી શાતા કેવી રીતે આત્મા માટે સુખરૂપ થઈ શકે તે તમે શાંતિથી વિચારજો. તમારા સહુના આત્મામાં સર્વ સિદ્ધ, બુદ્ધ તથા પૂર્ણ આત્માના તમામે તમામ ગુણો સ્વાભાવિકપણે છતાં અવરાયેલા રહેલા છે. જીવ પોતાના દેહાધ્યાસ તથા સંસારમોહના કારણે એ ઉત્તમ ગુણોને

અવગુણરૂપે પરિણમાવે છે. જેમ જેમ જીવ આ સંસારની દુઃખમય અસારતાને જાણી, તેને હૃદયનાં ઊંડાણથી તજતો જાય છે તેમ તેમ એ અવગુણોમાંથી સંસારીભાવ તથા સંસાર રસનો ત્યાગ થતો હોવાથી, અપૂર્વ સુખમય, શાંતિમય તથા શીતળતાથી ભરેલા ગુણોનું નિર્માણ અને સર્જન થતું જાય છે. આ ગુણોને સમગ્રપણે જાણવા એટલે આત્માને સમગ્રપણે જાણવો. જીવનાં વૈભાવિક ભાવોને લીધે તેનો સંસાર રચાય છે. તો જેણે આત્માને પૂર્ણતાએ જાણ્યો છે એણે સર્વ પદાર્થોને સર્વાંગી જાણ્યા છે, એ વિધાન સહજતાથી સમજાશે. આત્માનાં સ્વરૂપને સર્વાંગી જાણવા માટે, તેના સર્વ ગુણોનો સ્વાભાવિક અનુભવ થવો અને માણવો તે જીવ માટે અનિવાર્ય તત્ત્વ છે. તે માટે આ એક જ અબાધિત માર્ગ છે. માટે હે ચેતનસ્વરૂપી જીવો! જાગો અને જગાડો તમારા છૂપાયેલા સર્વ ગુણોને! તમે અનુભવો તથા માણો તમારા જ સહજ તેમજ શાશ્વત સુખને, તમે સમજો કે તમારા પ્રત્યેક અવગુણની પાછળ એક શાશ્વત તથા શાતાકારી ગુણ છૂપાઈને રહેલો છે. તમારા પ્રગટ રહેલા અવગુણમાંથી તમારા સંસારીભાવ, અપેક્ષા તથા રસને છેદશો તેમજ ભેદશો તો એમાંથી સહજપણે તમને તમારા ગુણોની ઝાંખી તથા અનુભૂતિ મળશે; જે તમને અદ્‌ભુત શાંતિ, સિદ્ધિ તથા સુખ આપશે. આ પરથી તમને 'સંસાર એકાંતે દુઃખમય છે.' એ વિધાનની સત્યતાની પરખ આવશે, કેમકે સંસારીભાવ આત્માના સુખદાતા ગુણોને અવગુણમાં પરિણમાવે છે."

"અહો પુરુષાર્થી આત્માઓ! આ સાથે તમે વિચારી નિર્ણય કરો કે તમે તમારી ઉત્તરોત્તર કરુણામય તથા કલ્યાણકારી ભાવનાથી તમારા તમામ અવગુણોને ગુણોમાં પરિવર્તિત કરી શકશો, એટલું જ નહિ પણ તેમાંથી નીપજતાં સુખ અને શાંતિમાં અપૂર્વ સહજસમાધિને ય અનુભવશો. એ શાંતિ માત્ર પોતા પૂરતી સીમિત ન રહેતાં, તેના વિશેષ પુરુષાર્થ

દ્વારા, લોકના પ્રદેશનાં માધ્યમથી લોકનાં અણુએ અણુમાં તથા સમસ્ત લોકમાં તેનું પ્રસારણ કરી એમાં આ અપૂર્વ ગુણોનું સિંચન કરી શકશો. અહો આત્મન્! વિચાર તો કરો! કે તમારા સત્ પુરુષાર્થથી તમે માત્ર તમારી જ શાંતિ નહિ, પરંતુ લોક સમસ્તની મહા શાંતિનું કારણ બની, લોકશાંતિના કર્તા બનશો. માટે હે જીવો! તમે પ્રભુને પૂર્ણ આજ્ઞાધીન થઈ, અપૂર્વ પુરુષાર્થ કરી પરમ પરમ કલ્યાણમાર્ગમાં ત્વરાથી પર્યટન કરો કે જેથી તમારા સર્વ અવગુણો ગુણોના સુંદર રૂપમાં પલટાઈ, આત્માના બગીચામાં વિશુદ્ધ સુગંધિત પુષ્પોની વૃષ્ટિ કરી શકે."

શ્રીપ્રભુ આપણને તેમના વિશિષ્ટ ૐ ધ્વનિને ૐનાદમાં રૂપાંતરિત કરી બોધ આપે છે કે, ૐ ધ્વનિ ૐ નાદની જનની છે. જેમ ૐધ્વનિમાં અપૂર્વ કલ્યાણકારી પૂર્ણ પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ ઉમેરાવાથી ૐનાદ થાય છે; તેમ આત્મામાં અપૂર્વ, વિશિષ્ટ પુરુષાર્થમય ક્રિયા કરવાથી એ આત્મામાં શાંતિ, શુદ્ધિ તથા કલ્યાણ અકલ્પ્ય રીતે લોકમાં પ્રસરે છે તથા વિસ્તરે છે. આ ક્રિયા દ્વારા આત્મા લોકમાં ધર્મનાં સનાતનપણાનું તથા મંગલપણાનું રોપણ કરી લોકને ધર્મનું પાત્ર બનાવી, લોકના સર્વ અન્ય જીવોને પોતપોતાની અમૃતભરેલી શાંતિમય શાતાનું પાન કરાવે છે.

શ્રીપ્રભુની તથા શ્રી પૂર્ણપંચપરમેષ્ટિ પ્રભુની અવર્ણનીય કૃપાથી અને આજ્ઞાથી આવી અતિ અતિ ગૂઢ આત્માની ક્રિયાઓ, જે લોકમાં આત્માને પ્રતિબિંબિત કરી, લોકને અન્ય જીવો માટે શાંતિનું ભાજન કેવી રીતે બનાવે છે એનો વિચાર આપણે શ્રી પ્રભુનાં કરુણામય ચરણોની પ્રસાદીના પ્રતાપથી કરવાનો છે.

શ્રીપ્રભુએ આપણને સમજાવ્યું છે કે મનુષ્યનાં શરીરની રચનાને લોકની રચના સાથે સરખાવી વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તેમ છે; કારણ કે મનુષ્યના દેહની રચના સમસ્ત લોકની રચનાનું એક પ્રતિબિંબ છે. મનુષ્યના દેહની રચનામાં આખા લોકનાં તંત્રનો સૂક્ષ્મપણે સમાવેશ થઈ જાય છે. આ હકીકતને વિસ્તારથી સમજાવવા માટે શ્રી પ્રભુ આપણને જણાવે છે કે, "આપણી

જાણ પ્રમાણે મનુષ્યદેહમાં જે અંગ આખા દેહને એકરૂપ રાખે છે, અને આખા દેહનાં લાગણીતંત્ર (nervous system)ને સંભાળી સંદેશાઓ (messages) પહોંચાડે છે, તે કરોજરજ્જુ (spinal cord) છે. આ કરોડરજ્જુ મનુષ્યદેહના મધ્યભાગમાં માથાના નીચેના ભાગથી શરૂ કરી કુલાના નીચેના ભાગ સુધી એકરૂપે રહે છે. એ કરોડરજ્જુમાંથી અનેક સહાયકારી મજ્જા (binary nerves) નીકળે છે જે શરીરના ભાગમાં રહેલા અનેક અવયવોને લાગણી (nervous sensation) પહોંચાડે છે. આમ આ કરોડનાં બે મુખ્ય કાર્યો છે, (૧) આખા શરીરને સાથ આપવો અને (૨) યોગ્ય સંદેશો શરીરના એક ભાગમાંથી બીજા ભાગને પહોંચાડવો.”

લોકમાં આ સ્થિતિનું પ્રતિનિધિત્વ કરે તેવી એક કરોડરજ્જુ છે. જે ત્રસ નાડીના બરાબર મધ્યભાગમાં, એક છેડેથી એટલે કે પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનના નીચેના ભાગથી શરૂ કરી, બીજા છેડા સુધી એટલે કે મિથ્યાત્વના નિત્યસ્થાન સુધી ફેલાયેલી છે. લોકની આ કરોડના પણ બે કાર્ય છે. (૧) લોકને નિત્યસ્થાનોના આદેશથી નિત્યરૂપ આપવું અને (૨) નિત્યસ્થાનો માટે લોકના જીવોની સમૂહગત પર્યાયોને જાણવી તથા લોકને એમના સમૂહગત ભાવોને પહોંચાડવા. આ કાર્ય દ્વારા એક અપેક્ષાએ લોકનું નિત્યપણું આપવા માટે આધાર મળી રહે છે; કેમકે એ કલ્યાણમય નિત્યસ્થાનમાંથી ઉપજતા રસને પોતાના binary પ્રદેશો દ્વારા આખા લોકમાં, લોકના ખુણેખુણામાં પહોંચાડે છે. વળી, તે લોકના પ્રદેશોમાં રહેલા સર્વ જીવોના ભાવો, ઈચ્છાઓ તથા પર્યાયોને નિત્યપણું આપવા માટે તેને નિત્યસ્થાનો સુધી પહોંચાડી, લોકમાં રહેલા જીવોની જરૂરિયાત અપૂર્વ રીતે પૂરી પાડે છે. આ રીતે લોકની કરોડ લોકના જીવોની સર્વ ઈચ્છાઓને સમૂહગત રીતે નિત્યસ્થાનો સુધી પહોંચાડી દે છે. જે ઈચ્છાઓને તથા ભાવોને ઉચ્ચ પરમેષ્ટિ પ્રભુ પોતાનાં વિવિધ જ્ઞાનથી જાણી, અપૂર્વ રીતે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી પોતાના કલ્યાણભાવમાં તેને ઉમેરી, એ કલ્યાણભાવને પ્રત્યક્ષ રીતે અથવા તો પરોક્ષ રીતે નિત્યસ્થાન સુધી પહોંચાડે છે. ઉપરાંતમાં, શ્રી પંચપરમેષ્ટિ

પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી એ નિત્યસ્થાનોમાંથી તેને ગ્રહણ કરી, લોકની સર્વ દિશાઓમાં સર્વ જગ્યાએ લોકના પ્રદેશના માધ્યમથી પહોંચાડે છે.

શ્રીપ્રભુ એમની અમૃતમય, કલ્યાણમય તથા પ્રેમભરી વાણીના ૐનાદ દ્વારા આપણને ચીંધે છે કે આ કાર્યને પૂર્ણપણે જાણવા માટે તથા એ અપૂર્વ કાર્યને સમજવા માટે આ લોકની કરોડના મૂળ સ્વરૂપને ઓળખવું તથા સમજવું અનિવાર્ય છે. કરોડના મૂળ સ્વરૂપને સુલભતાથી તથા યથાર્થતાએ સમજાવવા માટે શ્રીપ્રભુ એમનાં કેવળદર્શનનાં માધ્યમથી તેમજ કેવળજ્ઞાનના આશ્રયથી આપણને તેનું વિસ્તૃત વર્ણન દાનમાં આપે છે.


> "શ્રી પ્રભુ! તમારી વાણીની શી અદ્‌ભુતતા છે! તમારી અમને સમજાવવાની પદ્ધતિ ઉત્તમ હોવા સાથે સુલભ છે; તેમ છતાં તે ક્રમબદ્ધ અને પરિપૂર્ણ પણ છે. તમે અમારી મતિની મંદતા તથા જ્ઞાનની અલ્પતા કે અધૂરપને લક્ષમાં રાખી, આવા અતિ અતિ દુષ્કર જ્ઞાનને સાદી, સરળ તથા સુલભ ભાષાથી સમજાવો છો, તો તેની સાથે સાથે અમને એ પૂર્ણતાએ પ્રાપ્ત થાય એવી રીતથી અમને તેનું દાન પણ આપો છો. પ્રભુજી! તમારા આ અવર્ણનીય તથા અકથ્ય ઉપકારને યોગ્ય રીતે ઝીલવા માટે અમને તન, મન, ધન તથા આત્માના પ્રદેશે પ્રદેશથી યોગ્ય ચારિત્ર સહિતની વિશુદ્ધિ તેમજ અપ્રમત્તભાવથી સ્વપર કલ્યાણના માર્ગમાં ચાલવા માટે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ પ્રતિની લગની આપો, એ જ અમારી મહેચ્છા છે."

લોકની કરોડરજ્જુ તેની ત્રસનાડીમાંથી પસાર થાય છે. તે આપણે જાણીએ છીએ. લોકની આ કરોડના મુખ્યતાએ બે વિભાગ છે. (૧) પૂર્ણ પંચપરમેષ્ટિના નિત્યસ્થાનના નીચેના ભાગથી શરૂ કરી, પંચપરમેષ્ટિના નિત્યસ્થાન સુધીનો પહેલો વિભાગ છે. (૨) શ્રી પંચપરમેષ્ટિના નિત્યસ્થાનના નીચેના ભાગથી શરૂ કરી મિથ્યાત્વના નિત્યસ્થાન સુધીનો બીજો વિભાગ છે. લોકની આ કરોડને યોગ્ય

રીતે સમજવા માટે આ બે વિભાગની રચનાને થોડી ઝીણવટથી તપાસવી જરૂરી છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પરમ પરમ કૃપાથી અને આજ્ઞાથી આ રચનાનું યથાર્થ વર્ણન કરવા પુરુષાર્થ આદર્યો છે. શ્રીપ્રભુ કરોડને યોગ્યતાએ ઓળખવા માટે પહેલા વિભાગને 'લોકની પૂર્ણ કલ્યાણની કેડ' કહે છે અને બીજા વિભાગને 'લોકની છદ્મસ્થ કલ્યાણની કેડ' કહે છે.

## લોકની પૂર્ણ કલ્યાણની કેડ

કેડનો આ વિભાગ પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનથી શરૂ કરી, પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન સુધીનું એક સેતુનું કાર્ય કરે છે. પૂર્ણ કલ્યાણની કેડની રચના આ પ્રમાણે હોય છેઃ-




પૂર્ણ કલ્યાણની કેડનું મૂળરૂપ પાંચ નળાકારમાં (concentric ગોળાકાર - cylinder) હોય છે. જેમાં સહુથી અંદર નળાકાર અરિહંત સિદ્ધ કેવળીનો

હોય છે. તેના ફરતો ગણધર સિદ્ધ કેવળીનો નળાકાર આવે છે, તેના ઉપર ફરતો નળાકાર આચાર્ય સિદ્ધ કેવળીનો બન્યો હોય છે; તેના ફરતો નળાકાર ઉપાધ્યાય સિદ્ધ કેવળીનો બંધાયો હોય છે, અને સહુથી બહારના ભાગનો નળાકાર સાધુસાધ્વી સિદ્ધ કેવળીનો બનેલો હોય છે.

શ્રી અરિહંત પ્રભુ, શ્રી ગણધરજી, શ્રી આચાર્યજી, શ્રી ઉપાધ્યાયજી અને શ્રી સાધુસાધ્વીજી એમની કેવળી પર્યાયમાં પોતપોતાની પૂર્વભાવિત લોક-કલ્યાણની ભાવનાથી બંધાયેલા લોકકલ્યાણનાં પરમાણુઓને નિર્જરાવવા, પોતાનાં કલ્યાણભાવનાં શુદ્ધ પરમાણુઓને સ્વની યોગ્યતા પ્રમાણે અમુક અમુક કાળનાં અંતરે પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં મોકલતા હોય છે. આ કલ્યાણનાં પરમાણુઓ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનને વધારે શુદ્ધ કરવા તથા વધારે કલ્યાણમય કરવાના હેતુથી, તેને આ નિત્યસ્થાનમાંથી ઉપર (ઊંચે) લઈ જાય એવા એક પ્રવાહને ઉપજાવે છે. કલ્યાણનો આ પ્રવાહ પૂર્ણ કલ્યાણની કેડના માધ્યમથી પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન સુધી વહે છે. આ પ્રવાહ શીતળતાવાળો હોવા છતાં એમાં કોઈક અપેક્ષાએ લોકકલ્યાણની સ્પૃહાની ગરમીવાળો પણ હોય છે, અર્થાત્ તેમાં લોકકલ્યાણની સ્પૃહાથી ઉત્પન્ન થતી ગરમી ભળેલી હોય છે. આ સ્પૃહા પંચપરમેષ્ટિનાં પ્રવાહરૂપ બની, ઉત્તરોત્તર વધતી જાય છે. બીજી રીતે કહીએ તો શ્રી અરિહંતપ્રભુનો પ્રવાહ સહુથી સૂક્ષ્મ તથા ઓછામાં ઓછી સ્પૃહાવાળો હોય છે, ત્યારે ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજીના પ્રવાહો તેનાથી વધતી વધતી માત્રામાં સ્પૃહાની ગરમીવાળા હોય છે. એ જ રીતે સાધુસાધ્વીજીનો પ્રવાહ સહુથી વધારે સ્થૂળ પરમાણુવાળો તથા સહુથી વિશેષ લોકકલ્યાણની સ્પૃહાની ગરમીવાળો હોય છે. આથી આ પાંચે પ્રવાહો એકબીજામાં એકરૂપ થયા વિના પાંચ ઉપરાઉપરી નળાકારની (concentric cylinders) રચના એ પૂર્ણ કલ્યાણની કેડમાં કરે છે. આ પ્રમાણે એ ગરમ પ્રવાહ પાંચ વિભાગમાં છતાં એકબીજાની સંગાથે ઉપર જઈ, પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુનાં નિત્યસ્થાનમાં પહોંચે છે. શ્રી અરિહંત પ્રભુનો પ્રવાહ અરિહંતના વિભાગમાં જઈ મળે છે,

શ્રી ગણધરનો પ્રવાહ ગણધરના વિભાગમાં પહોંચે છે; શ્રી આચાર્યનો પ્રવાહ આચાર્યના વિભાગમાં ઉમેરાય છે; શ્રી ઉપાધ્યાયનો પ્રવાહ ઉપાધ્યાયના વિભાગમાં ભળે છે, અને શ્રી સાધુસાધ્વીજીનો પ્રવાહ તેમના વિભાગમાં જઈ તેનો વધારો કરે છે. આ પ્રવાહની સ્પૃહારૂપ ગરમીથી પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનના પાંચે વિભાગમાંથી અપૂર્વ આજ્ઞારસરૂપ ઠંડા પ્રવાહની ઉત્પત્તિ થાય છે, જે સમગ્રરૂપે પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનના અરિહંત વિભાગમાં પાંચરસરૂપે એકત્રિત થાય છે. આ પાંચે પ્રકારના રસ અપૂર્વ રીતે અગુરુલઘુગુણના પ્રભાવથી એકબીજામાં એકરસ થયા વગર, છતાં યોગ્ય સમતોલન સાથે પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનના અરિહંત વિભાગમાં સંગ્રહિત થાય છે. એ પાંચે રસ પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞા લઈ, પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનનાં અરિહંતસિદ્ધ કેવળી ભગવાનના વિભાગમાંથી નીકળી પૂર્ણ કલ્યાણની કેડના માર્ગથી પાંચ રસરૂપે પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં પહોંચે છે. ત્યાં તે રસ શ્રી અરિહંત, શ્રી ગણધર, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય તથા શ્રી સાધુસાધ્વીના રસરૂપે તેમના પ્રત્યેક વિભાગમાં વહેંચાઈ જાય છે. આમ આ પાંચે રસમાં, પોતપોતાની લાક્ષણિકતાઓ જુદી હોવા છતાં, શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનના શ્રી અરિહંત વિભાગનો રણકાર સ્પષ્ટ રીતે રહેલો હોય છે.

આ પાંચે રસ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં પહોંચતાની સાથે તેના શ્રી અરિહંતથી સાધુસાધ્વી સુધીના પાંચે વિભાગમાં એક આજ્ઞારૂપી સ્પંદન (vibration) ઉત્પન્ન કરે છે. આ સ્પંદનથી તે સ્થાનમાં એક ચુંબકીય ક્ષેત્રરૂપ એક વર્તુળ તૈયાર થાય છે જેમાં અનેક ૐના સુષુપ્ત પરમાણુઓ રહેલાં હોય છે. આ સ્પંદનથી તે વર્તુળમાં ઉમેરાતા પાંચે રસો એકબીજામાં ભળી જઈ ૐનાદ જગાવે છે, અર્થાત્ તે રસો ત્યાં ૐનાદ રૂપે પ્રગટ થાય છે અથવા તો ૐનાદ બને છે. આ ૐનાદથી ચુંબકીય વર્તુળમાં રહેલા સુષુપ્ત ૐનાં પરમાણુઓ જાગૃત થાય છે, અને થતા આજ્ઞારૂપી સ્પંદન (vibrations)ના આધારે તેમાં એક આંતરિક ખેંચાણ (internal suction) ઉત્પન્ન થાય છે. આ ખેંચાણનું જોર વર્તુળમાંનાં


ૐના પૂર્ણ તથા અપૂર્ણ પરમાણુઓને પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન તરફ આકર્ષણ કરાવે છે, જેના લીધે એ પાંચે આજ્ઞારસ એકબીજામાં ભળતા જાય છે અર્થાત્ એકરૂપ બનતા જાય છે. જેમ જેમ એ રસ એકબીજામાં એકરૂપ થતા જાય છે તેમ તેમ અંદરમાં આકર્ષાઈને ઉમેરાતા જઈ વધતી સંખ્યાનાં સ્થૂળ પરમાણુઓને કારણે છદ્મસ્થ પરમેષ્ટિનો વિભાગ મોટો થતો જાય છે. અને તેમાં ચુંબકીય વર્તુળનાં પરમાણુઓમાંથી પૂર્ણ ૐના પરમાણુઓ સાથે અપૂર્ણ ૐના પરમાણુઓ પણ એ મિશ્રણમાં ઉમેરાતા જાય છે. એકત્રિત થયેલા આવા પરમાણુઓની સંખ્યા જ્યારે અમુક માત્રાથી વધે છે ત્યારે તેના ૐનાદમાં 'અ, અ'ના સ્વર કરતાં 'આ, ઉ, મ્' સ્વર પર વિશેષ ભાર મૂકાય છે. આ ભાર વધવાને કારણે તેનું આકર્ષણ વધવાથી તે મિશ્રણમાં છદ્મસ્થ પરમેષ્ટિ એવા શ્રાવક શ્રાવિકાનાં કલ્યાણનાં પરમાણુઓ પણ ઉમેરાતા જાય છે. પરિણામે છદ્મસ્થ પરમેષ્ટિની સ્પૃહાના જોરથી અને વધેલા વજન તથા પરમાણુઓની સ્થૂળતાના કારણે મિશ્રણનો જથ્થો મોટો થતો જાય છે અર્થાત્ મિશ્રણની વૃદ્ધિ થતી જાય છે. આ મિશ્રણનું વજન જ્યારે અમુક માત્રાથી વધી જાય છે ત્યારે તેને પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં વધારે સમય રહેવાનું અશક્ય થતું જાય છે.

આ કાળે લોકની કેડનો નીચેનો ભાગ "લોકની છદ્મસ્થ કલ્યાણની કેડ" ઉત્તેજના પામી સક્રિય થાય છે. એ વખતે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાનુસાર શ્રી અરિહંત ભગવાન કોઈ અતિ સામર્થ્યવાન ગણધરને કલ્યાણની કેડના બીજા વિભાગમાં ભાગ લેવા માટે તૈયાર કરે છે. આવા ગણધરજીમાં અમુક વિશેષતાઓ હોવી અત્યંત જરૂરી છે. જે વિશેષતાઓને શ્રીપ્રભુએ વર્તમાનમાં ગુપ્ત રાખવાની આજ્ઞા કરી છે. (ગુપ્ત સમજણ - જે ગણધર શ્રી પંચપરમેષ્ટિને ગુરુ માની, એમની વિશેષરૂપે વિશ્રામણા કરવાનું સામર્થ્ય ધરાવે છે, જેમણે એમના અરિહંતપ્રભુની નિશ્રામાં સમસ્ત લોકદર્શનની અનુભૂતિ લીધી હોય તેમને આ શક્તિ પ્રાપ્ત થાય છે)

હવે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અગણિત કૃપા તથા આજ્ઞાથી આ લોકની કલ્યાણકેડના બીજા વિભાગ વિશે સમજણ લેવા આપણે પુરુષાર્થી થઈએ.

## લોકની છદ્મસ્થ કલ્યાણની કેડ

લોકની છદ્મસ્થ કલ્યાણની કેડ શ્રી પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનથી શરૂ થઈ, મિથ્યાત્વનાં નિત્યસ્થાન સુધી ફેલાયેલી છે. તે આ બંને સ્થાનને જોડતી સેતુરૂપ કડી છે. આ વિભાગમાં મુખ્યત્વે છદ્મસ્થ પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ તથા તેમના આજ્ઞારસની ધાર વહેવડાવવાનો માર્ગ સિંચાય છે, આ વિભાગ પર એક અપેક્ષાએ આખા લોકનો ભાર રહેલો છે. શ્રી પંચ પરમેષ્ટિ પ્રભુની તથા શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુની અસીમ તથા અકથ્ય કૃપા અને આજ્ઞાથી તેની આકૃતિ અહીં જાહેર કરીએ છીએ.



આપણે અગાઉ જોયું તે પ્રમાણે ૐના સ્પંદન (vibrations)થી પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં એક વમળના વર્તુળ જેવી ધારાની રચના થાય છે. આના લીધે પૂર્ણ કલ્યાણની કેડમાંથી ઉપાર્જિત પાંચ કલ્યાણરસનું મિશ્રણ થતું જાય છે. અને એમાં છદ્મસ્થ તથા પૂર્ણ પરમેષ્ટિનાં સુષુપ્ત ૐના પરમાણુઓ તથા શ્રાવકશ્રાવિકાનાં સ્પૃહા સાથેનાં કલ્યાણનાં પરમાણુઓ ચુંબકીય વર્તુળમાંથી ખેંચાઈને શ્રી પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં આકર્ષાઈને આવે છે. આવી રીતે તૈયાર થયેલું મિશ્રણ સ્પૃહાસભર રસના જોરથી છદ્મસ્થ કલ્યાણરસરૂપે નીચે તરફ, છદ્મસ્થ કલ્યાણની કેડમાં પર્યટન કરે છે, નીચે ઉતરતું જાય છે. એ મિશ્રણમાં અર્ધપ્રવાહી (semi-solid or viscous) તથા પારદર્શક (transparent) પરમાણુઓ વર્તતી સ્પૃહાનાં કારણે હોય છે. તેની ગતિ થોડે નીચે જતાં સ્થગિત થઈ જાય છે. સ્થગિત થતી ગતિને વેગ આપવા શ્રી અરિહંત પ્રભુના સમૂહના સાથથી લોકકલ્યાણનાં સનાતનપણાના તથા મંગલપણાના ભાવની નિર્જરા કરવાના હેતુથી આ કેડની ઉપરના ભાગમાં એક સ્વયંભૂ ચક્રની રચના થાય છે. આ ચક્ર અરિહંત પ્રેરિત કલ્યાણચક્ર તરીકે ઓળખાય છે.

અરિહંત પ્રેરિત કલ્યાણચક્ર બે કાર્ય કરે છે. (૧) સ્થગિત થતી પ્રવાહની ગતિને વેગ આપવાનું અને (૨) એ મિશ્રણમાં સનાતનપણાના અપૂર્વ રસને ઘોળી સમાનપણે ઉમેરવાનું. આ ચક્ર કેડના ભાગમાં સદાકાળ માટે ચાલતું રહે છે. આ ચક્ર એક ત્રીજું અતિગુપ્ત કાર્ય વિશેષતાએ કરે છે. તે કાર્ય એ છે કે એ ચક્રનું હલનચલન (movement) એ જગામાં એક પ્રકારનો આંશિક (અર્ધ) ખાલીપો (partial vacuum) ઉત્પન્ન કરે છે, જેનાથી ચુંબકીય વર્તુળમાંથી વધારે સંખ્યાના કલ્યાણનાં સુષુપ્ત પરમાણુઓ ખેંચાઈ આવી, એ મિશ્રણના જથ્થામાં વધારો કરે છે. વ્યવહારમાં જેમ ચક્કી (turbine) પાણીના પ્રવાહને જોર આપી વિજળી ઉત્પન્ન કરે છે, તેમ આ ચક્ર મિશ્રણને ગતિ આપે છે, અને તેમાં સનાતનપણાવાળી વિજળી (વિદ્યુત) ઉત્પન્ન કરી મિશ્રણમાં તેનું રોપણ કરે છે. આ મિશ્રણ કેડના નીચેના ભાગમાં જેમ જેમ ઉતરતું જાય છે તેમ

તેમ કેડનો આકાર વધારે ને વધારે પહોળો થતો જાય છે. આનું કારણ એમ સમજાય છે કે એ પરમાણુઓમાં વધતી જતી સ્પૃહાને કારણે સ્થૂળતા આવતી જાય છે. બીજી અપેક્ષાએ આપણે વિચારીએ તો વ્યવહારમાં જેમ મકાનના પાયાને મજબૂત બનાવવા મકાનના નીચેના ભાગની પહોળાઈ અથવા તેનો વિસ્તાર આખા મકાનનો ભાર ઉપાડવાનો હોવાથી ઘણો વધારે હોય છે; તેમ જ લોકના સમસ્ત ભારને સહજતાએ ઉપાડવા માટે તેની કેડનો નીચેનો ભાગ ઘણો પહોળો બને છે.

આવી રીતે તૈયાર થયેલું મિશ્રણ પરમાણુઓમાં રહેલાં સ્પૃહાના જોરથી નીચે તરફ ઉતરતું જાય છે. જેમ પૈસો પૈસાને ખેંચે તેમ વિશેષ સ્પૃહાવાળા કલ્યાણનાં પરમાણુઓ એના જેવા બીજા અનેક પરમાણુઓને વિશેષ માત્રામાં ખેંચતા જાય છે અને ચક્રગતિ ચાલતી રહે છે.

શ્રી તીર્થંકર પ્રભુનાં ચક્રથી લગભગ કેડના ૧/૪ભાગ નીચે એક બીજું ચક્ર આવેલું છે. આ ચક્ર શ્રી 'ગણધર પ્રેરિત કલ્યાણચક્ર' તરીકે ઓળખાય છે. આ બંને ચક્રો એકબીજાથી વિરુદ્ધ દિશામાં ફરે છે, ચાલે છે. શ્રી અરિહંત પ્રેરિત કલ્યાણચક્ર ઘડિયાળની સમાન દિશામાં (clockwise) ફરે છે અને શ્રી ગણધર પ્રેરિત કલ્યાણચક્ર તેની વિરુદ્ધ દિશામાં (anti-clockwise) ફરે છે. ગણધર પ્રેરિત ચક્રની બીજી એ હકીકત છે કે આ ચક્ર સ્વયંભૂ રીતે નથી ચાલતું, પણ તેની ગતિનો આધાર શ્રી અરિહંત પ્રેરિત કલ્યાણચક્રની ગતિ પર નિર્ધારિત હોય છે.

આમ થવાનાં ઘણાં કારણો છે, તેમાંનાં મુખ્ય મુખ્ય અને આપણને સમજાય તેવાં કારણોનો અભ્યાસ કરવા આપણે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની ઉત્કૃષ્ટ કૃપા તથા આજ્ઞાથી પુરુષાર્થી થઈએ. પ્રથમ કારણ એ ગણી શકાય કે ચુંબકીય વર્તુળનાં જે પરમાણુઓ અરિહંત પ્રેરિત કલ્યાણચક્રની નીચેના ભાગથી પ્રવેશ્યા હોય તેમાં કલ્યાણભાવનું યથાર્થપણું ન હોય તે સાવ સ્વાભાવિક છે. શ્રી ગણધરપ્રભુનું

કલ્યાણચક્ર એવાં પરમાણુઓને ઓળખી શ્રી અરિહંત પ્રેરિત કલ્યાણચક્ર પાસે તેમને મોકલે છે. આમ કરવા માટે અવળી ગતિ જરૂરી છે. આ માટેનું બીજું કારણ એ સમજાય છે કે શ્રી ગણધર પ્રેરિત કલ્યાણચક્ર અરિહંત પ્રેરિત કલ્યાણચક્રની વિરુદ્ધ દિશામાં ચાલતું હોવાથી, તેની ગતિનો વેગ ઘણો વધી જાય છે. આ નિયમ આપણને ભૌતિકશાસ્ત્ર (physics)ના નિયમોમાં વ્યવહારથી જોવા મળે છે. આ માટેનું ત્રીજું કારણ એ લઈ શકાય કે શ્રી ગણધર પ્રેરિત કલ્યાણચક્ર શ્રી અરિહંત પ્રેરિત કલ્યાણચક્રમાં ધ્રુવતા (polarity) સ્થાપે છે, જેનાં લીધે એ બંનેના જોર (force) વચ્ચે એકબીજાથી વિરુદ્ધ ચુંબકીય ક્ષેત્ર (magnetic fields)નું નિર્માણ થાય છે. પરિણામે તે બંને વચ્ચે સહજતાએ આકર્ષણ વર્ત્યા કરે છે. (opposite poles attract ના ન્યાયથી). આ વખતે શ્રી ગણધરપ્રેરિત કલ્યાણચક્ર એ મિશ્રણમાં મંગલપણાનો આજ્ઞારસ ઉમેરે છે. આ રસ શ્રી અરિહંતપ્રેરિત કલ્યાણચક્રથી સ્થપાયેલા સનાતનપણાના રસનું આકર્ષણ વેદે છે. આ આકર્ષણ સનાતનપણાના આજ્ઞારસ તથા મંગલપણાના આજ્ઞારસને એકબીજામાં મિશ્રિત થવા માટે ખૂબ ઉપયોગી નીવડે છે. ચોથું કારણ એ સમજવામાં આવે છે કે શ્રી ગણધરપ્રેરિત કલ્યાણચક્ર શ્રી અરિહંતપ્રભુપ્રેરિત કલ્યાણચક્રના આધારથી ચાલે છે, અને બંને ચક્રો એકબીજાની વિરુદ્ધ દિશામાં ચાલતા હોવાથી ગણધરપ્રેરિત કલ્યાણચક્રને અન્ય ચક્રનો આધાર લેવો ઘણો સહેલો થઈ જાય છે. આ ઉપરાંત બીજાં અનેક અમુખ્ય કારણો પણ છે, જેને માટે ઊંડાણથી વિચાર કરતાં જીવને પ્રભુની કૃપાથી એ સમજાતાં જાય તેવું છે.

ગણધર પ્રેરિત કલ્યાણચક્ર પાસે તૈયાર થયેલા મિશ્રણમાં શ્રી પ્રભુએ આપણને જણાવ્યું છે તે પ્રમાણે સિદ્ધનાં કલ્યાણનાં પરમાણુઓ, પૂર્ણ પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ, પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ, તથા શ્રાવકશ્રાવિકાનાં કલ્યાણનાં પરમાણુઓનું સંમેલન થયું હોય છે. ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાથી વિભૂષિત થયેલાં આવાં કલ્યાણનાં પરમાણુઓનું મિશ્રણ ઈંધનરૂપ ધારણ કરી શ્રી ગણધરપ્રભુના કેવળીગમ્ય પ્રદેશોની સહાયથી નીચેના ભાગમાં - મિથ્યાત્વનાં

નિત્યસ્થાન સુધી ઉતરે છે. એ વખતે છદ્મસ્થ પરમેષ્ટિનો આજ્ઞારસ એ મિશ્રણમાં ભૂકંપ તથા જ્વાળામુખી જેવો વિસ્ફોટ કરાવે છે. આ વિસ્ફોટ થવાથી મોટાં મોટાં સ્થૂળ પરમાણુઓમાંથી તદ્દ્ન ઝીણાં ઝીણાં તણખાં પોતાનાં મૂળ રૂપ સાથે ઝરે છે. જે મિથ્યાત્વનાં નિત્યસ્થાનમાં રહેલા મિથ્યાત્વમાં જાય છે અને તેમાં એકરૂપ થઈ ભળી જાય છે. આ વિસ્ફોટનો એક બીજો ફાયદો કે લાભ એ થાય છે કે ભાગ્યયોગે અર્થાત્ જોગાનુજોગ જો એ મિશ્રણમાં સનાતનપણના કે મંગલપણાના આજ્ઞારસનું અસમતોલન કે ભિન્નપણું હોય તો આ થતા વિસ્ફોટથી તેઓ સમતોલનવાળા અને અભિન્ન થઈ જાય છે. અરિહંતના પરમાણુઓ સમકક્ષાના થાય છે, ગણધરના પરમાણુઓ એની કક્ષાના થાય છે, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુસાધ્વીના પરમાણુઓ પોતપોતાની કક્ષા પ્રમાણે સમતોલનવાળા થાય છે. આમ નિત્યનિગોદની નજીકનાં મિથ્યાત્વનાં નિત્યસ્થાનમાં મિથ્યાત્વની સાથે આ બધાં કલ્યાણનાં પરમાણુઓ એકદમ ભળી જઈ, એકમેકરૂપ થઈ જાય છે. મિથ્યાત્વનાં નિત્યસ્થાનમાં આ પરમાણુઓ કેવી રીતે પ્રવેશ પામે છે, કેવી રીતે ભળી જઇ નિગોદિયા જીવોના આત્મા સુધી પહોંચી જાય છે, તે વિશે આપણે પહેલાં વિચારેલું છે, અને તેની સમજણ પણ લીધેલી છે. તે વિશે ત્યાં જોઈ લેવા વિનંતિ છે.

પરંતુ નિગોદિયા જીવોનાં આ કાર્યમાં એક ખૂબ ગૂઢ રહસ્ય સમાયેલું છે, તે આપણને શ્રીપ્રભુ પરમ કૃપા કરી સમજાવે છે. નિત્યનિગોદના જીવો જ્યારે મિથ્યાત્વનું જોરદાર આકર્ષણ પામી મિથ્યાત્વ ગ્રહણ કરવા લલચાય છે, ત્યારે તેઓ મિથ્યાત્વ સાથે તેમાં ભળેલાં કલ્યાણનાં પરમાણુઓનાં ઝીણાં કણો અથવા તો તણખાઓ સહજતાએ સ્વીકારતાં જાય છે. આમ થવાથી એ જીવો વિવિધ માત્રામાં આ પરમાણુઓને પોતાના આત્મપ્રદેશો પર સ્થાન આપે છે.

એમાં કોઈક જીવ સિદ્ધનાં પરમાણુઓ અમુક માત્રામાં સ્વીકારવા સાથે પૂર્ણ પંચપરમેષ્ટિનાં અમુક પરમાણુઓ, પંચ પરમેષ્ટિનાં અમુક પરમાણુઓ, ગણધરનાં

અમુક પરમાણુઓ, આચાર્યનાં અમુક પરમાણુઓ, સાધુસાધ્વીનાં અમુક પરમાણુઓ તથા શ્રાવક શ્રાવિકાનાં અમુક પરમાણુઓ, જુદી જુદી માત્રામાં સ્વીકારતા હોય છે. આ કલ્યાણનાં પરમાણુઓનાં તણખા તે જીવને રુચક પ્રદેશ મેળવવાની પાત્રતા આપે છે. આમ મિથ્યાત્વ સ્વીકારવા જતાં તે જીવને મિથ્યાત્વની સાથે જે અન્ય પ્રકારનાં વિવિધ તણખા મળ્યા હોય છે, તેના આધારે તેનું ભાવિ ઘડાય છે.

જે નિગોદિયો જીવ સિદ્ધનાં પરમાણુનાં તણખા ગ્રહણ કરતો નથી (અથવા તો અતિ અતિ અલ્પ માત્રામાં ગ્રહણ કરે છે) તે જીવ નિયમપૂર્વક નિત્યનો અભવી થાય છે. ભવ્ય થવા માટે નિગોદના જીવે અમુક માત્રામાં સિદ્ધનાં પરમાણુનાં તણખા ગ્રહણ કરવા અનિવાર્ય છે. તે જીવ દ્વારા સિદ્ધનાં પરમાણુઓના જેટલા વિશેષ તણખા ગ્રહણ થાય, તેટલું તેનું સંસારનું પરિભ્રમણ અલ્પ થાય છે. ઉદા. મરુદેવામાતાનું અપેક્ષિત એકાવતારીપણું જે જીવની પૂર્ણ અરિહંત અને છદ્મસ્થ અરિહંતના તણખા ઝીલવાની માત્રા વધારે હોય છે તે જીવ ભાવિમાં અરિહંતપદ પામે છે. એ જ રીતે જે જીવ ગણધર કેવળી કે છદ્મસ્થ ગણધરનાં કલ્યાણનાં પરમાણુઓના તણખા મોટી માત્રામાં સ્વીકારે છે તે ભાવિમાં ગણધર થાય છે. તીર્થંકરપદ તથા ગણધરપદ નિત્યનિગોદમાં જ નિશ્ચિત્ત થતું હોવા છતાં તેમનાં છેલ્લાં આવર્તનના પુરુષાર્થના આધારે, તથા તેઓ કેવા ગુરુનું શિષ્યપદ સ્વીકારે છે તેના આધારે તેમની કક્ષા નક્કી થાય છે. તેઓ કેટલા પદને સ્પર્શીને કેવળી થશે, કેટલા જીવોનું કલ્યાણ કરશે વગેરે તેમના છેલ્લા આવર્તનના પુરુષાર્થને આધારે નક્કી થાય છે.

એ જ રીતે જે નિગોદિયો જીવ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકાનાં પરમાણુઓના તણખા વિશેષ ગ્રહણ કરે છે તે જીવને તેના પરિભ્રમણ દરમ્યાન જે સ્થિતિસંજોગ છેલ્લા આવર્તનમાં હોય છે, અને તેનો જેવો પુરુષાર્થ હોય (ઉગ્ર, મધ્યમ કે મંદ) તેવી પદવીના તેઓ ધણી થાય છે. આ અપેક્ષાએ જો આપણે વિચારીએ તો આપણને લાગે છે જીવનું મૂળ ભાવિ નિત્યનિગોદમાં

જ નક્કી થઈ જાય છે; જેની તાત્ત્વિકતા તેના પુરુષાર્થ પર રહેલી જોવા મળે છે. આ ઘણું સૂચક અને વિચારણીય છે.

> "અહો પ્રભુજી! તમારી અમે સમજાવવાની આવડત અને શૈલી કેટલી બધી વૈજ્ઞાનિક (scientific) છે! ઉપરાંતમાં તે શૈલીમાં કેવી અદ્ભુત રીતે ઉત્કૃષ્ટ સ્વપરકલ્યાણનાં માર્ગનું ગજબનું સ્વરૂપ સમાયેલું છે, તે અમને કેડની પ્રક્રિયા સમજાતાં લક્ષિત થાય છે. ધન્ય છે ધર્મનાં સનાતનપણાંને! ધન્ય છે ધર્મનાં મંગલપણાંને! ધન્ય છે આજ્ઞાનાં સનાતન તથા મંગલમય કલ્યાણનાં સ્વરૂપને! અહો! અહો! અહો! ૐ ૐ ૐ! શાંતિઃ શાંતિઃ શાંતિઃ"

આવી અકલ્પ્ય રીતે લોકની કેડનાં માધ્યમથી, શ્રી પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનથી શરૂ કરી, પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનનો અપૂર્વ રણકર મેળવી, ફરીથી પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાંથી પસાર થઈ, મિથ્યાત્વનાં નિત્યસ્થાન સુધી ધર્મનાં અપૂર્વ સનાતનપણાનાં તથા મંગલપણાનાં પરમાણુઓ મિથ્યાત્વની ચાદર ઓઢી, અત્યંત હીનવીર્ય સૂક્ષ્મ એકેંદ્રિય એવા નિત્યનિગોદના જીવો સુધી કલ્યાણભરિત આજ્ઞારસ સહિત પહોંચે છે. આ વિચારતાં આપણામાં જિજ્ઞાસા ઉત્પન્ન થઈ શકે છે કે, જો નિત્યનિગોદના જીવો સુધી આવા પરમાણુઓ તથા આજ્ઞારસ તેમનાં કલ્યાણાર્થે પહોંચી જાય છે; તો આવા પરમાણુઓ અને આજ્ઞારસમાં સર્વ જીવો માટેનો કલ્યાણભાવ સમાયેલો હોવાથી, એ નિત્યનિગોદના જીવો સિવાયના અન્ય જીવો પાસે આવા પરમાણુઓ તથા આજ્ઞારસ કેવી રીતે તથા કેવા રૂપે પહોંચીને કલ્યાણકાર્યમાં સહાય કરે છે? શ્રી અરિહંત પ્રભુના અપૂર્વ સામુહિક ૐનાદના ધ્યાનમય, ગૂઢ અને અતિ અતિ ગુપ્ત અનુભવના રણકારની કૃપા તથા આજ્ઞાથી, તેમજ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના અકથ્ય ઉપકાર તથા સાથના આધારથી આપણને સમાધાન મળે છે; જેનું ભેદરહસ્ય એમની સમય સમયની આજ્ઞાપાલનની પૂર્તિ અર્થે અહીં અમે વ્યક્ત કરીએ છીએ.

"લોકની કેડના પ્રત્યેક ભાગમાં સમસ્ત લોકનાં કલ્યાણની, (તેમાંના સર્વ જીવોની) કાળની મર્યાદા વગર સર્વ દ્રવ્યથી સંચાલિત સર્વ જીવોની, સર્વ ક્ષેત્રમાં રહેલા પ્રત્યેક જીવ માટેની, સર્વ સ્થૂળ તથા સૂક્ષ્મ ભાવોની મર્યાદા વગરની કલ્યાણભાવના રહેલી છે. આ પરથી સ્વાભાવિક રીતે જ સમજાય એવું છે કે લોકની એ કેડમાં પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓ એનાં સર્વ વર્તુળમાં સતત તથા સહજતાએ ચિટકેલાં હોવાં જોઈએ. એ સાથે, લોકની છદ્મસ્થ કલ્યાણની કેડને જીવંતરૂપ આપનાર શ્રી અરિહંતપ્રભુનું કલ્યાણચક્ર તથા શ્રી ગણધરપ્રભુનું કલ્યાણચક્ર એની ધારાને તથા વિસ્તારને કદીએ ઓછાં થવા દેતાં નથી. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આ કલ્યાણધારા તથા તેનો વિસ્તાર લોકની કેડના પ્રવાહમાંથી કલ્યાણ માટેનું ઉત્તમ પોષણ પામી, શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના કલ્યાણના ભાવના જોરથી આખા લોકમાં વિસ્તરે છે. એ જ પંચપરમેષ્ટિ પ્રભુના આધારથી જીવો પોતાની શક્તિ અનુસાર કલ્યાણનાં પરમાણુઓને ગ્રહણ કરી સ્વકલ્યાણ, પરકલ્યાણ કે સ્વપરકલ્યાણના માર્ગનો સ્વીકાર કરે છે. તેઓ આવાં પરમાણુઓ ગ્રહણ કરી પોતાનાં કલ્યાણને વિકસાવે છે. કલ્યાણ પામતા આવા જીવોને તેમનાં પૂર્વ કર્માનુસાર અમુક અમુક પ્રકારની મુશ્કેલીઓ આવતી રહે છે; જેને એ જીવો સ્વાભાવિક રીતે જ ભાવરૂપે વ્યક્ત કરતા હોય છે. સમગ્રલોકના આવા જીવોની મુંઝવણો તથા પ્રશ્નો, શ્રી ગણધર પ્રભુનાં કલ્યાણચક્રનાં કલ્યાણનાં પરમાણુઓનાં માધ્યમથી લોકની કેડ પાસે ખેંચાઈને આવે છે, કેમકે એ પરમાણુઓમાં સર્વ જીવોનું કલ્યાણ કરવાનો કર્તાભાવ રહેલો હોય છે."

શ્રી અરિહંતપ્રભુનું કલ્યાણચક્ર શ્રી પંચપરમેષ્ટિની આજ્ઞામાં રહેવા માટે તથા વર્તતા નિસ્પૃહ કલ્યાણભાવના આધારથી આવેલા પ્રશ્નોના ઉત્તરો કલ્યાણભરિત પૂર્ણ ૐ દ્વારા કલ્યાણની કેડમાં સ્થાપે છે, જે ઉપર જણાવેલી રીત પ્રમાણે

આખા લોકમાં ફેલાય છે. આ જ ક્રિયાનું ગુપ્ત પ્રતિબિંબ શ્રી તીર્થંકર પ્રભુની દેશનામાં આપણને જોવા મળે છે; કે જ્યારે શ્રી ગણધરજીના સામુહિક હિતકારી તથા અતિ ગૂઢ પ્રશ્નના ઉત્તરરૂપે પ્રભુ દ્વારા ૐનાદથી સર્વ ભેદરહસ્યોથી ભરપૂર કલ્યાણવાણીની સ્થાપના થાય છે.

> "અહો! પરમ પ્રિય પ્રભુજી! તમારાં વાણી, કરુણા, કલ્યાણભાવ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, આજ્ઞા તથા ધ્યાન કેવાં બળવાન, સુંદર અને અપૂર્વ છે! કે એ બધાંની સામુહિક એકતા માત્ર સ્વપરકલ્યાણનાં કાર્યને ઉત્કૃષ્ટતા આપે છે. તમારી આ કરુણા સમગ્ર લોકને તમારા પ્રતિ સદાકાળ માટે ઋણી બનાવે છે. ૐ."

આટલી સમજણ લીધા પછી શ્રી પ્રભુ આપણને શ્રી અરિહંતપ્રભુનાં કલ્યાણચક્રની તથા શ્રી ગણધરજીનાં કલ્યાણચક્રની જાણકારી લેવાનો તથા તેની વિચારણા કરવાનો બોધ અને આદેશ આપે છે. આ સાથે કલ્યાણચક્રોની જાણકારી તથા વિચારણા કરવાની પાત્રતા મેળવવા માટે તેઓ આપણને કર્મની એક અતિ ગૂઢ ગોઠવણી સમજાવે છે, જે આ બંને ચક્રોની જાણકારી લઈ વિચારણા કરવા માટે ખૂબ ઉપયોગી થાય તેમ છે. માટે આપણે એમની જ કૃપાથી તથા આજ્ઞાથી એ આદેશને યોગ્યતાએ પાળવા માટે પુરુષાર્થી થવું જોઈએ.

## કર્મ પુદ્‌ગલની ગૂઢ ગોઠવણી

શ્રી પ્રભુએ આપણને ઘણા વખત પહેલા, અને તે પછી અનેક પર્યુષણોની વિચારણા કરાવતી વખતે ઘણીવાર સમજાવ્યું છે કે, મનુષ્યનાં શરીરમાં (પેટનાં) નાભિના ભાગ પાસે મોહનીય કર્મનો સહુથી મોટો જથ્થો રહેલો હોય છે. અર્થાત્ તે જગ્યાએ મોહનીયકર્મનું મૂળ સ્થપાયેલું છે. મનુષ્યનાં હ્રદયના ભાગ પાસે જીવનું મુખ્ય અંતરાયકર્મ રહેલું છે. માનવીનાં મુખ તથા મસ્તકમાં જ્ઞાનાવરણ તેમજ દર્શનાવરણ કર્મનો મુખ્ય જથ્થો પડેલો હોય છે. માનવીનાં શરીરના અન્ય ભાગોમાં આ બધાં કર્મો છૂટાછવાયાં વેરાયેલાં પડયાં હોય છે. અઘાતિકર્મો

હાથપગમાં મુખ્યતાએ સ્થાન જમાવીને બેઠાં હોય છે. એ પરથી શ્રીપ્રભુ આપણને પ્રશ્ન પૂછે છે કે, કર્મોની આવી ગોઠવણી થવા પાછળનું રહસ્ય શું છે, તે તમને સમજાય છે ખરું? બીજી રીતે પૂછીએ તો મોહનીય કર્મનું સ્થાન પેટ પાસે જ કેમ છે, અંતરાયકર્મનું સ્થાન હ્રદય પાસે અને જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મો શા માટે મુખ તથા મસ્તક પાસે ગોઠવાયેલાં છે?

શ્રીપ્રભુ તરફથી પૂછાયેલો આવો પ્રશ્ન સાંભળતા તથા તેની વિશેષતા અને તેમની ઝીણવટભરી વિચારણાનું અવલોકન થતાં શ્રીપ્રભુનાં વિશાળ દરિયાવ જ્ઞાન માટે હ્રદયનાં તાંતણે તાંતણામાંથી 'અહો અહો ભાવની' લાગણી જન્મ પામી વર્ધમાન થતી જાય છે. શ્રીપ્રભુ મૌન ધારણ કરી, અમ તરફના પ્રત્યુત્તરની (જવાબની) સૌમ્ય ચિત્તે અપેક્ષા રાખે છે. શ્રીપ્રભુ સમક્ષ અમને મુંઝવણ તથા અમારી દીનતા તેમજ અલ્પતા પ્રગટ કરવા સિવાયના બીજા કોઈ ભાવ પ્રગટતા નથી. ભક્તિરૂપી પરમ નૈયાનાં માધ્યમથી મુંઝવણના મહાસાગરને પસાર કરવા સિવાય કોઈ અન્ય ઉપાય અમને જડતો ન હતો; તેથી અમ જેવા દાસ શ્રીપ્રભુનાં નિષ્પાપી ચરણોમાં સર્વસ્વ અર્પણ કરવા ઢળી પડે છે. શ્રીપ્રભુએ પૂર્વનાં શુભ ઋણાનુબંધ તથા અત્યંત ઉત્કૃષ્ટ કરુણાભાવને લીધે અમને યથાર્થ તથા પરિપૂર્ણ ઉત્તરની પ્રસાદી આપી ધન્ય કર્યા છે. શ્રીપ્રભુના આ ઉપકાર માટે અમે સાદિ અનંતકાળ માટે તેમના તથા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના ઋણી છીએ. તેમણે તેમના પૂર્ણ પંચપરમેષ્ટિ ૐનાદથી આપણને યથાર્થ ઉત્તરની અનુભૂતિ આપી છે, એ અમે શ્રીપ્રભુની પરમ ઇષ્ટ કૃપાથી અને આજ્ઞાથી શબ્દદેહ આપવા પ્રવૃત્ત થયા છીએ, તે પર સૂક્ષ્મતાથી વિચારવું જરૂરી છે.

## કર્મનું સામ્રાજ્ય

'મોહ એ સર્વ કર્મનો રાજા છે. અને અંતરાય કર્મ તેનો સાથીદાર બની પોતાનું સામ્રાજ્ય પ્રવર્તાવે છે.' આ વચનનો વિચાર કરવાથી આપણને પ્રભુના પ્રશ્નના ખુલાસારૂપ ઉત્તર પ્રાપ્ત થાય છે. મોહને રાજા શા માટે કહ્યો છે? લોકમાં રહેલાં

છ દ્રવ્યમાં જીવ એક જ એવું દ્રવ્ય છે કે જે ચેતનમય છે, તે સ્વયં ભાવ કરી શકે છે, અને એ ભાવનાં માધ્યમથી તે અન્ય અસ્તિકાયનું સંચાલન કરી જગત્કર્તા બને છે. મોહનીય એ એક જ એવું કર્મ છે કે જે આત્માના ભાવનું પ્રતિબિંબ પાડે છે. જીવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કે ભવના મોહને કારણે જ પોતાનાં અરૂપી સ્વભાવનો ત્યાગ કરી, રૂપી એવા પુદ્‌ગલાસ્તિકાયને ગ્રહણ કરી, અન્ય અસ્તિકાયના સાથથી લોકનો દાસ થાય છે. તેથી, જીવ જ્યારે મોહનું વેદન કરે છે ત્યારે તે પોતાનાં અરૂપી સ્વરૂપની અંતરાય ઊભી કરી, મોહ બાંધવા સાથે અંતરાય કર્મ પણ બાંધતો જાય છે. એનું રહસ્ય એ સમજાય છે કે જીવ પોતાની ખોટી સમજણ તથા ખોટા શ્રદ્ધાનને લીધે રૂપી પદાર્થને પોતાનાં રૂપ માને છે. આમ મોહનીય કર્મમાં મોહ સિવાયનાં અન્ય કર્મોનો પણ ઉમેરો કરવાની શક્તિ સમાયેલી છે. આ કારણથી મોહનાં પરમાણુઓનો ભાર ઘણો વધી જાય છે, એટલે એ મનુષ્યની ત્રસ નાડીના નીચેના ભાગમાં (જેને આપણે નાભિ કહીએ છીએ તેમાં) જગ્યા મેળવે છે.

શુભાશુભ નિમિત્તોના આધારથી મોહના ભાવો જીવમાં સમયે સમયે, ક્ષણે ક્ષણે પલટાતા જાય છે. યોગાનુયોગે જો જીવને એવા કોઈ નિમિત્તનો આધાર મળી જાય કે જેથી તેને સંસારથી છૂટવાના કે સંસાર ત્યાગવાના ભાવ બળવાન થાય, અને એ ક્ષણે તેનો મોહભાવ ક્ષીણ થાય તો તેને તે સમયે ઉપરના નિયમાનુસાર એવી ક્ષણ આવી શકે કે જીવને મોહ બંધાવાનું નિમિત્ત હોવા છતાં અન્ય ઘાતિકર્મ બંધાય નહિ. પરંતુ આવી સ્થિતિ ક્યારેય સર્જાતી નથી; કેમકે ત્યાં અંતરાયકર્મનું સામ્રાજ્ય ઉદ્‌ભવી તેનું ફળ આપે છે. જો જીવને કદાચિત્ એક સમય માટે મોહનો અલ્પ બંધ સંભવે તો પણ, તેનાં પૂર્વ સંચિત અંતરાય કર્મ એ જીવનાં વીર્યને એવી રીતે દબાવે છે કે જેથી વર્તમાનનો તે શુભ સમય એ જીવને કર્મનાં પાશમાંથી મુક્ત થવા દે નહિ. આમ મોહની રખેવાળી કરવા અંતરાય કર્મ શુભ નિમિત્તવાળા વીર્યને મંદ કરે છે, એટલું જ નહિ પણ, જીવમાં ખોટી સમજણ તથા ખોટું શ્રદ્ધાન ઉપજાવવા રૂપ અજ્ઞાનનો સાથ લઈ, જીવને ફરીથી મોહની મહા કાળી કોટડીમાં

પૂરી દે છે. જીવ તેમાં તરત જ ફસાઈ જાય છે. આ અપેક્ષાથી અંતરાયકર્મમાં જ્ઞાનાવરણ તથા દર્શનાવરણકર્મનો પણ સમાવેશ થયેલો છે.

આ બાબત જરા ઘેરી તથા ઊંડી વિચારણા કરવાથી સમજાશે કે અંતરાયકર્મમાં પ્રત્યક્ષ મોહ નથી, પણ તેનો જન્મ જીવના પૂર્વના મોહને કારણે થયેલો છે. આ રીતે અંતરાય કર્મનો ભાર મોહનીય કર્મ કરતાં અલ્પ હોવાથી એ મોહનીય કર્મ કરતાં ઊંચા સ્થાનમાં અર્થાત્ જીવનાં હૃદય પાસે એકત્રિત થયેલું જોવા મળે છે. આ સ્થળ કોઈક અપેક્ષાએ અંતરાય કર્મ મોહના સામ્રાજ્યને કાયમી બનાવવામાં નિમિત્તરૂપ તથા અનુકૂળ થાય છે.

જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મો મોહનીય તથા અંતરાય કર્મની બે આંખો છે; કારણ કે જીવ મોહનીય તથા અંતરાય કર્મનાં ફળ જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ દ્વારા વેદે છે. કર્મભારની અપેક્ષાએ આ બંને કર્મો વિશેષ હળવાં હોવાથી તેનાં સ્થાન મુખ તથા મસ્તક પાસે આવેલાં જોવા મળે છે. જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મો અંતરાય કર્મની સેનામાં કેપ્ટન જેવાં છે, તેથી તેનો આદેશ લેવા માટે, અંતરાય કર્મનાં મુખ્ય સ્થાન હૃદયની લગોલગ મુખ અને મસ્તકમાં સ્થાપિત થયેલાં છે.

આ બધાં ઘાતિકર્મો સાથે જોડાયેલું વેદનીય કર્મ કરોડ રજ્જુમાં (કેડમાં) રહેલું છે, અને અન્ય અઘાતિકર્મો સાથે હાથપગમાં પણ રહેલું છે. મનુષ્યની કેડ નાભિના પાછળના ભાગથી શરૂ કરી ડોકના ભાગ (મસ્તક) સુધી સંકળાયેલી છે. વળી, વેદનીય કર્મ મોહ, અંતરાય, જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ સાથે પણ જોડાયેલું છે, તેથી મોહ નાભિથી નીચેનાં સ્થાન પર રહી શકતો નથી.

અન્ય અઘાતિ કર્મો પણ અંતરાય તથા વેદનીય કર્મ સાથે જોડાયેલાં છે, એ કારણથી શરીરમાં જેમ હૃદયમાંથી નીકળેલું શુદ્ધ લોહી હાથ તથા પગ સુધી ફેલાય છે અને તેમ થવામાં કેડ, હાથ તથા પગને સાથ આપે છે, એમ વેદનીય તથા અંતરાય કર્મ અન્ય અઘાતિ કર્મોને સાથે આપી જીવાત્મા પર એનું વર્ચસ્વ કાયમ રાખવા પ્રયત્નશીલ રહે છે.

જે અંતરાય તથા વેદનીય કર્મ ઘાતિકર્મો સાથે જોડાયેલાં છે, તેને આપણે સુવિધા ખાતર 'ઘાતિ પ્રેરિત અંતરાય તથા વેદનીય' તરીકે ઓળખવાના છે; અને જે અઘાતિ કર્મ સાથે જોડાયેલાં છે તેને આપણે સગવડ માટે 'અઘાતિ પ્રેરિત અંતરાય તથા વેદનીય' તરીકે ઓળખવાના છે. ચુંબકીય સિદ્ધાંત પ્રમાણે વિરોધી ધ્રુવો (poles) આકર્ષણ પામે છે અને સમાન ધ્રુવો (poles) અપાકર્ષણ પામે છે. ઘાતિ પ્રેરિત અંતરાય તથા વેદનીય કર્મ અને અઘાતિ પ્રેરિત અંતરાય તથા વેદનીય કર્મ વચ્ચે વિરોધી ધ્રુવતા (polarity) રહેલી છે, તેથી તેઓ બંને વચ્ચે સતત આકર્ષણ રહ્યા જ કરે છે, પરિણામે અઘાતિ કર્મો તથા ઘાતિ કર્મો જીવના એક જ પ્રદેશ પર એક સાથે રહી શકે છે. આ જાતની ધ્રુવતા જીવનાં સ્પંદનથી (vibrations) ઉપજતી static અને dynamic વિદ્યુતનાં કારણે સર્જાય છે. આ વિચારણા સાથે આપણે શ્રી અરિહંત પ્રભુનાં કલ્યાણચક્રની તથા શ્રી ગણધરજીનાં કલ્યાણચક્રની ઊંડી સમજણ લેવા શ્રી પ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી સપ્રયત્ની થઈએ.


## શ્રી અરિહંત પ્રભુનું કલ્યાણચક્ર

શ્રી અરિહંત પ્રભુનું કલ્યાણચક્ર ઘડિયાળની દિશામાં (clockwise) ફરે છે, શ્રીપ્રભુ પૂર્ણ વીતરાગ છે. તેઓ ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન કેવળદર્શનથી વિભૂષિત થયેલા આત્મા છે. તેઓ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞામાં સતત વર્તી, પોતાનાં શેષ રહેલાં ચાર અઘાતિ કર્મોની નિર્જરા તેમની આજ્ઞાનુસાર કરતા જાય છે. આપણે અનુભવીએ છીએ કે પ્રત્યેક કર્મ સાથે અંતરાય કર્મ તથા વેદનીય કર્મ જોડાયેલાં છે. અઘાતિ કર્મ સાથે જોડાયેલાં અંતરાય કર્મ તથા વેદનીય કર્મની ધ્રુવતા ઘાતિ કર્મ સાથે જોડાયેલાં અંતરાય અને વેદનીય કર્મ કરતાં સાવ જ વિપરિત હોય છે. આમ હોવાથી ઘાતિ તેમજ અઘાતિ કર્મો વચ્ચે વિશેષ પ્રકારનું આકર્ષણ વર્તે છે. આ વિશે વિચારતાં સમજાય છે કે ઘાતિ અને અઘાતિ કર્મોની મૂળ પ્રકૃતિ સદંતર જુદી જ છે કેમકે ઘાતિકર્મ આત્માના ગુણોનો ઘાત કરે છે અર્થાત્ ઘાતિકર્મ

આત્મા દ્વારા સીધા ભોગવાય છે. અને અઘાતિ કર્મ જીવ સાથે જોડાયેલ શરીરની પ્રકૃતિને ઉપજાવે છે, અર્થાત્ અઘાતિ કર્મો શરીર દ્વારા ભોગવાય છે, આમ ઘાતિકર્મોનો સીધો ભોગવટો આત્મા કરે છે, ત્યારે અઘાતિ કર્મોનો ભોગવટો જીવ દેહ દ્વારા કરે છે. આત્મા પોતે ચેતન છે, ત્યારે શરીર જડ પુદ્ગલનું બનેલું છે. તેથી જે ચેતનના ગુણોને આવરી શકે તેવા કર્મની પ્રકૃતિ અને જે જીવ સાથે જોડાયેલા દેહની પ્રકૃતિ ઉપજાવે તેવા કર્મની પ્રકૃતિ જુદી જ હોવી જોઈએ તે સહેલાઈથી સમજાય તેવું છે. આવાં કર્મનાં પરમાણુઓ પોતપોતાની પ્રકૃતિ અનુસાર આત્માના પ્રદેશોને કંપાવે છે, તેને લીધે અમુક અપેક્ષાએ એ પ્રદેશમાં હલનચલનની ક્રિયા થાય છે. આવા હલનચલન તથા આત્મપ્રદેશના વિભાવને કારણે એ પ્રદેશમાં એક પ્રકારનો વિદ્યુત પ્રવાહ (electric current) ઉત્પન્ન થાય છે. પરિણામે એ પ્રદેશની આસપાસ ચુંબકીય ક્ષેત્ર (magnetic field) રચાય છે. આ ચુંબકીય ક્ષેત્રમાં રહેલા પ્રદેશમાં થતાં હલનચલનના આધારે ધ્રુવતા (polarity) ઉત્પન્ન થાય છે, તેનું આકર્ષણ પામી કર્મનાં પરમાણુઓ એ પ્રદેશ તરફ ખેંચાય છે અને ત્યાં ચિટકી જાય છે. એ કર્મનાં પરમાણુઓમાંથી પોતાનાં આઠ કર્મનાં બંધારણ અનુસાર અંતરાય તથા વેદનીય કર્મની રચના થાય છે. આ રચનાના મુખ્ય બે પ્રકાર છે, અમુખ્યનો હિસાબ નથી; અર્થાત્ તે અનંતાનંત છે.

મુખ્ય બે પ્રકાર તે (૧) ઘાતિકર્મ પ્રેરિત અંતરાય તથા વેદનીય અને (૨) અઘાતિકર્મ પ્રેરિત અંતરાય તથા વેદનીય કર્મ છે. આ કર્મને ભોગવતી વખતે જીવને કેવાં પ્રકારનાં અંતરાય તથા વેદનીય કર્મનો ઉદય છે, તેના આધારે એ આત્મપ્રદેશનું હલનચલન થાય છે. આ પ્રક્રિયાને યોગ્ય રીતે સમજાવવા માટે શ્રીપ્રભુ આપણને તેનું સ્થૂળરૂપ કરી સમજાવે છે કે જ્યારે આત્માને અઘાતિ કર્મ પ્રેરિત અંતરાય અને વેદનીય કર્મનો ભોગવટો કરવાનો હોય છે, ત્યારે તેના આત્માના પ્રદેશો ઘડિયાળની વિરુદ્ધ દિશામાં (anticlockwise) ફરે છે અને જ્યારે આત્માને ઘાતિકર્મ પ્રેરિત અંતરાય તથા વેદનીયનો ભોગવટો કરવાનો

હોય છે ત્યારે તેના આત્મપ્રદેશો ઘડિયાળની દિશામાં (clockwise) ફરે છે. આ હકીકત સમજાવવા શ્રીપ્રભુ નીચે દર્શાવ્યા પ્રમાણેનાં ચિત્રનું દાન આપી આપણને કૃતાર્થ કરે છે.



આ સમજણને લક્ષમાં રાખી આપણે શ્રીપ્રભુની કૃપાથી અને આજ્ઞાથી શ્રી અરિહંતનાં કલ્યાણચક્ર તથા શ્રી ગણધરનાં કલ્યાણચક્રને સમજવા પ્રયત્ન કરીએ. શ્રી અરિહંત ભગવાનને ચારે ઘાતિકર્મ સંપૂર્ણતયા ક્ષય થઈ ગયા હોય છે, તેથી તેમને ઘાતિકર્મ પ્રેરિત અંતરાય કર્મ તથા વેદનીય કર્મનો ક્ષય થઈ ગયો હોય અથવા તો તે કર્મ અઘાતિ પ્રેરિત અંતરાય કર્મમાં રૂપાંતરિત થઈ ગયા હોવા જોઈએ. માટે એમનો આત્મા કેવળી પર્યાયમાં અઘાતિ કર્મ તથા અઘાતિ પ્રેરિત અંતરાય તથા વેદનીય કર્મની નિર્જરા કરે છે. આમ હોવાથી એમના આત્મપ્રદેશો આ નિર્જરા કરતી વખતે ઘડિયાળની વિરુદ્ધ દિશામાં (anticlockwise) હલચલ કરે છે. આ પ્રકારની હલચલથી એમના પ્રદેશો પર અમુક પ્રકારની ધ્રુવતા (polarity) આવે છે. કલ્યાણની કેડમાં શ્રી અરિહંતનું કલ્યાણચક્ર ઘડિયાળની દિશામાં (clockwise) ફરે છે, તેથી એ ચક્રની આસપાસ શ્રી અરિહંત પ્રભુના આત્મપ્રદેશો કરતાં સાવ વિરુદ્ધ પ્રકારની ધ્રુવતા (polarity) સર્જાય છે. આવી વિરુદ્ધ ધ્રુવતાને કારણે તેઓ બંને વચ્ચે અર્થાત્ પ્રભુના આત્મપ્રદેશો અને કેડનાં કલ્યાણચક્ર વચ્ચે એક પ્રકારનાં આકર્ષણનું દબાણ ઉત્પન્ન થાય છે; જેના થકી શ્રી તીર્થંકર પ્રભુના આત્મામાંથી નીકળતાં કલ્યાણનાં પરમાણુઓ ખેંચાઈને કલ્યાણચક્ર પાસે આવી, સક્રિય થઈ, ત્યાં રહેલા છદ્મસ્થ પરમેષ્ટિના આજ્ઞારસને સક્રિય કરે છે.

બીજી બાજુ, શ્રી ગણધરપ્રભુનું કલ્યાણચક્ર ઘડિયાળથી વિરુદ્ધ દિશામાં ફરે છે. ગણધરજીના આત્મપ્રદેશો પર ઘાતિકર્મ પ્રેરિત અંતરાય અને વેદનીય તથા અઘાતિકર્મ પ્રેરિત અંતરાય અને વેદનીય એમ બંને પ્રકાર વર્તે છે. શ્રી ગણધરજીને તીર્થંકર પ્રભુ પ્રતિ વિશ્રામણા કરવાના ઉત્તમ ભાવ રહેતા હોય છે, તેથી તેઓ અઘાતિકર્મ પ્રેરિત અંતરાય તથા વેદનીય કર્મનાં પરમાણુઓનું વિશેષ વિશુદ્ધિકરણ કરવા માટે શ્રી પ્રભુને સમર્પતા જાય છે, અને ઘાતિકર્મ પ્રેરિત અંતરાય તથા વેદનીય કર્મને તેઓ પ્રભુની આજ્ઞાએ પોતાના પ્રદેશો પર ભોગવી લે છે, આથી શ્રી ગણધરજીના આત્મપ્રદેશો, ઉપર જાણેલા સિદ્ધાંત પ્રમાણે, ઘડિયાળની દિશામાં ફરે છે. તેનાથી તેની આસપાસ અમુક પ્રકારની ધ્રુવતા (polarity) અને ચુંબકીય

ક્ષેત્ર (magnetic field) સર્જાય છે. ગણધરજી આત્મામાંથી નીકળતાં કલ્યાણનાં પરમાણુઓ શ્રી અરિહંતપ્રભુનાં કલ્યાણચક્ર તરફ જતાં નથી, કારણ કે ત્યાંની ધ્રુવતા ગણધરના પ્રદેશોની ધ્રુવતા સમાન હોય છે. સમાન ધ્રુવ વચ્ચે અપાકર્ષણ થાય (like poles repel) એ ન્યાયે તે બંને વચ્ચે અપાકર્ષણ રહે છે. પહેલાં આપણે સમજ્યા હતા તે પ્રમાણે શ્રી ગણધરજી પોતાનાં અઘાતિ પ્રેરિત અંતરાય તથા વેદનીય કર્મને શ્રી અરિહંતપ્રભુ સુધી તેમની વિશ્રામણા કરવા તથા વિશેષ શુદ્ધિકરણ કરવા માટે મોકલે છે તેથી શ્રી અરિહંત પ્રભુથી થતી નિર્જરામાં શ્રી ગણધરનાં પણ અઘાતિકર્મ પ્રેરિત અંતરાય તથા વેદનીય કર્મ સમાયેલાં હોય છે. આ પરમાણુઓમાં લોકકલ્યાણ માટેનો કર્તાભાવ પણ રહેલો હોય છે, તે ભાવ છદ્મસ્થ કલ્યાણની કેડમાં અરિહંતના કલ્યાણચક્રને ચલાવે છે, અને તે છદ્મસ્થ પંચપરમેષ્ટિના આજ્ઞારસ સાથે ભળી, લોકકલ્યાણનું કાર્ય કર્યા કરે છે. આ પ્રકારે શ્રી ગણધરજીના ભાવ 'મારા ગુરુ થકી સર્વ જીવોનું કલ્યાણ થાઓ' અપૂર્વ રીતે ફળવાન થાય છે.

આ પ્રકારે શ્રી તીર્થંકર ભગવાનનો સમૂહ અને શ્રી ગણધરપ્રભુનો સમૂહ છદ્મસ્થ કલ્યાણની કેડમાં અપૂર્વ રીતે, ઉત્તમ સનાતન તથા મંગલમય કલ્યાણના તેમજ કૃપાના પ્રવાહને છદ્મસ્થ પરમેષ્ટિ કલ્યાણરસના મૂળમાં રોપણ કરી, કલ્યાણરૂપી મોજાનાં માધ્યમથી એ મૂળ કલ્યાણ તથા કૃપાને એ છદ્મસ્થ કલ્યાણરસનાં દરેક બિંદુમાં અંકિત કરે છે, એટલું જ નહિ પણ, એ છદ્મસ્થ કલ્યાણરસને પૂર્ણ કલ્યાણરસ સુધી પહોંચવાની સુંદર તક આપે છે. આ કલ્યાણરસ ગુપ્ત રીતે નિત્યનિગોદના જીવો તથા સ્થાવર તેમજ ત્રસકાય જીવો સુધી પંચપરમેષ્ટિના સમૂહગત સ્થૂળ તેમજ સૂક્ષ્મ પુરુષાર્થનાં માધ્યમથી પહોંચે છે.

આપણને અહીં એવી જિજ્ઞાસા ઉદ્ભવી શકે છે કે આ આજ્ઞારસ સમસ્ત લોકનાં ભાવો તથા જરૂરિયાતોને અનુરૂપ બની પહોંચી વળી શકે તેમ છે કે નહિ, તેનું તારણ કેવી રીતે કાઢવું? શ્રીપ્રભુ આપણા પર અનોખી અચિંત્ય કૃપા

કરી અતિ સરળ, સુગમ, છતાં પૂર્ણ સમાધાનકારક ઉત્તરથી આપણને પુરસ્કૃત કરે છે, અને એ દ્વારા આપણને દાસાનુદાસરૂપે જન્મોજન્મના કૃતાર્થ બનાવે છે. એમની અસીમ કૃપાથી તથા આજ્ઞાથી એ અનુભૂતિમય રણકારને શબ્દદેહ આપવા અમે પ્રયત્ન કરીએ છીએ.

શ્રી પ્રભુ આપણને યોગ્ય રીતે સમજાવે છે કે મનુષ્યનાં શરીરમાં જેમ કમર કે કેડ મગજના આદેશ પ્રમાણે તથા હૃદયનાં સ્પંદન દ્વારા શરીરનાં પ્રત્યેક અંગને જ્ઞાનતંતુ (nervous system)નાં માધ્યમથી લોહી પહોંચાડે છે, અને અશુદ્ધ લોહીને એ જ જ્ઞાનતંતુનાં માધ્યમથી મગજના આદેશ અનુસાર હૃદય સુધી પહોંચાડી તેને શુદ્ધ કરવામાં મદદ કરે છે, તેવી જ રીતે લોકમાં છદ્મસ્થ કલ્યાણની કેડ પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનના આદેશથી તથા પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનની ધ્રુજારી (vibrations)થી કલ્યાણને આખા લોકમાં, લોકના પ્રદેશો દ્વારા પહોંચાડે છે, અને લોકના જીવોની જરૂરિયાતોને તે જ પ્રદેશો દ્વારા છદ્મસ્થ કલ્યાણની કેડ સુધી પહોંચાડી, પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનની આજ્ઞાથી પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં તેનું શુદ્ધિકરણ કરવા મોકલે છે. આ પ્રક્રિયા દ્વારા પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનને સમસ્ત લોકના જીવોની જરૂરિયાતોની સમજણ મળે છે. એ જ છદ્મસ્થ લોકકલ્યાણની કેડ સાથે સાથે એ જરૂરિયાતની સમજણને પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન સુધી પહોંચાડે છે. આ રીતે લોકમાં રહેલા પંચપરમેષ્ટિ ભગવંતના સમૂહને પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનને યોગ્ય કલ્યાણભાવ કરવાનો આદેશ આપવાનો અવકાશ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન દ્વારા સર્જાય છે.

અહો શ્રીપ્રભુ! આ ક્રિયામાં ગુપ્ત રીતે પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન લોકના જીવો પ્રતિ કેવી અનોખી રીતે વિનય જાળવે છે તે સમજાય છે. પોતા પાસે પૂર્ણ જ્ઞાન તથા દર્શન હોવા છતાં છદ્મસ્થ કલ્યાણની કેડ દ્વારા લોકના જીવોની જરૂરિયાતોને મેળવ્યા પછી જ તે યોગ્ય આજ્ઞાઓ આપે છે, આ પરથી જણાય છે કે લોકમાં છદ્મસ્થ કલ્યાણની કેડ ધર્મનું સનાતનપણું

તથા મંગલપણું સ્થાપવામાં તથા કાયમ રાખવામાં કેટલો બધો મહત્ત્વનો ભાગ ભજવે છે. આ છદ્મસ્થ કલ્યાણની કેડને સનાતનપણું તથા મંગલપણું કાયમી રાખવામાં શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનો એક અંગત સમૂહ એ કેડ માટે સનાતનપણાના તથા મંગલપણાના ભાવ કરી, લોકને સદાકાળ માટે પોતાનો ઋણી બનાવે છે. પરિણામે આ લોકમાં આવા પંચપરમેષ્ટિ પ્રભુના સમૂહનું સનાતનપણું તથા મંગલપણું અનાદિઅનંત બને છે. આ પંચપરમેષ્ટિ પ્રભુના સમૂહના પ્રણેતા એવા શ્રી અરિહંતપ્રભુ તથા તેમને યોગ્ય નિમિત્ત આપનાર એવા શ્રી ગણધરપ્રભુના આત્મામાં કેવી કેવી પ્રક્રિયા થાય છે તેની માહિતી તથા સમજણ મેળવવાનું સૂચન શ્રીપ્રભુ આપણને હળવેકથી કરે છે. જે આપણે એમની તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પરમ કૃપાથી તથા આજ્ઞાથી સ્વીકારીએ અને તે વિશે હ્રદયપૂર્વક ભાવથી વિચારણા કરીએ.

## શ્રી અરિહંત પ્રભુના આત્મામાં થતી અતિ ગુપ્ત પ્રક્રિયા

શ્રી અરિહંત પ્રભુનાં અંતરમાં 'તીર્થંકર નામકર્મ' બંધાયા પછી, સર્વ આત્માઓનું કલ્યાણ સનાતનરૂપ તથા મંગલરૂપ પામે એવા ભાવ સમયે સમયે ધ્રુવબંધી તથા ધ્રુવોદયી હોય છે. તેમ થવા પાછળ એક અતિ અતિ ગુપ્ત ભેદરહસ્ય રહેલું છે. શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી એ અતિગુપ્ત ભેદરહસ્યને શબ્દદેહ આપી અહીં રજૂ કરીએ છીએ. શ્રી અરિહંત પ્રભુનો આત્મા જ્યારે નિત્યનિગોદમાંથી બહાર નીકળે છે ત્યારે સિદ્ધ થતા અરિહંત ભગવાનના મૂળ બળવાન ભાવના કારણે તેમનો સાતમો અને આઠમો રુચકપ્રદેશ એક સાથે ખૂલે છે, નિરાવરણ થાય છે. તે બંને પ્રદેશોમાં સિદ્ધ થતા અરિહંત ભગવાન પોતાની ચૌદમા ગુણસ્થાનની અયોગી દશાની વીતરાગતા સહિતની, ધર્મની સનાતનપણાની તથા ધર્મનાં સનાતન મંગલપણાની અપૂર્વ અનુભૂતિરૂપ આજ્ઞા સમાનપણે (identical રીતે) પૂરે છે. આ આત્મા જ્યારે વિકાસ કરતાં કરતાં અંતર્વૃત્તિનો સ્પર્શ કરે છે ત્યારે એ સાતમા અને આઠમા પ્રદેશમાંથી

ધર્મની આ સનાતનપણાની ભાવના તથા ધર્મનાં સનાતન મંગલપણાની ભાવના, તેને અંતર્વૃત્તિસ્પર્શ આપનાર પ્રભુની ભાવનામાં વેગથી નિમિત્ત બની ભળે છે. આથી એ કલ્યાણરસ અને આજ્ઞારસ અંતર્વૃત્તિ સ્પર્શ પામતા ભાવિ તીર્થંકરના ૭મા તથા આઠમા રુચક પ્રદેશને અનુરૂપ થાય એવા આકાર, ચેતના તથા રૂપને ધારણે કરે છે. આવા રસથી એ જીવને વિદ્યમાન તીર્થંકર પ્રભુનો યોગ થવાથી અંતર્વૃત્તિ સ્પર્શનો યોગ્ય અનુભવ થાય છે.

અહો! પૂર્ણ તીર્થંકર પ્રભુના આત્માનો આ કેવો અલૌકિક વિનીતભાવ છે! તેઓ પોતાના પૂર્ણતાવાળા આજ્ઞારસમાં ભાવિ તીર્થંકરના આત્માના સાતમા તથા આઠમા રુચક પ્રદેશમાંથી ઉપજતા ભાવરસને એકરૂપ થવા દે છે! આમ કરીને તેઓ પોતાની પરિપૂર્ણ શક્તિ માટેની સંપૂર્ણ નિસ્પૃહતા દર્શાવી, ઉત્તમોત્તમ નિર્માનીપણાનું ઉદાહરણ પુરું પાડે છે. બીજી બાજુ અંતર્વૃત્તિસ્પર્શ આપનાર તીર્થંકરનો આત્મા, ભૂતકાળના તીર્થંકર કે જેના થકી આ જીવ નિત્યનિગોદમાંથી બહાર નીકળ્યો છે, એમના પ્રતિ યોગ્ય આભાર, સન્માન તથા વિનય દર્શાવે છે. તે ભાવિ તીર્થંકરનો જીવ જ્યારે નિશ્ચયથી વ્યવહાર સમકિત મેળવે છે, કેવળીગમ્ય પ્રદેશો પ્રાપ્ત કરે છે ત્યારે પણ તેના આત્મામાં આ જ પ્રકારની પ્રક્રિયા થાય છે.

આપણને ખબર છે કે આઠે રુચક પ્રદેશની બાજુના અશુદ્ધ પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોમાં રૂપાંતરિત થાય છે. તેના પરથી આપણને સરળતાથી સમજાય તેમ છે કે સાતમા તથા આઠમા રુચક પ્રદેશની બાજુમાં થયેલા કેવળીગમ્ય પ્રદેશોમાં એની અસર જરૂરથી વધારે રહે. આવો આત્મા જે સમયે તીર્થંકર નામકર્મ બાંધે છે તે સમયથી એમના સાતમા અને આઠમા રુચક પ્રદેશમાંથી ધર્મનાં સનાતનપણાનું તથા ધર્મનાં સનાતન મંગલપણાનું વેદન એ આત્માના કેવળીગમ્ય પ્રદેશોમાં સતત વહ્યા કરે છે. આ સનાતનપણા તથા મંગલપણાથી સમૃદ્ધ થયેલા કેવળીગમ્ય પ્રદેશો અન્ય કોઈક આજ્ઞાધીન અશુદ્ધ પ્રદેશને આ વેદનનું દાન કરે છે, અને તે અશુદ્ધ પ્રદેશ પાસે સનાતન ધર્મની તથા સનાતન મંગલમય ધર્મની ભાવનાનું

વેદન કરાવી બાંધેલાં તીર્થંકર નામકર્મનું ધ્રુવબંધી તથા ધ્રુવોદયી બનાવે છે, ક્રમે ક્રમે આ પ્રક્રિયા અન્ય અશુદ્ધ પ્રદેશોમાં પ્રવેશી વધતી જાય છે, પરિણામે તે આત્માના વધારે ને વધારે અશુદ્ધ પ્રદેશો આવું વેદન વેદતા થાય છે. જ્યારે એ આત્માને ક્ષપકશ્રેણિ માંડવાનો થોડો કાળ બાકી રહે છે ત્યારે, આ ક્રિયામાં જબરો વધારો થાય છે, અને લગભગ બધા જ અશુદ્ધ પ્રદેશો આવું વેદન ભોગવવા લાગે છે. ક્ષપકશ્રેણિમાં તીર્થંકર આત્માના બધા જ અશુદ્ધ પ્રદેશોમાં આ ક્રિયા નિયમપૂર્વક થાય છે. તેથી કરીને જે સમયે એ આત્માને કેવળજ્ઞાન તથા કેવળદર્શન ઉપજે છે તે જ સમયે એમને તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે છે. આમ શ્રી તીર્થંકરપ્રભુની છદ્મસ્થ દશાની ભાવના પણ સાર્થક થાય છે કે મારે પૂર્ણ થયા પછી જ મોક્ષમાર્ગને પ્રગટપણે પ્રકાશવો છે.

## શ્રી ગણધર પ્રભુના આત્મામાં થતી અતિ ગુપ્ત ક્રિયા

શ્રી તીર્થંકર પ્રભુના આત્મામાં થતી અતિગુપ્ત ક્રિયા જાણ્યા પછી, શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુની તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અસીમ કૃપાથી અને આજ્ઞાથી આપણે શ્રી ગણધરપ્રભુના આત્મામાં થતી અતિ ગુપ્ત ક્રિયાનો વિચાર શરૂ કરીએ. શ્રી ગણધરપ્રભુના આત્માને પહેલા સાત રુચક પ્રદેશ નિત્યનિગોદમાં જ શ્રી તીર્થંકર પ્રભુથી પ્રાપ્ત થયા હોય છે. તેમનો આઠમો પ્રદેશ સિદ્ધ થતા ગણધર પ્રભુનાં નિમિત્તથી મળ્યો હોય છે. તે પરથી સહુને ખ્યાલ આવી શકશે કે શ્રી ગણધર પ્રભુના સાતમા રુચક પ્રદેશને સિદ્ધ થતા તીર્થંકર પ્રભુથી ધર્મનાં સનાતનપણાની તથા ધર્મનાં સનાતન મંગલપણાની ભાવનાનું બીજ, તથા તેનું આરોપણ મળ્યું હોય છે. ત્યારે તેમના આઠમા રુચક પ્રદેશમાં સિદ્ધ થતા ગણધર પ્રભુની કૃપાધારાથી ધર્મનાં મંગલપણાની ભાવનાનું તથા ધર્મનાં મંગલ સનાતનપણાની ભાવનાનું રોપણ થયું હોય છે, કેમકે તે પ્રદેશ ગણધરપ્રભુનાં નિમિત્તથી નિરાવરણ થયો હોય છે. આ વિશે વિચારી આપણે સિદ્ધ કરી શકીએ કે ગણધરપ્રભુના આત્માનો આઠમો રુચક પ્રદેશ પોતાની સનાતનપણાની ભાવનાને

ઉદ્દીપ્ત કરવા તથા કાયમ માટે સાચવવા અને માણવા એમના સાતમા પ્રદેશ પાસેથી સનાતનપણાની આજ્ઞાનો રણકાર મેળવે છે. આ યાચકપણાનો અતિ ગુપ્ત પુરુષાર્થ તેઓ પોતાની સિદ્ધિનાં, સમ્યક્ત્વ પરાક્રમનાં પ્રત્યેક પગલે અનુભવે છે. આ પુરુષાર્થની અનુભૂતિ તેમનાં અંતર્વૃત્તિસ્પર્શમાં, નિશ્ચયથી વ્યવહાર સમકિત મેળવવામાં, કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરતી વખતે ઇત્યાદિ પ્રસંગોમાં નિયમથી જોવા મળે છે, ગણધરજીના આત્મામાં રહેલું આ સનાતનપણાનું યાચકપણું તેમના આત્મામાં રહેલા મંગલપણાના રણકારને સનાતનરૂપ આપે છે, અને તેમ કરવામાં તેઓ સાતમા રુચક પ્રદેશની સહાય લઈ, આજ્ઞાધીનપણે વર્તે છે. આ રીતે મળતી અલૌકિક મૂળભૂત સહાયથી એ ગણધરજીનો આત્મા સનાતનપણાનાં પ્રતિબિંબને પોતાની મૂળ મંગલપણાની ભાવનામાં જોવા મથે છે. આમ કરવા જતાં તેમને મંગલપણું ક્ષણિક ભાસે છે. તે ક્ષણિકપણાને ત્યાગી મંગલપણાને કાયમી બનાવવા 'પોતા થકી સર્વનું કલ્યાણ થાય' એવા ભાવનું વેદન તેમનો આત્મા કરે છે. આવો કર્તાપણાનો ભાવ, એમના મંગલપણા સહિતના કલ્યાણભાવનાં કર્મબંધ વખતે કર્તાપણાની ઇચ્છા તથા તેની શક્તિનું અનિવાર્યપણાનું તેઓ ઉમેરણ કરે છે. પરિણામે આવા કલ્યાણકાર્યનો ઉદય તેમને છદ્મસ્થ દશામાં અનુભવવો પડે છે. આ ભાવનાં વેદનને લીધે તેમને શ્રી તીર્થંકર ભગવાનના આત્મા સાથે શુભ ઋણાનુબંધ બંધાતા જતા હોય છે; એટલું જ નહિ પણ તે સંબંધ ગાઢ પણ બનતા જાય છે. આ પ્રકારનાં ઋણાનુબંધ પ્રાથમિક અવસ્થામાં સ્થૂળ હોય છે, અને વ્યવહારથી કલ્યાણકાર્ય કરવાની પ્રવૃત્તિવાળા હોય છે. સમય વીતતા અને ભાવિ તીર્થંકર તથા ભાવિ ગણધરના આત્માની આધ્યાત્મિક પ્રગતિ જેમ જેમ થતી જાય છે તેમ તેમ તેમના કલ્યાણભાવની પણ સૂક્ષ્મતા થતી જાય છે. ભાવિ ગણધરને ભાવિ તીર્થંકર પ્રભુના આત્માનો સંપર્ક જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ તેમને એક અનોખી જાતની શાંતિ, નિસ્પૃહતા તથા અકર્તાપણાના ભાવનો વિશિષ્ટ આનંદ ભાવિ તીર્થંકરના આત્મામાં જોવા મળે છે. તેમને પ્રભુના જીવ સાથે વર્તતા શુભ ઋણાનુબંધના આધારે 'મારે આવો ભાવ માણવો છે'

એવી શુભ ભાવના જાગૃત થાય છે અને તે ભાવના દૃઢ થતી જાય છે. આ પ્રકારનો ભાવ 'મેં ક્યાંક ભાળ્યો છે' એવી અનુભૂતિ પણ ગણધરજીના જીવને પ્રછન્ન રીતે આવે પણ છે. શ્રી પ્રભુ તેમને થતા આવા ભાવનો ખુલાસો કરતાં આપણને સમજાવે છે કે ભાવિ ગણધરને આવા ભાવનું આકર્ષણ થાય છે અને તેનું જાણપણું તેમને લાગે છે, તેનું કારણ તેમના સાતમા રુચક પ્રદેશની અવસ્થા છે, તે પ્રદેશમાં પૂરાયેલા સિદ્ધ થતા શ્રી તીર્થંકર પ્રભુના ભાવનું રોપણ ભાવિ ગણધરને આ ભાવની ઝાંખી કરાવે છે. આવા ભાવનું જોર પકડાતાં, તેનું અત્યંત બળવાનપણું થતાં તે જીવ શ્રી તીર્થંકર ભગવાનના આત્મા સમક્ષ અવિનાભાવિ ઉદયવાળું પરમ કલ્યાણકારી ગણધર નામકર્મ ઉપાર્જન કરે છે.

આ કર્મબંધ થતાની સાથે તેમના આત્મામાં એક અતિગુપ્ત ક્રિયા થાય છે. એ ક્રિયા શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિપ્રભુની પૂર્ણ કૃપાથી તથા આજ્ઞાથી અહીં પ્રકાશિત કરીએ છીએ. ગણધર નામકર્મ બંધાવામાં ગણધરના જીવને શ્રી તીર્થંકર પ્રભુના આત્મા સાથે મોટાભાગે આત્માનુબંધી યોગ બંધાયો હોય છે, જવલેજ તેમની વચ્ચે આત્માનુયોગનો બંધ હોય છે. ઉદિત થયેલા આત્માનુબંધી યોગના પ્રભાવથી શ્રી ગણધરજીના કેવળીગમ્ય પ્રદેશો તથા શ્રી તીર્થંકર પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો એકબીજા સાથે વાર્તાલાપ કરી શકે છે. શ્રી ગણધરજીના જે કેવળીગમ્ય પ્રદેશો પોતાના રુચક પ્રદેશો પાસેથી અત્યાર સુધી માર્ગદર્શન મેળવતા હોય છે, તે માર્ગદર્શન તેઓ શ્રી તીર્થંકર પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો પાસેથી મેળવતા થાય છે. શ્રી તીર્થંકરપ્રભુના કેવળીગમ્ય પ્રદેશોને એમના રુચક પ્રદેશો પાસેથી, તેમાંય ખાસ કરીને તેમના સાતમા તથા આઠમા રુચક પ્રદેશ પાસેથી માર્ગદર્શન મળતું હોય છે. તેથી ગણધરને જ્યારે શ્રી તીર્થંકર પ્રભુ પાસેથી માર્ગદર્શન મળતું થાય છે ત્યારે તે માર્ગદર્શન તેમને પોતાના સાતમા રુચક પ્રદેશ પાસેથી મળતા સૂક્ષ્મ માર્ગદર્શન જેવું લગભગ જણાય છે. આ જાતનો સાથ તેમને શ્રી તીર્થંકર પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો પાસેથી મળતો હોવાથી, ગણધરજીનો આઠમો રુચક

પ્રદેશ અને અન્ય રુચક પ્રદેશો શ્રી તીર્થંકર પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો મારફત શ્રી તીર્થંકર પ્રભુના રુચક પ્રદેશોનો યોગ્ય સમતોલનવાળો, સનાતનપણાનો તથા મંગલપણાનો ધર્મસંદેશો મેળવતા જાય છે, અને એ સંદેશાની મદદથી તેઓ પોતાનું માર્ગ પ્રવર્તાવવાનું કર્તાપણું વોસરાવતા (ત્યાગતા) જાય છે. આ પ્રક્રિયામાં તેમનો ભાવ એવો થતો જાય છે કે 'મારા ગુરુ થકી સહુ જીવોનું કલ્યાણ થાઓ'. આ ભાવની ઉત્તમ અસર થવાથી શ્રી ગણધરજીના આત્મામાં રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશો પાસેથી તેમના અશુદ્ધ પ્રદેશો વધારે ને વધારે બોધ મેળવતા થાય છે. આ પ્રક્રિયા શ્રી તીર્થંકર પ્રભુના આત્મામાં થતી પ્રક્રિયાથી સાવ ઉલટી જ છે, તેથી ગણધરના આત્મામાં થતી આ ક્રિયાને લીધે તેમનો આત્મા પોતાની ક્ષપક શ્રેણિના અંત સુધી જ કલ્યાણક્રિયાનું કાર્ય કરે છે, અને ક્ષપક શ્રેણિની પૂર્ણતા થતાં, તેમને કેવળજ્ઞાન પ્રગટે છે ત્યારે તેમનાં ગણધર નામકર્મનો ઉદય પૂરો થાય છે.

આ બંને ક્રિયાઓ અને તેમાં રહેલા ભાવની સમજણ આવતાં એ સમજાઈ જાય છે કે ગણધરપ્રભુનું ગણધરપદ શા માટે એમની ક્ષપક શ્રેણિ પૂરી થતાં સમાપ્ત થાય છે, તેમનાં નામકર્મનો ઉદય પૂરો થાય છે, અને શ્રી તીર્થંકર પ્રભુનું તીર્થપદ તેમની ક્ષપકશ્રેણિ પૂરી થતાં, કેવળજ્ઞાન પ્રગટતાં ઉદિત થાય છે. શ્રી ગણધરપ્રભુનો માર્ગ એ છે કે પોતાના મંગલપણાના ભાવ પોતાના રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશોમાંથી વોસરાવી દેવા. અને શ્રી તીર્થંકર પ્રભુનો માર્ગ એ છે કે પોતાના સનાતપણાના ભાવો જે રુચક પ્રદેશોમાં રહેલા છે તેને પોતાના કેવળીગમ્ય પ્રદેશોને દાનરૂપે આપવા, જેથી એ પ્રદેશો પોતાના યોગ્ય અશુદ્ધ પ્રદેશોને તે ભાવનું દાન આપી શકે. આ રહસ્ય જાણવાથી, આત્મસાત્ કરવાથી સ્પષ્ટપણે સમજાય છે કે શ્રી તીર્થંકર પ્રભુનો આત્મા પોતાના રુચક તથા કેવળીગમ્ય પ્રદેશોની નિસ્પૃહતાને પોતાનાં કલ્યાણકાર્ય તથા કલ્યાણભાવમાં સહજ રીતે ગૂંથીને આચરી શકે છે, જે, કોઈ પણ અન્ય આત્મા એના કલ્યાણભાવમાં નિસ્પૃહતાને આ રીતે ગૂંથીને આચરી શકતા નથી.

શ્રી પ્રભુની ઉત્તમ કૃપાથી આપણે આમાંથી સમજી શકીએ એમ છીએ કે આપણા આત્માનું જેવું રૂપ છે અને મનુષ્યનાં દેહનું જેવું રૂપ છે તેવું જ વિસ્તૃત રૂપ સમસ્ત લોકમાં આપણે જોઈ શકીએ તેમ છીએ. લોકની જે પર્યાયો છે અને છએ દ્રવ્યની જે જે પર્યાયો છે તે દરેકનું અસ્તિત્વ આપણને આત્માની પર્યાયોમાં ઊંડાણથી વિચાર કરીએ તો જોવા મળે છે. આથી સાબિત થાય છે કે સાચો માર્ગ અન્ય ક્યાંય નહિ પણ આત્મામાં જ રહેલો છે. શ્રી તીર્થંકરપ્રભુ આદિ સર્વ પરમેષ્ટિ પ્રભુની પરમ કૃપાથી પ્રત્યેક આત્મામાં ધર્મનું સનાતનપણું તથા ધર્મનું મંગલપણું એવી અપૂર્વ રીતે સ્થપાયેલું છે કે જે જીવ ધારે અને પુરુષાર્થ કરે તે જીવ પોતાને શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન તથા સિદ્ધ સ્વરૂપ બનાવી શકે. આ માર્ગને સત્યરૂપે ઓળખવા માટે તથા તેને સતત આચરવા માટે ભોમિયારૂપી સત્પુરુષ, સત્સંગ તથા સત્પુરુષાર્થ આવશ્યક તેમજ અનિવાર્ય પણ છે. તે માટે પ્રભુજી આપણને બોધે છે કે,

> "હે જીવો! તમે બુઝો! સમ્યક્પ્રકારે બુઝો! તમે સહુ, લોકના નાથ થવા સર્જાયા છો! ધર્મરૂપી સહજ સમાધિસુખ તમારી અંદર રહેલ મુક્તાફળની અનુભૂતિને ચાખવા તથા માણવા ઉત્સુક છે. તમે તમારામાં એવો ભવ્ય પુરુષાર્થ જગાડો કે જેથી એ કલ્પવૃક્ષનો આશ્રય તમને ઈચ્છિત સિદ્ધિને પ્રાપ્ત કરાવે. હે જીવો! તમે જાગો! તમે આળસ તેમજ પ્રમાદનો ત્યાગ કરો! તમારી પાસે આવેલા ઉત્તમ નિમિત્તને ઉપાદાનની પ્રસાદી આપી, એ નિમિત્તને યોગ્ય વિનયાભારથી અજવાળો. આત્મા ચેતન છે, માટે જે શુભ અને શુદ્ધ ભાવોને તમે એમાં જેટલા અંશે પૂરશો એટલા અંશે અને એનાથી પણ વિશેષરૂપે તમને શાંતિસભર સમાધિ મળશે. તેમાં એક અતિ અતિ ગુપ્ત છતાં અપૂર્વ કલ્યાણમય માર્ગ સમાયેલો છે. આ માર્ગની શ્રીપ્રભુ 'નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ સ્વરૂપ, નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મ સ્વરૂપ તથા નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધસ્વરૂપ' તરીકે ત્રણ વિભાગમાં આપણને ઓળખ આપે છે. આ માર્ગની ગૂઢમય સમજણ

આપણે આવતા પર્યુષણમાં (આ પછીના કાળમાં) શ્રી પ્રભુની કૃપાથી તથા શ્રી પરમેષ્ટિની આજ્ઞારૂપે લેવાની છે, શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અદ્વિતીય કૃપા, સાથ, આજ્ઞા તથા સમાધિવાળી પ્રસાદી મને, તમને તથા સહુને સમયે સમયે વર્ધમાન થતી જાઓ, એ જ શ્રી પ્રભુને અમારી હ્રદયભીની યાચના છે."  ૐ શાંતિઃ

यथा यथा समायाति, संवित्तौ तत्त्वमुत्तमम्।
तथा तथा न रोचन्ते, विषया सुलभा अपि।। (३७)

અનુભૂતિ નિજાત્માની, જેમ જેમ પ્રકાશતી,
તેમ તેમ છતા ભોગે, સ્વયં રુચિ વિરામતી. (૩૭)

જેમ જેમ સ્વાનુભવમાં ઉત્તમ તત્ત્વરૂપનો અનુભવ થતો જાય છે, તેમ તેમ યોગીને સહેલાઈથી પ્રાપ્ત થતા વિષયો પણ સારા નથી લાગતા. (૩૭)

यथा यथा न रोचन्ते, विषया सुलभा अपि ।
तथा तथा समायाति, संवित्तौ तत्त्वमुत्तमम् ।। (३८)

જેમ જેમ છતા ભોગે, સ્વયં રુચિ વિરામતી,
તેમ તેમ અનુભૂતિ, પરમાત્માની થતી છતી. (૩૮)

જેમ જેમ ભોગો તરફ અરુચિ વધતી જાય છે, તેમ તેમ યોગીના સ્વસંવેદનમાં સ્વાનુભવની પરિણતિ વૃદ્ધિ પામતી જાય છે. (૩૮)

– શ્રી પૂજ્યપાદસ્વામી રચિત
ઈષ્ટોપદેશ, ગાથા ૩૭-૩૮.

## પ્રકરણ ૨

# નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ

નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ સ્વરૂપ
નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મ સ્વરૂપ
નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધસ્વરૂપ

શ્રી ૐરૂપ મહાઅગ્નિના અપૂર્વ પાલક, ધારક, સંચાલક તથા પરમેષ્ટિપદના અગ્રસ્થાને બિરાજી મહાતીર્થ, મહાશાંતિ ફેલાવનાર, તેમજ મહામહા ગંભીર, અપરંપાર વિશાળ સમુદ્રના નાદને પ્રગટાવનાર પૂર્ણ અરિહંત ભગવાનને અને તેમના પરમ પવિત્ર રુચક પ્રદેશોને અને કેવળીગમ્ય પ્રદેશોને સમયાત્મક વંદન હો. આ રુચક તથા કેવળીગમ્ય પ્રદેશોમાં સનાતન ધર્મરૂપ મંગલ અગ્નિ, વિના અપવાદે નિર્ધૂમ રૂપ ધારણ કરી, એ અગ્નિમાંથી વિશેષ અગ્નિ ઉત્પન્ન કરી ત્રિવેણી બને છે. એ દ્વારા તે નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ સ્વરૂપ, નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપ અને નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધસ્વરૂપના નિરાકાર આકારનું સર્જન કરે છે. આ અગ્નિ પ્રભુના આખા આત્માને નિરાકાર નિર્ધૂમ અગ્નિરૂપ મહાતીર્થ બનાવી, સાદિ અનંત કાળ માટે એ રૂપ બક્ષે છે; એટલું જ નહિ પણ, તે સમૂહગતરૂપે અનાદિ અનંત કાળ માટે ધર્મનાં સનાતનપણાને તથા ધર્મનાં સનાતનપણાથી ઉપજતા ધર્મનાં મંગલપણાને પ્રજ્વલિત રાખી, સંસારમાં ચેતનમય ધર્મનું સિંચન કરી, સંસાર તથા સિદ્ધભૂમિને એક જ લોકમાં સ્થાપી, સર્વ જીવોને શિવ થવા માટે પ્રેરણારૂપ થાય એવા મહાધર્મને તીર્થસ્વરૂપે પ્રવર્તાવે છે, પ્રવર્તાવવાના પણ છે.

"અહો! તીર્થરૂપે મહાસમાધિના દેનાર શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ! તમારું આ અતિગુપ્ત કાર્ય અમારાથી વેદાતા અકથ્ય અહોભાવને પણ ફીક્કો પાડે

છે; કારણકે તમારાં આ કાર્ય તથા પુરુષાર્થ એવાં અપૂર્વ છે કે તેમાં ધર્મભરિત મહાગ્નિ નિરંતર પ્રજ્વલિત જ રહે છે; વળી આ અગ્નિ તેનાં ઉત્કૃષ્ટ સ્વરૂપ સુધી પહોંચે તે માટે તમે તમારા અંગત તથા વ્યક્તિગત પુરુષાર્થ ઉપરાંત યશને સમૂહગત પુરુષાર્થ તથા યશમાં પરિણમાવતા જ રહો છો. આ અતિ અતિ નિર્માની કાર્યનાં ફળરૂપે તમે જીવો માટે પ્રત્યેક ક્ષણે તથા સમયે ઉત્તમ નિમિત્ત બનવા તથા બનાવવા કાર્યકારી રહો છો. આથી જે સમયે જીવનું ઉપાદાન ઉત્કૃષ્ટતાએ પહોંચે તથા એ જીવનાં ઉત્તમ નિમિત્ત મેળવવાનાં અંતરાયો ક્ષય થયાં હોય તે સમયે તમે આ ઉત્તમ નિમિત્તરૂપ પ્રસાદી એ જીવને નિષ્કારણ કરુણાથી દાનરૂપે આપો છો."

"હે પંચપરમેષ્ટિ પ્રભુ! તમારા આ અપ્રમત્ત સમૂહગત પુરુષાર્થના આધારે, શ્રી તીર્થંકર પ્રભુ પોતાનાં અઘાતિ કર્મોથી ઉપાર્જિત પાંચ સમવાયની મર્યાદાને તમારા માધ્યમ દ્વારા ઓળંગીને, અમર્યાદિત પરિભાષાનાં કલ્યાણકાર્યના ઉત્કૃષ્ટ યોગમાં લઇ જવા સમર્થ બને છે. આ મહામહા પરંતુ અતિગુપ્ત ઉપકારનો આભાર વ્યક્ત કરવા શ્રી અરિહંત ભગવાન તથા પોતાની પૂર્ણ સિદ્ધ અવસ્થાએ પહોંચનાર અરિહંત સિદ્ધ તથા અન્ય સર્વ સિદ્ધ ભગવાન પોતાનું સ્થાન એ પંચપરમેષ્ટિના સમૂહમાં ઉમેરે છે. આમાં પૂર્ણ તથા સિદ્ધ આત્માઓનો એક અપૂર્વ વિનયભાવ અમને જોવા મળે છે; તેઓ પોતે ગ્રહણ કરેલા ઉપકારનો આભાર વ્યક્ત કરવા પોતાની પૂર્ણ અવસ્થામાં પણ છદ્મસ્થ એવા ગણધર, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુસાધ્વીના સમૂહ સાથે પોતાનાં રૂપને ભેળવે છે, અને તેઓ આ સમૂહની જ સમય સમયની આજ્ઞાનું પાલન કરે છે."

"અહો! અહો! વારંવાર અહો! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ! તમારું આ કાર્ય તથા પુરુષાર્થ સદાકાળ માટે, ઉત્કૃષ્ટપણે વર્ધમાન થતું જાઓ, અને તે

કાર્ય જયવંત વર્તો! એ જ અમારી દાસાનુદાસની અંતરના રોમેરોમની તથા આત્માના પ્રદેશે પ્રદેશની પ્રયાચના છે.”

નિર્ધૂમ અગ્નિ એ સર્વ અગ્નિઓમાં સહુથી વધારે તીક્ષ્ણ તથા ઉત્તમ છે. એ અગ્નિમાં ઈંધનના આહાર, વિહાર તથા નિહાર પૂર્ણાતિપૂર્ણ પરિભાષાના ઉત્કૃષ્ટ યોગે પહોંચે છે, પરિણામે નિહાર એ આહારનું ઉત્તમ નિમિત્ત બની, અગ્નિમાંથી અગ્નિ ઉત્પન્ન કરાવે છે. આ અગ્નિમાંથી અગ્નિ ઉત્પન્ન થતો હોવા છતાં, એ ઈંધનના નિહારમાંથી ધુમાડારૂપ કચરો ઉત્પન્ન થતો નથી; બલ્કે એ નિહાર આત્મા માટે આહારરૂપ બની, એ અગ્નિને વધારે પ્રકાશમય, તેજોમય તથા તીક્ષ્ણ બનાવવામાં કાર્યકારી થાય છે. આવો ભવ્ય પુરુષાર્થ સર્વ આત્માઓ પોતાની પૂર્ણ અવસ્થાએ અર્થાત્ ચૌદમા ગુણસ્થાને કરે છે. આમ થવાનું અતિ અતિ ગુપ્ત કારણ આપણને શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ સહજતાએ સમજાવે છે. આ રહસ્યને તેમની જ કૃપાથી તથા આજ્ઞાથી શબ્દદેહ આપી અહીં વ્યક્ત કરું છું.

આપણે બધા જાણીએ છીએ કે ચૌદમા ગુણસ્થાને સર્વ શુદ્ધ આત્માઓ યોગને રૂંધે છે. જ્યારે યોગ રુંધાય ત્યારે આત્માની આહાર, વિહાર તથા નિહારની ક્રિયાઓ અટકવી જોઈએ, બંધ થવી જોઈએ. પરંતુ, શ્રીપ્રભુએ તો આપણને સમજાવ્યું છે કે સર્વ આત્માઓ ચૌદમા ગુણસ્થાને પોતાનાં યોગને રુંધવા છતાં, શેષ રહેલાં અઘાતિ કર્મો તથા અઘાતિ અંતરાયોનો નિયમાનુસાર પૂર્ણ ક્ષય કરી, એક જ સમયમાં સિદ્ધભૂમિ સુધીનું પોતાનું પર્યટન પૂર્ણ કરે છે. આથી અહીં આપણને પ્રશ્ન ઉદ્ભવી શકે છે કે જ્યાં યોગ નથી, ત્યાં કર્મક્ષયનું કાર્ય કેવી રીતે ચાલુ રહી શકે છે? શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ તથા પૂર્ણ પ્રભુ આપણા પર અતિ અતિ કૃપા તથા કરુણાની વર્ષા કરી આનો ખુલાસો આપણને આપે છે.

તેઓ આપણને સમજાવે છે કે ચૌદમા ગુણસ્થાને સર્વ શુદ્ધ આત્માઓ નિર્ધૂમ પુરુષાર્થને આચરે છે. તેરમા ગુણસ્થાનના અંતભાગમાં જ્યારે ભગવાન કેવળી

સમુદ્‌ઘાત કરે છે ત્યારે તેઓ, ચૌદમા ગુણસ્થાને ઉત્કૃષ્ટ રૂપ ધારણ કરે તેવું ઉત્તમ વીર્ય શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના સમૂહ પાસેથી ગ્રહણ કરે છે. આ વીર્યમાં એવી ઉત્કૃષ્ટ તીક્ષ્ણતા હોય છે કે જેની સહાયથી આત્મા ઝીણામાં ઝીણાં કર્મ પુદ્‌ગલનાં પરમાણુઓનો પણ ક્ષય કરી શકે છે. આ વીર્યને પ્રાપ્ત કરવા માટે આત્માની યોગ્ય પાત્રતા હોવી જરૂરી છે. આવી પાત્રતા સર્વ આત્માને કેવળી સમુદ્‌ઘાત કર્યા પછી જ આવે છે. તેથી પ્રત્યેક આત્માએ એ વીર્યને પ્રાપ્ત કરતાં પહેલાં શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ સમક્ષ એવું પ્રણ લેવું પડે છે કે તેઓ એ વીર્યનો આહાર, વિહાર તથા નિહાર પોતાના આત્મામાં જ કરશે; એમાંનું એક નાનું સરખું બુંદ પણ વર્તુળમાં જવા દઈ, તેને વેડફશે નહિ. જો અપવાદરૂપે પણ એકાદ બિંદુ બહાર સરી પડે તો, અન્ય કોઈ જીવ એનો આહાર કરી, અપાત્રે વીર્ય ગ્રહણ કરવાનો દોષ વહોરી પોતાનો સંસાર અનંતગમે વધારી નાખે. કેવળી સમુદ્‌ઘાત કર્યા પછી પ્રત્યેક આત્મામાં એવી શક્તિ આવે છે કે તેઓ કરેલા આહારને પૂર્ણતાએ વિહારમાં લઈ જઈ શકે છે, વિહારને પૂર્ણતાએ નિહારમાં ફેરવી શકે છે, અને એ જ નિહારને પૂર્ણતાએ આહારમાં તેઓ પરિણમાવે છે. આ ક્રિયાને શ્રી પ્રભુ 'નિર્ધૂમ અગ્નિ પુરુષાર્થ' તરીકે ઓળખાવે છે. જેને આપણે વ્યવહારમાં 'self propelling' ગણીએ છીએ. આવા નિર્ધૂમ અગ્નિ પુરુષાર્થને આદરવા માટે આત્માએ પોતાના પુરુષાર્થને ખૂબ જ તીક્ષ્ણ કરવો પડે છે; જે તીક્ષ્ણતા, યોગ અતિ સૂક્ષ્મ હોવા છતાં પણ સહન કરી શકતો નથી. તેને લીધે સર્વ આત્માઓ નિયમપૂર્વક ચૌદમા ગુણસ્થાને યોગને રુંધે છે. તેથી આવી આહાર, વિહાર તથા નિહારની ક્રિયા માત્ર આત્માના પ્રદેશોમાં જ થાય છે; જે એક અગ્નિરૂપ હોય છે. આ અગ્નિની શુદ્ધિને કોઈ પણ કર્મ પરમાણુ સહન કરી શકતું નથી; તેથી તેનાં સિંચન માટે ચેતનરૂપ આત્મપ્રદેશનું સાધન અનિવાર્ય છે. શ્રીપ્રભુ અહીં એક અતિ અગત્યની ચેતવણી આપણને આપે છે. જો કોઈ પણ પ્રમાદ આદિ કારણસર આ વીર્ય આત્મા પર રહેલા વૈભાવિક પુદ્‌ગલ સાથે ભળે છે તો એમાંથી ઉત્પન્ન થતી વિક્રિયા તે જીવ માટે સંસાર વધારનાર બને છે.

એ ઉગ્ર વીર્ય અયોગ્ય સ્થાને વાપરવાથી, બળવાન મિથ્યાત્વ, અનંતાનુબંધી કષાય તથા અતિ બળવાન અશાતાવેદનીય કર્મના આશ્રવનું નિમિત્ત બને છે. માટે જે આત્મા આ વીર્યને ગ્રહણ કરે છે, તેણે આ વીર્યનો ઉપયોગ નિર્ધૂમ અગ્નિરૂપ પુરુષાર્થ કરવામાં જ નિયમપૂર્વક કરવાનો રહે છે.

આ નિર્ધૂમ અગ્નિનું સ્વરૂપ કેવું હોય છે? શ્રી પ્રભુ એમના દિવ્ય ૐનાદના માધ્યમથી આપણને જણાવે છે કે નિર્ધૂમ અગ્નિ એક પરમ શીતળ મહાગ્નિ જેવો છે. આ મહાગ્નિની એક અપૂર્વ લાક્ષણિકતા એવી છે કે જે આપણને અન્ય અગ્નિઓમાં જોવા મળતી નથી. સંસારમાં આપણે જોઈએ છીએ કે લાકડાં આદિ ઈંધનનો વપરાશ કરી અગ્નિને પ્રજ્વલિત કરવામાં આવે છે, અને છેવટમાં તેનો નાનો સરખો ભાગ રાખરૂપે અવશેષ રહે છે. બીજી રીતે કહીએ તો ઈંધનરૂપ પદાર્થનો ઉપયોગ કરી, ઈંધનના જથ્થામાં ઘણો ઘટાડો કરી, અગ્નિ પોતાનાં જ તેજને વધારતો હોય છે. નિર્ધૂમ અગ્નિમાં એનાથી જૂદા પ્રકારની પ્રક્રિયા થાય છે. જ્યારે નિર્ધૂમ અગ્નિ પ્રજ્વલિત થાય છે ત્યારે તે કર્મનાં પરમાણુઓને તેની પરમ શીતળતાથી બાળે છે. આમ અહીં ઈંધન એ આત્માનો શીતળતાવાળો ગુણ છે, તેથી અગ્નિ અતિ શીતળતાને ધારણ કરે છે. જેમ જેમ એ અગ્નિની શીતળતા વધતી જાય છે, તેમ તેમ તે નિર્ધૂમપણું ધારણ કરી કર્મ પરમાણુઓને બાળે છે. આવી બાળવાની ક્રિયાથી આત્મા વધારે શીતળ થાય છે. પરિણામે એ અગ્નિરૂપ ઈંધનની શીતળતા ઘટવાને બદલે વધતી જાય છે; અને આત્મા વિશેષ વિશેષ શાંતિ ધારણ કરતો જાય છે; જેનાં લીધે નિર્ધૂમ અગ્નિને વધારે બળ મળે છે અને તે વધારે પ્રજ્વલિત થાય છે. આ કારણથી નિર્ધૂમ અગ્નિ 'નિર્ધૂમ અગ્નિના પુરુષાર્થ'નું (self propelling) રૂપ ધારણ કરે છે. આ અગ્નિની ઉત્તમ શીતળતા દેહનાં છેલ્લામાં છેલ્લા દળિયાનો પણ નાશ કરવા સમર્થ હોય છે. આ અગ્નિથી આત્માના મનોયોગ, વચનયોગ, કાયયોગ(ઔદારિક, તેજસ તથા કાર્મણ શરીર), શ્વાસોશ્વાસ આદિનાં પરમાણુઓ વેરણછેરણ થઈ, લોકમાં વેરાઈ જાય છે. જેમ જેમ આ આત્માથી ભિન્ન પદાર્થો નિર્ધૂમ અગ્નિની શીતળ તેજસ્વીતાના

આધારે બળતા જાય છે (લોકમાં વેરાતા જાય છે), તેમ તેમ આત્મપ્રદેશો એ નિર્ધૂમ અગ્નિના સીધા (direct) સંપર્કમાં આવતા જાય છે. નિર્ધૂમ અગ્નિના સીધા સંપર્કના વધવા સાથે આત્માનાં શીતળતારૂપ ઈંધનની વૃદ્ધિ થતી જાય છે, પરિણામે નિર્ધૂમ અગ્નિ વધારે ને વધારે પ્રજ્વલિત થતો જાય છે. આ નિયમને જરા વિસ્તારથી વિચારીએ તો આપણને નીચે પ્રમાણે સમજાય છે.

નિર્ધૂમ અગ્નિની આહારરૂપ શીતળતા એ અગ્નિને પ્રજ્વલિત કરી, એનો વિસ્તાર વધારે છે, એટલે કે એનો વિહાર થાય છે. આ વિહાર આત્મા પર રહેલા સર્વ વિભાવનાં કારણોને બાળતો જાય છે, અર્થાત્ તે વિહાર નિહાર રૂપે પરિણમે છે. નિહાર થવાથી આત્મા વિશેષ શુદ્ધ થાય છે, જે આહારરૂપ શીતળતાને જન્મ આપે છે (વિકસાવે છે). આમ નિહાર દ્વારા આત્મા માટે આહાર ઉત્પન્ન થાય છે. આમ સર્વ પુદ્ગલ પરમાણુઓ પૂર્ણતાએ અગ્રાહ્ય બની લોકમાં વેરાઈ ન જાય ત્યાં સુધી આ પ્રક્રિયા થયા કરે છે.

નિર્ધૂમ અગ્નિની આ લાક્ષણિકતાને વધારે વિસ્તારથી તથા ઊંડાણથી સમજવા માટે શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ ભગવંત આપણને આ ક્રિયા ત્રણ વિભાગમાં સમજવા આજ્ઞા કરે છે.

આ અપૂર્વ શુદ્ધિ તથા સિદ્ધિચક્રનું ભાગ્ય ગ્રહણ કરવા માટે શુધ્ધ થતા આત્માએ પરમેષ્ટિરૂપે તથા પરમાત્મારૂપે ૬-૭ ગુણસ્થાને યોગ્ય પુરુષાર્થ કરી વીર્ય ગ્રહણ કરવું પડે છે. અને તે વિર્યનો સાચો ઉપયોગ આત્મા ચૌદમા ગુણસ્થાને કરે છે.

આ ત્રણ વિભાગ છે:

૧. નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ સ્વરૂપ (પંચપરમેષ્ટિ પદમાં સમાવેશ પામેલા આત્મા છઠ્ઠા સાતમા ગુણસ્થાને નિર્ધૂમ અગ્નિ પ્રગટાવે તે)

૨. નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મા સ્વરૂપ (તેરમા ગુણસ્થાને તથા ક્ષપક શ્રેણિમાં આત્મા વીર્ય ગ્રહણ કરી નિર્ધૂમ અગ્નિ પ્રગટાવે તે)

૩. નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધસ્વરૂપ (ચૌદમા ગુણસ્થાનનો અને તે પછીનો પુરુષાર્થ)

આ ત્રણે વિભાગ એકબીજા સાથે, એક પછી એક ચડતા ક્રમમાં વધતા જાય છે, જેથી એ ત્રણે નિર્ધૂમ અગ્નિરૂપ પરિણમી (self propelling કક્ષાને ધારણ કરી), અપૂર્વ રીતે આત્માને પૂર્ણ કલંકરહિત અડોલ દશાની પૂર્ણાતિપૂર્ણ પરિભાષાની ઉત્કૃષ્ટ અવસ્થાના અનુભવ વેદનમાં સહજપણે સરાવે છે. આ ત્રણે વિભાગને યથાર્થ રીતે તથા વ્યવસ્થિત રીતે સમજવા અતિ દુષ્કર તથા અટપટા છે. કારણ કે આત્મા આ સર્વ સ્થિતિઓ મુખ્યતાએ ચૌદમા ગુણસ્થાને અનુભવે છે. વળી, ચૌદમા ગુણસ્થાન સંબંધી જ્ઞાન તથા અનુભવ આપણને અતિ મર્યાદિત રૂપમાં છે. તેથી, આવા અત્યુત્તમ ભેદજ્ઞાનને મેળવવા માટે આપણી પાસે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપા અને દયાભક્તિભરિત યાચનાવાળી પ્રાર્થના કરવા સિવાય બીજાં કોઈ સાધનો જણાતાં નથી. આંતરભક્તિનાં ઉત્તમ વેદનની ભીનાશ પ્રાર્થનાના આવા શબ્દો રૂપે વ્યક્ત થાય છે;

"ૐ રૂપ મહાકલ્યાણમય, સનાતન તથા મંગલમય ભાવના આજ્ઞારસમાં, નિર્ધૂમરૂપે સતત પ્રજ્વલિત મહાગ્નિના પરમ માવતરરૂપ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને આ દીન બાલકના પરમ પ્રેમસભર સાષ્ટાંગ દંડવત્ વંદન હો, વંદન હો, વંદન હો. અહો! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ! તમે તમારી અસીમ, અકથ્ય, અસીમિત, અપૂર્વ અને ન્યારી કૃપા તેમજ સાથને અરૂપી માધ્યમથી શરૂ કરી, આશ્ચર્યજનક રીતે તેને અરૂપીવેદનવાળા કલ્યાણપરમાણુઓમાં સમાવી, એ રૂપી કલ્યાણનાં પરમાણુઓને અગુરુલઘુ કલ્યાણભાવના અપૂર્વ ૐનાદનાં માધ્યમથી સર્વ જીવો સુધી એક ધૂનથી, એક નિષ્ઠાથી તથા એક ધારાએ પહોંચાડો છો. તમારા આ કલ્યાણભાવની એક એવી અપૂર્વ લાક્ષણિકતા છે કે એને ગ્રહણ કરવા માટે જીવ સમસ્ત પાત્ર છે, સહુ સુધી તેને પહોંચાડવા માટે જીવ સમસ્ત નિમિત્ત થઈ શકે છે, અને એને છોડવા માટે અર્થાત્

નિર્જરા કરવા માટે પણ જીવ સમસ્ત પાત્ર છે. બીજી રીતે કહીએ તો કલ્યાણનાં એ પરમાણુઓનો આહાર, વિહાર તથા નિહાર કરવા માટે યોગ્ય દશા આવ્યે જીવ સમસ્ત પાત્રતા ધરાવે છે. એને ગ્રહણ કરવા માટે માત્ર ચેતનદ્રવ્યની જ આવશ્યકતા છે. આ માટે શ્રી પ્રભુ પાસેથી આપણને સમજણ મળે છે કે નિત્ય નિગોદના અલ્પાતિઅલ્પ વીર્ય ધરાવનાર જીવો તથા અયોગી કેવળી જેવા પૂર્ણાતિપૂર્ણ વીર્યવાન આત્મા આ પરમાણુઓને ગ્રહણ કરી શકે છે. એજ રીતે નબળામાં નબળાથી શરૂ કરી સબળામાં સબળા આત્મા કલ્યાણભાવ કરી, કલ્યાણનાં એ પરમાણુઓનો વિહાર તથા નિહાર કરી શકે છે. એ પરમાણુઓમાં રહેલો મધ્યસ્થભાવ સહિતનો જે આજ્ઞારસ છે, અને સર્વ જીવોના કલ્યાણભાવને અવગાહના આપવાની તેની જે શક્તિ છે તે એમની અપૂર્વ લાક્ષણિકતા છે.”

“અહો! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ! નિત્યનિગોદમાં ઉત્કૃષ્ટ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયોની પાબંધી વચ્ચે પણ, તમે અમારા આત્મા પર ધર્મનાં મંગલપણાનું તથા સનાતનપણાનું સ્થાપન કર્યું હતું; જેથી અમને રુચક પ્રદેશોની પ્રાપ્તિ થવી સંભવિત બની. તમારા ઉત્તમ કલ્યાણભાવે અમારા એ વખતના અતિ અતિ બળવાન તથા ઉત્કૃષ્ટ અંતરાયકર્મને ઓળંગીને અમારા પર ધર્મનું વર્ચસ્વ સર્જાવ્યું. અમારાં ઘણાં બળવાન જ્ઞાનાવરણ કે દર્શનાવરણ કર્મ પણ, એ ધર્મરૂપી જ્ઞાન તથા દર્શનની સ્થાપનાને રોકી શક્યા નહિ. આપે જ આ ધર્મનાં બીજને ધર્મરૂપી વૃક્ષમાં પરિણમાવ્યું. આથી, હે પંચપરમેષ્ટિ દાતાર! અમને તમારામાં પૂર્ણાતિપૂર્ણ વિશ્વાસ છે કે જો તમે અમારા અલ્પ તથા સૂક્ષ્મ એકેંદ્રિયપણામાં પણ ધર્મનું મહાત્મ્ય સ્થાપી શક્યા, તો પછી અમારામાં યોગ્ય ભક્તિ તથા આજ્ઞાનું વેદન સર્જાશે ત્યારે તમે, અત્યારે અતિ અતિ દુષ્કર જણાતી ચૌદમા ગુણસ્થાનની સૂક્ષ્મ સમજણ, સરળ, સુગમ તથા સચોટ

ભાષા દ્વારા દાનરૂપે જરૂર આપશો. આ ઉત્તમ પ્રસાદી મેળવવા માટે, હે પ્રભુ! અમારી પાસે તો શ્રદ્ધા તથા ભક્તિ જ સાધનરૂપે છે, જેના સહારે અમે આ પ્રસાદી પામવા ઇચ્છીએ છીએ. જેમ એક નાનું બાળક પોતાની ઇચ્છિત વસ્તુ મેળવવા માટે તેના પિતા પાસે વિના સંકોચ કે વિના શરમ માંગણી કરે છે, તેને પોતાની મર્યાદાનો, શક્તિની અલ્પતાનો ખ્યાલ હોવા છતાં પિતાની સમર્થતાના આધારે પોતાની પામરતાને ઓળંગી ઇચ્છિત મેળવવાની ખ્વાએશ રાખે છે, તેમ જ અમે પણ વિશ્વાસ રાખ્યો છે કે અમારી બળવાન ભક્તિ અને શ્રદ્ધાના મહામાર્ગથી અમને જરૂરથી આ કપરી તથા અતિ દુષ્કર સમજણની પ્રાપ્તિ થશે. આ આશા સાથે અમે અમારાં તન, મન, પરમાણુઓ, પ્રદેશો તથા અમારો સમગ્ર આત્મા તમારાં પવિત્ર ચરણોમાં ધરીએ છીએ, સોંપીએ છીએ.”

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

અપૂર્વ ૐરૂપ સમાધિમાં ૐનું ગુંજન શબ્દનાં માધ્યમથી જ્ઞાનની લહાણી કરે છે, જેને શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાથી અવધારી, એમની કૃપાના સાથથી શબ્દદેહ આપી, એનો યોગ્ય ચિતાર આપવા પ્રયત્ન કર્યો છે.

## નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ સ્વરૂપ

જે આત્મા જીવ સમસ્ત માટે યોગ્ય કલ્યાણભાવ કરી પંચપરમેષ્ટિપદમાં સમાવેશ પામે છે, તે પરમેષ્ટિ કહેવાય છે. પંચપરમેષ્ટિ પદમાં આત્મા સાધુસાધ્વીરૂપે, ઉપાધ્યાયરૂપે, આચાર્યરૂપે, ગણધરરૂપે, અરિહંતરૂપે તથા સિદ્ધસ્વરૂપે સમાવેશ પામે છે. સામાન્ય રીતે પદ નિકાચીત થાય ત્યારથી તેઓ પરમેષ્ટિપદ પામવાના છે તે નક્કી થાય છે; અને તે પદ ઉદયમાં આવે ત્યારથી તેઓ પરમેષ્ટિપદ પામ્યા એમ કહેવાય છે. અને એ વખતનો તેઓ સહુનો પુરુષાર્થ વિશેષપણું

ધારણ કરે છે. અને તેમાંની સહુથી ઉચ્ચ કક્ષા તેમના નિર્ધૂમ પુરુષાર્થમાં રહેલી છે.

જેઓ પંચપરમેષ્ટિમાં સ્થાન પામ્યા પછી, કેવળજ્ઞાન લેતાં પહેલાં આવો નિર્ધૂમ પુરુષાર્થ કરી શકે છે તેઓ નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ પુરુષાર્થ સાધે છે; જેઓ એ જ પદવી સાથે કેવળજ્ઞાન લીધા પછી નિર્ધૂમ પુરુષાર્થ સાધે છે તેઓ નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મ પુરુષાર્થ સાધે છે, અને જેઓ ચૌદમા ગુણસ્થાનથી નિર્ધૂમ અગ્નિરૂપ પુરુષાર્થ કરે છે તેઓ નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધસ્વરૂપનો પુરુષાર્થ સાધે છે.

નિર્ધૂમ પુરુષાર્થ એટલે એવો પુરુષાર્થ કે જેમાં આહાર પૂર્ણાતિપૂર્ણતાએ વિહારમાં પરિણમે છે; એ વિહાર પરિપૂર્ણતાએ નિહારરૂપ થાય છે; અને એ જ નિહાર ફરીથી પૂર્ણાતિપૂર્ણ આહારરૂપે પરિણમે છે; આમ થવાથી આત્માની શીતળતા વધતી જ જાય છે, એટલું જ નહિ પણ તેનાથી નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ વધારે ને વધારે પ્રજ્વલિત થતો જાય છે. આમ થતાં એ અગ્નિ યોગ્ય કાળે મહાગ્નિનું કાર્ય કરી કર્મ માત્રને બાળે છે, અને ગુણમાત્રની વૃદ્ધિ કરે છે. આ બંને ક્રિયાઓ એક સાથે જ થાય છે. આ બંને ક્રિયાઓનું સંમેલન કરવાથી આપણને સમજાય છે કે આવો નિર્ધૂમ પુરુષાર્થ પંચપરમેષ્ટિના સાધુસાધ્વીજીમાં, ઉપાધ્યાયજીમાં, આચાર્યજીમાં, ગણધરજીમાં, છદ્મસ્થ તીર્થંકરપ્રભુમાં કેવી રીતે સમાયો હોય છે, અને તેઓમાં તે કેવી રીતે ચઢતા ક્રમમાં પરિણમે છે. આ સમજણમાં નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ સ્વરૂપની યથાર્થ શાબ્દિક સમજણ રહેલી છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અપૂર્વ કૃપા તથા આજ્ઞાથી આ સમજણનો આપણે વિસ્તાર કરીએ.

આવો નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ પરમેષ્ટિપદમાં સમાવેશ પામે તેઓ જ કરી શકે છે. પરંતુ બધા જ પરમેષ્ટિ કે પરમાત્મા આવો પુરુષાર્થ કરે જ એવો નિયમ નથી. ચૌદમા ગુણસ્થાને વર્તતા અને સિદ્ધભૂમિમાં બિરાજતા સર્વ આત્માઓ આવો પુરુષાર્થ નિયમપૂર્વક કરે છે.

જે આત્માઓ પરમેષ્ટિપદમાં સમાવેશ પામ્યા પછી ખૂબ જ પુરુષાર્થી બને છે તેઓ અપવાદરૂપે નિર્ધૂમ અગ્નિનો પરમેષ્ટિ પુરુષાર્થ સાધે છે. અન્ય સામાન્ય જીવોથી આવો પુરુષાર્થ થતો નથી. આવા પરમેષ્ટિઓ જ્યારે તેરમા ગુણસ્થાને પરમાત્મસ્વરૂપ પામે છે ત્યારે તેઓ નિયમપૂર્વક નિર્ધૂમ અગ્નિનો પરમાત્મસ્વરૂપનો પુરુષાર્થ કરે છે, પરંતુ જેઓ પરમેષ્ટિપદનો પુરુષાર્થ પામ્યા વિના પરમાત્મપદ(તેરમું ગુણસ્થાન) પામે છે, તેઓ અપવાદરૂપે નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ સાધે છે, પણ સર્વ પરમાત્મા આવો પુરુષાર્થ સાધી શકતા નથી. પરંતુ ૧૪મા ગુણસ્થાને વર્તતા અને સિદ્ધભૂમિમાં સ્થાપિત થયેલા સર્વ પૂર્ણ પરમાત્મા (આઠે કર્મથી મુક્ત થયેલા) નિયમપૂર્વક સિદ્ધ સ્વરૂપના નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ કરે જ છે.

આ સ્થિતિનું આપણે પૃથક્કરણ કરીએ ત્યારે આપણને સમજાય છે કે પરમેષ્ટિપદમાં સ્થાન પામનારાઓમાં સાધુસાધ્વીજીની સંખ્યા સહુથી મોટી હોવા છતાં તેમનામાંનો ઘણો નાનો વિભાગ નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ સાધે છે. એના પ્રમાણમાં ઉપાધ્યાયજીની સંખ્યા પ્રમાણમાં નાની હોવા છતાં, તેમનામાંથી વિશેષ આત્માઓ નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ પરમેષ્ટિ સ્વરૂપે આદરે છે. એ જ રીતે શ્રી આચાર્યજીની સંખ્યા વિશેષ નાની હોવા છતાં વધારે ભાગના આચાર્યજી નિર્ધૂમ અગ્નિનો પરમેષ્ટિ પુરુષાર્થ કરતા હોય છે. શ્રી ગણધરજીની સંખ્યા તો અન્ય પરમેષ્ટિ કરતાં ઘણી નાની હોવા છતાં, ઘણા મોટા ભાગના ગણધરો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ કરતા હોય છે. શ્રી છદ્મસ્થ અરિહંત પ્રભુમાં ભાગ્યે જ પરમેષ્ટિ સ્વરૂપે નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ હોતો નથી. આ બધા જ પરમેષ્ટિઓ, જેઓએ નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ પરમેષ્ટિરૂપે કર્યો હોય છે, તેઓ પરમાત્મસ્વરૂપે (તેરમા ગુણસ્થાને) વિના અપવાદે નિર્ધૂમ અગ્નિના પુરુષાર્થમાં જોડાયેલા હોય છે. ઉપરાંતમાં કેટલાક પરમેષ્ટિઓ, જેમણે પરમેષ્ટિપદમાં નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ કર્યો ન હોય તેવા પરમેષ્ટિઓ પરમાત્મસ્વરૂપે નિર્ધૂમ અગ્નિના પુરુષાર્થમાં એકાગ્ર થઈ શકે છે. કેટલાક અપવાદરૂપ સામાન્ય કેવળી

પણ પરમાત્મ સ્વરૂપના નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ કરે છે. ત્યારે પૂર્ણ સિદ્ધસ્વરૂપ સ્થિતિમાં (૧૪મા ગુણસ્થાનથી) કોઈ પણ આત્મા નિર્ધૂમ અગ્નિના પુરુષાર્થ વગરનો હોતો નથી.

નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ કરનાર આત્માઓનું કોષ્ટક નીચે પ્રમાણે કરી શકાય

| | **નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ કરનારા** |
|---|---|
| પરમેષ્ટિપદમાં ન આવનારા આત્મા | ૬-૭ ગુણસ્થાને નહિવત્ |
| | ૧૩મા ગુણસ્થાને કદાચિત |
| | ૧૪મા ગુણસ્થાનથી નિયમપૂર્વક |
| પરમેષ્ટિપદ પ્રાપ્ત સાધુસાધ્વીજી | ૬-૭મા ગુણસ્થાને અપવાદરૂપ અમુક |
| પરમાત્મપદ પ્રાપ્ત સાધુસાધ્વીજી | ૧૩મા ગુણસ્થાને થોડા વિશેષ |
| | ૧૪મા ગુણસ્થાનથી સર્વ-અવશ્ય |
| પરમેષ્ટિપદ પ્રાપ્ત ઉપાધ્યાયજી | ૬-૭મા ગુણસ્થાને ટકાવારી પ્રમાણે સાધુસાધ્વીજી કરતાં વધારે |
| પરમાત્મપદ પ્રાપ્ત ઉપાધ્યાયજી | ૧૩મા ગુણસ્થાને પરમેષ્ટિ ઉપાધ્યાય કરતાં વધારે |
| | ૧૪મા ગુણસ્થાનથી તમામ |
| પરમેષ્ટિપદ પ્રાપ્ત આચાર્યજી | ૬-૭મા ગુણસ્થાને ટકાવારી પ્રમાણે ઉપાધ્યાયજી કરતાં વધારે |
| પરમાત્મપદ પ્રાપ્ત આચાર્યજી | ૧૩મા ગુણસ્થાને પરમેષ્ટિ આચાર્ય કરતાં વધારે |
| | ૧૪મા ગુણસ્થાનથી સકળ આત્માઓ |
| પરમેષ્ટિપદ પ્રાપ્ત ગણધરજી | ૬-૭મા ગુણસ્થાને ઘણાખરા |
| પરમાત્મપદ પ્રાપ્ત ગણધરજી | ૧૩મા ગુણસ્થાને લગભગ બધા |
| | ૧૪મા ગુણસ્થાનથી તમામે તમામ |
| છદ્મસ્થ તીર્થંકર | ૬-૭મા ગુણસ્થાને ઘણા બધા |
| પરમાત્મપદ પ્રાપ્ત તીર્થંકર | ૧૩મા ગુણસ્થાને બધા જ |
| | ૧૪મા ગુણસ્થાનથી સર્વ |

પરમેષ્ટિનો નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ ઉત્તમ આહાર કરવાની શરૂઆતથી થાય છે. તેમાં છઠ્ઠા સાતમા ગુણસ્થાને વર્તતો આત્મા અમુક સંખ્યાત સમયથી ઉત્તમ આહાર કરવાની શરૂઆત કરે છે, અને ક્રમે ક્રમે તેમનો પુરુષાર્થ વધતાં ઉત્તમ આહાર કરવાનો સમય વધતો જાય છે. બીજી બાજુ આત્માના અમુક જ પુરુષાર્થી પ્રદેશોથી (ઉદા. કેવળીગમ્ય અને તેના અનુસંધાનમાં ઊંચા જોડકાંઓના પ્રદેશોથી) આવા ઉત્તમ આહારની શરૂઆત થાય છે. અને તે આત્માનો પુરુષાર્થ વિશેષ ઉચ્ચ થાય ત્યારે અન્ય પ્રદેશો (જોડકાં આદિ) એવો આહાર મેળવવા સદ્‌ભાગી બની, ઘણા પ્રદેશો ઉત્તમ આહાર કરે એવું થવા પામે છે. તે આહારના વિહાર તથા નિહાર તે પછીના થોડા થોડા કાળે થાય છે.

આ સ્થિતિની અતિ ઉત્તમતા થાય અને આત્મા પરમાત્મસ્વરૂપ થાય ત્યારથી પરમાત્મસ્વરૂપ નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ શરૂ થાય છે. આ ક્રિયા જ્યારે તેમનો આત્મા યોગ સાથે જોડાય ત્યારે થાય છે. તે વખતે આત્મા ઉત્તમ આહાર કરવાની સાથે તેનો અન્ય પ્રદેશોમાં વિહાર પણ કરે છે. નિહાર કરવામાં થોડો સમય જાય છે.

પરમાત્માનાં બધાં અઘાતિ કર્મો, તેમના કેવળી સમુદ્‌ઘાત પછી આયુષ્યકર્મના કાળની માત્રાના થાય છે, અને તે પછી તે પરમાત્મા ચૌદમા ગુણસ્થાને આવી ઉત્તમોત્તમ નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ પૂર્ણતાએ વિના અપવાદે આદરે છે – સાધે છે. તેમની આ પ્રક્રિયા એટલે કે આહાર, વિહાર તથા નિહાર એક જ સમયે કરવાની પ્રક્રિયા અખંડપણે થયા કરે છે, જે સિદ્ધભૂમિમાં અનંતકાળ પછી પણ ચાલુ રહે છે.

## નિર્ધૂમ અગ્નિરૂપ સાધુસાધ્વીનો પરમેષ્ટિ પુરુષાર્થ

સાધુસાધ્વીજીનું પદ નિકાચીત કર્યા પછી અને તે પદનો ઉદય થયા પછી, છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતા સાધુસાધ્વીજી મુખ્યતાએ સ્વકલ્યાણમાં આરૂઢ હોય છે. સ્વકલ્યાણમાં તેઓ પોતાનાં સમ્યક્ત્વને વધારે શુદ્ધ કરવાના તથા પૂર્ણ કરવાના

પુરુષાર્થમાં મગ્ન થતા હોય છે. તેમના આ પુરુષાર્થને યોગ્ય રીતે સમજવા માટે આપણે સમ્યક્ત્વનાં પાંચે લક્ષણોનો એમના ઉપયોગની અપેક્ષાએ વિચાર કરવો જોઈએ.

સમ્યક્ત્વનાં પાંચ લક્ષણોમાં શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા તથા અનુકંપા આવે છે. આ પાંચે લક્ષણોના ક્રમને ચડતા તેમજ ઉતરતા ક્રમમાં વિચારી શકાય છે. એમાં મુનિ શમ ગુણનો વિકાસ કરી સંવેગને જોર આપે છે, સંવેગને બળ આપતાં તેઓ નિર્વેદને આચરે છે, નિર્વેદનું વેદન વધતાં તેમની ધર્મની આસ્થા મજબૂત થતી જાય છે, અને આસ્થા દૃઢ થતાં તેઓ અનુકંપાનો અનુભવ વધારે છે. બીજી બાજુ તેઓ ઘણી વખત અનુકંપાનાં વેદનથી આસ્થાને દૃઢ કરે છે, આસ્થાની દૃઢતામાંથી નિર્વેદ વિકસે છે, નિર્વેદના પુરુષાર્થથી સંવેગ જોર કરે છે, આ સંવેગના દૃઢ સાથથી તેઓ શમનો પુરુષાર્થ વધારતા હોય છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ, અહીં આપણને આ બે પ્રકારની પ્રક્રિયા વચ્ચેનો સૂક્ષ્મ ભેદ જણાવે છે.

જ્યારે કર્મક્ષય કરવાના મુખ્ય હેતુથી મુનિ પુરુષાર્થમાં વ્યસ્ત બને છે ત્યારે તેઓ શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપાની વર્ધમાનતાનો ક્રમ સેવે છે. અને જ્યારે તેઓ ગુણોની વૃદ્ધિ કરવાના આશયથી પુરુષાર્થ કરે છે ત્યારે તેઓ અનુકંપા, આસ્થા, નિર્વેદ, સંવેગ તથા શમનો ક્રમ સેવતા હોય છે.

જે મુનિનો કર્મક્ષય કરવાનો હેતુ હોય છે તેઓ કર્મબંધના કારણોનો સંવર કરવા શમગુણ આચરે છે, એટલે શક્ય તેટલી કષાયની મંદતા કરવાનો પુરુષાર્થ તેઓ કરે છે. કષાય મંદ થતાં તેમનો સંવેગ, મોક્ષમાં જવાનો અભિલાષ સહજપણે વેગ પકડે છે. સંવેગનો વેગ વધતાં તેની સંસારસુખ ભોગવવાની વૃત્તિ આપોઆપ છૂટતી જાય છે, અર્થાત્ નિર્વેદ વિશેષતાએ અસ્તિત્વમાં આવે છે. નિર્વેદનું જોર વધતાં, સંસારી જીવો આ બધાં દુઃખથી છૂટે એવા ભાવમાં એટલે કે અનુકંપાના વેદનમાં સરે છે. આમ કર્મક્ષય કરી શુદ્ધ થવાના હેતુરૂપ તેમની આચરણા હોય છે.

જે મુનિને આત્માના ગુણોની વૃદ્ધિ કરી, તેનો આનંદ માણતા માણતા શુદ્ધ થવાની ભાવના હોય છે, તે મુનિ ઉપર જણાવ્યો તેનાથી ઉલટો ક્રમ સેવે છે. પોતામાં અમુક ગુણો વર્ધમાન થવાથી મુનિ તેનો આનંદ માણવામાં એકાગ્ર થાય છે, અને એ આનંદ તેમને સહુ જીવો આનંદ પામે એવા અનુકંપાભાવમાં દોરી જાય છે. જે પ્રકારના ધર્મારાધનથી આવો વિશિષ્ટ આનંદ અનુભવાય છે તે આરાધનાની તેમની આસ્થા દૃઢ બને છે. ધર્મારાધનથી આવો અદ્‌ભુત આનંદ અનુભવાય છે તે અનુભૂતિ તેમને નિર્વેદભાવમાં ખેંચી જાય છે. કોઈ પણ પ્રકારનું સંસારી સુખ આત્માનાં સુખ કરતાં ઉતરતું છે એ અનુભૂતિ તેમના સંવેગને ખૂબ બળવાન કરે છે. બળવાન થયેલો સંવેગ તેમને સતત કષાયરહિત થવાની પ્રેરણા આપ્યા જ કરે છે. આ મંદ કષાયની તેમની સ્થિતિ તેમના ગુણોમાં સતત વૃદ્ધિ કરતી રહે છે, એટલું જ નહિ પણ તે ગુણોનો આનંદ માણતાં માણતાં તેઓ પ્રસન્નતાથી શુદ્ધિ તરફનો વિકાસ કરે છે.

આ બંને પ્રક્રિયાને જરા વિશેષથી વિચારતાં આપણને સમજાય છે કે અનુકંપા એ પુરુષાર્થ પણ છે અને પુરુષાર્થનું પરિણામ પણ છે. એ જ પ્રમાણે આસ્થા, નિર્વેદ, સંવેગ અને શમ એ બધાં પુરુષાર્થ પણ છે, અને પુરુષાર્થનું ફળ પણ છે. જ્યારે સમ્યક્‌ત્વનાં લક્ષણો પુરુષાર્થરૂપ હોય છે, ત્યારે તેઓ કર્મના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમના હેતુથી પુરુષાર્થ કરે છે, અને જ્યારે એ જ સમ્યક્‌ત્વનાં લક્ષણો પરિણામરૂપ નીવડે છે ત્યારે તેમના પુરુષાર્થનો હેતુ આત્મગુણોની વૃદ્ધિ કરવાનો હોય છે.

નિર્ધૂમ અગ્નિરૂપ સાધુસાધ્વીના પરમેષ્ટિ પુરુષાર્થમાં શમ એ પુરુષાર્થ તથા પરિણામ હોય છે, સંવેગ પુરુષાર્થ તથા પરિણામરૂપે આવે છે, એવી જ રીતે નિર્વેદ, આસ્થા અને અનુકંપા પણ પુરુષાર્થ તથા પરિણામરૂપે પરિણમે છે; એટલું જ નહિ પણ એ સર્વ એકી સાથે આત્મા આચરે છે. આમ થવાથી શમરૂપ પુરુષાર્થ પૂર્ણતાએ શમરૂપ પરિણામમાં પરિણમે છે, એ શમનું પરિણામ પૂર્ણતાએ સંવેગરૂપ પુરુષાર્થ તથા પરિણામ થાય છે; આ સંવેગનું પરિણામ પૂર્ણતાએ

નિર્વેદરૂપ પુરુષાર્થ તથા પરિણામ બને છે, જે પૂર્ણતાએ આસ્થારૂપ પુરુષાર્થ અને પરિણામરૂપ થઈ, પૂર્ણતાએ અનુકંપારૂપ પુરુષાર્થ અને પરિણામમાં પરિણમે છે. પછી એ જ પ્રક્રિયા ઉલટા ક્રમમાં (reverse order માં) થાય છે. એટલે કે અનુકંપારૂપ પુરુષાર્થ અને પરિણામ આસ્થાના પુરુષાર્થ અને પરિણામ બને છે, તેમાંથી (આસ્થામાંથી) નિર્વેદ, સંવેગ અને શમરૂપ પુરુષાર્થ તથા પરિણામ એકી સાથે પ્રવર્તે છે. તેથી કર્મની નિવૃત્તિથી ગુણોની વૃદ્ધિ એ જ વખતે સંભવી શકે છે. આવો નિર્ધૂમ અગ્નિરૂપ સાધુસાધ્વીનો પરમેષ્ટિ પુરુષાર્થ અમ સર્વને પ્રાપ્તિ થાય એ જ અંતરમાં નીપજતી અમારી વિનંતિ છે.

## નિર્ધૂમ અગ્નિરૂપ શ્રી ઉપાધ્યાયજીનો પરમેષ્ટિ પુરુષાર્થ

ઉપાધ્યાયજીનું પદ નિકાચીત કર્યા પછી, અને તે પદનો ઉદય થયા પછી, તેઓ મુખ્યતાએ છઠ્ઠા સાતમા ગુણાસ્થાનની વચ્ચે ઝૂલતા હોય છે. તેમનું લક્ષ્ય પરકલ્યાણનું વિશેષતાએ રહ્યું હોય છે, તેથી તેમનો મુખ્ય પુરુષાર્થ અમૃતધારા જેવી વાણી વહાવી, પરકલ્યાણ માટે બોધ આપવામાં રહ્યો હોય છે. શ્રી ઉપાધ્યાયજીની બોધવાણીમાં કર્મબંધનનાં પાંચે કારણોથી શરૂ કરી, જીવને થતાં બંધન આદિનાં કારણોની સૂક્ષ્મ વિચારણા સમાયેલી હોય છે, આવા નકારાત્મક વિષયો જે હેય છે અર્થાત્ છોડવા યોગ્ય છે; અને ગુણાશ્રવરૂપ આત્માના ગુણો જે ગ્રહણ કરવા યોગ્ય છે અર્થાત્ ઉપાદેય છે એવા હકારાત્મક વિષયો સુધી વિસ્તરેલી હોય છે.

શ્રી ઉપાધ્યાયજીની અમૃતવાણી સાધકની દરેક ચેષ્ટાને સંવેગ તથા નિર્વેદની અપરિમિત સીમાની ઉત્કૃષ્ટતારૂપ શાશ્વત સમાધિ સુધી પહોંચાડવાના મંગલ હેતુથી, પોતાનાં સ્વકલ્યાણને ગૌણ કરી, પરકલ્યાણના હેતુને વેગ આપી, વાણીગંગાને વહેવડાવે છે. આવા નિઃસ્વાર્થ હેતુને સફળ કરવા માટે, શ્રી ઉપાધ્યાયજી યોગ્ય રીતે વાણીયોગનાં પરમાણુઓ શ્રી પંચપરમેષ્ટિ પાસેથી, તથા શ્રી આચાર્યજી, ગણધરપ્રભુ તથા અમુક અંશે શ્રી તીર્થંકર પ્રભુ પાસેથી ગ્રહણ કરે છે. તેઓ આ

ગ્રહણ કરેલા પરમાણુઓને અપ્રમત્તભાવે યોગ્ય ક્રિયામાં પરિણમાવી, વાણી રૂપે જનસમુદાય સુધી પહોંચાડે છે.

એક બીજો પણ અતિગુપ્ત ભેદરહસ્યવાળો તેમનો પુરુષાર્થ શ્રી પ્રભુ આપણને અહીં સમજાવે છે. શ્રી ઉપાધ્યાયજી, શ્રી આચાર્યજી, શ્રી ગણધર પ્રભુ તથા શ્રી તીર્થંકર પ્રભુના આચારને જાણીને, એ આચારની સૂક્ષ્મતાને સ્થૂળરૂપ આપી, જન સમુદાય સુધી એ આચારની માહિતીને શબ્દરૂપે તથા બોધરૂપે પહોંચાડે છે. આ રીતે શ્રી ઉપાધ્યાયજી, શ્રી આચાર્યજી, ગણધરજી તથા તીર્થંકર પ્રભુનાં ચારિત્રમય આચરણનાં આંતર મૌનને યોગ્ય શબ્દદેહ આપી, અપૂર્વ રીતે પરકલ્યાણનાં જોરને વેગ આપી, અતિગુપ્ત રૂપે આચાર્યજી, ગણધરજી તથા તીર્થંકર પ્રભુની વિશ્રામણા કરે છે. આચાર્યાદિ જેઓ પોતાના ગંભીર આચારનું વિવેચન કરતાં નથી, તેને શ્રી ઉપાધ્યાયજી પોતાની વાણી દ્વારા જનસમૂહ સુધી પહોંચાડે છે.

ઉપાધ્યાયજીનાં આ કાર્યને વિસ્તારથી તથા તીક્ષ્ણતાથી વિચારતાં લક્ષ આવે છે કે ઉપાધ્યાયજીની વાણીમાં એક પક્ષે કર્મ સિદ્ધાંત તથા જીવના દોષોનો ચિતાર હોય છે, તો બીજા પક્ષે આત્માના ગુણો તથા શ્રી આચાર્ય, ગણધરપ્રભુ તથા તીર્થંકરપ્રભુના આત્માની આંતરગુપ્ત આચરણા તેમજ આત્મગુણોના વિસ્તારવાળો ગુણગ્રાહીપણાનો બોધ રહેલો હોય છે. આ હકીકતને ધ્યાનમાં લઈએ તો આપણને સ્પષ્ટ થાય છે કે, શ્રી ઉપાધ્યાયજી પોતાની વાણીનાં માધ્યમથી પોતાનાં પૂર્વકૃત વિભાવ કર્મોનો યોગ્યરૂપે પશ્ચાત્તાપ કરી નિહાર કરે છે, અને આત્મિક ગુણો તથા ઉચ્ચ પરમેષ્ટિના આચારને ગ્રહણ કરી, એનો પણ વાણી દ્વારા નિહાર કરે છે. આમ, શ્રી ઉપાધ્યાયજી જ્યારે ઉત્કૃષ્ટ નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ પુરુષાર્થમાં આરૂઢ હોય છે ત્યારે તેઓ ગુણાશ્રવ, કર્મનો સંવર, તથા કર્મ અને દોષનો નિહાર એકસાથે કરે છે. કર્મનો સંવર તેમના ગુણાશ્રવને જોર આપે છે, અને ગુણાશ્રવ તેમનાં કર્મના સંવરને બળ પૂરે છે. વળી, કર્મનો નિહાર તથા ગુણરૂપ વાણીદાનની નિહારની ક્રિયા એક બીજાને સબળ બનાવે છે. આવા પુરુષાર્થમાં હેય ઉપાદેયને જોર આપે છે, અને ઉપાદેય હેયને બળવાન કરે છે. જે એક

self propelling બળ બની જાય છે. જેમ જેમ ઉપાદેયનું જોર વધે છે તેમ તેમ આત્મા વિશેષ વિશેષ શીતળ થાય છે, અને તેનાથી હેયનું જોર ખીલે છે. પરિણામે આત્મા હળવો થાય છે, ઉપરાંતમાં ઠંડો અર્થાત્ શીતળ થાય છે. જેના થકી ઉપાદેય વિશેષ જોર કરી આત્મગુણને ખૂબ વિકસીત કરે છે. આવા અપૂર્વ પુરુષાર્થથી શ્રી ઉપાધ્યાયજી છઠ્ઠા સાતમા ગુણસ્થાને નિર્ધૂમ અગ્નિનો પરમેષ્ટિ પુરુષાર્થ સેવી શકે છે.

## નિર્ધૂમ અગ્નિરૂપ શ્રી આચાર્યજીનો પરમેષ્ટિ પુરુષાર્થ

શ્રી આચાર્યજી બાંધેલા નામકર્મના ઉદય સાથે છઠ્ઠા સાતમા ગુણસ્થાને વર્તે છે ત્યારે તેમનો પુરુષાર્થ આચારરૂપ અપૂર્વ સમાધિ તથા સ્વપરકલ્યાણના ધ્રુવ હેતુથી ઘડાયેલો હોય છે. એમનો ધ્રુવકાંટો મન, વચન તથા કાયાની એકતાની આચરણા કરવામાં રહ્યો હોય છે; જે તેમને સરળતા, ભક્તિ, વિનય અને આજ્ઞાની અપૂર્વ સમાધિસ્થ શાંતિ, સ્થિરતા તથા કલ્યાણભાવના ત્રિવેણીસંગમથી ઉપજતી રત્નત્રયની આરાધના કરાવે છે. ચારિત્રનાં આવાં આજ્ઞાંકિત વેદનમાં ત્રણે યોગ (મનોયોગ, વચનયોગ તથા કાયયોગ) સમાય છે; જે યોગના માધ્યમથી જીવે અનાદિકાળથી વિભાવસભર કર્માશ્રવ કર્યા કર્યો છે, સહજાનંદરૂપ સમાધિનો સંવર કર્યો છે અને આત્મપુણ્યરૂપ સુવિધાની મોહવશાત્ આચરણાના કારણથી નિર્જરા કરી છે. શ્રી આચાર્યજીનું ધ્યેય હોય છે કે એ જ યોગની સહાયથી ગુણોનો આશ્રવ કરવો, મોહરૂપ વિભાવનો સંવર કરવો, અને પૂર્વ સંગ્રહિત કર્મની સકામ નિર્જરા કરવી. ઉત્કૃષ્ટ પુરુષાર્થી આચાર્યજીના સંવેગ તથા નિર્વેદ એટલા બળવાન હોય છે કે એમનો આત્મા એમને આ ત્રણે ક્રિયાઓ એક સાથે કરવાની પ્રેરણા આપે છે. સામાન્ય રીતે જનસમુદાય આ ત્રણે ક્રિયાઓ વારાફરતી કરતા હોય છે. આચાર્યજી આવા અઘરા કે કઠિન ધ્યેયને સફળ કરવા જતાં એક પ્રકારની વિરોધની લાગણી અનુભવે છે; તેમને લાગે છે કે વિભાવના સંવર તથા નિર્જરા કરવાની સાથોસાથ આત્મગુણોનો આશ્રવ એ જ સમયે કેવી રીતે શક્ય કરવો કેમકે આત્માના પ્રત્યેક

પ્રદેશો એક સમયે એક જ ભાવ કરી શકે છે; જુદા પ્રદેશો જુદા ભાવમાં જઈ શકે છે.

શ્રી પ્રભુસ્વરૂપી તીર્થંકર અને ગુરુસ્વરૂપી ગણધર એમને આ વિપરીત અને કઠણ દેખાતા દુષ્કર ધ્યેયને સિદ્ધ કરવા માટે એક અતિ ગુપ્ત પણ સફળ અને પૂર્ણ માર્ગની જાણકારી આપે છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ આપણને અતિ કરુણા તથા ઉપકાર કરી આ માર્ગની અપૂર્વ માહિતી આપે છે. તેઓ આ માર્ગને શબ્દરૂપે વ્યક્ત કરતાં પહેલાં અને બોધ આપતાં પહેલાં એક માર્ગદર્શક સૂચના આપે છે. આપણે માટે આ સૂચનાનો અમલ કરવો તે માર્ગની યથાર્થ સમજણ લેવા માટે અનિવાર્ય છે. એમની કૃપાથી અને આજ્ઞાથી એ સૂચનને અમે શબ્દદેહ આપી વર્ણવીએ છીએ. તેઓ સૂચવે છે કે,

"હે ભવ્ય; ચેતનસ્વરૂપ, જીવંત, મોક્ષના ધારક, પાલક તથા વેદક; અજીવ દ્રવ્યોમાં જીવંત ભાવરસ ઉમેરનાર; લોકના સંચાલક એવા સર્વ આત્માઓના પરિવાર! તમારી આ સઘન લાક્ષણિકતા તથા વિભિન્ન વિભાવની પરિભાષામાં તમે વ્યસ્ત હોવા છતાં, તમે તમારી આ સામુહિક લાક્ષણિકતાને તજતા નથી; આ પરથી ઓળખાતી સર્વ ચેતન આત્માઓની અસરની વિશાળતાને, તમારા પ્રભાવની અપૂર્વતાને તથા તમારા વર્ચસ્વપણાની પૂર્ણતાને અમે સમય સમયના સર્વાંગી ત્રિકાલિક નમસ્કાર કરીએ છીએ. અહો! આત્મપરિવારના ભવ્ય આત્માઓ! તમારી સમક્ષ આ ઉત્તમ વાણી તથા ઉત્તમ સિદ્ધાંતનાં રહસ્યો પ્રગટ થઈ તેનું પાન તમને કરાવે છે, અને કરાવવાના છે તે અમુક દશાવાન ઉચ્ચ આત્માઓના ભવ્ય, અતિભવ્ય પુરુષાર્થ તથા કરુણાના પ્રતાપથી પ્રકાશિત થાય છે, તેમજ થવાનું છે. આ વાણીમાં રહસ્યો, ભેદરહસ્યો, ગૂઢ ભેદરહસ્યો, તથા અતિ ગૂઢ ભેદરહસ્યો સમાયેલાં છે. મોટાભાગે આ જ્ઞાન તથા શ્રુત શબ્દાતીત રહી, આત્માના પેટાળમાં, પ્રદેશોનાં ઊંડાણમાં અરૂપી, શબ્દાતીત અનુભવરૂપે જ પ્રવર્તે છે. આ જ્ઞાનને

શબ્દમાં પરિણમાવવા માટે જે જીવો આ ઉત્તમ કાર્ય કરે છે, તેઓ સ્વપર કલ્યાણના માર્ગમાં ધર્મનાં સનાતનપણાની ઉત્કૃષ્ટ કેડીને અનુલક્ષીને મંગલપણાની સમોચિત ધર્મારાધનમાં યોગ્ય સમતોલન સાથે, ઉત્કૃષ્ટ સનાતનપણાની લયચેતના, ભાવચેતના તેમજ શબ્દચેતનાને અગુરુલઘુ ગુણથી વિભૂષિત કરી, આખો જનસમૂહ વિના અપવાદે ધર્મનાં સનાતનપણાનાં તથા મંગલપણાના ઉત્તમ ભાવ કરે એમ ઈચ્છે છે. આવા અત્યુત્તમ અને અતિ દુષ્કર ભાવનું સમાધિ વેદન, એ ભાવના પરિપાક વખતે સફળ થાય છે. માટે હે ભાગ્યવાન જીવો! જેઓ આ મહા અદ્‌ભુત વાણી તેમજ શ્રુતને પામે છે, તેમની આ પ્રાપ્તિ અતિ મૂલ્યવાન હોવા છતાં મૂલ્યની સર્વ પરિભાષાથી ઉચ્ચ છે. આવા અમૂલ્ય ઉપકારી શબ્દોને તમે ધ્યાન આપી એકચિત્તથી સાંભળો. તમે તમારા આત્માને તથા ચિત્તને આ વાણીના ઉત્કૃષ્ટ દાસત્વભાવમાં કેંદ્રિત કરો, કે જેથી અઘરી અનુભવાતી આ વાણીને તમારો આત્મા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના સાથથી સહજતાએ સમજી શકશે; અને તમારી યોગ્યતા પ્રમાણે તમારામાં સમાઈ જશે, પરિણમી જશે. પરંતુ જો એ વાણી સાંભળતાં, તેમાં વર્તાતી શાંતિ તથા સુખને અનુસરી તમારા આત્માને તમે નિદ્રામાં કે શૂન્યતામાં લઈ જશો તો એ ઉત્તમ વાણીનો અપેક્ષાએ નકાર કરવાના દોષ માટે તમે બળવાન અંતરાયકર્મને આશ્રવશો. માટે જાગો! હે જીવો તમે જાગો! પ્રમાદ ન કરો! જાગૃત રહી પુરુષાર્થ તથા સત્ય એકનિષ્ઠારૂપ પ્રયત્નથી તમારા આત્માને વિભૂષિત કરો, એજ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના અંતરના, કરુણાસભર તેમજ કલ્યાણસભર આશીર્વાદ છે."

શ્રી આચાર્યજીના પુરુષાર્થનો વિચાર કરીએ તો જણાય છે કે તેઓ ચારિત્રાચારને જ પોતાનો ધ્રુવકાંટો કરી તેને એટલી હદ સુધી લઈ જાય છે કે એમનો આહાર ચારિત્રની વિશુદ્ધિ માટે હોય છે; એમનો વિહાર ચારિત્રની વિશુદ્ધિ માટે હોય છે અને એમનો નિહાર પણ ચારિત્રની વિશુદ્ધિ માટે જ હોય છે. આ ત્રણે ક્રિયાઓ

એમનામાં એકબીજા સાથે એટલી ગૂંથાયેલી રહે છે કે જેથી પુરુષાર્થી આચાર્ય આહારના આચારથી વિહારનો આચાર વિશુદ્ધ કરે છે, વિહારના આચારથી નિહારનો આચાર શુધ્ધ કરે છે અને નિહારના આચારથી ફરીથી આહારનો આચાર વધારે શુદ્ધ કરે છે. આ રીતે પુરુષાર્થી આચાર્ય આહાર, વિહાર તથા નિહારની સતત થતી આચારણને, પોતાના અંતરંગ આચારને વધારે ને વધારે વિશુદ્ધ કરવાનું એક ઉત્તમ નિમિત્ત બનાવે છે.

આ ક્રિયા કરતાં કરતાં એમને સ્વપરકલ્યાણની ભાવનાની અનિવાર્યતા આ વિશુદ્ધ ચારિત્રરૂપ નિર્ધૂમ અગ્નિને સદાકાળ માટે તથા ઉત્તરોત્તર ચઢતા ક્રમમાં પ્રજ્વલિત કરવા માટે જરૂરી લાગે છે. સ્વપરકલ્યાણના ભાવને સાકાર કરવા માટે એમને પોતાનાં ચારિત્રનાં ધ્યેયને છોડવું કે મંદ નથી કરવું હોતું. તેથી ચારિત્રની ઉત્તમ ખીલવણીના ધ્યેયને (દ્વિતીય ધ્યેયને) સાકાર કરવા તેઓ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુને યાચના તેમજ વિનંતિ કરે છે. અને શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ, એમની પાત્રતા જાણી, એમની સમક્ષ એક અતિ ગુપ્ત પણ અતિ સૂચક માર્ગનો ખુલાસો કરે છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી અમે એ માર્ગને શબ્દદેહ આપવા પ્રયત્ન કર્યો છે.

> "શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ શ્રી આચાર્યજીને સમજાવે છે કે ઉત્તમ આહાર, વિહાર તથા નિહાર એ એક શુભ આચરણા છે, તેવી જ રીતે, સ્વપર કલ્યાણની ક્રિયા કરવી તે પણ એક શુભ આચરણા છે. જો આ બંને ક્રિયાઓને એકસાથે કરવી હોય તો આચરણના અપૂર્વ ઉપયોગથી આત્મા આહાર, વિહાર, નિહાર તથા સ્વપરકલ્યાણની ક્રિયા એકસાથે કરી શકે છે. તેથી, આહાર, વિહાર તથા નિહારના આચરણમાં સ્વપરકલ્યાણના ભાવને ગૂંથી લેવો જોઈએ, અથવા તો સ્વપરકલ્યાણના ભાવમાં આહાર, વિહાર તથા નિહારનાં આચરણને ગૂંથી લેવું. જો જીવ આ બંને એકસાથે કરી શકે તો, તે વિરોધી જણાતા વિભાવના સંવર, નિર્જરા અને ગુણોનો આશ્રવ એક સાથે કરી શકે."

"અહો! અહો! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ! તમારાં જ્ઞાન તથા સમજાવવાની શૈલી કેટલાં સરળ તથા પૂર્ણ છે? આ દાસાનુદાસ તમારા ચરણોમાં વસી, આ ઉત્તમ જ્ઞાનને ચારિત્રરૂપ ફળમાં પરિપાક કરવા માટે આશીર્વાદ માગે છે; સાથે સાથે એને સાકાર કરવા માટે તમારી પાસે માર્ગની વિશદ જાણકારી માગે છે. પ્રભુજી! અત્યારે અમને આ માર્ગ યથાર્થતાએ સમજાતો નથી, પણ અમને પૂર્ણ વિશ્વાસ છે કે તમારા જેવા સમર્થ ગુરુ માટે કોઈ પણ કાર્ય દુષ્કર નથી, તેથી અમારી બુદ્ધિની મંદતા કે અલ્પતા તેમજ જ્ઞાનના ઉઘાડની લઘુતા તમારા ઉત્સાહને મંદ કરી શકશે નહિ. તમારી આ અપૂર્વ કરુણાના અનુભવથી અમારા રોમેરોમ તથા પ્રદેશે પ્રદેશ ભક્તિ, પરમભક્તિ તથા પરાભક્તિથી છવાઈ જશે, અને તે આપણા વચ્ચેના મોટા આંતરાનો ક્ષય કરવા એક અતિ મજબુત માર્ગ નિર્માણ કરશે."

"તુજ મુજ અંતર, અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;
જીવસરોવર અતિશય વાધશે રે, આનંદઘન રસપૂર. પદ્મપ્રભુ જિન."

'અહો પ્રભુજી! તમારા આ જ્ઞાનદાન માટે અમે આપના ખૂબ ઋણી છીએ. આ માર્ગને યથાર્થતાએ આદરવા માટે અમને આ માર્ગને સરળતાથી સમજાવો, જેથી આ માર્ગ અમને સહેલો અને સરળ અનુભવાય, એ જ અમારી અંતરની ભાવસભર યાચના છે.'

શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ, અમને પાત્ર જાણી માર્ગની જાણકારી આપે છે. તેઓશ્રીની અસીમ કૃપાથી અને આજ્ઞાથી આ જાણકારીને શબ્દમાં ઉતારવા પ્રયત્ન કરીએ છીએ.

જીવ જ્યારે આહાર કરે છે ત્યારે તેને આ ત્રણ ભાવ વર્તતા હોય છે, (૧) જે વસ્તુની પોતે ઇચ્છા કરી છે તે વસ્તુ પોતા પાસે નથી, અને તે મેળવવાની ભાવના છે, (૨) દાતાર પાસે એ વસ્તુની ઉપસ્થિતિ છે, અને તે આપવા

માટે સમર્થ છે. (૩) દાતાર એ વસ્તુ આપવા માટે રાજી છે. આ ભાવોને જરા ઊંડાણથી તપાસતાં આપણને સમજાય છે કે એમાં જીવ સ્વકલ્યાણ અર્થે દાતાર પાસે પરકલ્યાણની અપેક્ષા રાખે છે; અને સમય જતાં તે પામે પણ છે. વિહારની ક્રિયા કરતી વખતે સાધક જીવ પોતા પાસે જોઈએ તે કરતાં વધારે છે, અને જો તેનો તે પરિગ્રહ કરશે તો તેનો ભાવિનો ઉત્તમ આહાર બંધ થઈ જશે એવી દેહશત તેને અનુભવાય છે, એટલું જ નહિ પણ, જે પ્રદેશ એની સાથે જોડાયેલ છે તેને જો તે ઉગારશે નહિ તો પોતાનું કલ્યાણ તથા ઋણની નિવૃત્તિ જોખમાઈ જશે એવી લાગણી પણ તે અનુભવે છે. આવી બુદ્ધિથી તે જીવ પોતાનું વધારાનું વીર્ય પાત્ર એવા અન્ય પ્રદેશને વિહાર દ્વારા પહોંચાડે છે. આ પ્રક્રિયાનો વિચાર કરતાં આપણને સ્પષ્ટ થાય છે કે આ ક્રિયા કરતાં જીવ સ્વકલ્યાણાર્થે પરકલ્યાણ કરે છે; અને પરકલ્યાણને જ એ સ્વકલ્યાણની વિશુદ્ધિનો માર્ગ બનાવે છે. નિહાર કરતી વખતે જીવ પોતાનાં વધેલા (ફાજલ પડેલા) વીર્યને અન્ય પાત્ર જીવોને દાનમાં આપે છે. નિહાર કરતી વખતે બે ક્રિયાઓ થાય છે. (૧) પોતાનો વધારાનો ભાર હળવો થાય છે (૨) અને અન્ય જીવોમાં તેમની પાત્રતા જાણી એ કલ્યાણરસનો દાનરૂપે વિસ્તાર કરે છે. આ ક્રિયાનું સૂક્ષ્મતાએ અવલોકન કરીએ તો નીચે જણાવેલી સ્પષ્ટતા આપણને આવે છે.

પોતા પર રહેલા પરમાણુઓનો ભાર ઓછો કરવાના ભાવને લીધે જીવમાં વિભાવનાં સંવર તથા નિર્જરા થાય છે; તે ઉપરાંત અન્ય પાત્ર જીવોને દાન આપતાં પહેલાં દાતાર જીવે એ પાત્ર જીવોના ગુણનો ખાસ લક્ષ કરવો પડે છે. આ ગુણોને ઓળખીને દાતાર સ્વગુણવૃદ્ધિ માટે કલ્યાણરસ વહાવે છે. આ કલ્યાણરસ વહાવતી વખતે દાતાર જીવ સહજતાએ દાન લેનાર જીવના ગુણોનું રસપાન કરી, ગુણોનો આહાર કરે છે, જેથી દાતાર જીવ સહજતાએ સ્વપર કલ્યાણના માર્ગમાં પ્રવેશી મહાશ્રવના માર્ગને આદરે છે; તેનાં ફળરૂપે તે જીવ પોતાનો ભાવિનો આહાર પણ વિશેષ ઉચ્ચ કરે છે.

“હે ભવ્ય જીવો! તમને આ સમજણ મેળવવાથી, સહજતાએ નિર્ધૂમ અગ્નિરૂપ શ્રી આચાર્યજીનો પરમેષ્ટિ પુરુષાર્થ લક્ષિત થયો હશે.”

“અહો! અહો! અહો! કલ્યાણનાં કલ્પવૃક્ષ સમાન શ્રી પંચપરમેષ્ટિ ભગવંત! તમારો તથા તમારી કરુણાનો આભાર માનવા માટે વાણી, વર્તન તથા આત્મા પોતાની અલ્પતાના ભાનથી અને ભારથી મૌન થઈ ગયાં છે. તમને જ તમારો યથાર્થ આભાર માનવા માટેનો માર્ગ અમે પૂછયો, તો તમે આંતરમૌન, સ્વપરકલ્યાણભરિત આજ્ઞા પાળવાની આજ્ઞા આપી અમને યથાર્થ તથા ઉત્તરોત્તર ચડતા ક્રમમાં આભાર માનવાની રીત બતાવી, અમને જન્મોજન્મના કૃતજ્ઞી બનાવ્યા છે. આ જ માર્ગે સદાકાળ ચાલવાની તમારી પાસે યાચના કરી, આજ્ઞા માગીએ છીએ.”

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## નિર્ધૂમ અગ્નિરૂપ શ્રી ગણધર પ્રભુનો પરમેષ્ટિ પુરુષાર્થ

શ્રી ગણધર પ્રભુના પુરુષાર્થમાં, પોતાના આજ્ઞારૂપ ધ્રુવકાંટાને તેમણે સર્વ યોગ અધ્યવસાયની દરેક ચેષ્ટામાં, ઉદા. સફળતામાં, નિષ્ફળતામાં તથા પ્રત્યેક ઉપયોગમાં વણવાનો હોય છે. તેઓ સ્વપરકલ્યાણના આચાર પર આજ્ઞાની ગંભીરતા તથા ઊંડાણ સાથે સવારી કરે છે, કે જેથી તેઓ ચારિત્રની સફળતા તથા નિષ્ફળતાથી પર બની, માત્ર આજ્ઞાપાલનના સુખમાં, વીતરાગદશાનો આનંદ વેદવા માટે પ્રયત્નશીલ રહે. તેઓ મુખ્યત્વે એમના આરાધ્યદેવ શ્રી અરિહંતપ્રભુની આજ્ઞા પાળે છે; અને અપવાદરૂપે શ્રી પંચપરમેષ્ટિની આજ્ઞા પાળે છે.

શ્રી ગણધરપ્રભુ જનસમૂહ માટે ‘ગુરુ’નું બિરુદ પણ સંભાળે છે કે જેથી તેઓ શ્રી અરિહંત પ્રભુના ધર્મને પ્રકાશિત અને પ્રસારિત કરવાના ભાવને, શ્રી તીર્થંકરપ્રભુ રચિત ચતુર્વિધ સંઘનાં માધ્યમથી સાકાર કરી શકે. આ પ્રકારે

ગુરુનું બિરુદ આદરતા ગણધરજીને તેમના શિષ્યગણ પાસેથી સેવા, વૈયાવચ્ચ તથા વિશ્રામણા મેળવવાનો લાભ મળે છે. પોતાનાં વિપુલ બુદ્ધિ, સંજ્ઞા તથા વિપુલ ચાર જ્ઞાનના આધારથી એમને લક્ષ થાય છે કે એ ત્રણેમાં વિશ્રામણા સહુથી અઘરો, સહુથી તીક્ષ્ણ અને ભક્તિની પરાકાષ્ટાએ પહોંચાડનાર અતિ અગત્યનો પુરુષાર્થ છે. તેથી આવા વિચક્ષણ ગણધરજી, જેમણે પોતાનાં પ્રમાદ, માન આદિ અવગુણોને પોતાના પુરુષાર્થમય અગ્નિથી રાંકડા બનાવ્યા છે, તેઓ શ્રીપ્રભુની તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની ઉત્તમ વિશ્રામણા કરવાના ઉત્કૃષ્ટ ભાવ સેવે છે. આ ભાવના પરિપાકરૂપે તેમને શ્રી પ્રભુ પાસેથી તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ પાસેથી એક અપૂર્વ પ્રેરણા મળે છે. આ પ્રેરણા તેમને બે કાર્ય કરવા પ્રતિ દોરે છે.

પહેલા કાર્યમાં શ્રી ગણધરજીને શ્રી અરિહંત પ્રભુ પાસેથી જે ૐનાદરૂપ અપૂર્વ ધર્મપ્રકાશની લહાણી મળે છે, તે વધુમાં વધુ જીવો સુધી પહોંચે એવા ભાવ તેમને વર્તે છે. આ ભાવને વિશેષતાએ સફળ કરવા માટે તેઓ પોતાના પુરુષાર્થને બળવાન કરી, પ્રભુનાં દીધેલાં પરમાણુઓનું વિતરણ (distribution) જલદીમાં જલદી થાય અને વધુમાં વધુ જીવોને પૂર્ણતા સાથે પહોંચે એવી પ્રક્રિયા કરવામાં લાગી પડે છે. બીજી રીતે કહીએ તો તેઓ પોતાના બોધ તથા આચાર દ્વારા વધુમાં વધુ શિષ્યગણ આ પરમાણુઓની લહાણી ઝીલવા સમર્થ બને, એવા પુરુષાર્થી બનાવવાનો પ્રયત્ન કરે છે, અને એ મારફત તેઓ જનસમુદાયમાં ચારિત્રની વિશુદ્ધિ થતી જાય, ચારિત્રની ખીલવણી થતી જાય એવો પોતાનો પુરુષાર્થ વધારતા જાય છે. તેઓ જાણે છે કે જીવો જેટલા અંશે વિશેષ પુરુષાર્થી બનશે તેટલા અંશે તે જીવોની પ્રભુ તરફથી મળતી ધર્મનાં કલ્યાણનાં પરમાણુઓની લહાણી ઝીલવાનો અને માણવાનો અવકાશ વધતો જશે. જેટલા અંશે તેઓની લહાણી ઝીલવાની અને માણવાની શક્યતા વધતી જશે, તેટલા અંશે પ્રભુની લહાણી ફળવાન થતી જશે; પરિણામે શ્રી પ્રભુના ધર્મ પ્રકાશવાના પૂર્વના ભાવો વિશિષ્ટરૂપે ફળતા જશે. આમ થવાથી પ્રભુએ પૂર્વમાં કરેલા “સર્વ જીવ માટેના

કલ્યાણ ભાવથી” નિબંધન થયેલ કર્મની નિર્જરા થઈ શકે છે. તેની સાથે સાથે શ્રી પ્રભુ, તેમની નિવૃત્તિ વધારી શકે છે, અર્થાત્ તેમનો યોગના જોડાણ વગરના સમયનો (સિદ્ધ સદૃશ અવસ્થાનો) અનુભવ વધતો જાય છે.

તેમનાં બીજાં કાર્યમાં શ્રી ગણધરજી જાણે છે કે શ્રી અરિહંતપ્રભુ પૂર્ણ વીતરાગ હોવા છતાં ધર્મનાં સનાતનપણાના રાગથી જોડાયેલા છે. શ્રી પ્રભુનો આ ભાવ જો સાધુસાધ્વીજી, ઉપાધ્યાયજી, આચાર્યજી, ગણધરજી તથા શ્રી કેવળીપ્રભુ ઉત્કૃષ્ટતાએ કરે તો, એમનાં સમૂહગત જીવંત પરમાણુઓ પ્રભુ પ્રતિ મોટી સંખ્યામાં પહોંચે, એટલું જ નહિ પણ તે વધારે આજ્ઞારસ સહિત પહોંચે, તેથી પ્રભુનું અભિસંધીજ વીર્ય એટલા પ્રમાણમાં બચી જાય; જેથી પ્રભુ ધર્મનાં સનાતનપણાંની તથા મંગલપણાની પૂર્ણ દશાને વિશિષ્ટ રીતે પૂર્ણ કરી શકે. બીજી અપેક્ષાએ વિચારીએ તો સમજાય છે કે શ્રી ગણધરજી એ પંચપરમેષ્ટિનાં પરમાણુઓને જેટલા વિશિષ્ટ રૂપથી સમ કરી શકે, તેટલા વિશેષ અંશે શ્રીપ્રભુનું વીર્ય બચે, સચવાઈ રહે. આવી અપૂર્વ વિશ્રામણા કરવાના ભાવથી શ્રી ગણધરપ્રભુ સાધુસાધ્વીજીમાં સ્વકલ્યાણ સાથે પરકલ્યાણની ભાવના ઉમેરવાનો ઉત્સાહ આપે છે; જેથી એ સાધુસાધ્વીજીનાં કલ્યાણનાં પરમાણુઓ વધારે વેગવાન થાય અને ઉપાધ્યાયજી પાસે સહજતાથી આકર્ષાઈને પહોંચી જાય. એવી જ રીતે, શ્રી ઉપાધ્યાયજીને પરકલ્યાણના ભાવ સાથે સ્વકલ્યાણનો પુરુષાર્થ વધારવાનો તેઓ ઉત્સાહ આપે છે; એના લીધે તેમનામાં (ઉપાધ્યાયજીમાં) સાધુસાધ્વીજીનાં કલ્યાણનાં પરમાણુઓને ખેંચવાનો વેગ (force) વધે છે અને તેમનો કર્તાભાવ ઓછો થવાથી એ પરમાણુઓ વધારે વિશુદ્ધ થતા જાય છે. તે ઉપરાંત ગણધરજી શ્રી ઉપાધ્યાયને સ્વપર કલ્યાણની ભાવના ઉમેરવા માટે પ્રોત્સાહન આપતા જાય છે. શ્રી ગણધરજી આચાર્યજીને સ્વપર કલ્યાણના ભાવ સાથે આજ્ઞાપાલનમાં રહેવાનો ઉત્સાહ આપે છે, તે દ્વારા તેમનો ગણધર સાથે અમુક પ્રકારનો સેતુ બંધાય છે; અને અમુક અંશે શ્રી સાધુસાધ્વીજી તથા શ્રી ઉપાધ્યાયજીનાં કલ્યાણનાં પરમાણુઓને સમ કરવાનું પ્રોત્સાહન કાર્ય તેમની પાસે કરાવવાની પ્રેરણા આપે છે.

આવા ઉત્તમ ગણધરજી અન્ય ગણધરો માટે વધારે વિશુદ્ધ ચારિત્રના ધારક બની, અમુક સમયે છદ્મસ્થ ગુરુનું બિરુદ પામી, અન્ય ગણધરપ્રભુને પોતાનાં આજ્ઞાંકિત સ્વપરકલ્યાણના ભાવ સાથે ધર્મનાં સનાતનપણાનાં અને ધર્મનાં મંગલપણાનાં ઉત્કૃષ્ટ ભાવ ઉમેરવાનો ઉત્સાહ આપે છે. આવું સંચાલક જેવું ઉત્તમ કાર્ય કરતા ગણધરપ્રભુ, આવા નવીન બનેલ પરમાણુઓને પોતા તરફ ન ખેંચતાં તે પરમાણુઓને સીધા શ્રીપ્રભુ પાસે મોકલવાનો આદેશ (આજ્ઞા) તેઓ કલ્યાણનાં પરમાણુઓને વેગ સાથે છોડતા અન્ય ગણધરોને આપે છે; કે જેથી તેમની પ્રભુ સાથેની પેઢી લાંબી થાય નહિ. પોતાનાં આ કાર્યને તેઓ પોતાનો કર્તાભાવ અને માનભાવ ત્યાગવા માટેનું ઉત્તમ નિમિત્ત ગણે છે. સાથે સાથે, તેઓ આ કાર્ય દ્વારા સાધુસાધ્વી, ઉપાધ્યાય, આચાર્ય, ગણધર તેમજ તીર્થંકર પ્રભુની વિશ્રામણા એકસાથે કરી, ધર્મની તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પણ એ સમયે વિશ્રામણા કરે છે.

સામાન્ય રીતે બધા છદ્મસ્થ ગણધર અન્ય પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ એકઠા કરી, શ્રી તીર્થંકર પ્રભુને સમર્પતા હોય છે, અને એ દ્વારા શ્રી પ્રભુની વિશ્રામણા કરી ધન્યતા અનુભવતા હોય છે. ત્યારે અતિ પુરુષાર્થી સંચાલક જેવા ગણધરજી અન્ય ગણધરોને આજ્ઞાધીનપણા સાથેના સ્વપર કલ્યાણના ભાવમાં ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાના ભાવ પણ ઉમેરવાની પ્રેરણા આપે છે. આ રીતે જે ગણધરજી આ આજ્ઞા શિરોમાન્ય કરી ધર્મનાં સનાતનપણાના અને મંગલપણાના ભાવ પોતાનાં કલ્યાણનાં પરમાણુઓમાં ઉમેરી શ્રી પ્રભુને સીધા સમર્પે છે, તેમને બે લાભ થાય છે. પહેલો લાભ એ છે કે તેઓ શ્રી તીર્થંકર પ્રભુ ઉપરાંત ઉત્તમ ગણધરની આજ્ઞામાં રહીને બળવાન પરમાર્થ પુણ્ય ઉપાર્જે છે. બીજો લાભ એ થાય છે કે પ્રભુ સાથેની તેમની પેઢી ટૂંકી થવાથી પ્રભુ તરફથી વહેતા ઉત્તમ કલ્યાણનાં પરમાણુઓ સીધા ગ્રહણ કરવાની પાત્રતા આવે છે, જે તેમને ભાવિમાં નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ કરતા ગણધરની પદવી તરફ લઈ જાય છે.

"અહો! અહો! આવા ગણધરપ્રભુ ૐ મહાશ્રવ, ૐ આજ્ઞા પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર તથા ૐ ધર્મનાં સનાતન તેમજ મંગલમાર્ગને એકસાથે આચરે છે. અને એ માર્ગ બીજા માર્ગને નિર્ધૂમ અગ્નિની જેમ પ્રજ્વલિત રાખી, તેનાં એક પણ પરમાણુને વેડફવા દેતો નથી. અહો! અહો! શ્રી ગણધર પ્રભુનો નિર્ધૂમ ભવ્ય પુરુષાર્થ! આ લોકમાં તે સદાય જયવંત રહો! જયવંત રહો!"

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## નિર્ધૂમ અગ્નિરૂપ શ્રી અરિહંતનો છદ્મસ્થદશાનો પરમેષ્ટિ પુરુષાર્થ

શ્રી અરિહંતપ્રભુ છદ્મસ્થ દશામાં તીર્થંકર નામકર્મ બાંધ્યાં પછી પંચપરમેષ્ટિ પદમાં સ્થાન પામે છે. એનું એક કારણ એ છે કે એમનો આત્મા સતત, વિના અપવાદ, દરેક સમયે એ નામકર્મનો બંધ બાંધ્યા જ કરે છે. એમના કોઈ ને કોઈ પ્રદેશ 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવમાં જોડાયેલા જ રહે છે. આ નામકર્મ બંધાયા પછી અંતર્મુહૂર્ત કાળમાં તેમને તેનો ઉદય સૂક્ષ્મરૂપે થાય છે, તેથી સૂક્ષ્મપણે એ કર્મનો ઉદય પણ તેમનો આત્મા વેદ્યા કરતો હોય છે. આમ તીર્થંકર પ્રભુને નામકર્મ બાંધ્યા પછી, છદ્મસ્થ દશામાં પણ તે ધ્રુવબંધી તથા ધ્રુવોદયી રહે છે, જેથી તેમના કેટલાક આત્મપ્રદેશો સર્વ આત્માના કલ્યાણના ભાવ કર્યા કરે છે; એ કારણથી તેમનો આત્મા છદ્મસ્થ દશામાં પણ પંચપરમેષ્ટિપદમાં સ્થાન પામે છે. તેમનો આત્મા સહુ જીવ માટેના કલ્યાણભાવ વેદવા સાથે, ધર્મ સર્વ કાળને માટે ફળતો તથા ફૂલતો રહે એવા ધર્મના સનાતનપણાના ભાવ, તેમજ ધર્મનું મંગલપણું સતત અસ્તિત્વમાં રહ્યા કરે એવી અપૂર્વ ભાવના સહજાસહજપણે વેદે છે. આ ભાવના વેદનમાં ધર્મનાં સનાતનપણા સાથે ધર્મનું મંગલપણું અને ધર્મનાં મંગલપણાનું સનાતનપણું પણ સમાયેલું હોય છે. શ્રી અરિહંત ભગવાનનો આત્મા છદ્મસ્થપણામાં (નામકર્મ બાંધ્યા પછી અને કેવળજ્ઞાન લીધાં પહેલાં) આ ભાવ સતત વેદતો હોવા છતાં, તેમને પૂર્ણ થયા પહેલાં માર્ગ પ્રકાશવાની,

નામના કરવાની, માન મેળવવાની, સત્તા મેળવવાની કે યશ પામવાની કોઈ ભાવના કે ખેવના હોતી નથી. માત્ર પૂર્ણ થયા પછી જ માર્ગ પ્રકાશવાની ભાવના છદ્મસ્થપણામાં હોય છે, અન્ય કોઈ ભાવ પણ પૂર્ણ થયા પહેલાં તેમને કાર્યકારી કરવાની વૃત્તિ હોતી નથી. જેથી સર્વ અરિહંતપ્રભુ તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યા પછીની છદ્મસ્થદશામાં મુખ્યતાએ મૌનપણે પોતાના આ ભાવોનું ઉર્ધ્વીકરણ કરતા હોય છે.

પરંતુ, જો કોઈ ભાવિ તીર્થંકર પ્રભુને અપવાદરૂપે ગણધરપદનો ઉદય આવે અને તેમને છદ્મસ્થદશામાં માર્ગ પ્રકાશવાની આજ્ઞા મળે તો, તેઓ એ કાર્ય પણ કોઈ માન, સત્તા કે કીર્તિ(યશ) વધારવાના હેતુથી નહિ, પણ ઋણની ચૂકવણી અર્થે તથા આજ્ઞાપાલનના હેતુથી કરે છે. આ સિવાય તેમને બોધ મુખ્યતાએ આચાર દ્વારા વ્યક્ત થતો હોય છે, અને ગૌણપણે વાણીદ્વારા પ્રગટ થતો હોય છે. જેમ જેમ એમનું મૌન વિશેષપણું ધારણ કરે છે, તેમ તેમ એમનો કલ્યાણભાવ વધારે તીક્ષ્ણરૂપ ધારણ કરી વિસ્તાર પામે છે. જેમ જેમ તેમનો કલ્યાણભાવ વિસ્તાર પામે છે તેમ તેમ, તેમને પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞા વધારે ઊંડાણથી અને વધારે વિસ્તારથી સમજાતી જાય છે. આવા રાગરહિત કલ્યાણભાવના પ્રતાપથી એમને એવો પુણ્યબંધ વર્તે છે કે તેમનો પુરુષાર્થ તેમની સમજણની હારોહાર (સાથોસાથ) ચાલે છે. આનાથી તેમના આત્મા માટે એક બહુ મોટી સુવિધા સર્જાય છે, એમનો જ્ઞાનનો ઉઘાડ ચારિત્રની ખીલવણીમાં પરિણમતો જાય છે. કોઈ સંજોગોમાં જો તેમનું ચારિત્ર શિથિલતા પામે તો તેમનું જ્ઞાન સ્થગિત થઈ જાય છે. પરિણામે તેમને જ્ઞાનઉઘાડના દુરુપયોગનો દોષ લાગતો નથી. આ પરથી વિચક્ષણ સાધક સંજ્ઞાના માધ્યમથી તર્ક કરી, એવું તારણ કાઢી શકે કે ભાવિ તીર્થંકરના આત્માને પોતાને પ્રત્યક્ષ ગુરુ ન હોવાના કારણે શ્રીપ્રભુ એમને સાચવણી અર્થે જ્ઞાનઉઘાડ તથા ચારિત્રપાલનનો સંબંધ ભેટરૂપે આપી, એક માર્ગદર્શકનું ઉત્તમ કાર્ય કરે છે. બેમાંથી એકની ઓછપ થતાં બીજું આપોઆપ ઓછું થઈ જાય છે. જે પરથી ભાવિ અરિહંતપ્રભુ આ

એંધાણીથી ચેતી જઈ, પોતામાં ઇચ્છિત સુધારો કરી, ઘણો ઘણો વિકાસ સાધી શકે છે.

છદ્મસ્થ અરિહંતપ્રભુનો આત્મા આ સમજણ તથા સગવડને જ્યારે વિશિષ્ટરૂપ આપવા તત્પર થાય છે ત્યારે, શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ તેમને નિર્ધૂમ અગ્નિના માર્ગની પિછાણ કરાવે છે. શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુની પૂર્ણ આજ્ઞા તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના પૂર્ણ સાથથી આ અતિ અતિ ગૂઢ સમજણને અહીં શબ્દદેહ આપવા પ્રયત્ન કર્યો છે.

> "આપણને લક્ષ છે કે શ્રી તીર્થંકર પ્રભુના આત્માને કેવળીગમ્ય પ્રદેશોની ભેટ એક અપૂર્વ તેમજ વિશિષ્ટ માર્ગથી થઈ હોય છે. તેમાં તેમના જ રુચક પ્રદેશોના અનુભવનો રણકાર તથા તેમની આજ્ઞાનાં પ્રતિબિંબરૂપ ૐકારનાદ રહ્યો હોય છે. આવી અપૂર્વ ભેટના સંગાથમાં તેમને પ્રાપ્ત થયેલી, જ્ઞાનના ઉઘાડ સાથેની ચારિત્રપાલનની સિદ્ધિ (જે ઉપર વર્ણવી છે) એમણે નામકર્મ બાંધ્યા પછી સિદ્ધ થઈ સક્રિય થાય છે. આ બાબત આપણે ઊંડાણથી વિચારીએ. આ સિદ્ધિ સાથે એમણે બાંધેલા નામકર્મ પછીની તેમની આંતરસ્થિતિનો વિચાર ઉમેરીએ છીએ ત્યારે એ વિચારણામાં આપણને, શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અસીમ કૃપાથી અને આજ્ઞાથી શ્રી છદ્મસ્થ તીર્થંકર પ્રભુનો નામકર્મ બાંધ્યાં પછીનો અતિગૂઢ તથા અતિ ગંભીર એવા તેમના નિર્ધૂમ અગ્નિના પુરુષાર્થની સમજણ લેવાની ભેટ મળે છે."

> "અહો! શ્રી પ્રભુની અપૂર્વ, ભેદરહસ્યોથી સભર છતાં સરળ, સુગમ તથા સત્ય વાણી પોતામાં પ્રભુનાં અતિગૂઢ, ચેતનમય તથા સૂક્ષ્મ અનુભવને સ્થૂળ જડ વાણીમાં પ્રકાશી શકે છે; એટલું જ નહિ, પણ તે અમ જેવા બાળ જીવો માટે આવો ઉત્તમ માર્ગ ખુલ્લો કરી, કદી ન

ઉતરે તેવું બળવાન ઋણ અમારા પર ચડાવી, અમને તમારા દાસાનુદાસ બનાવી, એવી પ્રેરણા આપે છે કે, અમારે તમારા ચરણકમળની સમાધિની અત્યુત્તમ શાંતિમાં, સાદિ અનંતકાળ માટે, અડોલ, અકંપ તથા ચેતનઘનની સ્થિતિમાં જ્ઞાનદર્શનની પૂર્ણતા સાથે, ચારિત્રને ઉમેરી, રત્નત્રયના અપૂર્વ પુરુષાર્થથી ભરેલા ૐમાં ૐરૂપે સમાઈ જવાનું છે."

તીર્થંકર નામકર્મ બાંધ્યાં પછી, તેમના આત્મામાં એક અપૂર્વ ક્રિયા સતત થયા કરે છે. એમના કેવળીગમ્ય પ્રદેશો, એમના જ રુચક પ્રદેશોની ખાસિયત (characteristics) ધરાવે છે, તેમનામાં પ્રતિબિંબિત થતી આ ખાસિયતને લીધે નામકર્મ બાંધ્યાં પછીથી, છદ્મસ્થ પ્રભુના રુચક પ્રદેશોમાંથી સતત એક અરૂપી કલ્યાણભાવ વહ્યા કરે છે. પરિણામે એ કેવળીગમ્ય પ્રદેશો સતત પંચપરમેષ્ટિની એ કલ્યાણધારાનો આશ્રવ કર્યા કરે છે. આ વિશે વિચારતાં સમજાય છે કે, રુચક પ્રદેશોનો સતત અડોલ, અરૂપી સ્વભાવ કેવળીગમ્યમાં સુષુપ્ત રીતે સમાયો હોય છે, તે, તેમનું નામકર્મ સૂક્ષ્મતાએ ઉદયમાં આવતાં, જાગૃત થાય છે.

"અહીં શ્રીપ્રભુ આપણને સમજણ આપે છે કે, તીર્થંકર સિવાયના સર્વ જીવોમાં રુચકથી કેવળીગમ્યમાં સ્વભાવનું પ્રતિબિંબિત થવું, કેવળી સમુદ્ઘાતમાં જ થાય છે. એ વખતે આત્માનો ઉત્કૃષ્ટ વિસ્તાર થાય છે, અને પ્રભુના રુચક પ્રદેશો સહુથી ઊંચા જાય છે, અને સિદ્ધભૂમિમાં રહેલા લોકના પ્રદેશો સાથે અનુસંધાન પામી જોડાય છે. અને એની નીચેના ભાગમાં, એટલે સિદ્ધભૂમિની નીચેના ભાગમાં તેમના કેવળીગમ્ય પ્રદેશો ગોઠવાય છે. કેવળી સમુદ્ઘાતની ક્રિયામાં આત્મા પોતાનાં શેષ રહેલાં અઘાતિ કર્મની ભિન્ન ભિન્ન સ્થિતિને આયુષ્ય કર્મ જેટલી કરી નાખે છે, એટલે કે વિશેષ કાળનાં કર્મપરમાણુઓને પ્રદેશોદયથી ભોગવી ખેરવી નાખે છે. આ પ્રક્રિયા થવાને લીધે, અન્ય જીવો તેમાંય ખાસ કરીને નિત્યનિગોદના જીવો એ પરમાણુઓના સ્પર્શથી નિત્યનિગોદની બહાર

નીકળવાના અંતરાય ક્ષીણ કરે છે, અથવા ઘટાડે છે. જે જીવો બળવાન ભારે કર્મોદયના કારણે ત્રસનાડીની બહાર ફેંકાય ગયા હોય છે, તેમને કેવળી સમુદ્‌ઘાતના કારણે ફેલાયેલા કેવળીપ્રભુના પ્રદેશોનો સ્પર્શ પામી ફરીથી ત્રસનાડીમાં પ્રવેશવાનો અને એકેંદ્રિયપણાથી વિકાસ કરવાનો અવકાશ ઉત્પન્ન થાય છે. અલબત્ત, એ જીવોએ આ માટે પોતાની પાત્રતા કેળવવાની હોય છે."

પ્રભુની કેવળી સમુદ્‌ઘાતની આ પ્રક્રિયા વખતે તેમના આત્મમાં એક અતિગુપ્ત ક્રિયા થાય છે. આ ક્રિયામાં પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો તેમના રુચક પ્રદેશોની અરૂપી, પૂર્ણ, અડોલ વીતરાગદશાને અવધારે છે. આથી એ ૧૬ પ્રદેશો, કેવળી સમુદ્‌ઘાતની ક્રિયા પૂરી થયા પછી, આત્માના અન્ય પ્રદેશોને એ અરૂપી દશામાં લાવવા માટે કાર્યકારી થઈ, ચૌદમા ગુણસ્થાને આત્માને અયોગી કરી, સિદ્ધભૂમિના નિવાસી થવા માટેનું સદ્‌ભાગ્ય સમર્પે છે. શ્રી તીર્થંકર પ્રભુના આત્મામાં આ ક્રિયા સ્થૂળતાએ તીર્થંકર નામકર્મ બાંધ્યાં પછી શરૂ થાય છે. તેમાં તેમના કેવળીગમ્ય પ્રદેશો અરૂપી કલ્યાણધારાને આશ્રવે છે; કલ્યાણનો વિહાર કરે છે, અને તેનો નિહાર પણ કરે છે. આ કારણથી તેમના આત્મામાં તીર્થંકર નામકર્મ ધ્રુવબંધી તથા ધ્રુવોદયી થાય છે. નામકર્મ બંધાયા પછી અંતર્‌મુહૂર્તમાં જ તે ધ્રુવોદયી થાય છે કારણ કે આહારની ક્રિયા કર્યા પછી તેના વિહાર અને નિહારની ક્રિયા કરવામાં થોડો કાળ પસાર થઈ જાય છે. આ કાળ ૯ સમયથી ૪૮ મિનિટમાં એક સમય ઓછો એટલે કે તે કાળ અંતર્‌મુહૂર્તનો હોય છે. આ સમયનો આધાર તે આત્માના પુરુષાર્થ પર આધારિત હોય છે. જેટલા સમયમાં તે આત્મા નામકર્મને ઉદયમાં લાવે એટલા સમયમાં એ તીર્થંકર પ્રભુનો આત્મા ક્ષપકશ્રેણિને પૂરી કરે છે. જેને તીર્થંકર નામકર્મ નવ સમયે સૂક્ષ્મતાએ ઉદયમાં આવે તેની ક્ષપકશ્રેણિ નવ સમયમાં પૂરી થાય, જેને વિશેષ સમય લાગે તેને તે શ્રેણિ પૂરી કરતાં તેટલો વિશેષ સમય લાગે છે.

"કલ્યાણધારાના આહાર, વિહાર તથા નિહારની ક્રિયાની અસર એ ભાવિ તીર્થંકરના અશુદ્ધ પ્રદેશો પર પડે છે. જે અશુદ્ધ પ્રદેશો આ કેવળીગમ્ય પ્રદેશોના સંપર્કમાં આવે છે, એને આ કલ્યાણધારાનો લહાવો મળે છે. આ અશુદ્ધ પ્રદેશો મુખ્યતાએ મૌનપણે આ કલ્યાણરસને ઝીલી પોતામાં સમાવે છે, કારણ કે એમના આત્માએ પૂર્ણ થયા પહેલાં માર્ગ ન પ્રકાશવાના બળવાન ભાવ કર્યા હોય છે. તેથી, તેમનો આત્મા મુખ્યતાએ આ ક્રિયાને યથાર્થપણે ઝીલવા માટે મૌનપણે વિચરે છે. જે તેમના મંથનકાળ તરીકે ગણી શકાય."

શ્રીપ્રભુ આપણને અહીં સમજાવે છે કે અમુક વિરલા આત્માના અશુદ્ધ પ્રદેશો અતિ અતિ પુરુષાર્થી હોય છે. સામાન્ય રીતે ભાવિ તીર્થંકરના અશુદ્ધ પ્રદેશો પોતાના કેવળીગમ્ય પ્રદેશો પાસેથી મળેલા કલ્યાણરસનો આહાર કરે છે. તેઓ એ સમયે વિહાર તથા નિહાર કરતા નથી. પરંતુ જે અપવાદરૂપ ભાવિ તીર્થંકરના અશુદ્ધ પ્રદેશો અતિ પુરુષાર્થી હોય છે, તેમાંય ખાસ કરીને પાંચ કે છપદને સ્પર્શીને વિચરતા છદ્મસ્થ તીર્થંકર ભગવાનના પુરુષાર્થી અશુદ્ધ પ્રદેશો, જેમણે સાચા અને શુદ્ધ કલ્યાણરસને ઓળખવા તથા તેનો ઉપયોગ કરવા ખૂબ જ મથામણ કરી હોય છે, અને તે મંથનનો તેમને લક્ષ પણ હોય છે, તેઓ એવા ભાવ સેવે છે કે આ પ્રકારની તકલીફ અન્ય અશુદ્ધ પ્રદેશો તથા જનસમુદાયને ભોગવવી ન પડે. આવો ભાવ તેઓ અંતરંગમાં બળવાનપણે વેદે છે. આ સંજોગોમાં તેમના કેવળીગમ્ય પ્રદેશો આ અશુદ્ધ પ્રદેશોને મંથનકાળમાં માત્ર આહારની ક્રિયા ન કરતાં, આહાર, વિહાર તથા નિહારની ક્રિયા એકસાથે કરવા માટે પ્રોત્સાહન આપ્યા કરે છે, જેનાં પરિણામે એ કલ્યાણરસ માત્ર પુરુષાર્થી અશુદ્ધ પ્રદેશો પૂરતો સિમિત ન રહેતાં અન્ય અશુદ્ધ પ્રદેશો, તથા શ્રી પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુરૂપે અન્ય જીવો સુધી પહોંચી, તેમને પણ અતિ લાભનું કારણ થાય છે. જે ભાવિ તીર્થંકરનો આત્મા એમના અશુદ્ધ પ્રદેશોના આહાર, વિહાર તથા નિહારને જ્યારે એકસમાન (identical) કરે છે, એ સમય

તેમના માટે 'નિર્ધૂમ અગ્નિરૂપ શ્રી અરિહંતનો છદ્મસ્થદશાનો પરમેષ્ટિ પુરુષાર્થ' હોય છે; એમ શ્રી પ્રભુ આપણને માહિતી આપે છે.

આવા અતિ વિરલા જીવોમાં એક અતિ અતિ વિરલા જીવોની શ્રેણિ (category) એ હોય છે કે તેમના અશુદ્ધ પ્રદેશો અમુક સંખ્યામાં ભેગા થાય છે, અને એટલો બળવાન પુરુષાર્થ આદરે છે કે તેઓ કલ્યાણરસ ઝરાવતા કેવળીગમ્ય પ્રદેશોના રસને અતિ શીઘ્રતાથી ગ્રહણ કરી, તેનો ત્વરાથી આહાર, વિહાર તથા નિહાર કરતા થાય છે. તેમ છતાં તેમની કલ્યાણરસના પાનની પિપાસા છીપતી નથી. તેઓ પાત્ર પ્રદેશોને અને જીવોને દાન ન આપવાના દોષથી બચી જાય તે માટે એ કેવળીગમ્ય પ્રદેશો અન્ય વિદ્યમાન તીર્થંકર પ્રભુ પાસેથી કલ્યાણરસ ખેંચવાની તેમને તક આપે છે. આવી પવિત્ર ક્ષણો જ્યારે એ ભાવિ તીર્થંકરનો આત્મા વેદે છે ત્યારે એ ક્ષણોમાં એ આત્મા ઉત્કૃષ્ટ નિર્ધૂમ અગ્નિના માર્ગને છદ્મસ્થપણે સેવે છે. આવા અતિ પુરુષાર્થી ભાવિ તીર્થંકર શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાથી અન્ય ભાવિ તીર્થંકરના ગુરુ છદ્મસ્થ દશામાં બને છે; અને એ દ્વારા અતિ અતિ બળવાન પરમાર્થ પુણ્ય ઉપાર્જન કરે છે. આ ઉપરાંત તેઓ ધર્મનાં સનાતન મંગલપણાનો આદર્શ લોકમાં વિશાળપણે જીવંત કરે છે.

> "અહો! અહો! અહો! ૐરૂપ તીર્થપતિ! તમારા આ પુરુષાર્થની ઉગ્રતા તથા લોકકલ્યાણની નિસ્પૃહ ભાવના, અમારા રોમેરોમમાં, પ્રત્યેક પ્રદેશમાં તથા એ પ્રદેશોના નાના ભાગ કે વિભાગમાં પણ અહોભાવ, આજ્ઞાભાવ તથા ભક્તિભાવના ઉછાળા સાથે વેદાય છે. એથી અમને એવા ભાવ પ્રવર્તે છે કે આવા આત્માઓની સંખ્યા ખૂબ ખૂબ વધતી જાય, વધતાં વધતાં સર્વ જીવો સુધી વિસ્તૃત થાય અને આ માર્ગ સદાકાળ માટે જયવંત રહે!"

અહો ૐ, અહો ૐ, અહો ૐ

શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પૂર્ણ કૃપાદૃષ્ટિ તથા આજ્ઞા પ્રસાદીના પ્રતાપે આપણે નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મ સ્વરૂપનો ક્રમબદ્ધ વિચાર કરીએ.

## નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મ સ્વરૂપ

પરમાત્મસ્વરૂપની સ્થિતિ સ્થૂળતાએ શુક્લધ્યાનની ૩૫ મિનિટે પહોંચ્યા પછી શરૂ થાય છે, એટલે કે જે આત્મા શુક્લધ્યાનની ૩૫ મિનિટ પૂરી કરે છે, તે આત્મા સ્થૂળતાએ પરમાત્મસ્વરૂપ પામ્યો કહેવાય છે. પરંતુ અહીં આપણે સ્થૂળતાએ નહિ, પણ સૂક્ષ્મતાએ વિચાર કરવાનો છે. એ રીતે, પરમાત્મસ્વરૂપની સ્થિતિ આત્માને કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત થયા પછીથી શરૂ થાય છે.

અહીં આપણા માટે એ પ્રશ્ન સંભવે છે કે, કેવળજ્ઞાન કેવળદર્શન પ્રગટયા પછીથી જો પરમાત્મસ્વરૂપ આવે છે, તો એમાં આત્મા તો ઘાતિકર્મોથી રહિત હોય છે, ક્ષાયિક ચારિત્ર તથા અનંતવીર્યનો ધારક હોય છે, એથી એની પ્રત્યેક ક્ષણો નિર્ધૂમ અગ્નિના પુરુષાર્થવાળી જ ગણી શકાય, તો પછી તેમાં નિર્ધૂમપણું કેવી રીતે સમાવવું? એમનામાં નિર્ધૂમ પુરુષાર્થનું વિશેષપણું કેવી રીતે સમજવું?

શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના પ્રણેતા શ્રી અરિહંતપ્રભુ પાસે અમે પોતાની મૂઢતા તથા અલ્પબુદ્ધિની લજ્જાને ભક્તિરૂપ પરમસેતુથી ઓળંગીને, અતિ વિનમ્રભાવે તથા આતુર નયનો સાથે યાચના કરીએ છીએ કે, “અહો! પ્રાણનાથ! હે જગતપિતા! હે લોકાલોકના મહાસમ્રાટ! હે દીનાનાથ! સર્વને પરમ આધારરૂપ! અહો! અપૂર્વ સાધના, પરમ જ્ઞાન, પરમ દર્શન, પરમ ચારિત્ર, પરમ વીર્ય, તથા પરમ તપના અધિરાજ! આજ્ઞાભક્તિ, આજ્ઞાધર્મ અને ધર્મના સનાતન મંગલભાવના આદિ ચેતન! તમારાં પરમ જ્ઞાન, પરમ દર્શન તથા પરમ ચારિત્રની વિશાળતા, ગંભીરતા તથા ઊંડાણની પૂર્ણ સમજણને, આજ્ઞાના મહાભાવમાં, સર્વ પર્યાયથી તથા સર્વ પ્રકારે પરિણમન કરી, તમે આજ્ઞારૂપી ચેતનાને સર્વ યોગાધ્યવસાયમાં અપૂર્વ રીતે આદિ તથા અંતરૂપ બનાવી, એ આજ્ઞામાર્ગને અનાદિઅનંત ધારામાં વહાવી, ધર્મને અનાદિઅનંત કાળ માટે સનાતન મંગલ ધર્મનું સ્વરૂપ અર્પનાર

છો! આમ આખા આજ્ઞામાર્ગને શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના સાથથી શાશ્વતપણું આપનાર તમને તથા સર્વશ્રી પૂર્ણ પંચ પરમેષ્ટિ પ્રભુને અમે શત શત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ. હે પ્રભુ! જો તમે આ લોકના જડ પરમાણુઓમાં પણ આ ચેતનરસને અનાદિકાળથી જીવંત રાખી શક્યા છો; તો અમને પૂર્ણ વિશ્વાસ છે કે, તમે અમારા જેવા અલ્પબુદ્ધિ, મૂઢ, છતાં ચેતનમય બાળજીવોમાં આ અપૂર્વ માર્ગની સમજણ તથા તેનું સિંચન આજ્ઞાની મહાજાદુ ભરેલી ધારાથી જરૂર ઉપજાવશો."

"પ્રભુ! બુદ્ધિથી વિચારવા જતાં, આ કાર્ય અસંભવ જેવું લાગે છે. પરંતુ લાગણીથી વિચારતાં અમને લક્ષ થાય છે કે, જો તમે જડ પદાર્થમાં પણ આ જ્ઞાનનું રોપણ કરી શકો છો, તો જરૂર અમારા જેવા મંદબુદ્ધિ પણ ચેતન પદાર્થમાં આ જ્ઞાનની લહાણી જરૂર આપશો. પ્રભુજી! આ વિશ્વાસ સાથે અમે એ પણ માગીએ છીએ કે આપ દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનને અમે યોગ્ય રીતે ચારિત્રરૂપી મહારત્નથી શોભાવીએ. ચારિત્રની ઉત્તમ ખીલવણી કરવા માટે અમને ઉગ્ર પુરુષાર્થી બનાવો. અમારા આવા અત્યારના ભાવને નિર્ધૂમ અગ્નિની જેમ સતત જાગૃત રખાવજો એ જ અમારી, આપનાં બાળકની અંતરંગના પ્રદેશે પ્રદેશની પરમ યાચના છે."

ૐ શાંતિઃ ૐ આજ્ઞા.

## નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપ શ્રી અરિહંત પ્રભુનો પુરુષાર્થ

શ્રી અરિહંતપ્રભુના સાતમા અને આઠમા રુચક પ્રદેશો એકસાથે નિત્યનિગોદમાં રુચકપણું પામે છે; જેથી એ જીવ ભાવિમાં અરિહંતપણું મેળવવાનું સુભાગ્ય પ્રાપ્ત કરે છે. એ જીવના સાતમા અને આઠમા રુચક પ્રદેશને નિરાવરણ કરતી વખતે, સિદ્ધ થતા અરિહંત પ્રભુ એમનું ઉત્કૃષ્ટ વીર્ય, ધર્મનાં સનાતનપણા તથા મંગલપણા સહિતનું પરમ વીર્ય તે પ્રદેશોમાં ફોરવે છે. આપણી જાણકારી છે

તે પ્રમાણે શ્રી અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિમાં, અન્ય સામાન્ય જીવો કરતાં વિભિન્ન, એવા રુચક પ્રદેશોનું પ્રતિબિંબ છવાયેલું હોય છે. ધર્મના સનાતનપણાનું તથા મંગલપણાનું એમાં થયેલું રોપણ કેવળીગમ્ય પ્રદેશોમાં રુચક પ્રદેશ માટે એક અપૂર્વ પ્રકારનું આર્કષણ ઉપજાવે છે. આ આકર્ષણનું ચુંબકીય ક્ષેત્ર (magnetic field) ભાવિ અરિહંત પ્રભુના અશુદ્ધ પ્રદેશોમાં છદ્મસ્થ રીતે (ગુપ્તપણે) ધર્મનાં સનાતનપણાના તથા મંગલપણાના સંસ્કારનું રોપણ કરતું જાય છે. આ ભાવની ઉગ્રતા થવાથી, જ્યારથી એ ભાવિ અરિહંતનો આત્મા તીર્થંકર નામકર્મ બાંધે છે ત્યારથી એમના કોઈક ને કોઈક અશુદ્ધ પ્રદેશો, તેમના રુચક અને કેવળીગમ્ય પ્રદેશોના ચુંબકીય આકર્ષણની (magnetic fieldની) અસરથી ધર્મનાં સનાતનપણા તથા મંગલપણા સહિત લોક સમસ્તના કલ્યાણની ભાવના વેદે છે, જેના થકી એમનું નામકર્મ ધ્રુવબંધી તથા ધ્રુવોદયી થાય છે. આવા અપૂર્વ પરમાર્થ લોભથી એમના આત્માના અશુદ્ધ પ્રદેશો પર તીર્થંકર નામકર્મરૂપ અઘાતિ કર્મબંધ સતત આશ્રવાય છે. તે કર્મના ભોગવટા માટે એ આત્માએ, પોતે કેવળજ્ઞાન પ્રગટયા પછી તીર્થ પ્રવર્તાવે એ પ્રકારે અરિહંત નામકર્મનું બંધન તથા વેદન (આ કર્મની ભાવિમાં કરવાની નિર્જરા માટે) કરવું પડે છે. આ તીર્થંકર નામકર્મના મુખ્યત્વે સ્થૂળ ઉદય વખતે એમના આત્મામાં કેવી પ્રક્રિયા થાય છે તેની સમજણ તથા તેમાં નિર્ધૂમપણું કેવી રીતે સમાય છે તેની સ્પષ્ટતા શ્રીપ્રભુ આપણને હવે સમજાવે છે.

શ્રીપ્રભુએ આપણને જણાવ્યું છે કે અશુદ્ધ પ્રદેશોને, તેમાંય ખાસ (એ માટે જરૂરી એવો તેમનો છદ્મસ્થ દશાનો પુરુષાર્થ) કરીને છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાને સંજ્ઞાની શુભ અસર હોય છે. સંજ્ઞામાં ભૂત, વર્તમાન તથા ભવિષ્યને વર્તમાનમાં સમજવાની તથા વેદવાની શક્તિ હોય છે. આ ઉપરાંત એમની એક ભાવના, ભાવિનો વિસ્તાર (extrapolation) કરવાની તથા એ જ ભાવનું ઊંડાણ વધારવાની (intrapolation) શક્તિ હોય છે. આમ, જીવને છઠ્ઠા સાતમા ગુણસ્થાને તેના અશુદ્ધ પ્રદેશોમાં આ શક્તિ ખીલી હોય છે. મુખ્યતાએ આ

અશુદ્ધ પ્રદેશો જીવના કેવળીગમ્ય પ્રદેશો પાસેથી, અને રુચક પ્રદેશોની પ્રેરણાથી પણ એ કેવળીગમ્ય પ્રદેશો પાસેથી પ્રેરણા, કલ્યાણભાવ તથા યોગ્ય માર્ગદર્શન લઈને પોતાનું કલ્યાણ કરે છે. જેમ જેમ જીવનું કલ્યાણ થતું જાય છે, તેમ તેમ એ અશુદ્ધ પ્રદેશો સાથે જોડાયેલી સંજ્ઞા પણ શુભભાવવાળી થતી જાય છે. તે પછીથી, જીવના છૂટવાના ભાવ વધવાથી, પુરુષાર્થની તીક્ષ્ણતા થવાથી અને પુરુષાર્થનું ઊંડાણ વધવાથી એ અશુદ્ધ પ્રદેશો ભાવિ સિદ્ધિને વર્તમાનમાં ભોગવવાના આશયથી, સંજ્ઞાના માધ્યમથી વિશેષ પુરુષાર્થી થાય છે.

જેમ જેમ આ અશુદ્ધ પ્રદેશો ભક્તિના માધ્યમથી વધારે કલ્યાણ માટે માગણી કરતા જાય છે, તેમ તેમ કેવળીગમ્ય પ્રદેશોને તેમની આ જ્ઞાન પિપાસા તથા કલ્યાણ પિપાસા છીપાવવા માટે પોતામાં રહેલા કલ્યાણભાવ તથા રુચક પ્રદેશોની પ્રેરણાથી આવતા કલ્યાણભાવ અપેક્ષાએ ઓછા પડે છે. પરિણામે કેવળીગમ્ય પ્રદેશોને પંચપરમેષ્ટિના સમૂહ પાસેથી કલ્યાણભાવ તથા કલ્યાણરસ ઉછીનો લેવાની જરૂર પડે છે. આ અન્ય પંચપરમેષ્ટિના કલ્યાણભાવ તથા કલ્યાણરસનો સ્પર્શ થવાથી, પોતાના અને પરના કલ્યાણભાવ તથા કલ્યાણરસ વચ્ચેનો ફરક, વિચક્ષણ સાધક પોતાની તીક્ષ્ણ સંજ્ઞા તથા પુરુષાર્થના માધ્યમથી સ્પષ્ટપણે જાણે છે. એ સાધક પોતાના પ્રત્યક્ષ ગુરુ તથા સત્સંગથી પણ આ ફરકને જાણી શકે છે. આ આંતરબાહ્ય અનુભવશ્રુતના નિમિત્તથી એ આત્માના અશુદ્ધ પ્રદેશોમાં ધર્મનાં મંગલપણાની તથા મંગલપણાથી ઉપજતી સનાતનપણાની લાક્ષણિકતા તથા તેની પ્રકૃતિની સ્પષ્ટ જાણકારી આવતી જાય છે. આ જાણકારી આવતાં, એ જીવના આંતરભાવ ધર્મનાં મંગલપણાને તથા સનાતનપણાને સતત વધારે એવા થતા જાય છે. આ ભાવને પૂરા કરવા એ આત્માને અન્ય પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓનો આહાર કરવાનો યોગ વધતો જાય છે. કારણ કે આ પ્રભુ આહાર કરે તો જ અન્ય પરમેષ્ટિ પરમાણુનો વિહાર કરે અને પરિણામે અન્ય કોઈ પરમેષ્ટિ પરમાણુઓનો નિહાર કરવા સદ્ભાગી બની, ધર્મનાં મંગલપણા તથા સનાતનપણાને સાધ્ય કરી તેની સિદ્ધિ કરે છે. જેમ જેમ આ આત્મા આહાર

કરવાનો યોગ વધારતો જાય છે, તેમ તેમ એ આત્માના કેવળીગમ્ય પ્રદેશો સક્રિય થતા જાય છે, અને લોકનાં ભિન્ન ભિન્ન કલ્યાણનાં સ્થાનોમાંથી (પૂર્ણ પરમેષ્ટિનાં નિત્યસ્થાન તથા પરમેષ્ટિનાં નિત્યસ્થાનમાંથી) કલ્યાણનાં પરમાણુઓ ખેંચવાનો શુભ યોગ વધારે છે. જેમ જેમ ભિન્ન સ્થાનમાંથી તેનો આહાર કરવાનો યોગ આવે છે, તેમ તેમ તે આત્મા ધર્મનાં મંગલપણાને તથા સનાતનપણાને સિદ્ધ કરવાનું નિમિત્ત થાય છે. આ કલ્યાણનાં પરમાણુઓમાં મૂળથી જ સ્વપર કલ્યાણનો માર્ગ સિંચાયેલો હોય છે, તેથી જે અશુદ્ધ પ્રદેશો આવા કલ્યાણનાં પરમાણુઓને ગ્રહણ કરે છે તેઓ અન્ય અશુદ્ધ પ્રદેશોને એ પરમાણુઓ આપવાના ભાવ પણ કરતા થાય છે. સમય પાકતાં તેમનો એ ભાવ સફળ થાય છે. આ ક્રિયા કરવાથી એ આત્મપ્રદેશો અન્યના કલ્યાણનાં પરમાણુઓનો વિહાર તથા નિહાર કરવાની પ્રક્રિયા પણ શીખતા જાય છે. તે પછીથી બાહ્ય સત્સંગ તેમજ સદ્‌ગુરુની પ્રેરણાથી એ આત્મા અન્ય જીવો માટે પણ કલ્યાણના ભાવ વેદવા શરૂ કરે છે. એ ભાવના અનુસંધાનમાં એ અન્ય ભિન્ન જીવો સાથે પણ કલ્યાણની વિહાર તથા નિહારની પ્રક્રિયા કરતાં શીખતો જાય છે. જેમ જેમ તેના વિહાર તથા નિહાર વિશુદ્ધ થતા જાય છે, તેમ તેમ તે જીવનો આહાર પણ શુદ્ધ અને ચડિયાતો થતા જાય છે.

આવી પ્રક્રિયા આગળ વધેલા સર્વ સામાન્ય જીવો સ્વપર કલ્યાણના માર્ગે ચાલતી વખતે કરે છે, આ માર્ગમાં ચાલતા રહેવા આ ક્રિયા કરવી જરૂરી છે. આનાથી થોડી વધારે ચડિયાતી ક્રિયા શ્રી તીર્થંકર પ્રભુનો આત્મા નામકર્મ બાંધ્યાં પછી છદ્મસ્થપણામાં કરે છે. શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી આ અતિગુપ્ત પ્રક્રિયાને શબ્દદેહ આપવા પ્રયત્ન કર્યો છે.

આપણને ખબર છે કે છદ્મસ્થપણામાં શ્રી તીર્થંકર પ્રભુનો જીવ સર્વ જીવોનું કલ્યાણ ઇચ્છવા છતાં, પૂર્ણ થયા પહેલાં મોક્ષમાર્ગ પ્રકાશવાની ઇચ્છા રાખતો નથી. આ વિશે વિચારતાં આપણને એક વિરોધાભાસ જણાયા વિના રહેતો નથી. એક બાજુથી પ્રભુનો જીવ 'સર્વ જીવ માટે કલ્યાણ'નો ભાવ ઉત્કૃષ્ટતાએ કરે છે,

અને બીજી બાજુ પૂર્ણ થયા પહેલાં માર્ગ પ્રકાશવાના ભાવ તેમને વર્તતા નથી. પૂર્ણ થયા પછી આત્માને સકામપણે કોઈ ભાવ વર્તતા નથી; અને કલ્યાણનાં સર્વોત્કૃષ્ટ ભાવ છદ્મસ્થપણે કરવા છતાં, એ ભાવની પૂર્ણતા કરવા પોતાનાં પૂર્ણપણાની શરત રાખી તેઓ એક અપૂર્વ પ્રકારનો વિરોધ સર્જતા હોય એમ લાગે છે. આવા વિરોધી જણાતા ભાવો એક જ જીવમાં સ્થપાવા માટે એમના આત્મામાં કોઈક એવી સ્થિતિ સર્જાતી હોવી જોઈએ કે જેનાં ફળરૂપે આ બંને ભાવો એક સાથે ઉત્કૃષ્ટપણે સહઅસ્તિત્વ ધરાવી શકે. આ સ્થિતિ શું હોઈ શકે એ આપણા માટે બળવાન જિજ્ઞાસાનો વિષય છે.

શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુ સમક્ષ અપૂર્વ આરાધન કરી, કરેલી ભક્તિના પ્રસાદરૂપે આશીર્વાદ મેળવી, શ્રીપ્રભુ તેનાં ફળ રૂપે આપણને ખુલાસો આપે છે. એમની કૃપાથી અને આજ્ઞાથી આ સૂક્ષ્મ સમજણના ખુલાસાને અહીં વ્યક્ત કરીએ છીએ. "ભાવિ તીર્થંકર પ્રભુનો જીવ ક્ષાયિક સમકિત લીધાં પછી, છટ્ઠા સાતમા ગુણસ્થાને આગળ વધતો હોય છે ત્યારે તેમને તીર્થંકર પ્રભુ અથવા ભાવિ તીર્થંકર પ્રભુનું પ્રત્યક્ષ નિમિત્ત વિશિષ્ટ રીતે મળતું રહે છે. આવા નિમિત્તથી એમના આત્માના અશુદ્ધ પ્રદેશો પોતાના જ કેવળીગમ્ય પ્રદેશોની અસરથી એ અતિશુભ અને શુદ્ધ નિમિત્ત પાસેથી 'સર્વ જીવ કરું શાસનરસિ'નાં કલ્યાણનાં બિંદુઓ ગ્રહણ કરે છે. આવાં કલ્યાણનાં બિંદુઓ ગ્રહણ કરતાંની સાથે જ તેમના અશુદ્ધ પ્રદેશો કલ્યાણબિંદુના ભાવ સમાન તથા પોતાની કક્ષા પ્રમાણે 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવ વેદે છે. વળી, આ અશુદ્ધ પ્રદેશોને એમના કેવળીગમ્ય પ્રદેશોની પરમ સહાયથી એ જાણકારી હોય છે કે શ્રી તીર્થંકર પ્રભુના એ પરમ ભાવમાં પૂર્ણ વીતરાગતા છે, એ ભાવના વેદનમાં એમને કોઈ સુખબુદ્ધિ વર્તતી નથી; તેમજ તેમના કલ્યાણભાવમાં પોતાની પૂર્ણતા સહિતનું વેદન છે કે જેથી કલ્યાણ સ્વીકારનાર જીવને કોઈ પ્રકારની ખામી જાય નહિ. આવો સંદેશો (લક્ષ),એ ભાવિ તીર્થંકરના અશુદ્ધ પ્રદેશોને પોતાના કેવળીગમ્ય પ્રદેશો તરફથી મળતો હોવાથી, એ અશુદ્ધ પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને ખૂબ આજ્ઞાધીન થાય છે.

આવી આજ્ઞાધીનતાવાળી સ્થિતિમાં અશુદ્ધ પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને વિનંતિ કરે છે કે સ્વપરકલ્યાણના માર્ગ પર ચાલતી વખતે પોતાની કોઈ પણ ખામી અન્ય જીવોને પસાર ન થાય, એ શરતની જાળવણી કરાવજો. તે કેવળીગમ્ય પ્રદેશો આ ભાવને સફળ કરાવવા અશુદ્ધ પ્રદેશોને આજ્ઞા કરે છે કે તમે તમારા કલ્યાણભાવને તથા 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવને બીજા કોઈ પ્રતિ નહિ, પણ અમારા પ્રતિ જ વોસરાવી દ્યો. આમ કરીને, એ અશુદ્ધ પ્રદેશો 'સર્વ જીવ કરું શાસનરસિ'ના સ્વપર કલ્યાણભાવનું ઉત્કૃષ્ટરૂપ વેદે છે, અને પોતાના છદ્મસ્થતાની અધુરપને કેવળીગમ્ય પ્રદેશોને વોસરાવી પૂર્ણ બને છે (અધુરપરહિત બને છે). આવા કલ્યાણભાવની ધારા, ભાવિ તીર્થંકરનો જીવ નામકર્મ બાંધ્યાં પછી કોઈ ને કોઈ અશુદ્ધ પ્રદેશનાં માધ્યમથી કેવળીગમ્ય પ્રદેશો પર વરસાવે છે. આજ કારણથી શ્રીપ્રભુએ કહ્યું છે કે ભાવિ તીર્થંકર પ્રભુના આત્મામાં નામકર્મ બાંધ્યાં પછી એ ધ્રુવબંધી તથા ધ્રુવોદયી હોય છે. કેવળીગમ્ય પ્રદેશ પર 'સર્વ જીવ કરું શાસનરસિ'નો ભાવ અશુદ્ધ પ્રદેશો દ્વારા જમાવ થાય છે તે ધ્રુવબંધીપણું છે. અને તેમના કોઈક ને કોઈક અશુદ્ધ પ્રદેશમાં એ ભાવનું વેદન થાય છે તે તેનો ધ્રુવોદય છે. તેમના આવા અપૂર્વ પુરુષાર્થને લીધે તથા પોતાની છદ્મસ્થતાને કારણે થતી ભૂલ બીજે ક્યાંય પણ પસાર ન થાય એવા તેમના અતિ અતિ શુભ આશય તથા તે માટેના તેમના પુરુષાર્થના આધારે શ્રી ભાવિ તીર્થંકરનો આત્મા આ કાર્યથી, નામકર્મ બાંધ્યાં પછી સતત કેવળજ્ઞાન – કેવળદર્શનની પ્રાપ્તિ કરવાનાં અંતરાય તોડે છે.

તેમના કેવળીગમ્ય પ્રદેશો પર થતો 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવનો જમાવ તેમને માટે તીર્થ પ્રર્વતાવતી વખતે તથા મોક્ષમાર્ગ પ્રકાશતી વખતે મુખ્ય સાથ બની એમની પરમાત્મસ્થિતિનું મૂળ બને છે. શ્રી તીર્થંકર પ્રભુ જ્યારે તીર્થ પ્રવર્તાવે છે ત્યારે મુખ્યત્વે ૐ ધ્વનિ દ્વારા લોકોને બોધ આપે છે. જે જીવો પોતપોતાની ભાષામાં સમજી જાય છે. આ ૐ ધ્વનિ ક્યા કારણથી ઊઠે એ પ્રશ્ન અમને હે પ્રભુ! મુંઝવે છે. શ્રીપ્રભુ દાસની પાત્રતા, વિનમ્રતા, ભક્તિ, પુરુષાર્થ

તથા જિજ્ઞાસાને પોષવા અપૂર્વ ૐનાદથી શ્રી તીર્થંકર પ્રભુના નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપનો ખુલાસો આપે છે.

શ્રી તીર્થંકર પ્રભુનો જીવ સહજતાએ ૨૦૦-૨૫૦ ભવ પહેલાથી અમુક અમુક ક્ષણે જીવ સમસ્ત માટે નિર્માની કલ્યાણભાવના કરતો રહે છે. જે ભાવનાનું જોર પછી પછીના ભવમાં વધતું જાય છે. આ કલ્યાણભાવ વિશે વિચારતાં સમજાશે કે તે ભાવોમાં ગુપ્તપણે ધર્મનું સનાતનપણું સમાયેલું છે. મૂળમાં, ધર્મનું આ સનાતનપણું તેમના સાતમા અને આઠમા રુચક પ્રદેશમાં સિદ્ધ થતા શ્રી તીર્થંકર પ્રભુએ દાનરૂપે સ્થાપ્યું હોય છે. આ બે રુચક પ્રદેશમાં (૭, ૮મા) રહેલા ધર્મનાં સનાતનપણાના ભાવ એમના આત્માની અજ્ઞાન અવસ્થામાં પણ જીવ સમસ્તની નિર્માની કલ્યાણભાવના કરાવવામાં સફળ બને છે. આવા અપૂર્વ પુરુષાર્થનાં કારણે શ્રી તીર્થંકર પ્રભુના આત્મામાં, અપવાદરૂપે, કેવળીગમ્ય પ્રદેશો રુચક પ્રદેશોનું પ્રતિબિંબ બને છે. અન્ય સર્વ આત્માના કેવળીગમ્ય પ્રદેશોમાં કોઈક તીર્થંકર પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોનું પ્રતિબિંબ હોય છે. આ અપૂર્વ સ્થિતિના નિર્માણમાં ધર્મનો એક અતિગુપ્ત સિદ્ધાંત રહેલો જોવા મળે છે; જેને શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાથી અહીં વ્યક્ત કરીએ છીએ.

આત્મા એક જ એવું દ્રવ્ય છે કે જે ચેતનમય છે, જીવ રૂપે લોકમાં વસે છે. ધર્મનાં સનાતનપણાની ઉપસ્થિતિ માટે આ ચેતન દ્વારા ધર્મનાં સનાતનપણાના ભાવ વેદાય તો જ ધર્મનું અનાદિઅનંતપણું સંભવી શકે. ભાવિ તીર્થંકરના સાતમા તથા આઠમા રુચક પ્રદેશને નિરાવણ કરતી વખતે તેમાં સિદ્ધ થતા તીર્થંકરપ્રભુ અયોગી પૂર્ણ વીર્ય તથા વેદન દ્વારા ધર્મના સનાતનપણાના ભાવ તથા અનુભવને વારસારૂપે સ્થાપે છે. સમય વીતતાં, એ ૭મો અને ૮મો પ્રદેશ એ અનુભૂતિને (જે એમના અન્ય રુચક પ્રદેશોમાં એકરૂપ થઈ છે તેને) વિદ્યમાન તીર્થંકર પ્રભુના સાથથી પોતાના અન્ય આઠ પ્રદેશોમાં કેવળીગમ્ય પ્રદેશો રૂપે સ્થપાવે છે. આ જ આત્મા જ્યારે પૂર્ણ થઈ તીર્થ પ્રવર્તાવે છે ત્યારે તે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાથી અન્ય જીવમાં આ જ ધર્મના સનાતનપણું પ્રતિબિંબ અન્ય આઠ પ્રદેશોમાં

– કેવળીગમ્ય પ્રદેશોમાં સ્થાપે છે. આ કેવળીગમ્ય પ્રદેશો જીવને શિવ કરવાની પ્રક્રિયામાં, એ જીવ પાસે અન્ય જીવોનું કલ્યાણ ઇચ્છાવી, ધર્મનાં સનાતનપણાને ચેતનરૂપ, જીવંતરૂપ તથા ભાવરૂપ સમર્પી, અને અનાદિઅનંતની પરિભાષાથી બિરદાવે છે.

આ અતિગુપ્ત પ્રક્રિયાને વિચારતાં સમજાય છે કે ધર્મનો માર્ગ મૂળમાં એક જ છે. ધર્મ તથા કાળની પરિસ્થિતિનાં જુદાપણાને આ ચેતનરૂપ ધર્મનું સનાતનપણું એકરૂપ કરે છે. ધર્મ અને કાળનાં આવાં એકપણાને કારણે જ સિદ્ધભૂમિમાં અનંત આત્માઓ જુદાં જુદાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તથા ભવના સમવાયથી સિદ્ધ થયા હોવા છતાં, ઘનસ્વરૂપે એકપણે અનંતાનંત કાળ સુધી રહી શકે છે. ધર્મની કાળ સાથેની આવી એકપણાની પરિસ્થિતિ બોધનાં તથા કલ્યાણનાં પ્રત્યેક કણમાં લાવવાનો પુરુષાર્થ એ શ્રી તીર્થંકર પ્રભુનો નિર્ધૂમ પરમાત્મા સ્વરૂપ પુરુષાર્થ છે.

શ્રી તીર્થંકર પ્રભુ ૐનાદ દ્વારા રૂપીપણે બોધ આપે છે, અને ૐ પરમાણુરૂપે પણ અરૂપી કલ્યાણ કરે છે. ૐમાં પૂર્ણ તેમજ છદ્મસ્થ પરમેષ્ટિ સમાયેલા છે; તેમના થકી તેમાં યોગ્ય સમતોલનવાળું ધર્મનું સનાતનપણું અને ધર્મનું મંગલપણું સમાય છે. બીજી અપેક્ષાએ આપણે કહીએ તો ધર્મનાં સનાતનણામાં મંગલપણું અને ધર્મનાં મંગલપણામાં સનાતનપણું સમાયેલું હોય છે. ધર્મનાં આવાં સનાતનપણાનું અને મંગલપણાનું સમતોલન કરવાની જવાબદારી શ્રી તીર્થંકર પ્રભુના અત્મા પર રહેલી હોય છે. જેટલા અંશે શ્રી તીર્થંકર પ્રભુનો આત્મા છઠ્ઠા પદનાં વેદન સાથે ૐનાદ પ્રકાશે છે, તેટલા અંશે ધર્મનાં સનાતનપણાનું તથા મંગલપણાનું સમતોલન નિર્ધૂમ અગ્નિરૂપ ધારણ કરે છે. આ પુરુષાર્થનું મૂળ શ્રી તીર્થંકર પ્રભુના છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાને વર્તતા ચારિત્ર, કલ્યાણભાવ તથા આજ્ઞાધીનપણા પર આધાર ધરાવે છે; અને તેમના પૂર્ણ સ્વરૂપે એનું નિમિત્ત આવતાં, અર્થાત્ એ વખતે બંધાયેલા કલ્યાણભાવાદિ કર્મનો ઉદય થતાં, તેની નિર્જરા કરતી વખતે, એમના યોગના જોડાણ વખતે કલ્યાણાદિ ભાવોનો

આશ્રવ કરવામાં કેટલા અંશે ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાનાં સમતોલનને તેઓ જાળવે છે, તેના આધારે તેટલા અંશે તેમનો આત્મા એ નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપ શુદ્ધિને મેળવે શકે છે.

## નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપ શ્રી ગણધરપ્રભુનો પુરુષાર્થ

શ્રી ગણધરપ્રભુ છદ્મસ્થ પરમેષ્ટિ સ્વરૂપે અન્ય છદ્મસ્થ પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓને ગ્રહણ કરી, સમ કરે છે; તેઓ તે પરમાણુઓને મંગલપણાની ઉત્કૃષ્ટ સ્થિતિએ લઈ જાય છે; અને શ્રી તીર્થંકર પ્રભુની આજ્ઞાથી તથા પોતાની પાત્રતા અનુસાર તેઓ એ કલ્યાણના સ્કંધમાં સનાતનપણાનું રોપણ કરી, એ પરમાણુના સ્કંધને શ્રી પ્રભુ પાસે પૂર્ણરૂપ ધારણ કરવા આજ્ઞાધીનપણે મોકલે છે. એ જ પૂર્ણ ૐરૂપ પરમાણુઓ શ્રી પ્રભુમાંથી ૐનાદ રૂપે નીકળે છે, તે પરમાણુઓને પ્રભુ પાસેથી તેઓ પ્રસાદીરૂપે પૂર્ણાતિપૂર્ણ વિનય સાથે ગ્રહણ કરે છે, એટલું જ નહિ પણ તે ૐને યથાર્થ રીતે વિભાજિત કરી, જનસમૂહને તથા અન્ય છદ્મસ્થ પરમેષ્ટિને તેનો મંગલમય ઉપયોગ કરવા પ્રભુની આજ્ઞાનુસાર દાનરૂપે સ્વપરકલ્યાણના માર્ગથી આપે છે. આવા પરમાણુઓને ગ્રહણ કર્યા પછી, તેનો સદુપયોગ અન્ય પરમેષ્ટિ કેવી રીતે કરે છે, તેનાથી તેમની સિદ્ધિ તથા શુદ્ધિ કેટલા પ્રમાણમાં થાય છે, તે સર્વની જાણકારી શ્રી ગણધરજી એમનાં વિશાળ અવધિજ્ઞાન તથા વિપુલ મનઃપર્યવ જ્ઞાનથી મેળવે છે, અને પોતાનાં મંગલપણાના ભાવના પુરુષાર્થમાં જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરતા જાય છે. આવા અતિ અતિ ગુપ્ત પુરુષાર્થ તથા પ્રક્રિયા કરવામાં શ્રી ગણધરજીને શ્રી તીર્થંકર પ્રભુ ઉપરાંત શ્રી ગણધર કેવળીનો સાથ પણ ગુપ્તપણે મળે છે.

શ્રી ગણધર કેવળીને પૂર્ણતાએ વીતરાગતા અનુભવાતી હોય છે. આવા ગણધર કેવળી જ્યારે યોગ સાથે જોડાય છે ત્યારે તેઓ પૂર્વકૃત કર્મની નિર્જરા અર્થે (જે કર્મ પૂર્વ સંચિત શુભ અઘાતિ હોય છે) તેને નિસ્પૃહભાવથી ભોગવે છે. આ પૂર્વ સંચિત અઘાતિ શાતાવેદનીય કર્મનું મૂળ એમના મંગલપણાના ભાવમાં

રહેલું છે. તે કર્મની યોગ્ય નિર્જરા કરવા એ વીતરાગી મહાત્મા આ પરમાણુઓને આજ્ઞાનુસાર છદ્મસ્થ ગણધરજી પાસે મોકલે છે, જેથી તે ઉપર જણાવેલા કાર્યની સિદ્ધિ કરવામાં મદદરૂપ થાય. આ ઉપરાંત શ્રી ગણધર કેવળી એક અતિ અતિ ગુપ્ત છતાં અતિ અતિ અગત્યનું કાર્ય કેવળીપર્યાયમાં કરે છે. આ ગુપ્ત કાર્યને શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ તથા શ્રી પૂર્ણ પરમેષ્ટિ પ્રભુની આજ્ઞારૂપ ૐના સાથથી અહીં શબ્દરૂપે મૂકીએ છીએ.

આપણને પૂરતો લક્ષ છે કે શ્રી ગણધરજી છદ્મસ્થ દશામાં અન્ય છદ્મસ્થ પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓને યોગ્ય રીતે તથા યોગ્ય સમતોલન સાથે એકત્રિત કરી, એ પરમાણુઓને સમ કરી, શ્રી તીર્થંકર પ્રભુ પાસે તેને પૂર્ણ રૂપ ધારણ કરવા મોકલે છે. એટલું જ નહિ પણ એ પરમાણુઓ પૂર્ણ સ્વરૂપ બની પ્રભુ પાસેથી બહાર આવે છે ત્યારે તેને યથાર્થ રીતે ધારણ કરી, સ્વપરના ઉપયોગ માટે એનું આજ્ઞાનુસાર વિભાજન કરે છે. આવી એક ગુપ્ત છતાં અગત્યની ક્રિયા શ્રી ગણધર પ્રભુ કેવળી પર્યાયમાં પણ કરે છે. આપણી જાણકારી છે કે શ્રી તીર્થંકર પ્રભુની દેશનામાં કેવળી પર્ષદામાં શ્રી ગણધર કેવળીપ્રભુ પણ બિરાજતા હોય છે. અને શ્રી તીર્થંકર પ્રભુ જ્યારે દેશના આપતી વખતે યોગ સાથે જોડાય છે ત્યારે તેઓ (ગણધર કેવળી) પોતાનાં કલ્યાણનાં પરમાણુઓ તેમને સમર્પી, એ દ્વારા પ્રભુને સાથ આપી, પ્રભુના ૐ નાદને અસ્ખલિત રૂપ આપે છે. આ સાથ આપવામાં એક ઊંડું ભેદરહસ્ય સમાયેલું છે. શ્રી કેવળી પ્રભુ પૂર્ણ વીતરાગ છે, માટે તેઓ કોઈ પણ પ્રકારનો નવીન કલ્યાણભાવ કરતા નથી. એમનામાં યોગના જોડાણ વખતે જે ભાવ થાય છે તે તેમના પૂર્વ સંચિત ભાવના ઉદયનું પરિણામ હોય છે. આમ હોવાથી, શ્રી ગણધર કેવળીના આત્મામાં સમસ્ત લોકના જીવો માટેના ધર્મનાં મંગલપણાના તથા અમુક માત્રામાં ધર્મનાં સનાતનપણાના છદ્મસ્થપણે ઘૂંટાયેલા ભાવને લીધે બંધાયેલા અઘાતિ કર્મો સત્તાગતરૂપે પડયા હોય છે. આ સાથે તેમનો આત્મા છદ્મસ્થ દશામાં અન્ય પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓને ગ્રહણ કરી, તેને સમ બનાવી પ્રભુને ભેટ આપવાનું કાર્ય પણ

તેઓ કરતા રહે છે. આ કાર્યના ભાવના પરિણામે, એને લગતા અઘાતિ કર્મો પણ શ્રી ગણધર કેવળીના આત્મા પર રહેલા હોય છે. આ બંને પ્રકારનાં અઘાતિ કર્મની નિર્જરા અર્થે શ્રી ગણધર કેવળીએ એવી જ પ્રક્રિયા કેવળીપણે કરવી ઘટે એ આપણને સહેલાઈથી સમજાય તેવી બાબત છે.

આ જ બાબતને વિશેષ વિસ્તારથી આપણને સમજાવવા શ્રીપ્રભુ જણાવે છે કે શ્રી ગણધર કેવળી પ્રભુની પર્ષદામાં બિરાજમાન સાધુસાધ્વી કેવળી, ઉપાધ્યાય કેવળી, તથા આચાર્ય કેવળીના પૂર્ણ પરમાણુઓને યોગ્યરૂપે એકત્રિત કરે છે. એ પૂર્ણ પરમાણુઓને સમ કરવાની પ્રક્રિયામાં પૂર્ણરૂપ ધારણ કરાવવા જેવું કંઈ જ હોતું નથી, કારણ કે એનું સર્જન કરનાર પુર્ણ એવા કેવળીપ્રભુ છે. તેમનું કાર્ય એ હોય છે કે તેઓએ આ પરમાણુઓને યોગ્ય સંખ્યામાં એકત્રિત કરી, તેમાં યોગ્ય માત્રામાં ધર્મનાં મંગલપણાનો તથા સનાતનપણાનો રસ પૂરવાનો રહે છે. આવા એકત્રિત કરેલા પરમાણુઓને ગણધર કેવળી, શ્રી તીર્થંકર પ્રભુ યોગ સાથે જોડાય છે ત્યારે તેમના કેવળીગમ્ય પ્રદેશોને ભેટ આપે છે. આ રીતે ભેટ અપાયેલા પરમાણુઓને શ્રીપ્રભુ ૐનાદ દ્વારા જનસમૂહને અમૂલ્ય ભેટરૂપે આપે છે.

હે પ્રભુજી! તમારી આ અમૃતવાણી અપૂર્વ તથા અમૂલ્ય છે. જો તમારી અનુજ્ઞા (સંમતિ) હોય તો અમે આપને એક પ્રશ્ન પૂછવા આતુર છીએ. શ્રીપ્રભુનાં વીતરાગી મુખપર હકારના ચિહ્ન જોવા મળતાં અમે તેમને પ્રશ્ન પૂછયો, “શ્રી ગણધર કેવળી એકત્રિત કરેલા પરમાણુઓ શા માટે આપના કેવળીગમ્ય પ્રદેશોને જ ભેટ તરીકે આપે છે?”

પ્રભુજીએ ઉત્તર આપ્યો કે, “આમ કરવાનાં તેમને બે કારણો છે. (૧) શ્રી ગણધરજી આત્માનુયોગ અથવા તો આત્માનુબંધી યોગ શ્રી પ્રભુના કેવળીગમ્ય પ્રદેશ સાથે ધરાવતા હોય છે. તેથી, આવા અમૂલ્ય પરમાણુઓ કોઈ પણ પ્રકારે વેડફાય નહિ એવા હેતુથી ગણધર કેવળી આત્માનુયોગ કે

આત્માનુબંધી યોગના માધ્યમથી શ્રી પ્રભુના કેવળીગમ્ય પ્રદેશને ભેટ આપે છે. (૨) શ્રી ગણધરપ્રભુ પોતાની કક્ષા પ્રમાણે ધર્મનાં મંગલપણા સાથે ધર્મનાં સનાતનપણાનો ભાવ ઉમેરીને મોકલતા હોય છે; આ પ્રક્રિયા કરવામાં જો કોઈ નાની સરખી પણ ખામી રહી ગઈ હોય તો એ ખામીને દૂર કરી, તેને પૂર્ણ રૂપ આપવા ગણધર કેવળી, પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોને એ પરમાણુઓ મોકલે છે. તેનું કારણ એ સમજવાનું છે કે ગણધરજીને કેવળીગમ્ય પ્રદેશો તે વખતના કોઈ વિદ્યમાન તીર્થંકર પ્રભુથી મળ્યા હોય છે, આથી જો કંઈ પણ ખામી કે ચૂક હોય તો પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો તેને દૂર કરી, જનસમૂહને આપી શકે."

"હે પ્રભુ! તમારા ઉત્તરથી અમને ઘણું સમાધાન થયું છે. તે માટે અમે તમારો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. તમારા ચરણોમાં જ અમારું સર્વસ્વ સોંપવાના ભાવ રાખી વંદન કરીએ છીએ."

શ્રીપ્રભુ આપણી પાત્રતા જાણી, આ સમજણ વધારે વિસ્તારિત કરે છે. તેઓ સમજાવે છે કે, "શ્રીપ્રભુ આવા કલ્યાણનાં પરમાણુઓ શ્રી ગણધર કેવળી પાસેથી સ્વીકારી, ૐનાદથી તેને અખંડિત કરે છે. આ લીધેલા ૠણની ચૂકવણી અર્થે શ્રીપ્રભુ એમના પોતાના કેવળીગમ્ય પ્રદેશથી, ગણધર કેવળીના કેવળીગમ્ય પ્રદેશ સુધી ૐનાદની ધ્રુજારી (vibration) મોકલે છે. શ્રી ગણધર કેવળી પરમેષ્ટિની આજ્ઞાનુસાર એ ધ્રુજારી (vibration)ને ૐસ્વરમાં રૂપાંતરિત કરી, ૐધ્રુજારી (vibration)ને અન્ય પરમેષ્ટિ કેવળી સુધી પહોંચાડી, પોતાના ૠણની નિવૃત્તિ કરે છે. આ સ્પંદનમાં અતિ અતિ સૂક્ષ્મજ્ઞાન તથા અનુભૂતિ રહેલાં હોય છે. તેમાંથી એ કેવળીપ્રભુ કેવળી સમુદ્‌ઘાત તથા ચૌદમા ગુણસ્થાનનું જ્ઞાન મેળવે છે."

અમને અહીં એક સવાલ ઉદ્‌ભવે છે. શ્રીપ્રભુ પોતે તો તેરમા ગુણસ્થાને છે, તો આની અનુભૂતિ તેમને મળી કેવી રીતે? અને ક્યાંથી મળી? પ્રભુ પ્રેમમય સ્મિત સાથે ઘટસ્ફોટ કરે છે કે પ્રભુનું આ સ્પંદન (vibration) અન્ય ૐનાદ કરતાં જૂદું હોય છે. આ સ્પંદન તેમના સાતમા અને આઠમા રુચક પ્રદેશથી શરૂ

થઈ પ્રભુના ૮મા કેવળીગમ્ય પ્રદેશ (જે પ્રદેશ પ્રભુના મૂળ દેહમાં રહ્યો હોય છે) દ્વારા ગણધર કેવળી સુધી પહોંચે છે. અપવાદરૂપે જે ગણધરજી તથા ભાવિ તીર્થંકર જેઓએ છદ્મસ્થ દશામાં છઠ્ઠા પદનો સ્પર્શ કર્યો હોય, તેઓ આ પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે, જો એમને એ વખતે છઠ્ઠા પદનો સ્પર્શ હોય તો. પ્રભુના આઠમા રુચક પ્રદેશમાં સિદ્ધ થતા તીર્થંકર પ્રભુની સર્વ અનુભૂતિ સમાયેલી છે તે તો વિદિત છે. સિદ્ધ થતા આત્મા સાથે જ્યારે શ્રી તીર્થંકર પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો જાય છે ત્યારે તેમને જે સિદ્ધભૂમિનો ચેતનરસ મળે છે તેમાંથી પણ તેમને ૧૪મા ગુણસ્થાનનું તથા તેની રીતની સમજણ ઘટ્ટ થતી હોય છે.

આ જ વાત જરા વિશેષ રીતે સમજીએ. સામાન્ય ગણધરજી છદ્મસ્થ પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ એકત્ર કરી, શ્રી તીર્થંકર પ્રભુને દેશના વખતે, આપે છે. (પ્રભુ યોગ સાથે જોડાય ત્યારે) તેમનો નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ આપણે 'પરમેષ્ટિ સ્વરૂપની' વિચારણા કરી ત્યારે જોયો હતો. અહીં આપણે તેમના પરમાત્મસ્વરૂપ વખતનો નિર્ધૂમ અગ્નિ વિચાર્યો છે. પરમાત્મારૂપે ગણધરજી અન્ય પરમાત્મા પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ યોગ્ય માત્રામાં એકત્ર કરી, તેમાં (તે પરમાણુઓમાં) ધર્મનાં મંગલપણાનો તથા સનાતનપણાનો રસ યોગ્ય માત્રામાં ઉમેરી, શ્રી તીર્થંકર પ્રભુ જ્યારે યોગ સાથે જોડાય તે સમયે તેમના કેવળીગમ્ય પ્રદેશોને ભેટરૂપે આપે છે. છદ્મસ્થ ગણધર અન્ય પરમેષ્ટિનાં પરમાણુઓમાં પોતાના કલ્યાણનાં પરમાણુઓ ઉમેરે છે, ત્યારે ગણધર પરમાત્મા ધર્મનો રસ, જે પોતામાં નિષ્પન્ન થતો હોય છે તે ઉમેરે છે, આ કાર્ય કરવામાં તેમનો નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ રહેલો છે. છદ્મસ્થ ગણધર અને ગણધર કેવળીના કાર્યમાં રહેલો આ ભેદ ખૂબ શાંતિથી વિચારવા યોગ્ય છે.

આપણે જાણ્યું છે તે પ્રમાણે શ્રી તીર્થંકર પ્રભુ આવા રસસભર પરમાણુઓ શ્રી ગણધર કેવળી પાસેથી લઈ, તેને ૐનાદથી અખંડિત કરી, તેની ધ્રુજારી ગણધર કેવળીને ઋણની ચૂકવણી અર્થે મોકલે છે. ગણધર કેવળી એ ધ્રુજારીને આજ્ઞાધીનપણે ૐસ્વરમાં રૂપાંતરિત કરી, અન્ય પરમેષ્ટિ કેવળી સુધી એ ધ્રુજારીને

પહોંચાડે છે. આ ધ્રુજારીનાં સ્પંદનમાં અતિ સૂક્ષ્મ જ્ઞાન તથા અનુભૂતિ રહેલાં હોવાથી અન્ય કેવળી પ્રભુઓ (જેઓ આ સ્પંદન સ્વીકારે છે તેઓ) ૧૪મા ગુણસ્થાનથી સમજણ મેળવે છે. અને ભાવિમાં પોતાનો નિર્ધૂમ અગ્નિ ઉજ્જવળ કરવાની તક પામે છે. આ જાતની સહાય કરવી તે શ્રી ગણધર કેવળીનો નિર્ધૂમ પુરુષાર્થ છે.

"હે પ્રભુ! તમારી સરળ ભાષા આવા ગહન જ્ઞાનને અમારા જેવા સામાન્ય જીવો સુધી પહોંચાડવા સમર્થ થઈ, તે તમારી અવર્ણનીય શક્તિ તથા બળવાન કલ્યાણભાવનો ઉત્તમ પુરાવો અમને આપે છે. હે પ્રભુ! અમને તમારા દાસત્વમાં જ સુખ, શાંતિ તથા કલ્યાણ અનુભવાય છે. તમે અમારા ચારિત્રને તથા ભાવને એવા ઉત્તમ બનાવો, કે અમે કદિ પણ આપનું આજ્ઞાધીનપણું ન ગુમાવીએ; અને એ આજ્ઞાધીનપણું સતત વધતું જ જાય. આપની ૐમય વાણી તથા નાદને અમે શત્ શત્ સાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપ આચાર્ય (કેવળી)નો પુરુષાર્થ**

**નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપ ઉપાધ્યાય (કેવળી)નો પુરુષાર્થ**

**નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપ સાધુસાધ્વી (કેવળી)નો પુરુષાર્થ**

નિર્ધૂમ અગ્નિરૂપ શ્રી આચાર્ય કેવળી, ઉપાધ્યાય કેવળી તથા સાધુસાધ્વી કેવળીનો પુરુષાર્થ, જે તેઓ પરમાત્મસ્વરૂપે આરાધે છે તેને આપણે શ્રી પ્રભુની કૃપાથી એકસાથે વિચારીએ. નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપ ગણધર કેવળીના પુરુષાર્થની વિચારણા વખતે આપણે સમજ્યા હતા કે આચાર્ય કેવળી, ઉપાધ્યાય કેવળી તથા સાધુસાધ્વી કેવળી પરમાત્મા સ્વરૂપે બે કાર્ય કરે છેઃ (૧) શ્રી પ્રભુની દેશનામાં પૂર્ણરૂપે આચાર્યજી પોતાનાં પૂર્ણ પરમાણુઓ, ઉપાધ્યાયજી પોતાનાં

પૂર્ણ પરમાણુઓ તથા સાધુસાધ્વીજી પોતાનાં પૂર્ણ પરમાણુઓ યોગ્ય સંખ્યામાં શ્રી ગણધર કેવળીને મોકલે છે. આ પરમાણુઓને શ્રી ગણધર કેવળી આજ્ઞાનુસાર પોતાના કેવળીગમ્ય પ્રદેશો દ્વારા શ્રી પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોને મોકલી, શ્રી પ્રભુમાંથી ઉપજતા ૐનાદને (પ્રભુના યોગ સાથેનાં જોડાણ વખતે) અસ્ખલિત રૂપ આપવા શ્રી પ્રભુને સાથ આપી તેમની પરમ વિશ્રામણા કરે છે. આવા અપૂર્વ સાથના કારણે શ્રી પ્રભુ પોતામાંથી ઉપજતા ૐના સ્પંદનને ગણધર કેવળી સુધી પહોંચાડે છે, અને શ્રી ગણધર કેવળી પ્રભુની આજ્ઞા અનુસાર તેને યોગ્ય રીતે આચાર્ય કેવળી, ઉપાધ્યાય કેવળી તથા સાધુસાધ્વી કેવળીને પહોંચાડે છે. આ ત્રણે કેવળી ભગવાન આ ૐના સ્પંદનને સ્વીકારી, પોતાનાં પૂર્વકૃત કલ્યાણભાવનાં કર્મને નિર્જરાવવા, શ્રી ગણધર કેવળીની આજ્ઞાનુસાર પોતામાંથી નિર્જરતા કલ્યાણનાં પરમાણુમાં રોપણ કરે છે અને તે બધાંને છદ્મસ્થ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુસાધ્વીને સ્વઉપયોગ માટે મોકલે છે, અર્થાત્ આચાર્ય કેવળીનાં પરમાણુઓ છદ્મસ્થ આચાર્ય પાસે જાય છે, ઉપાધ્યાય કેવળીનાં પરમાણુઓ છદ્મસ્થ ઉપાધ્યાય પાસે જાય છે, અને સાધુસાધ્વી કેવળીનાં પરમાણુઓ છદ્મસ્થ સાધુસાધ્વી પાસે જાય છે; તેઓ સહુને આ પરમાણુઓ ભેટરૂપે મળે છે. આવી ભેટ આપવા પાછળ તેઓનો એક અતિગુપ્ત, તેમ છતાં અતિ અગત્યનો એક આશય સમાયેલો છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અપૂર્વ કૃપાથી તથા આજ્ઞાથી એ આશયને પ્રગટ કરીએ છીએ.

શ્રી આચાર્ય કેવળી, ઉપાધ્યાય કેવળી તથા સાધુસાધ્વી કેવળીને આપણે સગવડતા ખાતર “અન્ય કેવળી પરમેષ્ટિ” તરીકે ગણીશું, અને છદ્મસ્થ આચાર્ય, છદ્મસ્થ ઉપાધ્યાય તથા છદ્મસ્થ સાધુસાધ્વીને આપણે સુવિધા માટે “અન્ય છદ્મસ્થ પરમેષ્ટિ” તરીકે સ્વીકારશું. “અન્ય કેવળી પરમેષ્ટિ” આ ૐના સ્પંદનને પાત્રતા અનુસાર ‘અન્ય છદ્મસ્થ પરમેષ્ટિ’ને કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓની ભેટ આપે છે.’ ‘હે પ્રભુ! અમને અહીં એક પ્રશ્ન મુંઝવે છે કે શ્રી તીર્થંકર પ્રભુ તથા વિદ્યમાન ગણધર કલ્યાણનાં પરમાણુઓનું વિતરણ અન્ય છદ્મસ્થ પરમેષ્ટિને તો

કરતા જ હોય છે! તો પછી 'અન્ય કેવળી પરમેષ્ટિ' 'અન્ય છદ્મસ્થ પરમેષ્ટિ'ને કેવા અને ક્યા પરમાણુઓ ક્યા કારણથી ભેટરૂપે આપે છે?

શ્રી પ્રભુ એમની ૐરૂપ ઉત્તમ સમાધિવાળી સ્થિતિમાંથી ૐનાદમય વાણી દ્વારા આપણને ઉત્તમ ખુલાસો આપે છે. તેઓ આપણને જણાવે છે કે, "હે વત્સ! સાધુસાધ્વીના ભાવનું મૂળ સ્વકલ્યાણ છે, શ્રી ઉપાધ્યાયજીના ભાવનું મૂળ પરકલ્યાણ પર છે અને શ્રી આચાર્યજીના ભાવનું મૂળ કર્તાપણા સહિતના સ્વપરકલ્યાણભાવમાં રહેલું છે. આ ત્રણે ભાવોનો વિચાર કરીએ તો તેઓ એક બીજાથી જુદા જ પ્રકારના છે. તો આ ત્રણે ભાવના જુદા જુદા કલ્યાણનાં પરમાણુઓ પૂર્ણપણે એક જ સ્કંધમાં કેવી રીતે સમાઇ શકે? એમ થવા માટે તો કોઈક ગુપ્ત ભેદરહસ્ય હોવું જ જોઈએ, જે આ ત્રણ પ્રકારના જુદા જુદા ભાવોને એકરૂપ કરી તેને કલ્યાણનાં પરમાણુ સ્વરૂપે ગણધરજી પાસે પ્રત્યેકની લાક્ષણિકતા સહિત પહોંચાડે. તે પરમાણુઓને ગણધરજી પોતાનાં આજ્ઞાપ્રેરિત સ્વપર કલ્યાણનાં માધ્યમથી સમ કરી શકે છે. શ્રી 'અન્ય કેવળી પરમેષ્ટિ'ના સમૂહમાં સાધુસાધ્વી કેવળી સ્વકલ્યાણનાં પૂર્વ સંચિત ભાવની નિર્જરા કરતી વખતે ૐના સ્પંદનવાળો ધ્વનિ એમાં ઉમેરી, સ્વકલ્યાણના ભાવમાં પરકલ્યાણના ભાવ ગુપ્ત રીતે કેવી રીતે ઉમેરવા તેની સમજણ પોતાનાં પરમાણુઓમાં ઉમેરે છે. આ પરમાણુઓનાં મૂળમાં 'સ્વકલ્યાણ'ના ભાવ જ હોય છે, તેથી તેને છદ્મસ્થ સાધુસાધ્વી ગ્રહણ કરી શકે છે. આ પરમાણુઓ ગ્રહણ કરતાંની સાથે જ તેઓ ગુપ્તરૂપે સ્વકલ્યાણના ભાવ સાથે પરકલ્યાણના ભાવ તેમજ ૐના સ્પંદનનાં પરમાણુઓ ગ્રહી લે છે. આવા પરમાણુઓ સહજ રીતે છદ્મસ્થ ઉપાધ્યાય પાસે જાય છે."

> "છદ્મસ્થ ઉપાધ્યાયજી એ પરમાણુઓમાં ગુપ્ત રીતે રહેલા પરકલ્યાણના ભાવને ઓળખી તે પરમાણુઓને સ્વીકારે છે. તેમાં તેઓ પોતાનો પરકલ્યાણના ભાવથી સભર એવો આજ્ઞારસ ઉમેરે છે, એની સાથે છદ્મસ્થ ઉપાધ્યાયને કેવળી ઉપાધ્યાયનો સાથ મળે છે. કેવળી ઉપાધ્યાય પોતાનાં પરકલ્યાણનાં પરમાણુઓ નિર્જરાવતી વખતે એમાં ગુપ્ત રીતે

સ્વપરકલ્યાણનો ભાવ તેમજ ૐનું સ્પંદન ઉમેરતા જાય છે. છદ્મસ્થ ઉપાધ્યાય મૂળથી જ પરકલ્યાણના ભાવથી વિભૂષિત હોવાને લીધે આ પરમાણુઓનો સહજતાએ સ્વીકાર કરે છે, અને એ પરમાણુઓમાં તેઓ અજાણતાં જ, કેવળી ઉપાધ્યાયના પુરુષાર્થનાં ફળરૂપે સ્વપર કલ્યાણના ભાવ તથા ૐના સ્પંદનનું પણ રોપણ કરે છે. તેથી તે પરમાણુઓ સહજતાએ છદ્મસ્થ આચાર્ય તરફ આકર્ષાઈને જાય છે."

"આ પરમાણુઓ જ્યારે છદ્મસ્થ આચાર્યજી પાસે પહોંચે છે ત્યારે, આચાર્યજી એમાં ગુપ્તપણે રહેલા સ્વપર કલ્યાણના ભાવને નિરખી, તે પરમાણુઓને આકર્ષે છે. અને તેમાં પોતાનો કર્તાપણા સહિતનો સ્વપર કલ્યાણનો ભાવ ઉમેરે છે. આ ભાવને વેગ આપવા એમને શ્રી આચાર્ય કેવળીનો સાથ મળે છે. આચાર્ય કેવળી, પોતાના કર્તાપણા સહિતના પૂર્વકૃત સ્વપર કલ્યાણના ભાવની નિર્જરા કરતી વખતે તે નિર્જરતા પરમાણુઓમાં ગુપ્તપણે આજ્ઞાપ્રેરિત સ્વપર કલ્યાણનો ભાવ તથા ૐના સ્પંદનને ભેળવે છે. છદ્મસ્થ આચાર્ય, કેવળી આચાર્યે નિર્જરાવેલા સ્વપર કલ્યાણના ભાવનો સ્વીકાર કરી પોતાનાં નિર્જરતા પરમાણુઓમાં ઉમેરે છે, આ કાર્ય અમુક માત્રામાં જાણપણે થાય છે અને અમુક માત્રામાં અજાણપણે થતું હોય છે. તેઓ આ રીતે તૈયાર થયેલા કલ્યાણનાં પરમાણુઓના સ્કંધને શ્રી છદ્મસ્થ ગણધર તરફ રવાના કરે છે."

"શ્રી છદ્મસ્થ ગણધરજી એ પરમાણુઓમાં ગુપ્ત રીતે રહેલા આજ્ઞા પ્રેરિત સ્વપર કલ્યાણના ભાવને ઓળખે છે, અને તેથી તે પરમાણુઓને પોતા તરફ આકર્ષે છે. તે પરમાણુઓમાં છવાયેલા સાધુસાધ્વી કેવળીનાં ૐ સ્પંદનને, ઉપાધ્યાય કેવળીના ૐ સ્પંદનને તથા શ્રી આચાર્ય કેવળીનાં ૐ સ્પંદનને પોતાનાં અવધિજ્ઞાન તથા મનઃપર્યવ જ્ઞાનની સહાયથી જાણે છે, સાથે સાથે અન્ય છદ્મસ્થ પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓમાં રહેલી ખામીઓને પણ જાણી શકે છે, ઓળખી શકે છે. આ ખામીઓને

શ્રી છદ્મસ્થ ગણધરજી શ્રી તીર્થંકર પ્રભુની આજ્ઞાથી દૂર કરે છે, અર્થાત્ તે પરમાણુઓને સમ કરી શ્રી પ્રભુ પાસે મોકલે છે. આ ઉપરાંત તેઓ સાધુસાધ્વી કેવળી, ઉપાધ્યાય કેવળી, તથા આચાર્ય કેવળીનાં ૐ સ્પંદનને એકત્રિત કરી તેને ગુપ્ત રીતે શ્રી તીર્થંકર પ્રભુને મોકલે છે."

"શ્રી તીર્થંકર પ્રભુ આ ૐના સ્પંદનથી જાણે છે કે જનસમૂહને મંગલપણાની કઈ કક્ષાની જરૂરત છે, એમાં શું વધારો ઘટાડો કરવો આવશ્યક છે, એ મંગલપણામાં સનાતનપણું પ્રગટાવવા શું કરવું જરૂરી છે વગેરે વગેરે. કદાચ કોઈને વિચાર થાય કે સર્વજ્ઞ વીતરાગ પ્રભુને તો આ બધું પોતાનાં જ્ઞાનથી જણાય જ, તો ગણધરે આવું કાર્ય શા માટે કરવું જોઈએ! ઉત્તર સહજ છે. પ્રભુને આ બધું જાણવા માટે પોતાનું અભિસંધિજ વીર્ય અમુક માત્રામાં વાપરવું પડે. જે વીર્ય ગણધરજીનાં વીર્ય કરતાં ઘણું ઘણું બળવાન હોય. આ કાર્ય ગણધરજી જો સહજતાએ કરી શકે તો તેનાથી બે કાર્ય સિદ્ધ થાય છે. (૧) પ્રભુનું વીર્ય એ માત્રામાં બચી જાય છે. (૨) અને પ્રભુ તરફથી લીધેલા અનેકધા ઋણની ચૂકવણી ગણધરજી સહજતાએ કરી લે છે. જેના થકી સહુ જીવોને ગ્રહણ કરેલા ઋણની ચૂકવણી કરવાનો આચાર સહિતનો સંદેશો ખૂબ જ લાભકારી રીતે મળે છે."

"આ રીતે અન્ય કેવળી પરમેષ્ટિ આ કલ્યાણની કેડીને પૂર્ણ કરવા માટે એક અતિ અગત્યની કડી (link) બને છે. અન્ય કેવળી પરમેષ્ટિ આ ત્રણ ક્રિયાને – (૧) ગણધર કેવળીને પોતાનાં કલ્યાણનાં પરમાણુઓ સમર્પવા (૨) ગણધર કેવળી પાસેથી ૐનું સ્પંદન ગ્રહણ કરવું અને (૩) છદ્મસ્થ પરમેષ્ટિને કલ્યાણનાં પરમાણુઓની ભેટ આપવી – નિર્ધૂમ અગ્નિરૂપે આચરે છે. અને એ જ એમનો નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપનો પુરુષાર્થ છે."

ૐ ૐ ૐ

અહીં વિચારકને ખ્યાલ આવે કે છદ્મસ્થ ગણધરજી અન્ય પરમેષ્ટિ (છદ્મસ્થ) ના પરમાણુઓ ગ્રહણ કરી પ્રભુને આપે છે, અને પ્રભુ પાસેથી વિશુદ્ધ થઈને આવેલા પરમાણુઓ અન્ય પરમેષ્ટિઓને આપે છે. એ જ રીતે શ્રી ગણધર કેવળી પણ પરમાત્મસ્વરૂપ આત્માઓના પરમાણુઓ એકત્ર કરી પ્રભુને અર્પે છે, અને શ્રી પ્રભુ તરફથી એ પરમાણુઓ સ્પંદનરૂપે આવે છે તેનું વિતરણ અન્ય કેવળી પરમેષ્ટિને આપે છે. આ બંને કાર્યમાં શું ભેદ હશે? વધારે ઉત્તમ શું?

પહેલા પ્રકારમાં ગણધરજી છદ્મસ્થ છે. તેઓ અન્ય છદ્મસ્થ પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરી પ્રભુને સોંપે છે. પ્રભુ તરફથી વિશોધાઈને આવેલા છદ્મસ્થ દશાને યોગ્ય પરમાણુઓ ગણધરજી ગ્રહણ કરી અન્ય છદ્મસ્થ પરમેષ્ટિને ફાળવે છે. આ પ્રક્રિયા બહુ સામાન્ય પ્રકારનો નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ છે. તેમાં કાર્ય ઝડપથી થતું નથી, પોતાનો સામાન્ય વિકાસ કરવા જેટલો જ લાભ તેમને મળે છે.

ઉચ્ચ નિર્ધૂમ અગ્નિના પુરુષાર્થમાં રહેલા પરમાત્મસ્વરૂપ ગણધરજી અન્ય પરમાત્મસ્વરૂપ પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરી, તેમાં પોતે સેવેલા ધર્મનાં મંગલપણાનો અને સનાતનપણાનો રસ ઉમેરી પ્રભુને આપે છે. આ પરમાણુઓ પ્રભુ પાસે રૂપાંતર પામી સ્પંદનરૂપ બની, રસસભર સ્પંદન બને છે. ગણધરજી આ સ્પંદનને સ્વીકારી તેનો લાભ છદ્મસ્થ તથા પરમાત્મસ્વરૂપ પરમેષ્ટિને આપે છે. જે છદ્મસ્થ પરમેષ્ટિ પોતાની પાત્રતા વધારી (છદ્મસ્થ પરમેષ્ટિ આ સ્પંદન સીધું પરમાત્મસ્વરૂપ ગણધરજી પાસેથી લઈ શકતા નથી. પોતાની પાત્રતા વધારવા તેમણે આ સ્પંદન સાધુસાધ્વી કેવળી, ઉપાધ્યાય કેવળી કે આચાર્ય કેવળી મારફત લેવાનું રહે છે) આ સ્પંદન સ્વીકારી શકે છે તેઓ નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ આદરી શકે છે, વધારી શકે છે. અને જે પરમાત્મસ્વરૂપ પરમેષ્ટિ આ સ્પંદન ઝીલે છે તેઓ સફળતાપૂર્વક પોતાનો નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ કરે છે, પુરુષાર્થને ઉગ્ર પણ કરી શકે છે. ઉપરાંતમાં તેઓ સ્વપરકલ્યાણના માર્ગમાં આગળ વધી અન્યોને પણ નિર્ધૂમ અગ્નિનો પુરુષાર્થ કરવામાં ખૂબ સહાયકારી

થઈ શકે છે. જેના ફળરૂપે દાન આપનાર અને ગ્રહણ કરનાર બંનેને કેવળી સમુદ્ઘાત તથા ચૌદમું ગુણસ્થાન સમૃદ્ધ થાય છે.

અહો! પ્રભુજી! તમારી અમૃતવાણી કેટલી સરળ છતાં કેટલી ગંભીર છે! જેમ તમારી વાણીમાં વિરોધાભાસી લાક્ષણિકતા છે, તેમ તમારી આજ્ઞામાં પણ આ લાક્ષણિકતા હોવી એટલી જ સહજ છે. તો હે પ્રભુ! તમારાં આ સંતાનોને અપૂર્વ આજ્ઞાપાલન તથા આજ્ઞાસિદ્ધિની પ્રાપ્તિ કરાવો, તે દશાની સિદ્ધિ આપો, તથા એ આજ્ઞાપાલન અમારામાં સદાકાળ માટે સનાતનરૂપ ધારણ કરે એવી અમારા અંતરના તારેતારની તથા આત્માના પ્રદેશેપ્રદેશની ભાવના સાકાર કરાવો.

ૐ શાંતિ શાંતિઃ શાંતિઃ

નિર્ધૂમ અગ્નિનું મૂળરૂપ ત્યારે જ ઉત્પન્ન થાય છે, જ્યારે એ અગ્નિ એવા જ અગ્નિની એકરૂપતાવાળી (identical) જ્યોતિ માટે ઈંધન બને છે. આ ઈંધનની માત્રા નથી ઓછી હોતી નથી વધારે હોતી, તેથી એ અગ્નિના પ્રકાશમાં, એ અગ્નિરૂપી ઈંધનનો કોઈ પણ પ્રકારનો વધારો કે ઘટાડો થતો નથી. આ અગ્નિરૂપી ઈંધનનો પૂરેપૂરો ઉપયોગ અગ્નિના એ પ્રકાશને પ્રજ્વલિત રાખવામાં થાય છે, ત્યારે એ અગ્નિમાંથી કોઈપણ પ્રકારનો ધૂમાડો ઉત્પન્ન થવાનો અવકાશ રહેતો નથી. આવી અપૂર્વ સ્થિતિનું સર્જન કરવા માટે એ અગ્નિની જન્મદાત્રીમાં કોઈ પણ પ્રકારનું ગુરુત્વ કે લઘુત્વ હોવું ન ઘટે, આ સહેલાઈથી સમજાય તેવી બાબત છે. અર્થાત્ એ જન્મદાતા પદાર્થમાં પૂર્ણપણે અગુરુલઘુપણું રહેવું જોઈએ, સર્જાવું જોઇએ. એટલું જ નહિ, પણ એ પદાર્થમાં આવું અગુરુલઘુપણું સતત જળવાવું પણ જોઈએ. જો વર્તમાનમાં કે ભાવિમાં એ પદાર્થનાં અગુરુલઘુપણામાં કોઈ પ્રકારની ખાંચ આવે તો એ અગ્નિ, ભાવિના અગ્નિની ઈંધનરૂપ પ્રવૃત્તિમાં કાં ગુરુપણું અથવા લઘુપણું સર્જે છે, અને એ ધુમાડારૂપ બની પ્રકાશનો વધારો કે ઘટાડો કરી નિર્ધૂમ અગ્નિની સ્થિતિમાં ખાંચ ઉત્પન્ન કરે છે અને નિર્ધૂમ

અગ્નિની નિર્ધૂમતાનો અંત લાવે છે. જો આ રીતે નિર્ધૂમપણાનો અંત આવે તો એ નિર્ધૂમઅગ્નિનું પૂર્ણ સિદ્ધસ્વરૂપ કહી શકાય નહિ. માટે એ નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધસ્વરૂપમાં એ અગ્નિએ સાદિ અનંતકાળ માટે પૂર્ણ અગુરુલઘુ રૂપ ધારણ કરી નિર્ધૂમપણું જાળવવું જોઈએ, આ નિયમથી શ્રી પ્રભુ, શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ આપણને નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધ સ્વરૂપનો બોધ આપે છે.

આ મૂળ સિદ્ધાંત પર નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધસ્વરૂપની સ્થિતિ સર્જાયેલી છે, શ્રી પ્રભુ આપણને આ ઉત્કૃષ્ટ સ્થિતિની સમજણ આપતાં પહેલાં, નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ સ્વરૂપ, નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપ તથા નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધ સ્વરૂપની સ્થિતિનો સંબંધ તથા તેઓનું એકબીજા સાથેનું અનુસંધાન સમજવાની (linkage જાણવાની) આજ્ઞા કરે છે. એમની જ અપૂર્વ કૃપા અને આજ્ઞાથી આ અતિ સૂક્ષ્મ સમજણને ગ્રહણ કરી એને શબ્દદેહ આપવા પુરુષાર્થ કર્યો છે.

આપણે અગાઉ જોયું તે પ્રમાણે નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ સ્વરૂપ જીવ છઠ્ઠા સાતમા ગુણસ્થાનથી વેદી શકે છે. છઠ્ઠા સાતમા ગુણસ્થાને જીવને સંજ્ઞાનો સ્થૂળ ઉપયોગ હોય છે; સાથે સાથે તેને સતત મોહ તથા લોભના ઉદય અને બંધન થયા કરે છે. એવા કાળમાં સત્સંગરૂપી મહા કલ્પવૃક્ષના આધારથી અને સાથથી, તેમજ સત્પુરુષાર્થથી જીવને ધર્માચરણનાં ફળ મળે છે; અર્થાત્ તેને ધર્મનું મંગલપણું પ્રાપ્ત થાય છે. આ મંગલપણાનો અનુભવ જીવને જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ તેને મંગલપણું મેળવવાનો લોભ પણ વધતો જાય છે. આવું મંગલપણું સતત પોતાને મળતું જાય, વધતું જાય, ક્યારેય તે વિલીન થાય નહિ, એવો પરમાર્થ લોભ તે જીવને સંજ્ઞાના આધારથી ઉત્પન્ન થાય છે. આ લોભની વર્ધમાનતાથી તે જીવ સહજતાએ ધર્મનાં સનાતનપણાના ભાવ વેદવા શરૂ કરે છે, અને તે ધર્મનાં મંગલપણા સાથે ધર્મનું સનાતનપણું પ્રગટાવવાના ભાવ તે કરતો થાય છે. આવા ભાવ જીવને આરંભમાં 'સ્વ'ને માટે થાય છે, પણ સદ્ગુરુ તથા સત્ધર્મના આધારથી અને સત્સંગના સાથથી એ જીવ ધર્મની

આ સનાતનપણા તથા મંગલપણાની ભાવનાને સ્વપર કલ્યાણની કક્ષા સુધી લઈ જવા તત્પર થાય છે, પુરુષાર્થી થાય છે, અને સફળ પણ થાય છે.

આવી સ્વપરકલ્યાણની ભાવના તથા ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાની શુદ્ધિ, તે જીવને પંચપરમેષ્ટિ તથા પૂર્ણ પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓને પોતાની કક્ષા અનુસાર ગ્રહણ કરવા સમર્થ બનાવે છે, અને તે જીવ એ કલ્યાણભાવને પરમાણુઓ તથા આજ્ઞારસ દ્વારા ગ્રહણ કરે છે. ગ્રહણ કરેલા ભાવને વેદી, એનો ઉત્તમ નિહાર પણ તે જીવ કરે છે. આવા વર્તુળાત્મક પ્રવાહ (circular flow)થી, તેણે કરેલા આહાર, વિહાર અને નિહારની ક્રિયાથી એ જીવના અશુદ્ધ પ્રદેશો ક્રમથી શુદ્ધ થતા જાય છે. આ અશુદ્ધ પ્રદેશો જેમ જેમ શુદ્ધ થાય છે, તેમ તેમ એના પુરુષાર્થ અગ્નિના પ્રતાપથી તેને એક અપૂર્વ પ્રકારની શાંતિનો અનુભવ થાય છે. આ શાંતિનું વેદન તથા વિચાર કરવાથી એ જીવમાં ઉત્તમ પુરુષાર્થ કરવાના ભાવ ઉપજે છે, સાથે સાથે તે પુરુષાર્થ કરતી વખતે તેને પુરુષાર્થ કરવાથી ઉપજતી શાંતિનો લોભ પ્રગટે છે. આ લોભથી – ભાવથી એ જીવ નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધદશાને પ્રાપ્ત કરવાને લગતા પરમાણુઓનો આહાર કરે છે, આહાર કરેલા પરમાણુઓનો સંગ્રહ આવા ભાવ કરતા પ્રદેશો પર તે જીવ કરતો જાય છે. આવી સ્થિતિ જીવના પુરુષાર્થ અનુસાર કાળના અમુક અમુક આંતરે સર્જાય છે. આ વાતને આપણે નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ટિ સ્વરૂપનો વિચાર કરતી વખતે વિસ્તારથી પ્રભુકૃપાથી જોઈ હતી.

આવી સ્થિતિ અમુક કાળ માટે રહે તે પછી તે જીવ ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન ઉપજાવે છે. કેવળી સ્વરૂપે એ આત્મા પૂર્ણ વીતરાગી તથા સર્વ ઘાતિકર્મરહિત પૂર્ણ જ્ઞાની બને છે. એ આત્મા તેને પ્રગટેલાં કેવળજ્ઞાન તથા કેવળદર્શનના પ્રતાપથી એક સમય માટે પણ મોહ કે ઘાતિકર્મને વેદતો નથી, પરંતુ પૂર્વ સંચિત ઘાતિકર્મ સાથે બંધાયેલા અઘાતિ કર્મના ઉદયથી એ આત્મા એક સમય માટે યોગ સાથે જોડાય છે. યોગ સાથેના જોડાણના એક સમયમાં તે આત્મા બળવાનમાં બળવાન શાતાવેદનીય કર્મનો આશ્રવ કરે છે. જે વાસ્તવિકતામાં એ

આત્માની અંતરંગ સ્થિતિના આધારે ધર્મનાં સનાતનપણાને તથા મંગલપણાને ઉપજાવે એવા આજ્ઞારસથી સભર હોય છે. તે આત્માના જે પ્રદેશ કે પ્રદેશો આવા પરમાણુઓ ગ્રહણ કરે છે, તે પોતાનાં કેવળજ્ઞાનના આધારે, પોતે પૂર્ણ વીતરાગ હોવાને લીધે એની નિર્જરા કરે છે. આ ઉપરાંતમાં તેમાં ધર્મનાં જે મંગલપણા તથા સનાતનપણાનો ભાવરસ રહ્યો હોય છે, તેને તે અન્ય શુદ્ધ પ્રદેશો સુધી સમપણે પહોંચાડે છે. આમ એ આત્મા આ સ્થિતિમાં પોતાના નિર્ધૂમ અગ્નિના પુરુષાર્થનો આહાર તથા વિહાર એક સાથે એક સમયે કરે છે. આ સ્થિતિનું વર્ણન આપણે 'નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મસ્વરૂપ'ના વિભાગનો વિચાર કરતી વખતે, જઘન્ય તથા ઉત્કૃષ્ટ રૂપથી કર્યું હતું. તે સહુ શ્રી પ્રભુરૂપ પૂર્ણ પંચપરમેષ્ટિની કૃપાથી અને આજ્ઞાથી થયું હતું.

આત્મા જાણે છે કે સ્વપર કલ્યાણના માર્ગની પૂર્ણાતિપૂર્ણ દશા પ્રાપ્ત કરવા માટે આહાર, વિહાર તથા નિહારની ક્રિયા પણ એવી જ અનિવાર્ય છે, પરંતુ નિર્ધૂમ અગ્નિના નિહારના પુરુષાર્થ માટે, એને ગ્રહણ કરવા માટે પૂર્ણ અગુરુલઘુપણાથી વિભૂષિત એવી સિદ્ધ આત્મસ્થિતિ ઘટવી (હોવી) અનિવાર્ય છે. આ સ્થિતિ તો માત્ર સિદ્ધભૂમિમાં જ સર્જાઈ શકે છે, જ્યાં સર્વ સિદ્ધાત્માઓ ઘનસ્વરૂપે સાદિ અનંતકાળ માટે અડોલ સ્થિતિમાં બિરાજે છે. આ દશામાં એ આત્મા નિર્ધૂમ અગ્નિનો આહાર, વિહાર અને નિહાર કરી શકે છે, જેને શ્રી પ્રભુ નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધસ્વરૂપ તરીકે ઓળખાવે છે. આ સ્થિતિનું જ્ઞાન શ્રી પ્રભુરૂપ પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી આપણે મેળવીએ.

## નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધ સ્વરૂપ

આવું પૂર્ણ સિદ્ધસ્વરૂપ અસ્ખલિતરૂપે માત્ર સિદ્ધભૂમિમાં જ રહે છે. બીજી અપેક્ષાએ વિચારતાં કહી શકાય કે જે જે આત્માઓ સિદ્ધભૂમિમાં બિરાજવાનું મહાભાગ્ય પામે છે, તેઓ નિયમથી નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધસ્વરૂપને પામે છે, સર્વ સિદ્ધાત્માઓને સાંકળી રાખનારી આ એક મજબૂત કડી છે, તેને

શ્રી પ્રભુરૂપ પૂર્ણ પંચપરમેષ્ટિ આપણને અતિ અતિ કરુણા અને કૃપા કરી સમજાવે છે. તેઓ આપણને સ્પષ્ટ કરે છે કે ધર્મ તથા આજ્ઞાનું સનાતનપણું એ તેઓની વચ્ચેની સમાન (common) ચાવી છે. આ વચનને ઊંડાણથી તથા વિસ્તારથી વિચારવાથી ઘણાં ઘણાં ભેદરહસ્યો આપણી પાસે પ્રગટ થાય છે. આ રહસ્યોને તેમની કૃપાથી તથા આજ્ઞાથી અહીં શબ્દદેહ આપી વ્યક્ત કરીએ છીએ.

વિવિધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવમાંથી અર્થાત્ જુદા જુદા સમવાયની ભિન્નતાથી શુદ્ધ થતા આત્માઓ સિદ્ધભૂમિમાં એક જ ધર્મ, એક જ આજ્ઞા તથા એક જ રસથી વિભૂષિત થઈ ઘનસ્વરૂપે સાદિ અનંત કાળ માટે અડોલરૂપે, ચૈતન્યઘન સ્વરૂપે શુદ્ધતાથી તથા બુદ્ધતાથી ઉત્કૃષ્ટ સનાતન કડીમાં, એકત્વ ભાવનાના આધારે જોડાયેલા રહે છે. અહીં વિચારણા મુંઝાય છે કે સિદ્ધદશા પામ્યા પહેલાં, કોઈ બે આત્માઓ કેવળી પર્યાયમાં પણ જોડાયેલા નથી રહેતા, જ્યાં આજ્ઞાપાલન લગભગ સમાન છે, ઘાતિકર્મોનો સંપૂર્ણ અભાવ છે, કેવળજ્ઞાન તથા કેવળદર્શન એ પ્રત્યેક આત્મામાં એકરૂપ (સમાન-identical) છે. તો પછી સિદ્ધભૂમિમાં રહેલા આત્માઓમાં એવું શું થાય છે કે તે આત્મા અન્ય સિદ્ધાત્માના સમૂહ સાથે કાયમ માટે ઘનસ્વરૂપે જોડાય છે અને ભાવિમાં ક્યારે પણ છૂટા થતા નથી.


અમારી મુંઝવણની રેખાઓ ચહેરા પણ વધતી જોઈ, જાણી શ્રી પ્રભુરૂપ પંચપરમેષ્ટિ પ્રભુ અત્યંત કરુણા કરી તેનો ખુલાસો આપે છે. “હે વત્સ! આ ભેદરહસ્યની ચાવી ધર્મ તથા આજ્ઞાનાં સનાતનપણામાં રહેલી છે.” શ્રી પ્રભુએ આપેલા ઉત્તર માટે અત્યંત આભાર વ્યક્ત કરતી વખતે, પોતાની મૂઢતા તથા મંદબુદ્ધિ બદલ લાજ અને ધિક્કાર અનુભવાય છે. તેમને વિનંતિ થાય છે કે, “પ્રભુજી! તમારો ઉત્તર પૂર્ણ છે, પણ અમને તે યથાર્થ સમજાતો નથી. પરમ કૃપા તથા કરુણા કરી અમને વિસ્તારથી સમજાવો.” શ્રી પ્રભુને વાણીયોગનો ઉદય આવવાથી, તથા શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુની પરમ આજ્ઞા મળવાથી (શ્રોતાની પાત્રતાના આધારે) તેઓ વિસ્તારથી ખુલાસો કરે છે. પરમ પરમ કૃપાથી મળેલા

અમૃતબિંદુઓને સ્વીકારી એ વાણીને તમે ધ્યાનથી સાંભળો; અને તમે આત્માનાં ચેતનમય રૂપમાં ભળી જાઓ.

"નિત્યનિગોદમાંથી બહાર નીકળતા પ્રત્યેક જીવને, શ્રી તીર્થંકર પ્રભુના દરેક કલ્યાણક વખતે, તેમની કૃપાથી એક એક કરી કુલ સાત રુચક પ્રદેશ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક પ્રદેશ આપતી વખતે શ્રી તીર્થંકર પ્રભુની કલ્યાણ શ્રેણિ તથા શુદ્ધિ વધતાં જતાં હોય છે. આમ એમની શુદ્ધિ પૂર્ણ થતાં, તેઓ જ્યારે સિદ્ધભૂમિમાં જાય છે ત્યારે તેઓ ધર્મનું ઉત્કૃષ્ટ સનાતનપણું તથા આજ્ઞાનું સનાતનપણું જીવના સાતમા રુચક પ્રદેશમાં પૂરે છે. આ પૂરાયેલા ધર્મનાં સનાતનપણા તથા આજ્ઞાનાં સનાતનપણામાં પૂર્ણાતિપૂર્ણપણું હોવા સાથે, અગુરુલઘુ નામનો એક અતિ અગત્યનો છતાં અતિ ગુપ્ત ગુણ સમાયેલો હોય છે. આનું મૂળ શ્રી તીર્થંકર પ્રભુની અગુરુલઘુ પૂર્ણ સમાધિરૂપ આજ્ઞા આરાધન તથા ધર્મનાં સનાતનપણા તથા મંગલપણા સહિતના સ્વપર કલ્યાણભાવમાં રહ્યું હોય છે. આજ્ઞા તથા સ્વપર કલ્યાણના ભાવ નિત્ય નિગોદમાંથી નીકળતા સર્વ જીવોના સાતે રુચક પ્રદેશોમાં ફેલાય છે. એ જીવ જ્યારે જે સિદ્ધપ્રભુના આધારે નિત્યનિગોદમાંથી બહાર આવે છે ત્યારે તે સિદ્ધપ્રભુનાં આજ્ઞારાધન તથા અંતરંગસ્થિતિનું પ્રતિબિંબ બહાર નીકળતા જીવના આઠમા રુચક પ્રદેશમાં ફલિત થાય છે. તે જીવના પહેલા સાત રુચક પ્રદેશો સિદ્ધ થતા શ્રી તીર્થંકર પ્રભુની શુદ્ધિથી વિભૂષિત થયા છે, તે એમના અગુરુલઘુ ગુણના આધારે, આઠમા રુચક પ્રદેશની શુદ્ધિ તથા સિદ્ધિ અનુસાર પોતાની શુદ્ધિ તેમજ સિદ્ધિને વ્યક્ત થવા દે છે; જેથી એ આઠે રુચક પ્રદેશો એકરૂપતાવાળા (identical) બની જાય છે. જે વધારાનું આજ્ઞાધીનપણું એ સાત રુચક પ્રદેશોમાં રહ્યું હોય છે, તેને તેઓ પોતામાં જ ગુપ્ત રૂપે સમાવી, અનંત કાળ માટે છુપાવી રાખે છે. જ્યારે એ આત્મા પૂર્ણ શુદ્ધ થઇ, સિદ્ધભૂમિમાં જવા માટે

પૂર્વ તૈયારી કરે છે ત્યારે એ અનંતાનંત કાળ સુધી છુપાયેલું એ સાત પ્રદેશોનું ધર્મનું સનાતનપણું તથા મંગલપણું ચૌદમા ગુણસ્થાને અગુપ્ત થઈ, એક અતિ અતિ ગુપ્ત છતાં અતિ અતિ આશ્વર્યકારક ક્રિયા એ શુદ્ધાત્મામાં કરે છે. શ્રી પ્રભુરૂપ પંચપરમેષ્ટિ પ્રભુની અતિ અપૂર્વ કૃપાથી અને આજ્ઞાથી આ અતિ અતિ ગુપ્ત ભેદરહસ્યને શબ્દદેહ આપી વ્યક્ત કરીએ છીએ. તેનું ચિત્ર નીચે દોર્યું છે.”

જોતાં આ ચિત્ર અટપટું જણાય છે, પણ તે સમજવામાં સાવ સહેલું છે. ચૌદમા ગુણસ્થાને આત્માના પહેલા છ રુચક પ્રદેશો, આત્માના ગોળાના સૌથી બહારના ભાગમાં ગોઠવાય છે; જે આખા આત્મા માટે કિનાર બને છે. પ્રભુનો સાતમો રુચક પ્રદેશ આત્માના મધ્યભાગમાં તેના આઠમા રુચક પ્રદેશથી વીંટળાઈને ગોઠવાય છે. પ્રભુના આઠે કેવળીગમ્ય પ્રદેશો વર્તુળાકારે કિનારરૂપે ગોઠવાયેલા છ રુચક પ્રદેશની અંદરના ભાગમાં તેને લગોલગ ગોઠવાઈ અંદરની કિનાર બનાવે છે. અને તેના અંદરના બંને ભાગમાં પ્રભુના અન્ય સર્વ શુદ્ધ પ્રદેશો સમાઈ જાય છે. તે ચિત્ર બાહ્યથી જોતાં નીચે પ્રમાણે દેખાય છે.



ચૌદમા ગુણસ્થાને આત્માની આવી અદ્‌ભુત રચના થવા પાછળ એક અતિ ઊંડું અને ગંભીર ભેદરહસ્ય સમાયેલું છે. શ્રી પ્રભુરૂપ પૂર્ણ પંચપરમેષ્ટિની આજ્ઞા તથા પરમ આજ્ઞાથી આ અતિ અતિ સૂક્ષ્મ ભેદરહસ્યને શબ્દદેહ આપીએ છીએ. પ્રભુના જે છ રુચક પ્રદેશોથી આત્માની બાહ્ય કિનાર બને છે, તે નિયમ પૂર્વક એક જ તીર્થંકર પ્રભુ દ્વારા પ્રાપ્ત થયા હોય છે, તેથી તેમાં અપેક્ષાએ સમાનપણે ધર્મનું સનાતનપણું તથા મંગલપણું અને આજ્ઞાનું સનાતનપણું તથા મંગલપણું રહેલાં હોય છે. તેમાં આઠમો રુચક પ્રદેશ એ આત્માની વચ્ચે કેડરૂપ બની, સિદ્ધ થતા આત્માની મૂળ સ્થિતિને વ્યક્ત કરવાનું સાધન બને છે. તે પ્રદેશ સાતમા રુચક પ્રદેશને વીંટળાઈને એનું (પોતાનું) હાર્દ કિનારી પર રહેલા છ રુચક પ્રદેશ સાથે જોડાઈને તેઓને પહોંચાડે છે.

આ રચનામાં રુચક પ્રદેશના અંદરના ભાગમાં આઠે કેવળીગમ્ય પ્રદેશો બિરાજે છે, અને પ્રભુના અન્ય શુદ્ધ પ્રદેશો તથા રુચક પ્રદેશને જોડનાર સેતુ બને છે.

અહીં શ્રી પ્રભુ એક બીજું અગત્યનું ભેદરહસ્ય ખોલે છે. તેઓ આપણને સમજાવે છે કે આ રચનામાં આત્માની કેડરૂપે શા માટે સાતમો જ રુચક પ્રદેશ ગોઠવાય છે. અને આઠમો રુચક પ્રદેશ તેને શા માટે વીંટળાઈને રહે છે; આ પ્રદેશ આત્માના અન્ય શુદ્ધ પ્રદેશો સાથે અનુસંધાન રાખે છે. શ્રી પ્રભુ આપણને એમના પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રેરિત ૐનાદ દ્વારા પૂર્ણ ખુલાસો આપ છે; જે અતિ અતિ અદ્‌ભૂત છે.

> "નિત્યનિગોદમાં પ્રત્યેક જીવનો સાતમો રુચક પ્રદેશ સિદ્ધ થતા શ્રી તીર્થંકર પ્રભુથી ઉત્પન્ન થયો હોય છે તેથી એ પ્રદેશમાં શ્રી તીર્થંકર પ્રભુના સિદ્ધ પર્યાયના ધર્મનાં સનાતનપણા તથા ધર્મનાં મંગલપણાના મૂળ સંસ્કારો અંકિત થાય છે. આ અતિ અતિ શુદ્ધ પર્યાયનું પ્રતિબિંબ અન્ય પ્રથમના છ રુચક પ્રદેશમાં સાતમા રુચક પ્રદેશના પડછાયાથી

અંકિત થાય છે. તેથી પ્રથમના છ રુચક પ્રદેશો આ સાતમા રુચક પ્રદેશની આજ્ઞામાં રહેવા તથા આજ્ઞા પાળવા ટેવાય છે. એ જીવ જ્યારે સિદ્ધ થતા આત્માથી આઠમો રુચક પ્રદેશ મેળવે છે ત્યારે સાતમો રુચક પ્રદેશ એ આઠમા રુચક પ્રદેશની સિદ્ધ સ્થિતિને ઓળખી પોતાને તથા પહેલાનાં છએ પ્રદેશને એ રૂપ બનવા પ્રેરણા આપી તત્પર બનાવે છે. આ વિચારતાં સમજાય છે કે એ જીવ ત્યારથી અપેક્ષાએ સ્વપર કલ્યાણનો માર્ગ આચરવા પ્રેરણા મેળવે છે. આમ આ સાતમો રુચક પ્રદેશ, તેનું જે રીતે ભાવિ ઘડાવાનું હોય તેની માત્રામાં તે આઠમા પ્રદેશ પાસેથી એ પ્રકારનું આચરણ કરવાની લાક્ષણિકતા પામે છે. આ જ રીતે આ માર્ગને આગળ વધારી, એ આઠમો રુચક પ્રદેશ એ સિદ્ધાત્માના નિજી સિદ્ધ અનુભવને અન્ય શુદ્ધ પ્રદેશો પાસેથી મેળવી, સાતમા રુચક પ્રદેશમાં પ્રતિબિંબિત કરે છે. જે અન્ય છ રુચક પ્રદેશોને એ વેદનથી વિભૂષિત કરી, ઘનસ્વરૂપના સમૂહમાં પોતાની નિજ સિદ્ધ અવસ્થાનો ફાળો નોંધાવે છે. શ્રી કેવળીગમ્ય પ્રદેશો, આ કાર્યને યોગ્ય રૂપ આપી, છએ રુચક પ્રદેશો સુધી પહોંચાડવામાં એક યોગ્ય માધ્યમ બને છે. આમ પ્રથમના છએ રુચક પ્રદેશો અન્ય સિદ્ધાત્મા સાથે ઘનસ્વરૂપે રહેવા માટે કારણ બને છે. તે એમનામાં અપેક્ષાએ રહેલાં, ધર્મનાં સનાતનપણાને તથા મંગલપણાને સાતમા અને આઠમા રુચક પ્રદેશ દ્વારા, એ જ આત્માના નિજી સિદ્ધ અનુભૂતિને અન્ય સિદ્ધાત્માઓના ઘન સુધી કોઈ પણ જાતના વ્યય (wastage) વિના પહોંચાડી, પૂર્ણ રૂપે નિર્ધૂમ અગ્નિનો આહાર, વિહાર તથા નિહાર એકસાથે કરી, યોગ્ય રૂપે તથા ઉત્કૃષ્ટ પૂર્ણ નિર્ધૂમ અગ્નિપણે સ્વપર કલ્યાણનો માર્ગ આદરે છે.”


“અહો! અહો! અહો! શ્રી પ્રભુ! તમારી વાણીએ, તમારાં જ્ઞાને તથા તમારા અનુભવે અમને સ્તબ્ધ કરી દીધાં છે. અમારી પાસે નથી આવી

વાણી, નથી આવી ક્રિયા કે નથી આવી સમાધિ, કે જેનાથી અમે આ ઉપકારનો યોગ્ય આભાર માની શકીએ. પ્રભુ! તમારા આ નિર્ધૂમ ૐરૂપ સાગરનાં બિંદુ થવા માટેની અમારી ભાવના, અમને ગજા બહારની લાગવા છતાં તમારી નિશ્રામાં જ વેદીએ છીએ, કરીએ છીએ. અમને પૂરેપૂરો વિશ્વાસ છે કે તમે અમારી આ ભાવનાને જરૂરથી સફળ કરશો.”

“અહો! પ્રભુ! તમારી આ પૂર્ણ વાણીને સાંભળતાં અમારામાં એક પ્રકારના અતીંદ્રિય આનંદ તથા સુખનું વેદન અનુભવાય છે, હે પ્રભુ! એમ થતાં, એક પ્રશ્ન પણ અમારા મનમાં ઉત્પન્ન થયો છે. જો તમારી અનુજ્ઞા અને આજ્ઞા હોય તો તેનું સમાધાન અમે તમારી પાસે માગવા ઇચ્છીએ છીએ. પ્રભુ તરફથી હકાર આવતાં અમે શ્રી પ્રભુને વિનય તથા વિવેક સહિત પૂછ્યું કે, ‘પ્રભુજી! તમે સિદ્ધાવસ્થામાં રહેલા આત્માનું જે અંતરંગ વર્ણન કર્યું છે તે સર્વ આત્માઓ માટે છે કે શ્રી તીર્થંકર પ્રભુ સિવાયના આત્માઓ માટે છે? અમારી મુંઝવણ એ છે કે શ્રી તીર્થંકર પ્રભુના જીવને નિત્યનિગોદમાં જ સાતમો અને આઠમો રુચક પ્રદેશ એક સાથે ખૂલે છે; તેથી તેમના એ બે પ્રદેશમાં ધર્મ તથા આજ્ઞાનાં સનાતનપણા અને મંગલપણામાં કોઈ ફેર ન હોવા જોઈએ એમ અમારી અલ્પબુદ્ધિથી વિચારતાં જણાય છે. તેથી એમ સમજાય છે કે શ્રી તીર્થંકર પ્રભુના આત્મામાં તથા સિદ્ધભૂમિમાં કંઈક જુદી પ્રક્રિયા થતી હોવી જોઇએ. તેમ છતાં, હે પ્રભુ! અમારા છદ્મસ્થતાના રોગના કારણે અમારી કંઈ પણ સમજણફેર હોય તો, પરમ કરુણા કરી, તમારી અપૂર્વ તથા પૂર્ણ વાણી દ્વારા અમને યોગ્ય ખુલાસો આપવા કૃપા કરશો; એવી અમારા ભક્તહ્રદયની ભાવભીની અને કલ્યાણ ઇચ્છિત પ્રાર્થના છે.”

શ્રી પ્રભુની પૂર્ણ વીતરાગમય છતાં તેજોમય મુખમુદ્રાને અપૂર્વ રીતે શોભાવે એવી ૐનાદની લહાણીનું પાન કરાવવાં શ્રી પ્રભુ પ્રશ્નનો ઉત્તમ ઉત્તર આપી, તેને અનુરૂપ, 'નિર્ધૂમ અગ્નિનું પૂર્ણ સિદ્ધસ્વરૂપ'ની આપણી સમજણમાં વધારો કરે છે. શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞા મેળવી એ સમજણને શબ્દદેહ આપ્યો છે.

શ્રી તીર્થંકર પ્રભુના જીવને નિત્યનિગોદમાં સાતમો અને આઠમો રુચક પ્રદેશ એક સાથે ખૂલે છે, અને ત્યારથી તેઓ સંસારનું પરિભ્રમણ શરૂ કરે છે. એ બંને પ્રદેશોમાં આ કારણથી ધર્મ તથા આજ્ઞાનું સનાતનપણું તથા મંગલપણું સમાનપણે (identical) પૂરાયાં હોય છે. પરિણામે સિદ્ધભૂમિમાં તેમની અંતરંગ સ્થિતિ અન્ય સિદ્ધાત્માઓ કરતાં જુદી હોય છે. અન્ય આત્માઓમાં જે કાર્ય સાતમો રુચક પ્રદેશ કરે છે, તેવું કાર્ય શ્રી તીર્થંકરના આત્મામાં સાતમો અને આઠમો એમ બે પ્રદેશો કરે છે. તેથી આ બંને પ્રદેશો તેમના આત્મામાં કેડરૂપ બને છે, તેમના સાતમા રુચક પ્રદેશને આઠમો રુચક પ્રદેશ વીંટળાયેલો હોતો નથી, બલ્કે સાતમો અને આઠમો રુચક પ્રદેશ એકબીજા સાથે જોડાઈને આત્માની કેડરૂપ બને છે. તેનું ચિત્ર નીચે પ્રમાણે લઈ શકાય.



શ્રી તીર્થંકરના આત્મામાં સાતમો અને આઠમો રુચક પ્રદેશ આ રીતે ગોઠવાય છે, જેથી એમની જમણી અને ડાબી બાજુ પૂર્ણ રૂપે સમાંતર symmetrical બને છે. આ કારણથી એમનો આત્મા પૂર્ણ રૂપે ઘનસ્વરૂપ થાય છે. પરિણામે સિદ્ધભૂમિમાં એમનું સ્થાન એવી જગ્યાએ આવે છે કે જ્યાં પૂરેપૂરી એકરૂપતા symmetry હોય. આવી પરિસ્થિતિ તો સિદ્ધપ્રભુના સમૂહના વચ્ચેના ભાગમાં જ સર્જાઈ શકે. આ પરથી આપણે તારણ કાઢી શકીએ કે જીવ છદ્મસ્થ અવસ્થામાં, અને ખાસ કરીને છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાને જેટલા અંશે આવા નિર્ધૂમ અગ્નિનો આહાર, પોતાનાં ઉત્તમ ચારિત્ર, આજ્ઞાધીનપણું તથા કલ્યાણભાવ સાથે કરી શકે, એટલા અંશે એ કેવળી પર્યાયમાં એને અનુરૂપ વધારે આહાર તથા વિહાર કરી શકે, અને સિદ્ધ પર્યાયમાં એને અનુરૂપ તે આત્મા આહાર, વિહાર તથા નિહાર કરી શકે. આવા આહાર, વિહાર અને નિહારની ક્રિયાની વર્ધમાનતા કરવા એ આત્માના રુચક પ્રદેશોની ગોઠવણી થાય છે, તે સહજાસહજ સમજાય તેવી બાબત છે. તે પરથી આપણને સ્પષ્ટ થાય તેમ છે કે જેટલા અંશે એ જીવ તીર્થંકર પ્રભુ જેવા નિર્ધૂમ કલ્યાણભાવ વેદે છે, એટલા અંશે એ જીવ સિદ્ધ પર્યાયમાં પોતાના સાતમા તથા આઠમા રુચક પ્રદેશને કરચલી વગરના સ્થાપી શકે છે અને પોતાના આહાર, વિહાર તથા નિહારની પ્રક્રિયા વધારે શુદ્ધિ સાથે કરી શકે છે, જેનાં ફળરૂપે તે આત્માનું સિદ્ધભૂમિનું સ્થાન સિદ્ધાત્માઓના સમૂહની વચ્ચેના ભાગમાં નિશ્ચિત્ત થાય છે, જ્યાં symmetry પૂર્ણ હોય છે. સિદ્ધભૂમિમાં મળતી symmetry જીવના ધર્મના તથા આજ્ઞાના સનાતનપણા તથા મંગલપણાના સમતોલન પર આધાર ધરાવે છે, અને તેનું મૂળ જીવની છદ્મસ્થ દશામાં ઘડાય (રચાય) છે.”

> “હે પ્રભુ! તમે આપેલો ઉત્તર, અહો, અહો, અહો રૂપે અનુપમ તથા પૂર્ણ છે, આપના આવા ઉત્તર માટે અમે તમારો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. પરંતુ, પ્રભુજી! અમને હજુ એક પ્રશ્ન સતાવે છે. જો તમારી આજ્ઞા હોય તો તેને તમારી સમક્ષ રજૂ કરીએ. પ્રભુની શાંત

તથા અમૃતમય મુખમુદ્રા પર હકારનો ભાવ નિહાળતાં, અતિ આનંદ તથા ઉલ્લાસ સાથે અમે પ્રશ્ન પૂછયો.

અહો પ્રભુજી! શાસ્ત્ર અનુસાર સિદ્ધભૂમિમાં તે ભૂમિની આકૃતિ મધ્યમાં સહુથી જાડી (પહોળી) છે અને તેના છેડાઓ માખીની પાંખ થકી પણ અધિક પતલા છે. તમે અમને સમજાવ્યું તે પ્રમાણે જે જીવનો પુરુષાર્થ છદ્મસ્થપણામાં ધર્મ તથા આજ્ઞાનાં સનાતનપણા તથા મંગલપણામાં સમતોલનવાળો હોય છે (symmetrical), તે જીવના સાતમો અને આઠમા રુચક પ્રદેશ વચ્ચે સમતુલા (symmetry) વધારે હોય છે; અને કરચલી ઓછી હોય છે. અને આવા આત્માઓ સિદ્ધભૂમિના મધ્યભાગમાં બિરાજે છે. આટલો ભવ્ય, ધર્મ અને આજ્ઞાનાં સનાતનપણા તથા મંગલપણાની સમતુલા જાળવતો પુરુષાર્થ ઘણા ઓછા આત્માઓ કરે છે, મોટા ભાગના આત્માઓનો પુરુષાર્થ આનાથી ઘણો ન્યુન હોય છે, અર્થાત્ અલ્પ પુરુષાર્થી સિદ્ધાત્માઓની સંખ્યા, મહા બળવાન પુરુષાર્થી આત્માઓ કરતાં ઘણી ઘણી મોટી હોય છે, તો પછી એવું કેમ બને છે કે સિદ્ધભૂમિનો મધ્યભાગ સહુથી પહોળો (જાડો) છે, અને આગળ જતાં પતલો થતાં છેવટે માખીની પાંખ થકી પણ પતલો થઈ જાય છે? અમારી અલ્પ મતિ પ્રમાણે તો મધ્યભાગ પતલો અને છેવટનો ભાગ સહુથી પહોળો કે જાડો હોવો જોઈએ, કૃપા કરી અમને આનું રહસ્ય સમજાવો.”

શ્રી પ્રભુ પ્રશ્નના નિમિત્તના આધારે તથા વાણીયોગના ઉદયના કારણે, એમના અલૌકિક ૐનાદથી ઉત્તર આપે છે. તેને ગ્રહણ કરી અમે એમની જ મહાકૃપા અને મહાઆજ્ઞાના આધારે એ સમજણ તથા તે ઉત્તરના રૂપી ભાગને શબ્દદેહ આપીએ છીએ. શ્રી પ્રભુ આપણને આ રીતે સમજાવે છે.

આપણે સ્થૂળતાએ સમજ્યા છીએ કે સિદ્ધભૂમિમાં સ્થિર થતા આત્માની આકૃતિ તેમના ચરમ શરીરના બે તૃતિયાંશ ભાગ જેટલી થાય છે, આ નિયમ

સિદ્ધ થતા પ્રત્યેક આત્મા માટે નથી, પરંતુ સર્વની સરેરાશ પ્રમાણે યથાર્થ છે, સર્વ સમૂહગત સિદ્ધ આત્માઓની સરેરાશ ગણીએ તો તેમના દેહનું પ્રમાણ બે તૃતિયાંશ આવે છે, પણ પ્રત્યેક વૈયક્તિક આત્માઓનું કદ તેમના દેહની માત્રા કરતાં નાનું કે મોટું હોય છે. વિસ્તારથી વિચારતાં વાત યોગ્ય રીતે સમજાશે; આ સમજણ મુખ્યતાએ અનુભવગમ્ય છે.

જે આત્મા છદ્મસ્થ દશામાં ધર્મનાં સનાતનપણાનો તથા મંગલપણાનો સમતોલન (symmetrical) પુરુષાર્થ કરે છે, તેનો સાતમો અને આઠમો રુચક પ્રદેશ સમરૂપતા (symmetry) ધારણ કરે છે, તેથી તેની કેડ પણ અપેક્ષાએ પૂર્ણ સમરૂપતાવાળી બને છે. આવા આત્માઓએ ધર્મ તથા આજ્ઞાનાં સનાતનપણાની ભાવના વિશેષતાએ કરી હોય છે, તેની સાથે સાથે તેમણે 'સર્વ જીવ કરું શાસનરસિ'ની ભાવના વધારે કેળવી હોય છે. આ કારણથી સિદ્ધ પર્યાયમાં પણ એમના પર સિદ્ધાત્માના સમૂહમાં ઘનસ્વરૂપ જળવાઈ રહે તથા તેમાં વધારો થાય એવી જવાબદારી આવે છે. સાથે સાથે તેઓ વર્તમાનમાં વર્તતા સિદ્ધાત્માઓના ઘનસ્વરૂપને જાળવી રાખવાની જવાબદારી પણ સ્વીકારે છે. આવા આત્માઓના પ્રદેશો ઘણા સિદ્ધાત્માને સ્પર્શે તો જ આ જવાબદારી પૂરી કરવી શક્ય બને. તેથી તેવા આત્માઓનું સિદ્ધભૂમિનું કદ તેમનાં ચરમ શરીરનાં કદ કરતાં પણ મોટું સંભવી શકે છે. બીજી અપેક્ષાએ વિચારીએ તો સિદ્ધભૂમિમાં બધું જ એકરૂપતા અને સમતોલનવાળું (symmetrical) છે, આમ હોવાથી સિદ્ધભૂમિનો મધ્યભાગ પહોળો હોય તો જ આવી symmetry જળવાઈ શકે, કોઈ અન્ય રીતે આવી એકવિધતા સતત જાળવવી શક્ય નથી. આથી આ પ્રક્રિયાને પૂર્ણ કરવા, સિદ્ધ થતા આત્માનું કદ તેમનાં ચરમ દેહ કરતાં મોટું કે નાનું થાય છે. તેમના કલ્યાણભાવની અને આજ્ઞાની એકરૂપતા (symmetry) જેટલી વધારે તેટલું તે આત્માનું સિદ્ધભૂમિમાં કદ મોટું, અને એની માત્રા જેટલી ઓછી તેટલું તે આત્માનું સિદ્ધભૂમિમાં કદ નાનું થાય છે. આ વાતને યોગ્ય વિસ્તારથી વિચારતાં સમજાશે કે સિદ્ધભૂમિમાં સિદ્ધાત્માનો આકાર આ પ્રકારે કેમ હોય છે. છ પદને સ્પર્શેલા આત્માઓનું સ્થાન સિદ્ધાત્માઓના મધ્ય ભાગમાં, સહુને સ્પર્શે એ રીતે રચાય છે.

"અહો! પ્રભુ! ધન્ય છે ધર્મ! ધન્ય છે તમારો પુરુષાર્થ! ધન્ય છે તમારી વાણી! ધન્ય છે તમારો ૐ નાદ! આ આત્માના દરેક સમયના પર્યટનમાં માત્ર ધન્યતાનો અનુભવ કરું તો પણ યોગ્ય રીતે આ માર્ગની સમજણ લેવી કે તમારા ઉપકારનો યોગ્ય આભાર માની શકવાની મને અસમર્થતા અનુભવાય છે. માત્ર તમારી જ આજ્ઞા, પરમ આજ્ઞા, પૂર્ણ આજ્ઞા અને પૂર્ણાતિપૂર્ણ આજ્ઞામાં સાદિ અનંતકાળ સુધી રહેવાથી જ કદાચિત આ ઉપકારનો યોગ્ય આભાર માની શકશે એમ લાગે છે. આ આભાર વ્યક્ત કરવામાં પણ ઋણ વધતું જણાય છે, જે ઋણ સાદિ અનંતતાનું કારણ દર્શાવી તમારામાં જ અમારું સર્વસ્વ, સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી, સર્વ ભાવથી અને સર્વ ભવથી સમગ્રરૂપે, સર્વાંગીપણે તમને સોંપીએ છીએ. ૐથી ૐમાં ૐરૂપે અમે ૐ બનીએ."

શ્રી સિદ્ધપ્રભુના આત્મા એકી સાથે નિર્ધૂમ અગ્નિરૂપ સિદ્ધસ્વરૂપમાં ચેતનરસનો સતત આહાર, વિહાર તથા નિહાર કરે છે, અને એ દ્વારા પોતે પોતાને તથા અન્ય સિદ્ધાત્માને સદાકાળ માટે ચેતનઘન સ્વરૂપે રહેવાનું નિમિત્ત આપે છે. સિદ્ધપ્રભુના આત્મા ઘનસ્વરૂપે સતત રહેવા માટે સિદ્ધ થતા આત્મામાંથી તથા અન્ય સિદ્ધાત્માઓ પાસેથી ચેતનરસનો આહાર કરે છે. જે ચેતનરસનો આહાર થાય છે તે આહાર, ઘનસ્વરૂપના આધારથી તથા અનંતવીર્ય તેમજ પૂર્ણ ચેતનરસ સમાધિના કારણથી તે સમયે વિહાર પણ કરે છે. એક પ્રદેશે કરેલો આહાર અન્ય પ્રદેશોમાં ફેલાય છે, તથા અન્ય સિદ્ધાત્માના પ્રદેશો સુધી પણ પહોંચે છે તે વિહાર તથા નિહાર થાય છે. એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી જવું તે વિહાર છે, તેમજ તે પ્રદેશ માટે નિહાર અને અન્ય પ્રદેશ માટે આહાર થાય છે. આ બધું એક સમયે થતું હોવાથી આપણે કહી શકીએ કે એ આત્મા આહાર, વિહાર તથા નિહારની પ્રક્રિયા એક સમયે કરી નિર્ધૂમ અગ્નિના પૂર્ણ સિદ્ધ સ્વરૂપના સર્વાંગી રૂપને માણી સાદિ અનંતકાળ માટે અનંત અવ્યાબાધ સુખ; અક્ષય સ્થિતિ; તથા પૂર્ણાતિપૂર્ણ જ્યોતિર્મય અનંત પ્રકાશરૂપ નિર્ધૂમ અગ્નિનો કર્તા તથા ભોક્તા બને છે.

ૐ શાંતિઃ

# શ્રેયસ પ્રચારક સભાનાં આધ્યાત્મિક પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમદ્‌ની જીવન સિદ્ધિ | લે. સરયુ ર. મહેતા |
| ૨. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૧ | લે. સરયુ ર. મહેતા |
| ૩. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૨ | લે. સરયુ ર. મહેતા |
| ૪. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૩ | લે. સરયુ ર. મહેતા |
| ૫. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૪ | લે. સરયુ ર. મહેતા |
| ૬. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૫ | લે. સરયુ ર. મહેતા |
| ૭. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૧ થી ૫ - સંદર્ભ સૂચી | લે. સરયુ ર. મહેતા |
| ૮. | અપૂર્વ આરાધન | લે. સરયુ ર. મહેતા |
| ૯. | શ્રીમદ્‌ની સિદ્ધપદભાવના - આવૃત્તિ ૨ | લે. સરયુ ર. મહેતા |
| ૧૦. | આત્માની સિદ્ધિ | લે. સરયુ ર. મહેતા |
| ૧૧. | સ્વપર કલ્યાણનો માર્ગ | લે. સરયુ ર. મહેતા |
| ૧૨. | A Great Seer | લે. સરયુ ર. મહેતા |
| ૧૩. | ભક્તામર સ્તોત્ર - કલ્યાણ મંદિર સ્તોત્ર (વિવેચન) | લે. સરયુ ર. મહેતા |
| ૧૪. | ભક્તિમાર્ગનું રહસ્ય | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૫. | શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૬. | નિર્વાણ માર્ગનું રહસ્ય | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૭. | શ્રીમદ્‌ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાનકોષ | સંપા. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૮. | સમાધિ મરણ | લેખક/સંપા. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૯. | શ્રીમદ્‌ રાજચંદ્ર અધ્યાત્મ જીવનગાથા | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૦. | આધ્યાત્મિક નિબંધો | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૧. | ઋણાનુબંધ | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૨. | છલ્લી ઘડીના અવસરે | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૩. | રૂડા મનુષ્યોના અંતિમ ઉદ્‌ગારો | લે. અને સં. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૪. | જાતિસ્મૃતિ જ્ઞાન | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૫. | પ્રેમ અને પૂર્ણતા | લે. ભોગીલાલ ગિ. શેઠ |

અન્ય પ્રકાશનો :

**• આલોચનાદિ પદ • જ્ઞાનાંજન ભાગ ૧-૨ (ભક્તિપદો)**